અણુત્વનું નિરૂપણ દુર્જ્ઞેયત્વના અભિપ્રાયથી છે, તેથી જીવ અણુ નથી.

સિદ્ધાંત : જીવ અણુ છે.

સિ૦—અત્ર કહે છે:

तत्त्वसूत्रानुसारेण वेदार्थस्य निरूपणे ।
जीवोऽणुरेव संसिध्यत्यन्यथा त्वन्यथैव हि ॥

તત્ત્વસૂત્રને અનુસરી વેદાર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે, અન્યથા તો અન્યથા જ (થાય).

જો 'આ એ મહાન આત્મા' ઇત્યાદિથી જીવનું નિરૂપણ થતું હોય તો આ એમ થાય; પણ એ જ સંભવતું નથી, કારણ કે એ બ્રહ્મપ્રકરણમાં પઠિત છે, કેમકે બાદરાયણ પણ 'વ્યાપક શ્રુતિને લીધે અણુ નહિ એમ નહિ, ઇતરના અધિકારને લીધે' (બ્ર. સૂ. ૨-૩-૨૧) એમ કહે છે. એમ સકલ શરીરમાં રહેલા ચૈતન્યની પણ અનુપપત્તિ નહિ થાય, કારણ કે ચંપકગંધની પેઠે જ એની ઉપપત્તિ થશે.

થાય છે તેથી જીવ પણ સર્વ શરીરમાં રહેલો હોવો જોઈએ, તેથી એ અણુ સંભવતો નથી. મધ્યમ પરિમાણવાળો જીવ છે એમ પણ કહેવાય નહિ, કારણ કે શરીર વગેરે મધ્યમ પરિમાણવાળા પદાર્થનો નાશ થાય છે, પરંતુ જીવ નિત્ય હોવાથી એનો નાશ સંભવે નહિ; તેથી જીવ વિભુ અથવા સર્વવ્યાપક જ છે. શ્રુતિમાં જીવને અણુ કહ્યો છે એ માત્ર જીવ દુર્જ્ઞેય છે અથવા એનું જ્ઞાન થવું અતિ કઠિન છે એવા અભિપ્રાયથી જ કહેલું છે; તેથી જીવ અણુ નથી, પરંતુ વિભુ છે.

સિદ્ધાન્તી—આવી શંકા થાય ત્યારે પ્રાચીનો કહે છે કે તત્ત્વસૂત્રને અનુસરી વેદના અર્થનું નિરૂપણ કરવામાં આવે તો જીવ અણુ જ સિદ્ધ થાય છે, અન્યથા તત્ત્વસૂત્રને અનુસર્યા વિના પોતાની ઇચ્છા પ્રમાણે વેદના અર્થ કરો તો જીવ સિદ્ધ ન થાય, અને વિભુ પણ સિદ્ધ થાય.

'આ એ મહાન આત્મા' વગેરે શ્રુતિઓ જીવને વ્યાપક કહે છે એમ તમે કહ્યું. એ શ્રુતિઓ જો જીવનું નિરૂપણ કરતી હોત તો તમે કહ્યું તેમ જીવને વ્યાપક કહેત, પરંતુ એ શ્રુતિઓ જીવનું નિરૂપણ કરતી નથી. એ શ્રુતિઓ બ્રહ્મપ્રકરણમાં આવેલી છે તેથી એ જીવનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ. વસ્તુતઃ એ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. **'नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात्'** સૂત્રથી ભગવાન બાદરાયણ પણ એ જ ઉપદેશ કરે છે. જીવ અણુ નથી, કારણ કે એ વ્યાપક છે એમ કહેતા હો તો એ સત્ય નથી, કારણ કે એ શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે છે, એવો આ સૂત્રનો અર્થ છે.

'જીવ અણુ હોય તો સકત શરીરમાં એના ચૈતન્ય ગુણની ઉપલબ્ધિ થાય છે એ સંભવે નહિ' એમ પણ કહી શકાય નહિ, કારણ કે જેમ ચંપકની ગંધની ચંપકથી દૂર દેશમાં ઉપલબ્ધિ થાય છે તે જ પ્રમાણે જીવ અણુ હોવાથી શરીરના એક ભાગમાં જ રહે તોપણ એના ચૈતન્ય ગુણની સકલ શરીરમાં ઉપલબ્ધિ થાય એ સંભવે છે. 'ગુણીના વિના ગુણ રહી શકે નહિ તેથી જીવ ન હોય ત્યાં ચૈતન્ય સંભવે નહિ' એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઘટરૂપમાં ઘટનો સમવાયસંબંધ છે એમ નૈયાયિકો માને છે. ઘટરૂપ સંબંધી નથી, તોપણ એમાં સમવાયસંબંધ છે એમ એઓ માને છે; તેથી જેમ સંબંધી વિના એમ-

–'ગુણી વિના ગુણ સંભવે નહિ તેથી એમ ન કહેવાય'—એમ પણ નથી, કારણ કે જેમ અક્ષપાદીય સંબંધી વિના પણ સમવાયસંબંધનો અંગીકાર કરે છે તેમ અહીં પણ એની ઉપપત્તિ છે.–'એમ રૂપ રસની પણ અન્યત્ર ઉપલબ્ધિ થાય' –સ્વાશ્રયનો ત્યાગ કરી અન્યત્ર રહે તો ઉપલબ્ધિ થાય જ.–'દ્રવ્યનો ત્યાગ કરી ગંધ અન્યત્ર રહે તો ગુણસત્ત્વમાં દ્રવ્યસત્ત્વ નિયામક રહે નહિ, તેથી રસાદિનું પણ અન્યત્ર ગમન થાય; તેથી આનો અવશ્ય નિયામક તરીકે અંગીકાર કરવો જોઇએ; તેથી ગંધની ઉપલબ્ધિના સ્થલમાં ચંપકના અવયવોના સત્ત્વનો પણ અંગીકાર કરવો જોઇએ; '–એમ નહિ. સમવાયને પણ એવો સ્વીકારવાથી સંબંધ-સત્ત્વમાં સંબંધિસત્ત્વ નિયામક રહે નહિ, તેથી સંયોગઆદિનો પણ અતિરેક થાય. એના સમાધાન માટે એનું નિયામકત્વ સ્વીકારવું જોઇએ; અને સમવાયનો નિત્ય તરીકે અંગીકાર કરેલો હોવાથી એના નિર્વાહ માટે ઘટ નષ્ટ થાય તોપણ સૂક્ષ્મ ઘટનું સત્ત્વ સ્વીકારો.—'જન્ય સંબંધના સત્ત્વમાં જ સંબંધિસત્ત્વનું નિયા-

---

ના મતમાં સમવાયસંબંધ રહે છે તેમ જ અહીં પણ ગુણી વિના ગુણ રહે એ સંભવે છે.

પૂર્વપક્ષી—ગુણી વિના ગુણ રહેતો હોય તો ગંધની પેઠે ગુણી વિના જ રૂપ રસ વગેરેની પણ અન્ય સ્થલે ઉપલબ્ધિ થાય.

સિદ્ધાન્તી—પોતાના આશ્રયને તજી અન્ય સ્થલે રહેતાં હોય તો અવશ્ય થાય જ. દ્રવ્યથી અધિક દેશમાં ગુણની ઉપલબ્ધિ થાય છે. દૂર રહેલા વહ્નિના ઔષ્ણ્યની પણ ઉપલબ્ધિ થાય છે. સૂર્ય વગેરેથી દૂર દેશમાં એઓની પ્રભાની ઉપલબ્ધિ પણ થાય છે. એ પ્રમાણે જ અમુક નિંબવૃક્ષ અથવા લીંબડાની છાયામાં માત્ર ઊભા રહેતાં મુખમાં કડવાશનો અનુભવ પણ થાય છે.

પૂર્વપક્ષી—દ્રવ્ય તજી ગંધ અન્ય સ્થલે રહે એમ સ્વીકારીએ તો ગુણ હોય ત્યાં દ્રવ્ય હોવું જ જોઇએ એ નિયમનો ભંગ થાય છે; તેથી રસ વગેરે ગુણો પણ પોતાનાં દ્રવ્ય તજી અન્યત્ર રહે. એમ ન થાય તે માટે દ્રવ્ય હોય ત્યાં જ ગુણ રહે, અર્થાત્ ગુણ પોતાનો આશ્રય તજી અન્ય સ્થલે રહી શકે નહિ એમ અવશ્ય સ્વીકારવું જોઇએ; તેથી જ ચંપકની ગંધ દૂર આવે ત્યાં પણ ચંપકના અવયવ છે એમ માનવું.

સિદ્ધાન્તી—એમ નહિ. દ્રવ્ય હોય ત્યાં જ ગુણ રહે એમ માની શકાશે નહિ, કારણ કે એમ સ્વીકારીએ તો સંબંધી વિના સંબંધ પણ રહી શકે નહિ એમ માનવું પડે; પરંતુ સમવાયસંબંધ સંબંધી વિના નૈયાયિકોના મત પ્રમાણે રહે છે તેથી સંબંધ સંબંધી હોય ત્યાં જ રહે એવો નિયમ નથી; તેથી સંયોગસંબંધ પણ સંબંધી ન હોય ત્યાં હોવો જોઇએ. એને પણ સમવાયની પેઠે ભિન્ન પદાર્થ ગણવો જોઇએ, પરંતુ એમ ગણતા નથી. એનું સમાધાન કરવા સંબંધી હોય ત્યાં જ સંબંધ હોઈ શકે એવો નિયમ છે એમ સ્વીકારવું જોઇએ. પરંતુ સમવાય નિત્ય સંબંધ છે તેથી ઘટ અને એના ગુણમાં સમવાય છે તે નિત્ય છે. સંબંધી હોય ત્યાં જ સમવાયસંબંધ રહી શકે એવો નિયમ સ્વીકાર્યો છે. સમવાય નિત્ય છે તેથી સંબંધી ઘટ અને એના ગુણ પણ નિત્ય હોવા જ જોઇએ; તેથી ઘટ નાશ પામે તોપણ સૂક્ષ્મ ઘટ છે એમ સ્વીકારવું જોઇએ.

મકત્વ છે,'—અહીં પણ ગંધથી અતિરિક્ત જ ગુણમાં દ્રવ્યસત્ત્વનું નિયામકત્વ છે તેથી તુલ્ય છે.—"ત્યાં સંબંધી અનિત્ય હોવાથી અને સંબધ નિત્ય હોવાથી, એની અન્યથાનુપપત્તિ હોવાથી 'જન્ય' પદ મૂકવું પડ્યું છે; અહીં અન્યત્ર ઉપલબ્ધિની અનુપપત્તિ છે, તોપણ એના અવયવના સત્ત્વથી ઉપપત્તિ થાય છે તેથી 'ગંધથી અતિરિક્ત' એ વિશેષણ ગૌરવને લીધે વ્યર્થ છે"—નહિ, એ પ્રામાણિક (છે), કારણ કે વણિક્સાર્થમાં વિવિધચર્મપુટથી વેષ્ટિત પણ મૃગમદની ગંધની ઉપલબ્ધિ થાય છે. ત્યાં એના અવયવોનો નિર્ગમ અને અપૂર્વથી એઓનો પ્રવેશ સંભવતા નથી. વળી, એમ (હોય તો) ગંધની ઉપલબ્ધિના

પૂર્વપક્ષી—જન્યસંબંધને જ એ નિયમ લાગુ પડે છે. સમવાય નિત્યસંબંધ હોવાથી એને એ નિયમ લાગુ પડતો નથી, તેથી જન્યસંબંધ સંબંધી વિના રહી શકે નહિ એમ માનવું જોઇએ.

સિદ્ધાન્તી—જેમ નિત્યસંબંધને નિયમ લાગુ પડતો નથી તેમ જ અહીં પણ ગંધને નિયમ લાગુ પડતો નથી. જેમ નિત્યસંબંધ સંબંધી વિના રહી શકે છે તેમ ગંધ પણ એના આશ્રય ચંપક વિના રહી શકે છે એમ માનો. તેથી આપણે તુલ્ય જ છીએ.

(માત્ર ગંધ એના આશ્રય દ્રવ્ય વિના રહે છે એમ માત્ર પૂર્વપક્ષીને ઉત્તર તરીકે જ કહેલું છે; વસ્તુતઃ રસ વગેરે ગુણ પણ આશ્રય વિના રહી શકે છે એમ ઉપર કહી ચૂકયા છીએ.)

પૂર્વપક્ષી—સમવાયસંબંધ નિત્ય છે, પરંતુ સંબંધીઓ અનિત્ય છે તેથી જ્યાં જ્યાં સંબંધ હોય ત્યાં-ત્યાં સંબંધીઓ હોવા જોઇએ એ નિયમ એને લાગુ પડતો નથી. સમવાય સંબંધને આ નિયમ લાગુ પડતો નથી, તેથી જ એ નિયમમાં 'જન્ય' પદ મૂકવું પડે છે. જ્યાં જ્યાં જન્યસંબંધ હોય ત્યાં ત્યાં સંબંધીઓ હોવા જોઇએ એ પ્રમાણે અન્યથાનુપપત્તિને લીધે 'જન્ય' પદ મૂકવું પડે છે. ચંપકની ગંધના દૃષ્ટાંતમાં અન્યથાનુપપત્તિ થતી નથી. ચંપકથી દૂરના પ્રદેશમાં ગંધનો અનુભવ થાય છે, તે પ્રમાણે આશ્રયથી દૂર રસ વગેરેનો અનુભવ થતો નથી; પણ ચંપકથી દૂર ગંધનો અનુભવ થાય છે એનું કારણ ચંપકના અવયવો વાયુથી ત્યાં આવેલા છે એ છે. ચંપકના અવયવો ત્યાં હોવાથી જ ગંધ આવે છે એમ માનવાથી કાંઈ અનુપપત્તિ થતી નથી; તેથી 'ગંધથી અતિરિક્ત' અર્થાત્ ગંધ વિનાના ગુણો જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં દ્રવ્ય હોવું જોઇએ એમ નિયમ કરી, 'ગંધથી અતિરિક્ત' પદ યોજવાનું કાંઈ કારણ નથી; પરંતુ જ્યાં જ્યાં ગુણ હોય ત્યાં ત્યાં એનો આશ્રય દ્રવ્ય હોવું જોઇએ એવો નિયમ છે એમ માનવું જોઇએ. 'ગંધથી અતિરિક્ત' એ વિશેષણ વ્યર્થ છે અને નિરર્થક ગૌરવ કરવું જોઇએ નહિ.

સિદ્ધાન્તી—એ વિશેષણ પણ પ્રામાણિક છે. 'ગંધથી વ્યતિરિક્ત' વિશેષણ વ્યર્થ નથી, કારણ કે આશ્રય દ્રવ્ય ન હોય ત્યાં ગંધનો અનુભવ થાય છે. વણિક્સાર્થમાં વિવિધ પ્રકારના ચર્મની કોથળીમાં વીંટાળેલી કસ્તૂરીની ગંધનો અનુભવ થાય છે. આ સર્વ ચર્મનો ભેદ કરી કસ્તૂરીના અવયવો બહાર નીકળે અને વળી અપૂર્વથી બીજા અવયવો એ કોથળીઓનો ભેદ કરી અંદર પ્રવેશ કરે એ સંભવતું નથી.

વળી, જો ત્યાં અવયવો બહાર નીકળતા હોય અને તેથી જ કસ્તૂરીની ગંધ આવતી હોય તો

સમયે મુખ પ્રસારે તેને એના રસની પણ ઉપલબ્ધિ થવી જોઈએ, કારણ કે એ અવયવો યોગ્ય છે; નહિતો ગંધની પણ ઉપલબ્ધિ થાય નહિ, કરાણ કે ગંધની જ ઉપલબ્ધિ થાય એવો કોઈ નિયામક નથી.–'અદૃષ્ટ જ એવું (નિયામક) છે;'–અહો બહુબોલાની કેવી ગૌવરભીતિ કે અવયવનું નિર્ગમન, પુનઃ એ અવયવોનું પૂરણ, એ હેતુથી અદૃષ્ટની કલ્પના, અને રસાદિ અનુભવના પ્રતિબંધક અદૃષ્ટાન્તરની કલ્પના કહેતાં પણ એના તુંડને સંકોચ નથી અને 'ગંધથી અતિરિક્ત' એટલું જ કહેતાં સંકોચ થાય છે! વળી, ઉગ્રગંધવાળા કોઈ કુસુમનો અથવા લશુનઆદિનો સ્પર્શ માત્ર થાય તોપણ પછી કરનું ત્યાંથી વારંવાર મૃત્સ્નાથી ક્ષાલન કરવામાં આવે તોપણ એની ગંધનો અપગમ થતો નથી. સ્પર્શમાત્રથી લગ્ન એના અવયવો એક વાર પ્રોંછન કરવાથી જ રહે નહિ, તો એક વાર ક્ષાલન કરવાથી એઓની સ્થિતિ સંભવે નહિ, તો વારંવાર એમ કરવાથી ક્યાંથી જ સંભવે ? તેથી ગંધ દ્રવ્ય અધિક-દેશવાળું છે એમ કહેવું જોઈએ. જેમ તમે વિનાશ થતી અવસ્થાવાળા (દ્રવ્યના)

કોઈ પોતાનું મુખ પ્રસારે તો એને ગંધની પેઠે રસનો પણ અનુભવ થવો જોઈએ. કસ્તૂરીના અવયવો ત્યાં હોય તો મુખ પ્રસારવાથી એના રસનો પણ અનુભવ થવો જોઈએ, કારણ કે કસ્તૂરીના અવયવો એના રસનો અનુભવ કરવામાં સમર્થ છે. રસનો અનુભવ ન થાય તો ગંધનો અનુભવ પણ થાય નહિ, કારણ કે કસ્તૂરીના અવયવ હોય ત્યાં એની ગંધનો જ અનુભવ થાય અને રસનો અનુભવ ન થાય એવો કાંઈ નિયમ નથી.

પૂર્વપક્ષી—અદૃષ્ટથી જ એ પ્રમાણે થાય છે. કસ્તૂરીના અવયવો ત્યાં છે, પરંતુ એની ગંધનો જ અનુભવ થાય છે, અદૃષ્ટને લીધે એના રસનો અનુભવ થતો નથી.

સિદ્ધાન્તી—અહો બહુબોલાની કેવી ગૌરવભીતિ! કસ્તૂરીના અવયવો ચર્મની કોથળીઓ ભેદી બહાર નીકળે, વળી એ અવયવો પુરાય, અવયવો પૂરનાર અદૃષ્ટની કલ્પના કરવી, અને રસ વગેરેનો અનુભવ ન થવા દેનાર અન્ય અદૃષ્ટની કલ્પના કરવી, એ સર્વ કરતાં કાંઈ બહુબોલાને ગૌરવ થતું નથી, પરંતુ 'ગંધથી અતિરિકત' એ એક જ વિશેષણ મૂકતાં ગૌરવ થઈ જાય છે!

વળી, ઉગ્ર ગંધવાળા કોઈ કુસુમ અથવા લસણનો માત્ર સ્પર્શ જ કરીએ અને પછી વારંવાર માટીથી કર ધોઈએ તોપણ એ કુસુમની અથવા લસણની ગંધ દૂર થતી નથી. જો દ્રવ્યના સૂક્ષ્મ અવયવો રહેવાથી જ ગંધનો અનુભવ થતો હોય, સ્પર્શ કરતાં કુસુમ અથવા લસણના અવયવો હાથે લગાડવાથી જ એની ગંધ આવ્યા કરતી હોય, તો એ અવયવો માત્ર એક વાર જ લૂંછી નાખવાથી દૂર થવા જોઈએ. લૂંછી નાખવાથી દૂર થાય તેવા અવયવો હાથ એક વાર જ ધોવામાં આવે તો જરૂર દૂર થાય, તો પછી વારંવાર માટીથી હાથ ધોવામાં આવે ત્યારે ત્યાં એ અવયવો કેમ રહી શકે? તેથી આ પ્રમાણે હાથ ધોયા પછી ત્યાં અવયવો હોઈ શકે નહિ, તોપણ કુસુમ અથવા લસણની ગંધ દૂર થતી નથી, તેથી ગંધ એના આશ્રય દ્રવ્યથી અધિક દેશમાં રહે છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ.

વળી, પોતાના આશ્રય દ્રવ્ય વિના ગુણ રહી શકે નહિ એમ કહી શકાય નહિ, કારણ

ગુણોનો આશ્રય વિના અંગીકાર કરો છો, તેમ અનુભવથી પણ દ્રવ્યથી અધિક દેશમાં ગુણની વૃત્તિ સ્વીકારો. તેથી જ (જીવનું) અણુત્વ સાધતાં આ જ શંકાનો પરિહાર કરવા 'ગંધની પેઠે વ્યતિરેક' (બ્ર. સૂ. ૨-૩-૨૬) એમ સિદ્ધ દૃષ્ટાંત કહે છે: 'જેમ સંપુષ્પિત વૃક્ષની ગંધ દૂરથી વાય છે તેમ પુણ્ય કર્મની ગંધ દૂરથી વાય છે' (ના. ૨-૧૧) એમ શ્રુતિ પણ (કહે) છે. અહીં 'દૂર' પદ એના અવયવના અસત્ત્વનું નિરૂપણ કરવા જ છે. દાર્ષ્ટાંતિકમાં કીર્તિ જ ગંધ છે. (કીર્તિનું) ગંધત્વ એના અસાધારણ ધર્મ આદિ સાધર્મ્યથી છે. વળી, 'આ આત્મા હૃદયમાં' (પ્ર. ૩-૬) 'આ તે આત્મા હૃદયમાં છે, જે પ્રાણોમાં વિજ્ઞાનમય હૃદયમાં અન્તર્જ્યોતિ પુરુષ છે' 'ગુહામાં પ્રવેશેલા' (ક. ૧-૩-૧) ઇત્યાદિ શ્રુતિઓ જીવની હૃદયદેશમાં સંસ્થિતિ કહે છે તે અણુ હોય તો જ ઉપપન્ન થાય. ત્યાર પછી 'લોમથી આરંભી નખાગ્ર સુધી' એમ સ્વકીય ચૈતન્યગુણથી સકલ શરીરમાં વ્યાપકત્વ દર્શાવે છે; તેથી સર્વ અનવદ્ય છે.

જીવ માત્ર ચૈતન્ય ન હોવાથી વ્યાપક નથી, અણુ જ છે.

ચૈતન્ય સર્વશરીરવ્યાપી હોવાથી જીવ અણુ નથી, કારણ કે ઔષ્ણ્ય-

કે જે ક્ષણે ગુણો એઓના આશ્રય દ્રવ્યનો નાશ થવાથી નાશ પામતા હોય છે તે ક્ષણે આશ્રય દ્રવ્ય વિના જ એ રહે છે અને નૈયાયિકો પણ માને છે. દ્રવ્યનો નાશ પૂર્વની ક્ષણમાં થયો છે. દ્રવ્યનો નાશ એના ગુણના નાશનું કારણ છે. કારણ કાર્યની પહેલાં અવશ્ય હોવું જોઇએ, તેથી દ્રવ્યનો નાશ ગુણના નાશ પહેલાં થવો જોઇએ. જે ક્ષણે દ્રવ્યનો નાશ થયો ત્યાર પછીની ક્ષણે ગુણોનો નાશ થાય. એ ક્ષણે નાશ પામતા ગુણો એઓના આશ્રય વિના રહે છે, તેજ પ્રમાણે ગંધ પણ એના આશ્રય વિના જ રહે છે; તેથી જ સૂત્રકાર પણ જીવ અણુ છે એમ સિદ્ધ કરતાં આ શંકા થાય તે દૂર કરવા પ્રસિદ્ધ દૃષ્ટાન્ત 'ગંધની પેઠે વ્યતિરેક' સૂત્રથી કહે છે; અર્થાત્ ગંધની પેઠે પોતાના આશ્રય દ્રવ્યથી વ્યતિરિક્ત દેશમાં ચૈતન્ય પણ રહે છે. 'જેમ સંપુષ્પિત વૃક્ષની ગંધ દૂરથી વાય છે તેમ પુણ્ય કર્મની ગંધ દૂરથી વાય છે' એવી શ્રુતિ પણ છે. આ શ્રુતિ 'દૂર' શબ્દનો પ્રયોગ કરે છે એનો ભાવાર્થ એવો છે કે ત્યાં પુષ્પના અવયવો નથી. ત્યાં પુષ્પના અવયવો નથી જ એમ જણાવવા જ શ્રુતિ 'દૂર' પદ યોજે છે. પુણ્ય કર્મની ગંધ કીર્તિને કહેલી છે. પોતાના આશ્રય દ્રવ્યથી દૂર દેશમાં રહેવાનો ગુણ ગંધમાં અને કીર્તિમાં સમાન હોવાથી, સાધર્મ્યને લીધે કીર્તિને પણ ગંધ કહેલી છે. વળી, 'આ આત્મા હૃદયમાં' 'આ તે આત્મા હૃદયમાં છે જે પ્રાણોમાં વિજ્ઞાનમય, હૃદયમાં અંતર્જ્યોતિ પુરુષ છે' 'ગુહામાં પ્રવેશેલા' વગેરે શ્રુતિઓ જીવ હૃદયમાં રહે છે એમ કહે છે. જીવ વ્યાપક હોય તો હૃદયમાં એનો સમાવેશ થઇ શકે નહિ. એ અણુ હોય તો જ એ હૃદયમાં રહી શકે. આ પ્રમાણે જીવ હૃદયમાં રહે છે એમ કહી, એ પોતાના ચૈતન્ય ગુણથી સર્વ શરીરમાં વ્યાપે છે એમ 'લોમથી આરંભી નખાગ્ર સુધી' એ શ્રુતિ કહે છે; તેથી જીવ અણુ છે, હૃદયમાં રહે છે, અને પોતાના ચૈતન્યગુણથી સર્વ શરીરમાં વ્યાપે છે, એમ સિદ્ધ થાય છે. એમ માનવામાં કાંઈ દોષ પણ નથી.

(સાંખ્ય પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી—ચૈતન્ય સર્વ શરીરમાં વ્યાપી રહે છે તેથી જીવ અણુ છે એમ કહેવાય નહિ.

પ્રકાશાત્મક અગ્નિ પેઠે એ ચૈતન્યમાત્ર સ્વરૂપ છે, એમ અગ્નિના દૃષ્ટાન્તથી જીવનું ચૈતન્યાત્મકત્વ સાધી, અણુત્વનો બાધ કરી, કેટલાક એને વ્યાપક કહે છે; એ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી, કારણ કે 'પ્રજ્ઞાથી શરીરનો સમારોહ કરી' એમ શ્રુતિ પ્રજ્ઞાનું કરણ તરીકે નિરૂપણ કરે છે, અને એ ભેદમાં જ યોગ્ય છે. 'પ્રાણોનું વિજ્ઞાન વિજ્ઞાનથી લઈને' એ શ્રુતિમાં વિજ્ઞાન કર્મ તરીકે નિરૂપિત થયેલું હોવાથી, વિજ્ઞાન ગુણ જ છે. તેથી જ 'પૃથક્ ઉપદેશને લીધે' (બ્ર. સૂ. ૨-૩-૨૮) એમ સૂત્રકાર પણ કહે છે. વળી, ઔષ્ણ્ય માત્રને વહ્નિસ્વરૂપ કહેવું યોગ્ય નથી, કારણ કે મણિમન્ત્ર આદિથી ઔષ્ણ્યની ઉપલબ્ધિ થાય છે. ઔષ્ણ્ય શૈત્ય આદિ સ્પર્શધર્મ હોવાથી વહ્નિના દ્રવ્યત્વની હાનિ થાય છે (વહ્નિ) પ્રકાશાત્મક પણ નથી, કારણ કે તપ્ત જલમાં રહેલા વહ્નિની અનુપલબ્ધિ થાય. વળી, 'જ્યારે એ આ શરીરમાંથી

જીવ ચૈતન્ય જ છે. જીવ સ્વરૂપથી ચૈતન્ય જ છે. ચૈતન્ય એ જ જીવ. ચૈતન્ય સર્વ શરીરમાં વ્યાપી રહે છે તેથી એ અણુ છે એમ કહેવાય નહિ; તેથી જીવ પણ અણુ નથી, અને વ્યાપક હોવો જોઈએ. જેમ અગ્નિ સ્વરૂપથી ઔષ્ણ્ય અને પ્રકાશ જ છે, અર્થાત્ જેમ ઔષ્ણ્ય અને પ્રકાશ જ અગ્નિ છે, તેમ ચૈતન્ય જ જીવ છે. એ પ્રમાણે અગ્નિના દૃષ્ટાંતથી જીવ પણ ચૈતન્ય જ છે. ચૈતન્ય સર્વ શરીરમાં વ્યાપીને રહે છે, તેથી એ અણુ હોઈ શકે નહિ; તેથી જીવ અણુ નથી, પરંતુ વ્યાપક છે.

સિદ્ધાન્તી—એ પણ વિદ્વાનોએ આદર કરવા જેવું નથી, કારણ કે 'પ્રજ્ઞાથી શરીરનો સમારોહ કરી' એ શ્રુતિ પ્રજ્ઞા અથવા ચૈતન્યને કરણ અથવા સાધન કહે છે. સમારોહ કરનાર કર્તા જીવ છે, પ્રજ્ઞા સાધન છે. સાધન અને કર્તા અવશ્ય ભિન્ન હોવાં જોઈએ, તેથી ચૈતન્ય જીવથી ભિન્ન જ છે. જીવ અને ચૈતન્ય ભિન્ન હોય તો જ એ શ્રુતિની ઉપપત્તિ થાય.

વળી, 'એ પ્રાણોનું વિજ્ઞાન વિજ્ઞાનથી લઈને' શ્રુતિ 'વિજ્ઞાન લઈને' એમ વિજ્ઞાનને કર્મ કહે છે, તેથી પણ વિજ્ઞાન અથવા ચૈતન્ય જીવથી ભિન્ન છે. ચૈતન્ય અને જીવ ભિન્ન છે એમ આ પ્રમાણે ઉપદેશ કરેલો હોવાથી જ સૂત્રકાર પણ 'પૃથક્ ઉપદેશને લીધે' એવું સૂત્ર યોજે છે.

વળી, માત્ર ઔષ્ણ્ય વહ્નિ છે એમ કહી શકાય નહિ. વહ્નિ સ્વરૂપથી ઔષ્ણ્ય જ છે એમ કહેવાય નહિ, કારણ કે પ્રતિબંધક મણિ અથવા મંત્રના પ્રભાવથી વહ્નિ હોય ત્યાં એના ઔષ્ણ્યનો અનુભવ થતો નથી, પરંતુ વહ્નિનો અનુભવ થાય છે; તેથી વહ્નિ ઔષ્ણ્ય જ છે એમ કહેવાય નહિ. વળી, વહ્નિ ઔષ્ણ્ય જ હોય તો ઔષ્ણ્ય શૈત્ય વગેરે સ્પર્શના ધર્મ હોવાથી, વહ્નિ પણ સ્પર્શનો ધર્મ અથવા ગુણ જ કહેવાય; તેથી એમ હોય તો વહ્નિ દ્રવ્ય છે એમ પણ કહેવાય નહિ, અર્થાત્ વહ્નિ દ્રવ્ય જ રહે નહિ. એ પ્રમાણે જ વહ્નિ પ્રકાશ જ છે, અર્થાત્ પ્રકાશ જ વહ્નિ છે, એમ પણ કહી શકાય નહિ, કારણ કે ઉષ્ણ જલમાં વહ્નિ રહેલો છે, પરંતુ પ્રકાશ નથી તેથી પ્રકાશ જ વહ્નિ છે એમ કહીએ તો ત્યાં પ્રકાશ નહિ હોવાથી વહ્નિનો અનુભવ થવો ન જોઈએ; પરંતુ જલ ઉષ્ણ લાગે છે અને વહ્નિનો અનુભવ થાય છે તેથી પ્રકાશ જ વહ્નિ છે, એમ પણ કહેવાય નહિ.

વળી, 'જ્યારે આ શરીરમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે આ સર્વની સાથે જ ઉત્ક્રમણ

ઉત્ક્રમણ કરે છે, જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વ ચંદ્રમાં જ જાય છે' 'એ લોકમાંથી પુનઃ આ લોકમાં કર્મ માટે આવીને' એ શ્રુતિઓએ કહેલી જીવની દેહમાંથી ઉત્ક્રાન્તિ, પરલોકગતિ, અને પુનઃ આગતિ, (જીવ) અણુ હોય તો જ ઘટે, પરન્તુ વ્યાપક હોય તો ન ઘટે. 'જેમ મહારાજ જાનપદોને લઈ સ્વજનપદમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે તેમ જ આ એ પ્રાણોને લઇ સ્વશરીરમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે' 'સ્વયં વિહાર કરી' ઇત્યાદિ શ્રુતિએ કહેલાં પરિવર્તન અને વિહાર પણ અણુત્વ વિના ઉપપન્ન નથી.

પૂ૦—'એ તું છે' આદિ અભેદબોધક શ્રુતિ જીવનું બ્રહ્મ તરીકે નિરૂપણ કરે છે; (જીવ) અણુ હોય તો એ અનુપપન્ન થાય.

સિ૦—એમ નહિ, કારણ કે અમાત્ય માટે 'રાજા' પદના પ્રયોગ પેઠે એ ઔપચારિક છે. જીવમાં કોઇ સ્વાભાવિક ગુણ નથી, તેથી પ્રજ્ઞા દ્રષ્ટૃત્વ આદિ ભગવાનના જ ગુણ છે, તેથી ભગવાનના જ ગુણોથી આ ઉત્તમ હોવાથી અને અંશ હોવાથી બ્રહ્મ તરીકે વ્યપદેશ થાય છે; તેથી જ એનું જડથી વૈલક્ષણ્ય છે.

કરે છે. જે કોઈ આ લોકમાંથી પ્રયાણ કરે છે તે સર્વ ચંદ્રમાં જ જાય છે' 'એ લોકમાંથી પુનઃ આ લોકમાં કર્મ માટે આવીને' એ શ્રુતિઓ જીવ દેહમાંથી ઉત્ક્રમણ કરે છે તે ચંદ્રમામાં જાય છે અને પુનઃ આ લોકમાં આવે છે, એમ કહે છે. આ જીવની દેહમાંથી ઉત્ક્રાન્તિ, ચંદ્ર પ્રતિ ગતિ અને પુનઃ આ લોકમાં આગતિ, જીવ અણુ હોય તો જ, સંભવે, કારણ કે વિભુ અર્થાત્ વ્યાપક દ્રવ્યને ક્રિયા હોઈ શકે નહિ; તેથી જીવ વ્યાપક હોય તો એની ઉત્ક્રાન્તિ ગતિ આગતિ સંભવે નહિ. એ જ કારણથી 'જેમ મહારાજ જાનપદોને લઈ સ્વજનપદમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે તેમ જ આ એ પ્રાણોને લઈ સ્વશરીરમાં ઇચ્છા પ્રમાણે પરિવર્તન કરે છે' 'સ્વયં વિહાર કરી' એ શ્રુતિઓ જીવ પરિવર્તન અને વિહાર કરે છે એમ કહે છે, એ પણ જીવ અણુ હોય તો જ સંભવે. આ સર્વ યુક્તિથી સૂત્રકાર જીવ અણુ છે એમ સિદ્ધ કરે છે.

(માયાવાદી પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી—'એ તું છે' વગેરે શ્રુતિઓ જીવ અને બ્રહ્મમાં અભેદ છે એમ કહે છે. બ્રહ્મ વિભુ અથવા સર્વવ્યાપક છે એમાં કાંઈ સંદેહ નથી, તેથી જીવ પણ જો વિભુ હોય તો જ એમનામાં અભેદ સંભવે. જીવ અણુ હોય તો જીવ અને બ્રહ્મમાં અભેદ છે એમ બોધ કરનારી સર્વ શ્રુતિનો બાધ થાય.

સિદ્ધાન્તી—એમ નથી. અભેદ માત્ર ઔપચારિક જ છે. જેમ સમૃદ્ધિવાળા અમાત્યને 'રાજા' કહેવામાં આવે છે તે જ પ્રમાણે જીવને પણ બ્રહ્મ કહેલો છે; વસ્તુતઃ જીવ બ્રહ્મ નથી. જીવનો કોઈપણ ગુણ સ્વાભાવિક નથી. પ્રજ્ઞા અથવા ચૈતન્ય અથવા બુદ્ધિ દ્રષ્ટૃત્વ વગેરે જીવમાં છે તે સર્વ ભગવાનના જ ગુણ છે, તેથી ભગવાનના ગુણોથી જ જીવ ઉત્તમ છે. ભગવાનના ગુણો જીવમાં હોવાથી જ એ ઉત્તમ છે અને વળી એ ભગવાનનો અંશ છે તેથી જ એને બ્રહ્મ કહેલો છે. જીવમાં ભગવાનના ગુણો હોવાથી અને એ ભગવાનનો અંશ હોવાથી જ જડથી વિલક્ષણ છે, અને તેથી જ એને કોઈ સ્થલે બ્રહ્મ કહેલો છે.

–'એમ કેમ જાણ્યું કે એ ઔપચારિક જ છે?'–કારણ કે 'એના ગુણ (એમાં) સાર હોવાથી પ્રાજ્ઞની પેઠે એનો વ્યપદેશ છે' (બ્ર. સૂ. ૨–૩–૨૯) એમ સૂત્રકારે પણ નિરૂપણ કર્યું છે. તેથી અણુપરિમાણ જ, પૂર્વોક્ત ન્યાયથી બ્રહ્મમાંથી નિર્ગત, બ્રહ્મે સ્વકીય સેવા માટે અને નિજ ઐશ્વર્ય નિર્વિષય ન થાય તે માટે એવો પ્રકટ કરેલો, અને તેથી જ સહજ હરિદાસ, અને બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ જીવનો નિજ-નિસર્ગ પ્રભુ શ્રીગોકુલનાથના ચરણકમલનું દાસ્ય જ સ્વધર્મ છે; તેથી અતિસંતુષ્ટ થઈ, સ્વયં પ્રકટ થઇ, નિજગુણનું એને દાન કરી, સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા (ભગવાન) એનો પોતામાં પ્રવેશ કરાવે છે, અથવા અતિશય અનુગ્રહ હોય તો એનાથી પણ અધિક રસયુક્ત દાસ્ય કરાવવા નિકટમાં સ્થાપે છે, એમ નિશ્ચય છે.

કેટલાક જીવનો અણુત્વથી પ્રાપ્ત થતો ભગવાનમાં પ્રવેશ અને એનાં સાધન ભગવદ્ભજન આદિ સહન ન કરનાર, અણુત્વ સાધનાર ઉત્ક્રાન્તિ આદિ દશ(બ્ર. સૂ. ૨–૩–૧૯ થી ૨૮) સૂત્ર પૂર્વપક્ષ તરીકે, 'એના ગુણ સાર હોવાથી' (બ્ર. સૂ. ૨–૩–૨૯) સૂત્રને સિદ્ધાન્તીય તરીકે કહી, ઉપાધિના ગુણરૂપ અણુત્વ આદિથી જીવમાં

પૂર્વપક્ષી—જીવને બ્રહ્મ ઉપચારથી જ કહેલો છે, વસ્તુતઃ એ બ્રહ્મ નથી એમ કેમ જણાય?

સિદ્ધાન્તી—કારણ કે 'એના ગુણ (એમાં) સાર હોવાથી પ્રાજ્ઞની પેઠે એનો વ્યપદેશ છે' એ સૂત્રથી સૂત્રકાર જ એમ કહે છે. 'એના' અર્થાત્ બ્રહ્મના ગુણ જીવમાં સાર અર્થાત્ જડથી જીવનું વૈલક્ષણ્ય કરનાર હોવાથી, અમાત્યને માટે જેમ 'રાજા' પદ યોજાય છે તેમ, જીવને માટે 'બ્રહ્મ' પદ યોજેલું છે એવો એ સૂત્રનો અર્થ છે.

તેથી જીવનું પરિમાણ અણુ જ છે, અર્થાત્ જીવ અણુ જ છે. અગ્નિમાંથી જેમ વિસ્ફુલિંગ વ્યુચ્ચરે તેમ બ્રહ્મમાંથી જીવ વ્યુચ્ચરેલા છે. જીવો પોતાની સેવા કરે, અને પોતાનું ઐશ્વર્ય નિર્વિષય ન થાય અર્થાત્ પોતાનું ઐશ્વર્ય દર્શાવવાનો વિષય પ્રાપ્ત થાય, એ બે હેતુથી ભગવાને ઉપર વર્ણવ્યા તેવા પ્રકારના જીવ પ્રકટ કર્યા છે; તેથી જીવ સહજ હરિના દાસ છે. વળી, જીવ ભગવાનના અંશ હોવાથી બ્રહ્મરૂપ જ છે. એવા પ્રકારના જીવનો પોતાના ગુણોનું દાન કરનાર પ્રભુ શ્રીગોકુલનાથના ચરણકમલની સેવા એ જ ધર્મ છે. જીવની સેવાથી સંતુષ્ટ થઈ પ્રભુ પ્રકટ થઈ પોતાના ગુણોનું જીવને દાન કરે છે અને સ્વરૂપાનંદનો અનુભવ કરાવવા પોતાની અંદર એનો પ્રવેશ કરાવે છે. અથવા જીવ પર પોતાનો અતિશય અનુગ્રહ થાય તો સ્વરૂપાનંદથી પણ અધિક રસયુક્ત દાસ્ય અથવા સેવા કરાવવા જીવને પોતાની પાસે રાખે છે, એમ નિશ્ચય થાય છે. 'સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વ પણ આપવામાં આવે તોપણ લોકો મારી સેવા વિના નથી લેતા' (ભા. ૩–૨૯–૧૩) એ શ્રીમદ્ભાગવતવાક્યથી એકત્વ અથવા સ્વરૂપાનંદથી સેવા અથવા દાસ્યમાં અધિક રસ છે એમ સ્પષ્ટ થાય છે. પૂર્વે જીવનું સ્વરૂપ વર્ણવવાની પ્રતિજ્ઞા કરી તે પ્રમાણે જીવના સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે.

જીવ અણુ છે, અણુ હોવાથી ભગવાનમાં એનો પ્રવેશ થાય છે, અને જીવનો ભગવાનમાં પ્રવેશ કરાવનાર સાધન ભગવાનનું ભજન છે એ સિદ્ધાન્ત સહન ન થવાથી શંકરાચાર્ય આ સૂત્રોનું વ્યાખ્યાન જુદી જ રીતે કરે છે. જીવ અણુ છે એમ સિદ્ધ કરવા યોજેલાં **'उत्क्रान्तिगत्यागतीनाम्'** સૂત્રથી આરંભી પ્રથમ દશ સૂત્ર પૂર્વપક્ષ કરે છે, અને ત્યારપછીનું **'तद्गुणसारत्वात्तु तद्व्यपदेशः प्राज्ञवत्'** સૂત્ર સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે એમ એઓ

અણુત્વ આદિ વ્યપદેશ યોજાય છે એમ એનો અર્થ કહી, જીવનું વ્યાપકત્વ સાધે છે. ત્યાં આમ કહીએ છીએ : જીવ જો ઔપાધિક હોય તો આમ થાય એ જ સંભવતું નથી, કારણ કે એ શ્રુતિ સ્મૃતિ અને ન્યાયથી વિરુદ્ધ છે અને એનો પૂર્વે જ નિરાસ કરેલો છે. વળી, બુદ્ધિની ઉત્ક્રાન્તિ આદિથી જ જીવની ઉત્ક્રાન્તિ આદિનો વ્યપદેશ અનુપપન્ન છે, કારણ કે ઉપાધિની પૂર્વે જ ઉપહિતનાં ઉત્ક્રાન્તિ આદિ સંભવતાં નથી, અને શ્રુતિ 'ઉત્ક્રમણ કરે છે' (બૃ. ૪-૪-૨) ઇત્યાદિથી જીવની ઉત્ક્રાંતિથી સર્વની ઉત્ક્રાન્તિ કહે છે, તેથી વિરોધ થાય છે. વળી, ઉપાધિગુણ અનર્થરૂપ હોવાથી સારત્વ યોગ્ય નથી, પરન્તુ ભગવદ્ગુણોનું જ (સારત્વ યોગ્ય છે). વિશેષ (લખવાથી) શું ? પ્રસ્વાપ આદિમાં વિહાર આદિ ચેતન ધર્મનો બોધ કરનાર 'સ્વયં વિહાર કરી' ઇત્યાદિ શ્રુતિન્યાયસહસ્રથી બાધિત હોવાથી, કેવલ ભગવાને આજ્ઞા કરેલા ઉમાપરિવૃઢે પ્રવર્તાવેલા માર્ગને અનુસરનાર હોવાથી, એનો પક્ષ લખવાનું બહુ થઈ ગયું. જેમ અનાચારી બ્રાહ્મણમાં અખિલ બ્રાહ્મણધર્મનો અભાવ હોવાથી

કહે છે. 'એના ગુણ' અર્થાત્ ઉપાધિ બુદ્ધિના ગુણ અણુત્વ વગેરે છે, અને તેથી જીવને અણુ કોઈ સ્થલે શ્રુતિમાં કહેલો છે, એવો સૂત્રનો એઓ અર્થ કરે છે. આ પ્રમાણે જીવ અણુ નથી, પરંતુ ઉપાધિ બુદ્ધિ અણુ હોવાથી કવચિત્ જીવને અણુ કહેલો છે, વસ્તુતઃ જીવ વ્યાપક છે એમ એઓ કહે છે. પરંતુ એ યોગ્ય નથી. જીવ ઔપાધિક હોય તો કદાચ એમનો અર્થ સંભવે, પરંતુ જીવ ઔપાધિક હોય એ જ સંભવતું નથી. જીવને ઔપાધિક કહેવામાં શ્રુતિ સ્મૃતિ બ્રહ્મસૂત્ર અને યુક્તિનો વિરોધ થાય છે, એમ અમે પ્રથમ જ સિદ્ધ કરેલું છે; તેથી જીવ ઔપાધિક નથી. વળી, ઉપાધિ બુદ્ધિની ઉત્ક્રાન્તિ ગતિ અને આગતિ થાય છે તેથી જ જીવની ઉત્ક્રાન્તિ ગતિ અને આગતિ શ્રુતિમાં કહેલાં છે એમ એઓ કહે છે એ પણ ઉચિત નથી, કારણ કે 'ઉત્ક્રમણ કરનાર એની પાછળ પ્રાણ ઉત્ક્રમણ કરે છે' એ શ્રુતિ પ્રથમ જીવની ઉત્ક્રાંતિ થાય છે અને પછી પ્રાણ વગેરે સર્વની ઉત્ક્રાંતિ થાય છે એમ કહે છે, તેથી જીવની ઉત્ક્રાંતિ પહેલાં ઉપાધિની ઉત્ક્રાંતિ સંભવતી નથી; તેથી જ 'ઉપાધિની ઉત્ક્રાંતિ થાય છે તેથી જ જીવની ઉત્ક્રાંતિ શ્રુતિમાં કહેલી છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે એમ માનીએ તો પ્રથમ જીવની ઉત્ક્રાંતિ થાય છે એવું કહેનાર શ્રુતિનો વિરોધ થાય છે.

વળી, ઉપાધિ બુદ્ધિના ગુણો સાર કહેવાય નહિ, કારણ કે એ અનર્થ છે. અનર્થ હોય તે સાર કહેવાય નહિ; તેથી ભગવદ્ગુણને જ સાર કહેવા ઉચિત છે. તેથી પણ અમારું વ્યાખ્યાન એમના વ્યાખ્યાનથી ઉત્તમ છે. વધારે વર્ણન કરવાથી શું ? પ્રસ્વાપ વગેરેમાં વિહાર વગેરે ચેતનના ધર્મનો બોધ કરનાર 'સ્વયં વિહાર કરી' વગેરે સહસ્રાવધિ શ્રુતિ અને બ્રહ્મસૂત્રોથી એમનો મત બાધિત છે, અને એઓ ભગવાનની આજ્ઞાથી શંકરે પ્રવર્તાવેલા માર્ગને અનુસરે છે, તેથી એમનો મત આટલો લખ્યો એ બહુ થઈ ગયું. **'आभास एव च'** સૂત્રનો અર્થ પણ જીવ માત્ર અલીક છે એવો નથી; પરંતુ જેમ અનાચારી બ્રાહ્મણમાં બ્રાહ્મણનો કોઈ ધર્મ નહિ હોવાથી એને 'બ્રાહ્મણાભાસ' કહીએ, તે પ્રમાણે જીવમાંથી આનંદ અંશનો તિરોભાવ થવાથી

બ્રાહ્મણાભાસ પ્રયોગ થાય છે, તેમ જીવમાં આનંદાંશનો તિરોભાવ હોવાથી બ્રહ્મના સર્વ ધર્મનો અભાવ છે તેથી, અને એ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે તેથી એ બ્રહ્મનો આભાસ છે, એવો 'અને આભાસ જ' (બ્ર. સૂ. ૨-૩-૫૦) સૂત્રનો ભાવાર્થ છે, પરન્તુ એ અલીક છે એવો નથી, એમ પૂર્વે જ કહ્યું છે.

બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મો રહેલા છે.

પૂ૦—આમ હોય. શુદ્ધ જ કર્તૃ હોય તોપણ કુલાલન્યાયે માત્ર નિમિત્ત-કારણ હોય, પરંતુ સમવાયિકારણ પણ થાય નહિ, કારણ કે એમ હોય તો મૃત્પિંડ પેઠે બ્રહ્મ વિકૃત અને સાવયવ થઇ જાય. કાર્ય અનર્થરૂપ હોવાથી (બ્રહ્મને) તદ્રૂપ કહેવું અયોગ્ય છે.

સિ૦—એમ નહિ. બ્રહ્મનું કર્તૃત્વ જો સ્વબુદ્ધિકલ્પિત હોય તો સમવાયિત્વ ન થાત; પરન્તુ એ શ્રુતિસિદ્ધ છે અને એનો પ્રમાણભાવ સ્વતઃસિદ્ધ છે. પ્રમાણ-નો આ સ્વભાવ છે કે યથાસ્થિત વસ્તુની પ્રમા કરાવે છે, પરન્તુ એને પોતે

બ્રહ્મના સર્વ ધર્મ એમાંથી જતા રહે છે, પરંતુ જીવ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે તેથી એ 'બ્રહ્માભાસ' જ છે. જેમ અનાચારી બ્રાહ્મણનો બ્રાહ્મણના કુલમાં જન્મ થયેલો છે, પરંતુ એનામાંથી બ્રાહ્મણના સર્વ ધર્મ અનાચારથી દૂર થાય છે, તે પ્રમાણે જીવ પણ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે, પરંતુ આનંદ અંશનો તિરોભાવ થવાથી એનામાંથી સર્વ ભગવદ્‌ગુણ દૂર થાય છે; તેથી અનાચારી બ્રાહ્મણ 'બ્રાહ્મણાભાસ' કહેવાય છે તેમ જ જીવ પણ 'બ્રહ્મા-ભાસ' કહેવાય છે એવો એ સૂત્રનો અર્થ છે, પરંતુ જીવ અલીક છે એવો એ સૂત્રનો અર્થ થતો નથી એમ અમે પ્રથમ જ કહેલું છે.

પૂર્વપક્ષી—શુદ્ધ બ્રહ્મ જ ભલે જગત્કર્તૃ હોય, પરંતુ એ કુલાલની પેઠે જગતનું માત્ર નિમિત્તકારણ જ છે, પણ સમવાયિકારણ નથી. જેમ કુલાલ ઘટનું નિમિત્તકારણ છે, પરંતુ સમવાયિકારણ માટી છે, કુલાલ નથી, તે જ પ્રમાણે બ્રહ્મ જગતનું નિમિત્તકારણ છે, પરંતુ સમવાયિકારણ નથી; તેથી જેમ કુલાલ ઘટનો આધાર નથી તેમ ભગવાન પણ જગતનો આધાર નથી, કારણ કે 'ભગવાન જગતનું સમવાયિકારણ પણ છે અને તેથી જગતનો આધાર પણ છે' એમ માનીએ તો ઘટના સમવાયિકારણ માટીના પિંડ પેઠે ભગવાન પણ વિકારી થઈ જાય; વળી, અવયવના ભેદથી સર્વ પદાર્થનું સમવાયિકારણ ભગવાન થવા જોઈએ, તેથી એ અવયવવાળા થાય. વળી, મૃત્પિંડ જેમ ઘટ થાય છે તેમ ભગવાન જગત થાય છે એમ માનવું ઉચિત નથી, કારણ કે કાર્ય જગત અનર્થરૂપ છે તેથી ભગવાન જ જગત થતા હોય તો એ પણ અનર્થરૂપ થઈ જાય; તેથી બ્રહ્મ જગતનું નિમિત્તકારણ છે, પરંતુ સમવાયિકારણ નથી, એમ અવશ્ય સ્વીકારવું જોઈએ.

સિદ્ધાન્તી—એમ ન કહો. જો બ્રહ્મ જગત્કર્તૃ છે એમ આપણે આપણી બુદ્ધિથી કલ્પ્યું હોત તો કુલાલના દૃષ્ટાંતથી બ્રહ્મને માત્ર જગતનું નિમિત્તકારણ જ કહેત અને બ્રહ્મ સમવાયિકારણ નથી એમ કહેત; પરંતુ બ્રહ્મનું કર્તૃત્વ આપણી બુદ્ધિથી કલ્પેલું નથી, પણ શ્રુતિસિદ્ધ છે. શ્રુતિ સ્વતઃસિદ્ધ પ્રમાણ છે. શ્રુતિ કહે તેમાં કાંઇ શંકા કરવી ઉચિત નથી, કારણ કે એ સ્વતઃસિદ્ધ પ્રમાણ છે. જેવી વસ્તુ હોય તેવી દર્શાવવી, જેવી વસ્તુ હોય તેવું જ એનું જ્ઞાન કરાવવું, એ પ્રમાણનો સ્વભાવ છે. પ્રમાણ પોતે જેવા પ્રકારની વસ્તુનું નિરૂપણ

નિર્મિત કરેલા પ્રકારવાળી બનાવતું નથી. તેથી શ્રુતિ પણ યથાસ્થિત બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, તેથી પર્યનુયોગને લાયક નથી. વિકૃતત્વ આદિ ધર્મો લોકમાં સમવાયી (કારણમાં) દૃશ્યમાન થાય છે તેથી ઉભયની રક્ષા માટે બ્રહ્મ અવિકૃત જ સમવાયી છે, અને લોકમાં વિકૃત જ સમવાયી છે એમ માનવું. તેથી જ સૂત્રકાર પણ 'શ્રુતિને લીધે, (બ્રહ્મ) શબ્દમૂલ હોવાથી' (બ્ર.સૂ. ૨–૧–૨૭) એમ બ્રહ્મનું સમવાયિત્વ યુક્તિગમ્ય નથી, પરન્તુ કેવલ શ્રુતિથી જ ગમ્ય છે એમ કહે છે. બ્રહ્મ સમવાયી અને અવિકૃત છે એ પણ ગુડજિહ્વિકા છે; વસ્તુતઃ તો એ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય પણ છે, કારણ કે 'આત્માનું શ્રવણ કરવું, મનન કરવું' (બૃ. ૪-૫-૬) 'જ્યાંથી વાણી પાછી ફરે છે' (તૈ. ૨-૪-૧) 'એ હલે છે, એ હલતું નથી' (ઈ. ૧–૫) 'પાણિ અને પાદ વિના ઝડપવાળો અને ગ્રહણ કરનાર એ ચક્ષુ વિના જુએ છે, કર્ણ વિના સાંભળે છે' (શ્વે. ૩–૧૯) 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું' (શ્વે. ૩–૧૬) 'અણુથી અણુ, મહત્‌થી મોટું' (ક. ૧–૨–૨૦) 'અસ્થૂલ અનણુ' (બૃ. ૩-૮-૮)

કરે તેવા પ્રકારની વસ્તુ બતાવતું નથી, પરંતુ જેવા પ્રકારની વસ્તુ હોય તેવા પ્રકારનું એનું નિરૂપણ કરે છે. તેથી શ્રુતિ પણ પ્રમાણ હોવાથી જેવા પ્રકારનું બ્રહ્મ છે તેવા પ્રકારનું વર્ણવે છે અને એમાં શંકા કરવી ઉચિત નથી. બ્રહ્મ સમવાયિકારણ છે એમ શ્રુતિ કહે છે. બ્રહ્મમાં વિકાર નથી એમ પણ શ્રુતિ કહે છે. લોકમાં સમવાયિકારણ હોય તે સર્વ વિકારી હોય છે, પરંતુ બ્રહ્મ સમવાયિકારણ છે અને અવિકૃત છે એમ શ્રુતિ કહે છે, તેથી લોકોની તેમજ શ્રુતિની રક્ષા માટે અવિકૃત જ બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે, અને લોકમાં સમવાયિકારણો વિકારી જ હોય છે એવી વ્યવસ્થા માનવી જોઈએ. આ જ કારણથી બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે એમ યુક્તિથી જણાતું નથી, પરંતુ માત્ર શ્રુતિથી જ જણાય છે એમ સૂત્રકાર **'श्रुतेस्तु शब्दमूलत्वात्'** સૂત્રથી કહે છે. બ્રહ્મ જગતનું સમવાયિકારણ છે અને વિકારરહિત છે એમ શ્રુતિથી જ જણાય એવું હોવાથી, વેદ જેવું વર્ણવે તેવું જ માનવું જોઈએ, એવો આ સૂત્રનો અર્થ છે.

બ્રહ્મ સમવાયી અને અવિકૃત છે એ પણ માત્ર ગુડજિહ્વિકા જ છે. બાલકને ઔષધનું પાન કરાવવા પ્રથમ ગોળ ચટાડે છે તેથી ઔષધ કડવું નથી, પરંતુ મધુર રસવાળું છે એમ માની પછી ઔષધનું પાન કરે છે, તેથી ઔષધપાન કરાવવા પ્રથમ જિહ્વાને ગોળનો સ્વાદ કરાવે છે, તે પ્રમાણે બ્રહ્મ સમવાયી અને અવિકૃત છે એ માત્ર ગુડજિહ્વિકા જ છે; વસ્તુતઃ બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય છે, કારણ કે 'આત્માનું શ્રવણ કરવું, મનન કરવું' એ શ્રુતિ બ્રહ્મનું શ્રવણ વગેરે કરવાનું કહે છે, અને 'જ્યાંથી વાણી મનસહિત પહોંચ્યા વિના પાછી ફરે છે' એ શ્રુતિ બ્રહ્મને ઇંદ્રિયો પહોંચી શકતી નથી એમ કહે છે. વળી, 'એ હાલે છે, એ હાલતું નથી.' એ શ્રુતિ બ્રહ્મને ક્રિયા છે ને એને ક્રિયા નથી એમ કહે છે. વળી, 'પાણિ અને પાદ વિના ઝડપવાળો અને ગ્રહણ કરનાર એ ચક્ષુ વિના જુએ છે, કર્ણ વિના સાંભળે છે' એ શ્રુતિ પાણિ અર્થાત્ હાથ વિના એ ગ્રહણ કરે છે, પાદ વિના એ ઝડપથી ચાલે છે, ચક્ષુ વિના એ જુએ છે અને કર્ણ વિના શ્રવણ કરે છે એમ કહે છે. 'સર્વત્ર પાણિ અને પાદના અંતવાળું' એ શ્રુતિ સર્વ સ્થલે બ્રહ્મને પાણિ અર્થાત્ હાથના અને પાદના અંત છે એમ કહે છે. 'અણુથી અણુ, મહત્‌થી મોટું' એ શ્રુતિ એને ઝીણામાં ઝીણું અને વળી

ઇત્યાદિ શ્રુતિ બ્રહ્મમાં પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મનું પ્રતિપાદન કરે છે. શ્રૌત હોવાથી એકનો બાધ કહી શકાય નહિ, તેથી બ્રહ્મ જ એવું છે એમ માનવું.

પૂર્વપક્ષ : બ્રહ્મ નિર્ગુણ જ છે.

પૂ૦—આમ હોય. અહીં એમ નિર્ણય સંભવતો નથી, કારણ કે એક વસ્તુ સ્વતઃ જ સવિશેષ અને નિર્વિશેષ છે એમ વિરોધને લીધે નિશ્ચય કરી શકાય નહિ.—(બ્રહ્મ) સર્વગત હોવાથી પૃથિવી આદિ ઉપાધિનો સંબંધ છે તેથી અસ્થૂલત્વ આદિ એને લીધે છે, કારણ કે અસ્થૂલમાં અસ્થૂલ, અનણુમાં અનણુ, ઉચ્ચાવચકર્તૃમાં ઉચ્ચાવચકર્તૃ, ઉચ્ચાવચ કામમાં ઉચ્ચાવચકામ, પૃથિવીમાં સર્વ-ગન્ધ, જલાદિમાં અગંધ, એમ (બ્રહ્મનું) ઉભયરૂપત્વ ઉપપન્ન છે તેથી વિરોધ નથી,-એમ નહિ, કારણ કે ઔપાધિકમાં વસ્તુસ્વભાવ સંભવે નહિ. જપાકુસુમના અરુણિમાનું ગ્રહણ કરનાર સ્ફટિક અરુણ થતો નથી, પટ અરુણ અથવા ચિત્ર

મોટામાં મોટું કહે છે. 'અસ્થૂલ અનણુ' એ શ્રુતિ એ સ્થૂલ પણ નથી અને અણુ અર્થાત્ સૂક્ષ્મ પણ નથી, એમ કહે છે. આ વગેરે શ્રુતિઓ એ પ્રમાણે બ્રહ્મમાં વિરુદ્ધ સર્વ ધર્મ રહેલા છે એમ કહે છે. ઉભય પ્રકારના ધર્મ શ્રુતિસિદ્ધ હોવાથી એક પ્રકારના ધર્મ બ્રહ્મમાં છે, અન્ય પ્રકારના નથી, એમ કહી શકાય નહિ; તેથી વિરુદ્ધ સર્વ ધર્મવાળું જ બ્રહ્મ છે એમ માનવું જોઈએ.

(માયાવાદી વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય બ્રહ્મ છે એમ સ્વીકારતા નથી, પરંતુ બ્રહ્મ નિર્વિશેષ છે એમ માને છે, તેથી એ પૂર્વપક્ષ કરે છે.)

પૂર્વપક્ષી—તમે કહ્યું તેમ નિર્ણય થઈ શકે નહિ. બ્રહ્મ નિર્વિશેષ અને સવિશેષ ઉભય છે એમ કહી શકાય નહિ. એક જ વસ્તુ સ્વતઃ સવિશેષ અને નિર્વિશેષ છે એમ કહી શકાય નહિ, કારણ કે એક જ વસ્તુને સ્વતઃ સવિશેષ અને નિર્વિશેષ કહીએ તો વિરોધ થાય.

બ્રહ્મની તાત્ત્વિક ઉપાધિ માનનાર ઉત્તર આપે છેઃ—બ્રહ્મ વ્યાપક છે. વ્યાપક હોવાથી બ્રહ્મ સર્વત્ર છે, તેથી બ્રહ્મને સર્વનો સંબંધ છે, તેથી અસ્થૂલ અનણુ વગેરે ગુણો ભિન્ન ભિન્ન ઉપાધિના સંબંધથી બ્રહ્મમાં આવે છે, કારણ કે સ્થૂલ પદાર્થમાં બ્રહ્મ અસ્થૂલ છે, અનણુ પદાર્થમાં બ્રહ્મ અનણુ છે, ઉચ્ચ અર્થાત્ સારાં કાર્ય કરનારમાં બ્રહ્મ ઉચ્ચ કાર્ય કરનાર છે, અવચ અર્થાત્ નીચાં કાર્ય કરનારમાં બ્રહ્મ અવચ કાર્ય કરનાર છે, ઉચ્ચ કામમાં બ્રહ્મ ઉચ્ચકામ છે, અવચ કામમાં બ્રહ્મ અવચકામ છે, પૃથિવીમાં બ્રહ્મ સર્વ ગંધયુક્ત છે, જલ વગેરે અર્થાત્ જલ અગ્નિ વાયુ આકાશ વગેરેમાં બ્રહ્મ ગંધરહિત છે, તેથી બ્રહ્મ અસ્થૂલ અનણુ ઉચ્ચકર્તૃ અવચકર્તૃ વગેરે સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે; તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારનું હોય એ યોગ્ય જ છે, અને એમાં કાંઇ પણ વિરોધ નથી.

પૂર્વપક્ષી—એમ કહેવાય નહિ. અસ્થૂલ અનણુ વગેરે ગુણો વસ્તુતઃ ઉપાધિના જ હોય, તો માત્ર ઉપાધિના સંબંધથી જ બ્રહ્મના એ ગુણો છે એમ કહી શકાય નહિ, કારણ કે ઉપાધિના અથવા ઔપાધિક ગુણો વસ્તુનો સ્વભાવ છે એમ કહેવાય નહિ; તેથી અસ્થૂલ વગેરે ઉપાધિના ગુણો બ્રહ્મમાં સ્વાભાવિક છે એમ કહેવાય નહિ. જપાકુસુમના અરુણરૂપનું ગ્રહણ કરનાર સ્ફટિક અરુણ થતો નથી, પરંતુ શ્વેત જ રહે છે. ઉપાધિ જપાકુસુમના રૂપથી સ્ફટિકના સ્વાભાવિક શ્વેત રૂપમાં વિકાર થતો નથી તેમ જ ઉપાધિના ગુણના સંબંધથી

હોઇ દ્વિરૂપ થતો નથી. ત્યાં અવયવના અવચ્છેદની કલ્પનાથી એમ કહીએ તોપણ બ્રહ્મ નિરવયવ હોવાથી એમાં એમ કહી શકાય નહિ. તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી એ સમસ્ત વિશેષથી રહિત છે એમ માનવું. સવિશેષ પણ શ્રૌત હોવાથી નિર્વિશેષને જ બાધ (છે) એમ કહી શકાય નહિ, કારણ કે સવિશેષ પરિચ્છિન્ન હોવાથી પરિચ્છેદ થઇ જાય. પરિચ્છિન્ન પ્રત્યેક ભિન્ન હોવાથી બ્રહ્મ અનેક થઈ જાય, તેથી 'એક જ અદ્વિતીય' એ શ્રુતિનો વિરોધ થાય. 'મશકથી સમ, નાગથી સમ' (બૃ. ૧-૩-૨૨) ઇત્યાદિ શ્રુતિમાં એકનાં જ અનેક ઉપાધિના સંબંધથી થતાં પરિમાણનું શ્રવણ થાય છે, અને એ સ્વતઃ નિર્વિશેષ હોય તો જ ઉપપન્ન થાય, નહિતો ઉપાધિઓ અવ્યાપક હોવાથી અન્યોન્ય આશ્રયાશ્રયિભાવ નહિ હોવાથી એક જ બ્રહ્મના સર્વપરિમાણપણાનો ભંગ થાય. વળી, કર ચરણ આદિ વિશેષ લૌકિક હોવાથી, અને સ્વરૂપ અલૌકિક હોવાથી, બ્રહ્મમાં લૌકિકનો નિષેધ યોગ્ય જ છે,

બ્રહ્મમાં એ ગુણો આવે છે, એમ કહી શકાય નહિ, એમ જ પટને અરુણ અથવા ચિત્રરૂપથી રંગવામાં આવે તો એ બે રૂપવાળો થતો નથી, પોતાનું રૂપ અને અરુણ અથવા ચિત્ર રંગેલું રૂપ એમ બે રૂપ પટનાં થતાં નથી. કદાચ અમુક ભાગમાં પટ પોતાનું રૂપ રાખે, અને અન્ય ભાગમાં રંગેલું અરુણ અથવા ચિત્રરૂપ હોય, એમ વિભાગના ભેદથી પટમાં બે રૂપ થાય, તોપણ બ્રહ્મમાં પોતાના ગુણ અને ઉપાધિના ગુણ વિભાગના ભેદથી સંભવે નહિ, કારણ કે બ્રહ્મ અવયવરહિત છે. બ્રહ્મને વિભાગ નથી, તેથી પોતાના ગુણ અને તેથી વિરુદ્ધ ઉપાધિના ગુણ બ્રહ્મમાં હોવાથી બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એમ પણ કહી શકાય નહિ; તેથી ઉપાધિ આવિદ્યક હોવાથી ઉપાધિના ગુણો બ્રહ્મમાં સંભવતા નથી; તેથી બ્રહ્મ સર્વવિશેષરહિત છે. બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ. શ્રુતિ બ્રહ્મને સવિશેષ પણ કહે છે તેથી બ્રહ્મ નિર્વિશેષ નથી એમ કહી શકાય નહિ, કારણ કે સવિશેષ હોય તે પરિચ્છિન્ન અથવા હદવાળું હોવું જોઇએ, તેથી બ્રહ્મને સવિશેષ કહીએ તો એને પરિચ્છેદ અથવા હદ થાય. વળી, દરેક પરિચ્છેદ ભિન્ન છે. બ્રહ્મના સર્વ પરિચ્છેદ ભિન્ન ભિન્ન હોવાથી અનેક બ્રહ્મ થઇ જાય, અને તેથી 'એક જ અદ્વિતીય' એ શ્રુતિનો વિરોધ થાય. વળી, બ્રહ્મ નિર્વિશેષ હોય તો એને પરિચ્છેદ પણ ન હોય. બ્રહ્મને પરિચ્છેદ ન હોય તો જ નાગ અર્થાત્ હસ્તી મશક અર્થાત્ મચ્છર વગેરે ઉપાધિના સંબંધથી બ્રહ્મ પણ નાગ અથવા મશક સમાન કહેવાય, અને તેથી 'મશકથી સમ, નાગથી સમ' એ શ્રુતિની ઉપપત્તિ થાય. નાગ મશક વગેરે ઉપાધિઓના સંબંધથી એક જ બ્રહ્મનું નાગ મશક વગેરે સમાન પરિમાણ છે એમ શ્રુતિ કહે છે. એક જ બ્રહ્મ પરિચ્છેદરહિત હોય તો જ એ શ્રુતિની ઉપપત્તિ થાય છે. બ્રહ્મ સવિશેષ હોય અર્થાત્ એને પરિચ્છેદ હોય તો નાગ મશક વગેરે ઉપાધિ વ્યાપક નહિ હોવાથી એક જ બ્રહ્મનું નાગ મશક વગેરે સર્વની સમાન પરિમાણ છે એમ કહી શકાય નહિ. વળી, નાગનું પરિમાણ મશકમાં નથી, મશકનું પરિમાણ નાગમાં નથી. એ પ્રમાણે ઉપાધિઓમાં અન્યોન્ય આશ્રયાશ્રયિભાવ નથી, તેથી બ્રહ્મમાં પરિચ્છેદ હોય તો એક જ બ્રહ્મનું નાગ મશક વગેરે સર્વની સમાન પરિમાણ છે એમ કહેવાય નહિ.

વળી, કર ચરણ વગેરે વિશેષ લૌકિક છે, બ્રહ્મનું સ્વરૂપ અલૌકિક છે, તેથી અલૌકિક

કારણ કે અલૌકિકની અપેક્ષાથી લૌકિક જઘન્ય છે.–એ પણ અલૌકિક હોવાથી
કરચરણઆદિયુક્ત બ્રહ્મ કહી શકાય એમ નથી, કારણ કે એઓને અલૌકિક
કલ્પવાથી, બ્રહ્મમાં સર્વભવનસામર્થ્ય વિરુદ્ધસર્વધર્માધારત્વ આદિ અલૌકિક શકિત
કલ્પવાથી ગૌરવ થાય છે. 'અસ્થૂલ' આદિ શ્રુતિના વિરોધથી એવી કલ્પના કરી
પણ શકાય નહિ. 'સર્વતઃ' ઇત્યાદિ શ્રુતિબલથી કરી શકાય તોપણ એઓનું
દૌર્બલ્ય પણ કહેલું છે. વળી, સવિશેષ નિરૂપણ કરનાર શ્રતિ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ
કરવા પ્રવૃત્ત નથી, જેથી એણે નિરૂપણ કરેલું એટલે અલૌકિકત્વ આદિ કલ્પ્ય
નહિ પરન્તુ કલૃપ્ત જ છે, અને તેથી ગૌરવઆદિ દૂષણગ્રાસ નથી એમ કહેવાય.
પરન્તુ એ (સવિશેષ શ્રુતિ) બ્રહ્મ દુર્જ્ઞેય હોવાથી જેમતેમ એમાં પ્રવણતાથી
ચિત્તની શુદ્ધિ થાય ત્યારપછી સ્વયં જ પ્રત્યક્ બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરશે તેથી અધિ·
કાર સિદ્ધ કરવા ઉપાસના દર્શાવવા અને ભાવના સુગમ કરવા (બ્રહ્મનો) લૌકિક
પ્રસિદ્ધ વિશેષવત્ તરીકે અનુવાદ કરે છે. પછી અધિકાર સિદ્ધ થાય ત્યારે કેવા

બ્રહ્મસ્વરૂપમાં લૌકિક ચરણ વગેરેનો નિષેધ કરવો એ જ ઉચિત છે. અલૌકિક સ્વરૂપમાં
લૌકિક કર ચરણ વગેરે વિશેષ ન હોય એ સંભવે છે. '**સહસ્રશીર્ષા**' વગેરે શ્રુતિથી
કર ચરણ વગેરે પણ અલૌકિક છે અને બ્રહ્મમાં એ સંભવે છે, એમ પણ કહેવાય નહિ,
કારણ કે કર ચરણ વગેરે પણ અલૌકિક કલ્પવાથી અને વળી બ્રહ્મ સર્વ થવાને સમર્થ છે અને
સર્વ વિરુદ્ધ ધર્મનું આશ્રય છે એવી બ્રહ્મમાં અલૌકિક શક્તિ કલ્પવાથી ગૌરવ થાય છે. વળી,
કર ચરણ વગેરેને અલૌકિક કલ્પવાથી, અને બ્રહ્મમાં કર ચરણ વગેરે વિશેષ છે એમ
માનવાથી, 'અસ્થૂલ, અનણુ' વગેરે શ્રુતિનો વિરોધ થાય છે, તેથી કર ચરણ વગેરે અલૌકિક
છે એવી કલ્પના કરી શકાય નહિ. 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું' વગેરે વાક્યથી
કર ચરણ વગેરે અલૌકિક છે એવી કલ્પના કરી શકાય ખરી, પરંતુ નિર્વિશેષ શ્રુતિ બલ-
વતી છે અને સવિશેષ શ્રુતિ એનાથી દુર્બલ છે, એમ પ્રથમ જ અમે '**ઉપજીવ્યત્વતઃ
શ્રૌતવાક્યૈશ્ચ**' વગેરે કારિકાથી જ કહેલું છે.

વળી, બ્રહ્મ સવિશેષ છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ
કરતી નથી. જો સવિશેષશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી હોય તો એણે વર્ણવેલા
કર ચરણ વગેરે અલૌકિક જ ગણાય અને તેથી એ બ્રહ્મમાં કલ્પેલા નથી પરંતુ સ્વાભાવિક
જ છે એમ મનાય, અને એ અલૌકિક માનવામાં ગૌરવ રહે નહિ; પરંતુ સવિશેષશ્રુતિ
બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી, તેથી કર ચરણ વગેરે અલૌકિક ગણાય નહિ; એઓને
અલૌકિક માનવામાં ગૌરવ થાય છે. સવિશેષશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી,
પરંતુ શુદ્ધ બ્રહ્મ દુર્જ્ઞેય છે, એનું જ્ઞાન થવું અતિશય કઠિન છે, તેથી જેમતેમ સવિશેષ
બ્રહ્મમાં ચિત્ત પરોવાય તો ચિત્તની શુદ્ધિ થાય, અને ચિત્તની શુદ્ધિ થયા પછી સ્વતઃ પ્રત્યક્
બ્રહ્મ અથવા નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થશે, એવા અભિપ્રાયથી એ ઉપાસનાનો ઉપદેશ
કરે છે. ઉપાસના કરવામાં પણ સહેલાઇથી ભાવના થાય તે માટે લૌકિક કર ચરણ વગેરે
પ્રસિદ્ધ વિશેષથી એ બ્રહ્મનું નિરૂપણ કરે છે. લોકમાં કર ચરણ વગેરે વિશેષો પ્રસિદ્ધ છે
તેનો જ સવિશેષશ્રુતિ અનુવાદ કરે છે. ઉપાસના કર્યા પછી કેવા પ્રકારના નિર્વિશેષ

પ્રકારનું એ અનુભવાય છે એવી આકાંક્ષા થાય તે માટે શ્રુતિ 'અસ્થૂલ અનણુ' (બૃ. ૩-૮ ૮) ઇત્યાદિથી એના સ્વરૂપનું નિરૂપણ કરે છે. તેથી જ 'અરૂપવત્ જ, તત્પ્રધાન હોવાથી' (બ્ર. સૂ ૩-૨-૧૪) એમ સૂત્રકાર પણ કહે છે. આમ હોવાથી સવિશેષ નિરૂપણ કરનાર શ્રુતિ પેઠે નિર્વિશેષ નિરૂપણ કરનાર શ્રુતિનું માત્ર સ્વરૂપનિરૂપણ સિવાય અન્ય પ્રયોજન ઘટતું નથી, કારણ કે 'તેથી કોનાથી કોને જુએ?'(બૃ. ૪-૫-૧૫) શ્રુતિથી બ્રહ્મ વૃત્તિનો વિષય નથી. તેથી જ 'હવે અહીંથી નેતિ નેતિ એમ આદેશ છે' (બૃ. ૨-૩-૬)'એ વિદિતથી અન્ય, અને અવિદિતથી અન્ય' (કે. ૧-૩) ઈત્યાદિથી (શ્રુતિ) નિષેધમુખથી જ નિરૂપણ કરે છે. આમ હોવાથી નિર્વિષય જ્ઞાનના સ્વરૂપ પેઠે નિષ્પ્રતિયોગિક અભાવરૂપ જ થાય, તેથી એની વ્યાવૃત્તિ કરવા 'જેમ સૈન્ધવનો કટકો અનંતર અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ આ આત્મા અનંતર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે' (બૃ. ૪-૫-૧૩) એમ એનું ચિત્સ્વરૂપ કહે છે. વળી, 'બ્રહ્મનાં બે રૂપ છે: મૂર્ત અને અમૂર્ત' (બૃ. ૨-૩-૧) એમ ઉપક્રમ કરી

બ્રહ્મનો અનુભવ થાય છે એમ આકાંક્ષા થાય, તેથી શ્રુતિ 'અસ્થૂલ, અનણુ' વગેરેથી નિર્વિશેષ બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરે છે; તેથી જ સૂત્રકાર પણ '**अरूपवदेव हि तत्प्रधानत्वात्**' સૂત્ર યોજે છે. આમ હોવાથી 'સવિશેષશ્રુતિ જેમ બ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરતી નથી, પરંતુ ઉપાસનાના વિષયનું પ્રતિપાદન કરે છે, તેમ જ નિર્વિશેષ શ્રુતિ પણ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી, પરંતુ એનું પણ અન્ય કાંઈ પ્રયોજન છે' એમ કહેવાય નહિ. નિર્વિશેષશ્રુતિ બ્રહ્મના સ્વરૂપનું જ નિરૂપણ કરે છે. નિર્વિશેષ બ્રહ્મ *વૃત્તિનો વિષય નથી, 'તેથી કોનાથી કોને જુએ' એ શ્રુતિ પણ નિર્વિશેષ બ્રહ્મ વૃત્તિનો વિષય નથી એમ કહે છે. તેથી જ 'હવે અહીંથી નેતિ નેતિ એમ આદેશ છે' 'એ વિદિતથી અન્ય, અને અવિદિતથી અન્ય' વગેરે શ્રુતિઓ નિર્વિશેષ બ્રહ્મનું નિષેધથી જ નિરૂપણ કરે છે. એ વૃત્તિનો વિષય નહિ હોવાથી, વિશેષરહિત હોવાથી, એનું નિષેધથી જ નિરૂપણ સંભવે. 'કેવલ નિષેધથી જ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરવામાં આવે તો વિષયરહિત કેવલ જ્ઞાનના સ્વરૂપ પેઠે એનું સ્વરૂપ પણ પ્રતિયોગી વિનાનો કેવલ અભાવ જ હોવું જોઈએ, અર્થાત્ ઘટાભાવ પટાભાવ વગેરે પ્રતિયોગીવાળા અભાવ નહિ, પરંતુ પ્રતિયોગી વિનાનો કેવલ અભાવ જ હોવું જોઈએ' એવી શંકા થાય, તે દૂર કરવા શ્રુતિ એ ચિત્સ્વરૂપ છે એમ કહે છે. 'જેમ સૈંધવનો કટકો અનંતર અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ આ આત્મા અનંતર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે' એ શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મ ચિત્સ્વરૂપ જ છે, કેવલ પ્રતિયોગી વિનાનો અભાવ નથી, એમ કહે છે.

* વૃત્તિ એ જ્ઞાન ઉત્પન્ન કરનાર મનનો ધર્મ છે. એ નેત્રના કિરણ વડે બહાર નીકળે છે અને ઘટ વગેરે પદાર્થ સાથે સંસર્ગમાં આવી એના આકારની થાય છે. જેવો ઘટ વગેરે પદાર્થનો આકાર હોય તેવો એના સંસર્ગથી વૃત્તિનો આકાર થાય છે. વૃત્તિનો ઘટ વગેરે વિષય . ા જેવો આકાર થાય ત્યારે વૃત્તિ વડે બહાર નીકળેલા સાક્ષિચૈતન્યનો પણ એવો જ આકાર થાય છે. જેમ નહેર વડે બહાર નીકળેલું મોટા સરોવરનું જલ કયારા ાં જાય છે અને એના ભિન્ન ભિન્ન ખાડાના જેવો એનો આકાર થાય છે તેમ સાક્ષિચૈતન્ય વૃત્તિ વડે બહાર નીકળે છે અને ઘટ વગેરે પદાર્થ જેવો એનો આકાર થાય છે. એ પ્રમાણે જીવ અને ઘટ વગેરે વિષયનું ચૈતન્ય એક થાય ત્યારે ઘટ વગેરે વિષયનો સાક્ષાત્કાર થાય છે એમ અભેદાભિવ્યક્તિપક્ષ છે.

બે રૂપનું પ્રતિપાદન કરી, 'હવે અહીંથી નેતિ નેતિ એમ આદેશ છે' (બૃ ૨-૩-૬) એમ પુનઃ કહે છે. ત્યાં 'ઇતિ' શબ્દ સન્નિહિતનું અવલમ્બન કરે છે એમ 'ઇતિ ઉપાધ્યાયો બોલ્યા' ઇત્યાદિમાં દૃશ્યમાન થાય છે. પ્રકૃતમાં પણ પૂર્વે નિરૂપણ કરેલાં બે રૂપ સન્નિહિત હોવાથી 'નેતિ નેતિ'થી બ્રહ્મમાં એઓના નિષેધનું જ પ્રતિપાદન કરેલું છે. આમ હોવાથી વિશેષનું નિરૂપણ કરનાર શ્રુતિઓ નિષેધ્ય કોટિનું નિરૂપણ કરે છે એમ સિદ્ધ થાય છે. વિશેષો અવિદ્યાકલ્પિત હોય તો જ નિષેધ સંગત થાય, કારણ કે સત્ વસ્તુનો નિષેધ ઉચિત નથી. 'એ જ બ્રહ્મ તું જાણ; જેની ઉપાસના કરે છે તે નહિ' એ શ્રુતિ ઉપાસનાવિષયને અબ્રહ્મ જ કહે છે; તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું.- એવું વિષય નહિ હોવાથી, 'કોઇ ધીર' (ક. ૨-૪-૧) ઇત્યાદિ શ્રુતિ વિષય તરીકે નિરૂપણ કરે છે તેથી એમ નથી - એમ કહેવું ઉચિત નથી. પૂર્વોક્ત ન્યાયથી સર્વશ્રુતિના અવિરોધનો વિચાર કરતાં પ્રાપંચિક ધર્મ અવિદ્યાકલ્પિત છે

વળી, 'બ્રહ્મનાં બે રૂપ છેઃ મૂર્ત અને અમૂર્ત' એ પ્રમાણે આરંભમાં શ્રુતિ બ્રહ્મનાં બે રૂપ કહે છે. પછી 'હવે અહીંથી નેતિ નેતિ એમ આદેશ છે' એમ કહે છે. નેતિ=ન+ઇતિ, અર્થાત્ એમ નહિ અથવા એવા પ્રકારનું નહિ. 'ઇતિ'થી કયો પ્રકાર કહ્યો એ હવે જોવું જોઇએ. 'ઇતિ ઉપાધ્યાયો બોલ્યા' વગેરે વાક્યોમાં પણ આપણે જોઈએ છીએ, તો 'ઇતિ' શબ્દ એની પૂર્વે જે તરત જ આવ્યું હોય તેને માટે જ યોજાય છે. અહીં 'નેતિ' અર્થાત્ 'ન+ઇતિ'માં 'ઇતિ' શબ્દ બ્રહ્મનાં એની પૂર્વે મૂર્ત અને અમૂર્ત એવાં બે રૂપ કહ્યાં તેને માટે યોજેલો છે. તેથી 'નેતિ નેતિ'થી એની પૂર્વે વર્ણવેલાં મૂર્ત અને અમૂર્ત એ બે રૂપનો જ બ્રહ્મમાં નિષેધ કરેલો છે. પ્રથમ બે રૂપનું પ્રતિપાદન કર્યું, અને પછી એ જ બે રૂપનો નિષેધ કર્યો છે, તેથી વિશેષનું નિરૂપણ કર્યું તે નિષેધ કરવા જ કરેલું છે. તેથી સવિશેષશ્રુતિઓ જેનો નિષેધ કરવાનો છે તેનું જ નિરૂપણ કરે છે. વિશેષો અવિદ્યાથી કલ્પેલા હોય તો જ એઓનો નિષેધ સંભવે, કારણ કે વિશેષો સત્ય હોય તો એઓનો નિષેધ થઈ શકે નહિ. સત્ વસ્તુનો નિષેધ કરાય નહિ, તેથી વિશેષો અવિદ્યાથી કલ્પેલા જ હોવા જોઈએ. વળી, 'એ જ બ્રહ્મ તું જાણ; જેની ઉપાસના કરે છે તે નહિ' એ શ્રુતિ જેની ઉપાસના થાય છે તે બ્રહ્મ નથી, એમ કહે છે; તેથી પણ વિશેષો અવિદ્યાથી કલ્પિત જ છે. સવિશેષશ્રુતિઓ જેનો નિષેધ કરવાનો છે તેનું જ નિરૂપણ કરે છે તેથી, અને જેની ઉપાસના થાય છે તે બ્રહ્મ નથી તેથી, બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ.

"'કોઇ ધીરે પ્રત્યગાત્માને જોયો' એ શ્રુતિ બ્રહ્મનું દર્શન થાય છે એમ કહે છે, અને નિર્વિશેષ પદાર્થનું દર્શન થઈ શકે નહિ તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ કહી શકાય નહિ," એવી શંકા કરવી નહિ, કારણ કે '**उपजीव्यत्वतः श्रौतवाक्यैश्च**' વગેરે કારિકામાં જણાવ્યું તે પ્રમાણે સર્વ શ્રુતિના અવિરોધનો વિચાર કરતાં પ્રપંચના સર્વ ધર્મ અવિદ્યાથી કલ્પેલા છે એમ સિદ્ધ થાય છે, તેથી અહીં 'કોઈ ધીરે પ્રત્યગાત્માને જોયો' એ શ્રુતિએ વર્ણવેલો દૃશ્યત્વ ધર્મ પણ અવિદ્યાથી કલ્પેલો જ હોવો જોઈએ, એમ માનવું ઉચિત છે. વળી, એ શ્રુતિ ધીર દ્રષ્ટા છે અને પ્રત્યગાત્મા દૃશ્ય છે એમ કહી દ્રષ્ટૃદૃશ્યભાવનું પ્રતિપાદન કરે

સંબંધી (ઇંદ્રિયોનો)(એ) વિષય નથી એમ કહી, અવિદ્યાથી રહિતની ઇંદ્રિયોનો વિષય છે એમ 'કોઈક આવૃત્ત ચક્ષુ અમૃતત્વની ઈચ્છા રાખનાર ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું' (ક.૨-૪-૧) થી નિરૂપણ કર્યું. 'જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થાય છે, પછી ધ્યાન ધરનાર નિષ્કલ દર્શન કરે છે' (મું. ૨-૩-૮) એ શ્રુતિમાં જ્ઞાનીને જ દર્શન થાય છે એમ કહ્યું. ત્યારે અવિદ્યા છે એમ તમારાથી કહી શકાય નહિ, કારણ કે એ જ્ઞાનથી નાશ પામે છે એમ તમે સ્વીકારો છો. વળી, 'સમાહિત મુનિઓ ગુણ દૂર થાય ત્યારે જે જુએ છે' (ભા. ૧૦-૨૫-૧૫) ઇત્યાદિ સ્મૃતિનો વિરોધ થાય છે,—"એ સમયે દ્રષ્ટૃદશ્યભાવ હોવાથી, અને નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે 'કોનાથી કોને જુએ' એમ એનો નિષેધ હોવાથી, (એ સમયે) અવિદ્યાનો સંપૂર્ણ નાશ નથી; તેથી ત્યાં પણ દશ્યત્વની કલ્પના છે." ત્યારે બ્રહ્મનું દશ્યત્વ પણ આવિદ્યક છે એમ તમે માનો છો. એમ હોવાથી, અવિદ્યાથી બ્રહ્મમાં વિશેષની કલ્પના થાય ત્યારે દશ્યત્વ થાય; અને

કરાવે છે. અજ્ઞાન અને વિષયનો સંબંધ મન દ્વારા થાય છે, કારણ કે જ્યારે મન અને ઇંદ્રિયને સંયોગ થાય તેમજ ઇંદ્રિય અને વિષય શુક્તિને સંયોગ થાય ત્યારે જ વિષયનું ભાન થાય છે. અહીં બ્રહ્મને અને જીવના અજ્ઞાનને સંબંધ સંભવતો નથી, કારણ કે શુદ્ધ બ્રહ્મ મન અને વાણીનો વિષય નથી. 'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે' એ શ્રુતિથી જણાય છે કે બ્રહ્મને અને જીવના મનને સંબંધ થતો નથી, તેથી મનને સંબંધ થતો નથી ત્યાં જીવના અજ્ઞાનને સંબંધ ક્યાંથી જ થાય? મનને બ્રહ્મનો સંબંધ નથી થતો તેમ જ ઇંદ્રિયને પણ બ્રહ્મનો સંબંધ થતો નથી. 'ઇદ્રિયો પરાંચિ છે' એ શ્રુતિથી જણાય છે કે અવિદ્યાવાળી ઇંદ્રિયોને પણ બ્રહ્મનો સંબંધ થતો નથી, તેથી ઇંદ્રિયો દ્વારા પણ જીવની અવિદ્યાને બ્રહ્મ સાથે સંબંધ થઈ શકે નહિ. જેની અવિદ્યા દૂર થઈ હોય તેની જ ઇંદ્રિયોને બ્રહ્મ સાથે સંબંધ થાય છે એમ 'કેઈક આવૃત્તચક્ષુ અમૃતત્વની ઇચ્છા રાખનાર ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું' 'જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થાય છે, પછી ધ્યાન ધરનાર નિષ્કલનું દર્શન કરે છે' એ શ્રુતિઓ જણાવે છે. આ પ્રમાણે બ્રહ્મનું દર્શન જ્યારે થાય છે ત્યારે પણ જીવને અવિદ્યા છે એમ તમારાથી કહી શકાય નહિ, કારણ કે અવિદ્યાનો જ્ઞાનથી નાશ થાય છે એમ તમે માનો છો. વળી, બ્રહ્મનું દર્શન થાય ત્યારે પણ જીવને અવિદ્યા હોય છે એમ માનો તો 'સમાહિત મુનિઓ ગુણ દૂર થાય ત્યારે જે જુએ છે' એ સ્મૃતિનો વિરોધ થાય. ગુણ દૂર થાય એટલે સત્ત્વ રજ અને તમ એ ત્રણ ગુણવાળી અવિદ્યા દૂર થાય, ત્યારે મુનિઓ બ્રહ્મનું દર્શન કરે છે. અવિદ્યા હોય ત્યાંસુધી બ્રહ્મનું દર્શન થતું નથી.

પૂર્વપક્ષી—જ્યારે બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે પણ દ્રષ્ટૃદશ્યભાવ છે, તેથી સર્વ અવિદ્યાનો નાશ થયેલો નથી, કારણ કે નિર્વિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે દ્રષ્ટૃદશ્યભાવ રહેતો નથી એમ 'કોનાથી કોને જુએ' એ શ્રુતિ કહે છે; તેથી 'કોઈક ધીર' એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે પણ જીવમાં અવિદ્યા રહેલી છે.

સિદ્ધાન્તી—ત્યારે તો બ્રહ્મનું દર્શન પણ આવિદ્યક જ છે એમ તમારો મત થયો. બ્રહ્મમાં અવિદ્યાથી વિશેષ કલ્પીએ ત્યારે બ્રહ્મ દશ્ય થાય અને બ્રહ્મ દશ્ય થાય ત્યારે અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થવાથી એમાં વિશેષની કલ્પના થાય. બ્રહ્મ દશ્ય થાય ત્યારે એમાં વિશેષની કલ્પના

દૃશ્યત્વ થાય ત્યારે અધિષ્ઠાનજ્ઞાન થાય ત્યારે વિશેષની કલ્પના થાય, એમ અન્યોન્યાશ્રય થાય છે. 'નિષ્કલ' 'પ્રત્યગાત્માને' પદોથી અવિદ્યારહિત જ દર્શનવિષય કહેલું છે તેથી એનો વિરોધ થાય છે.—"ત્યાં ભેદનું નિરૂપણ હોવાથી વિષય આવિદ્યક જ છે. 'નિષ્કલ' આદિ પદ વાસ્તવરૂપના અભિપ્રાયથી છે"—એમ ન કહેવાય, કારણ કે પ્રકૃતમાં કર્મતાની અનુપપત્તિ થાય. 'કોઈ ધીર' એમાં ઈક્ષણક્રિયાના કર્મનું વાચક 'પ્રત્યગાત્મ' પદ વિના કોઇ નહિ હોવાથી, અને એ વાચક અહીં ન થાય તેથી, ઈક્ષણક્રિયાનું નિરૂપણ અનુપપન્ન છે. વળી, એમ નિર્વિશેષ બ્રહ્મના દર્શનનો ઉચ્છેદ થવાથી, એનું નિરૂપણ કરનાર 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે' 'એને જ જાણીને મૃત્યુને તરે છે' (શ્વે. ૩-૮) 'પરાવર એનું દર્શન થાય ત્યારે' (મું. ૨-૨-૮) 'કોઈ ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું' (ક. ૨-૪-૧) ઇત્યાદિ શ્રુતિઓ અને 'સર્વ વેદથી હું જ વેદ્ય છું' (ભ. ગી.-૧૫-૧૫) 'ભક્તિથી મને જાણે છે' (ભ. ગી. ૧૮-૫૫) ઇત્યાદિ સ્મૃતિઓનો ઉપપ્લવ થાય છે.

વળી 'અવાસ્તવ' એનો અર્થ શો? વસ્તુનો નૈસર્ગિક ધર્મ વાસ્તવ, અને એનાથી ભિન્ન આગન્તુક ધર્મ અવાસ્તવ, એમ જો હોય તો મૃદાના પૃથુબુધ્નો-

---

થાય અને અધિષ્ઠાન બ્રહ્મનું જ્ઞાન થતાં વિશેષની કલ્પના થાય ત્યારે એ દૃશ્ય થાય, એ પ્રમાણે અન્યોન્યાશ્રય થાય છે. વળી, શ્રુતિઓ 'નિષ્કલનું ધ્યાન ધરતાં' અને 'પ્રત્યગાત્મા'નું દર્શન કરે છે એમ કહે છે, તેથી અવિદ્યારહિત બ્રહ્મનું દર્શન કરે છે એમ એઓનો અભિપ્રાય છે; તેથી એ શ્રુતિઓનો પણ વિરોધ થાય છે.

પૂર્વપક્ષી—એ શ્રુતિઓ દર્શનની વાત કરે છે તેમાં દ્રષ્ટા અને દૃશ્યના ભેદનું નિરૂપણ છે, તેથી દર્શનનો વિષય પણ આવિદ્યક જ છે. 'નિષ્કલ' 'પ્રત્યગાત્મા' પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવ રૂપ કહેવાનો છે; તેથી 'કોઈક ધીર' વગેરે શ્રુતિઓમાં વર્ણવેલા દર્શન સમયે પણ જીવમાં અવિદ્યા રહેલી છે.

સિદ્ધાન્તી—તો એ શ્રુતિમાં 'પ્રત્યગાત્મા'ને જોવાની ક્રિયાનું કર્મ કહેલું છે તે સંભવતું નથી. 'કોઈક ધીરે પ્રત્યાગાત્માને જોયા' એ વાક્યમાં 'જોયા'નું કર્મ 'પ્રત્યગાત્મા' વિના અન્ય કોઇ નથી. પ્રત્યગાત્મા નિર્વિશેષ બ્રહ્મ છે, કારણ કે એ પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવરૂપ કહેવાનો છે એમ તમે કહ્યું છે; પરંતુ નિર્વિશેષનું દર્શન સંભવતું નથી, તેથી 'જોયા' પદથી શ્રુતિ જોવાની ક્રિયા કહે છે એ સંભવતું નથી. વળી, એ પ્રમાણે નિર્વિશેષ બ્રહ્મનું દર્શન કદાપિ સંભવે જ નહિ અને તેથી 'બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે' 'એને જ જાણીને મૃત્યુને તરે છે' 'પરાવર એનું દર્શન થાય ત્યારે' 'કોઈ ધીરે પ્રત્યગાત્માનું દર્શન કર્યું' વગેરે શ્રુતિઓ અને 'સર્વ વેદથી હું જ વેદ્ય છું' 'ભક્તિથી મને જાણે છે' વગેરે સ્મૃતિઓ બ્રહ્મના દર્શનનો ઉપદેશ કરે છે તે સર્વનો ઉપપ્લવ થાય છે.

વળી, 'પ્રત્યગાત્મા' અને 'નિષ્કલ' પદનો અભિપ્રાય બ્રહ્મનું વાસ્તવરૂપ કહેવાનો છે એમ તમે કહ્યું. વાસ્તવ એટલે શું અને અવાસ્તવ એટલે શું, એ તમે બરાબર સ્પષ્ટ કરો ત્યારે જ ઉપરનું તમારું વાક્ય ઉપયુક્ત ગણાય.

દર આદિ આકારો પણ અવિદ્યાકલ્પિત જ છે, પરન્તુ કુલાલે દંડ આદિ સહકારી-થી ઉત્પન્ન કરેલા નથી એમ સિદ્ધ થયું. એનાથી પ્રત્યક્ષનો વિરોધ થાય છે. ક્વચિત્ કુલાલ આદિ વિના પણ એની ઉત્પત્તિનો અનુભવ થાય અને જાગતો જ (પુરુષ) એનાથી જલ પણ લાવે. જલ લાવવાની ઇચ્છાવાળાની નિયમથી ઘટ માટે પ્રવૃત્તિ પણ ન થાય, કારણ કે અજ્ઞાનકલ્પિત મરુમરીચિકાજલનું પાન કરવા પિપાસુની નિયમથી પ્રવૃત્તિ થતી નથી.–'દોષદશામાં પ્રતીયમાન થાય તે એ (અવાસ્તવ)'–એમ પણ ન કહેવાય, કારણ કે 'આ' અંશ પણ એવો થઈ જાય.–'દોષથી પ્રયુક્ત થઈ'–એમ પણ ન કહેવાય, કારણ કે તિમિરથી ઉપહત

પૂર્વપક્ષી—વસ્તુનો નૈસર્ગિક ધર્મ હોય તે વાસ્તવ કહેવાય; એનાથી ભિન્ન આગન્તુક ધર્મ હોય તે અવાસ્તવ કહેવાય. નૈસર્ગિક ધર્મ વાસ્તવ હોવાથી કલ્પેલો નથી; અવાસ્તવ ધર્મ કલ્પેલા છે.

સિદ્ધાન્તી—પહોળો મધ્ય ભાગ, સાંકડું મોઢું વગેરે જે ઘટનો આકાર છે તે માટીનો નૈસર્ગિક ધર્મ નથી, પરંતુ આગન્તુક ધર્મ છે. ઘટ કરવામાં આવે ત્યારે માટીમાં આ ધર્મ આવે છે તેથી એ માટીનો આગન્તુક ધર્મ છે. આગન્તુક ધર્મ અવિદ્યાથી કલ્પેલા હોવાથી, એ પણ ધર્મ માટીમાં અવિદ્યાથી કલ્પેલો હોવો જોઈએ. જેમ શુક્તિમાં રજતની કલ્પના અજ્ઞાનથી થાય છે તેમ અવિદ્યાથી માટીમાં ઘટનો આકાર કલ્પેલો હોવો જોઈએ; પરંતુ કુંભારે દંડ ચક્ર વગેરે સહકારી કારણો વડે ઉત્પન્ન કરેલો હોવો જોઈએ નહિ. એમ માનવાથી પ્રત્યક્ષ-નો વિરોધ થાય છે. આપણે જોઈએ છીએ કે માટીમાં એ આકાર કુંભાર દંડ ચક્ર વગેરે સહકારી કારણો વડે ઉત્પન્ન કરે છે, તેથી એ અવિદ્યાથી કલ્પેલો છે એમ માનીએ તો પ્રત્યક્ષનો વિરોધ થાય છે. વળી, અવિદ્યાથી કલ્પેલો જ હોય તો કોઇ સ્થળે કુલાલ વગેરે ન હોવા છતાં ઘટની ઉત્પત્તિ થઇ એવો અનુભવ પણ થવો જોઇએ, કારણ કે અવિદ્યાથી ઘટનો આકાર કલ્પવામાં કુંભાર વગેરેની આવશ્યકતા નથી. વળી, એવા કુંભાર વગેરે કારણ વિના ઉત્પન્ન થયેલા ઘટથી જાગતાં જાગતાં જ જલ પણ કોઈ વાર લાવાય. વળી, જેને જલ લાવવું હોય તેને ઘટ પ્રાપ્ત કરવા પ્રવૃત્તિ કરવી જ જોઈએ એવો નિયમ પણ રહે નહિ, કારણ કે ઘટ અવિદ્યાથી કલ્પિત હોવાથી જલ લાવવાની ઈચ્છાવાળાની અવિદ્યાથી કલ્પેલા ઘટ માટે પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ નથી. જેમ અજ્ઞાનથી કલ્પેલા ઝાંઝવાના જલનું પાન કરવા તૃષાવાળા પુરુષને પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ નથી, તેમ જ અજ્ઞાનથી કલ્પેલા ઘટ માટે જલ લાવવાની ઇચ્છાવાળા પુરુષની પ્રવૃત્તિ થવી જ જોઈએ એવો નિયમ હોઇ શકે નહિ.

પૂર્વપક્ષી—દોષદશામાં જે ગુણ દેખાય તે અવાસ્તવ, એવું અવાસ્તવનું લક્ષણ કરવાથી ઉપરના દોષો રહેશે નહિ. શુક્તિમાં રજતની ભ્રાંતિ થાય ત્યાં પણ શુક્તિમાં રજતત્વની ભ્રાંતિ દોષદશામાં થાય છે, તેથી એ અવાસ્તવ ગુણ છે.

સિદ્ધાન્તી—એમ ન કહેવાય. દોષદશામાં જે દેખાય તે અવાસ્તવ એવું લક્ષણ કરવાથી, શુક્તિ પણ અવાસ્તવ થશે, કારણ કે શુક્તિ જોતાં 'આ રજત છે' એવી ભ્રાંતિ થાય છે. એ સમયે દોષ-દશા છે. દોષદશામાં જ 'આ' અથવા શુક્તિ દેખાય છે તેથી એ પણ અવાસ્તવ થઈ જાય.

પૂર્વપક્ષી - દોષથી યુક્ત થઈ દોષદશામાં દેખાય તે અવાસ્તવ, એવું લક્ષણ કરવાથી

નયનવાળા પુરુષ નેત્રદર્પણનું આધાન કરવાથી, એકથી જ સૂક્ષ્મ વર્ણમાં પણ સ્થૂલત્વનો ભ્રમ અને વર્ણની પ્રમા થાય છે, તેથી વર્ણાંશમાં પણ ભ્રમ થાય. –'વર્ણાંશમાં નેત્રદર્પણનું ગુણત્વ જ છે'–એમ નહિ. સર્વશ્રુતિની એકવાક્યતા માટે બ્રહ્માંશમાં પણ અવિદ્યાનું ગુણત્વ જ સ્વીકારો.

આ (એ) પણ તમારી રીતથી કહેલું છે; વસ્તુતઃ તો બ્રહ્મધર્મ નિત્ય હોવાથી અનાગંતુક જ છે, કારણ કે શ્રુતિ એમ જ નિરૂપણ કરે છે. 'એનું કાર્ય કે કરણ નથી, એની સમ અથવા અધિક દેખાતો નથી. એની જ્ઞાન બલ અને ક્રિયા શક્તિ સ્વાભાવિક, પર અને વિવિધ છે' (શ્વે. ૬-૮) એમ એના સંબંધી જે કાંઇ છે તે કાર્ય અર્થાત્ જન્ય નથી, કિંતુ અજન્ય જ છે. વળી, ' એનું ' એમ ષષ્ઠીથી ભેદનું નિરૂપણ કરેલું છે, તેથી જીવની પેઠે સ્વરૂપથી અતિરિક્ત જ્ઞાન ક્રિયા આદિમાં ઇંદ્રિયઆદિ કરણ પણ એને નથી, કારણ કે એનાં કર પાદ મુખ ઉદર આદિ આનંદમાત્ર છે. અથવા નિત્ય હોવાથી એના હેતુરૂપ કરણ નથી. તેથી જ 'એની સમ'

એ દોષ રહેશે નહિ, કારણ કે 'આ' અથવા શુક્તિ દોષદશામાં દેખાય છે; પરંતુ એ દોષથી પ્રયુક્ત નથી, પરંતુ રજતત્વ દોષથી પ્રયુક્ત છે અને દોષદશામાં દેખાય છે તેથી એ અવાસ્તવ છે.

સિદ્ધાન્તી—એમ પણ કહેવાય નહિ, કારણ કે તિમિરદોષથી જેનાં નયન પીડાતાં હોય તે પુરુષ નેત્રદર્પણ અર્થાત્ ચશ્માં પહેરે ત્યારે એને સૂક્ષ્મ વર્ણ લખ્યા હોય તે પણ ભ્રમથી સ્થૂલ જણાય છે અને એને વર્ણની પ્રમા થાય છે. વર્ણનું એને જ્ઞાન થાય છે. એ પુસ્તક વગેરે વાંચી એનો ભાવાર્થ પણ સમજે છે. આ સર્વ માત્ર નેત્રદર્પણથી જ થાય છે. સૂક્ષ્મ અક્ષર સ્થૂલ જણાય છે એ ભ્રમ છે, તેથી એ પુરુષ દોષ અવસ્થામાં છે. વળી, નેત્રદર્પણ દોષ છે. નેત્રદર્પણ દોષથી વર્ણની પ્રમા થાય છે અને એ સમયે એ પુરુષ દોષ અવસ્થામાં પણ છે; તેથી વર્ણની પ્રમા થાય છે તે પણ તમારા આ લક્ષણ પ્રમાણે વર્ણનો આગન્તુક ધર્મ થઇ જાય. પ્રમા કરાવવાનો ધર્મ પણ વર્ણમાં આગન્તુક તમારા લક્ષણથી થઈ જાય છે.

પૂર્વપક્ષી—વર્ણની પ્રમા કરાવવાની બાબતમાં નેત્રદર્પણ માત્ર ગુણ છે, દોષ નથી.

સિદ્ધાન્તી—ત્યારે અવિદ્યા પણ બ્રહ્મનો ગુણ છે એમ સ્વીકારો, તેથી સર્વ શ્રુતિની પણ એકવાક્યતા થશે; તેથી જ માર્કંડેય પુરાણમાં 'ઉપાયથી યોજેલી અવિદ્યા પણ વિષયની પેઠે લોકોને ઉપકાર કરે છે; અન્યાયથી એ બંધ પ્રાપ્ત કરાવે છે' એમ કહેલું છે. જેમ વિષ ક્ષુધા લગાડે છે તેમ અવિદ્યા પણ બ્રહ્મના કર ચરણ વગેરે સત્ય વિશેષોનું દર્શન કરાવે છે.

આ (એ) પણ એમ તમારા મત પ્રમાણે બ્રહ્મદર્શન આવિદ્યક છે એમ સ્વીકારીને કહેલું છે; વસ્તુતઃ બ્રહ્મના સર્વ ધર્મ નૈસર્ગિક છે, આગન્તુક નથી. બ્રહ્મના સર્વ ધર્મ નિત્ય છે તેથી એ આગન્તુક હોઈ શકે નહિ. 'એનું કાર્ય કે કરણ નથી, એની સમ અથવા અધિક દેખાતો નથી. એની જ્ઞાન બલ અને ક્રિયાશક્તિ સ્વાભાવિક, પર અને વિવિધ છે' એ શ્રુતિ પણ બ્રહ્મસંબંધી જે કાંઈ છે તે સર્વ જન્ય નથી, પરંતુ સર્વ અજન્ય અથવા અનિત્ય છે એમ કહે છે. વળી, 'એનું' એ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી શ્રુતિ ભેદથી નિર્દેશ કરે છે; તેથી જેમ જીવને જ્ઞાન અને ક્રિયાનાં કરણ ઇંદ્રિયો પોતાના સ્વરૂપથી ભિન્ન છે તેમ બ્રહ્મને નથી, કારણ કે બ્રહ્મનાં કર પાદ મુખ ઉદર વગેરે માત્ર આનંદનાં જ છે. બ્રહ્મનાં કર પાદ મુખ ઉદર વગેરે

ઇત્યાદિ, કારણ કે જીવો એવા નથી; તેથી જ 'સર્વનો ઈશાન' (બૃ. ૪-૪-૨૨) એવી શ્રુતિ છે; તેથી જ જીવો એના દાસ જ છે એમ ફલિત થાય છે. પર અર્થાત્ મન અને વાણીથી પણ 'આ આવું' એમ જાણી ન શકાય તેવી, વિવિધ અર્થાત્ અનેકરૂપ શક્તિઓ. શકિતસ્વરૂપનો વિચાર કરતાં, એ બ્રહ્મસ્વરૂપથી અતિરિકત નથી એમ જણાવવા એકવચન (યોજ્યું છે); તેથી બ્રહ્મ અચિંત્ય અનંત શકિતવાળું કહેલું છે. આ પણ શકિત સ્વાભાવિકી છે, આગન્તુક નથી. તેમજ જ્ઞાનશકિત અને ક્રિયાશકિત સ્વાભાવિકી જ છે (એવો અર્થ છે), દેહ અને ઇંદ્રિય વિના જ્ઞાન અને ક્રિયા થાય છે એવો અર્થ નથી. આમ હોવાથી, નિત્ય સત્ વસ્તુ અવિદ્યાથી કલ્પિત છે એમ વિરોધને લીધે કહી શકાય નહિ.

એને કાંઇ કાર્ય અર્થાત્ કર્તવ્ય નથી, ઇંદ્રિય આદિ કરણ નથી; તેથી જ એનાથી સમ નથી; ઇત્યાદિ, કર્તવ્ય વિના પણ વિવિધ શકિતઓનું અને કરણ

સર્વ માત્ર આનંદનાં હોવાથી બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી. અથવા, બ્રહ્મનું જ્ઞાન અને બ્રહ્મની ક્રિયા ઉભય નિત્ય છે તેથી એ ઉત્પન્ન કરનાર કોઈ કરણ નથી. બ્રહ્મનાં જ્ઞાન અને ક્રિયા નિત્ય હોવાથી એઓનું કરણ કોઈ નથી; તેથી જ બ્રહ્મની સમાન પણ કોઈ નથી, કારણ કે જીવનું જ્ઞાન અને જીવની ક્રિયા નિત્ય નથી; તેથી જ જીવો માત્ર ભગવાનના દાસ જ છે એમ 'સર્વનો ઇશાન' એ શ્રુતિએ કહેલું છે.

'पराऽस्य शक्तिर्विविधैव श्रूयते' એમ શ્રુતિ ઉપદેશ કરે છે. **परा** અર્થાત્ મન અને વાણીથી પણ જેનો પ્રકાર જાણી શકાય નહિ તેવી, **विविधा** અર્થાત્ અનેક પ્રકારની શક્તિઓ. વસ્તુતઃ બ્રહ્મને એક જ શકિત નથી, પરંતુ અનંત શકિતઓ છે; પરંતુ શકિતઓના સ્વરૂપનો વિચાર કરતાં એ બ્રહ્મના સ્વરૂપથી ભિન્ન નથી એમ જણાવવા શ્રુતિમાં **'शक्तिः'** એમ એકવચનનો પ્રયોગ કરેલો છે; તેથી વિચાર ન કરી શકાય તેવી અનન્ત શકિતઓ બ્રહ્મમાં છે એમ શ્રુતિ કહે છે. એ શકિતઓ પણ આગન્તુક નથી, પરંતુ બ્રહ્મની સ્વાભાવિક શકિતઓ જ છે. એ જ પ્રમાણે જ્ઞાનશકિત ક્રિયાશકિત અને બલશકિત પણ બ્રહ્મમાં સ્વાભાવિક જ છે એવો આ શ્રુતિનો અર્થ છે. બ્રહ્મને દેહ અને ઇંદ્રિય વિના જ્ઞાન અને ક્રિયા થાય છે એવો આ શ્રુતિનો અર્થ નથી, તેથી બ્રહ્મની સર્વશકિતઓ નિત્ય અને સ્વાભાવિક જ છે. આમ હોવાથી બ્રહ્મની નિત્ય શકિતઓ અવિદ્યાથી કલ્પેલી છે એમ કહેવાય નહિ, કારણ કે જે વસ્તુ નિત્ય હોય તે અવિદ્યાથી કલ્પેલી છે એમ કહી શકાય નહિ. નિત્ય વસ્તુ અવિદ્યાથી કલ્પેલી છે એમ કહીએ તો વિરોધ થાય, કારણ કે અવિદ્યાથી કલ્પેલી વસ્તુનો અવિદ્યાનો નાશ અથવા જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે નાશ થવો જ જોઈએ; તેથી અવિદ્યાથી કલ્પેલી વસ્તુ નિત્ય હોઇ શકે જ નહિ. બ્રહ્મની શકિતઓ નિત્ય છે તેથી એ અવિદ્યાથી કલ્પેલી હોઈ શકે નહિ.

આ શ્રુતિનો કોઈ નીચે પ્રમાણે અર્થ કરે છે: 'એનું કાંઈ કાર્ય અર્થાત્ કર્તવ્ય નથી, અને એને કાંઈ કરણ અર્થાત્ ઇંદ્રિય વગેરે પણ નથી. એને કાંઈ કાર્ય અને કરણ નહિ હોવાથી કોઈ એની સમાન નથી, કારણ કે એને કર્તવ્ય નથી તોપણ વિવિધ શકિતઓ છે અને કરણ નથી તોપણ જ્ઞાન ક્રિયા વગેરે છે. કર્તવ્ય ન હોવા છતાં બ્રહ્મને વિવિધ શકિતઓ

વિના પણ જ્ઞાનાદિમત્ત્વનું શ્રવણ છે તેથી સર્વ શક્તિઓ સ્વાભાવિકી છે, એવું વ્યાખ્યાન પણ અતિદુષ્ટ નથી. શક્તિઓ નિત્ય હોવાથી સૃષ્ટિની પૂર્વે અને પછી એ વર્તમાન છે અને એ સમયે કાંઇ કર્તવ્ય નથી, તથાપિ સામાન્ય નિષેધ હોવાથી ઈક્ષત્યધિકરણ(બ્ર. સૂ. ૧-૧-૪ થી ૧૦)ના વિરોધને લીધે એ દુષ્ટ જ છે, કારણ કે 'સૌમ્ય, અગ્રે આ એક જ અદ્વિતીય સત્ જ હતું' થી ઉપક્રમ કરી, 'હું બહુ થાઉં, પ્રજનન કરું એમ એણે ઇચ્છા કરી' 'એણે તેજ સર્જ્યું' (છાં. ૬-૨-૧ થી ૩) તેમજ અન્યત્ર 'આ આત્મા એક જ અગ્રે હતો, વ્યાપર કરતું અન્ય કાંઈ ન હતું. એણે લોક સર્જું એમ ઇચ્છા કરી' 'એણે આ લોક સર્જ્યા' ઈત્યાદિ શ્રુતિને લીધે મિથ્યાવાદીને પણ સૃષ્ટિ પહેલાં બ્રહ્મનું અશરીરત્વ અને તેજ આદિ લોકનું કર્તૃત્વ સ્વીકારવાં પડશે. એનાથી કર્તવ્યઅંશનો સામાન્ય નિષેધ ઉપપન્ન નથી, કારણ કે એ સમયે કોઈ જીવ નથી કે એ પોતાની અવિદ્યાથી એના કર્તૃત્વરૂપી વિશેષની કલ્પના કરે. 'છે' એમ કહો તો 'સત્ જ' એ શ્રુતિનો વિરોધ થાય છે. આમ હોવાથી 'આના' એમ ષષ્ઠીથી ભેદથી નિર્દેશ હોવાથી જેમ ધર્મરૂપ સ્વાભાવિકી જ્ઞાનઆદિ શક્તિઓનો શ્રુતિબલથી અંગીકાર કર્યો તેમ, 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું,

---

છે અને કરણ ન હોવા છતાં જ્ઞાન ક્રિયા વગેરે છે, તેથી એ સર્વ શકિતઓ સ્વાભાવિક જ હોવી જોઈએ'-આ વ્યાખ્યાન અતિદુષ્ટ નથી. આ વ્યાખ્યાનમાં પણ દોષ તો છે જ. બ્રહ્મની સર્વ શકિતઓ નિત્ય હોવાથી સૃષ્ટિની પૂર્વે અને સૃષ્ટિની પછી પણ વિદ્યમાન છે અને એ સમયે એઓને કાંઈ કર્તવ્ય પણ નથી; પરંતુ એઓને કોઈપણ સમયે કર્તવ્ય નથી એમ કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવો એ ઉચિત નથી, કારણ કે સૃષ્ટિસમયે એઓને કર્તવ્ય છે એમ ઈક્ષત્યધિકરણથી સિદ્ધ થાય છે; તેથી કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવાથી ઈક્ષત્યધિકરણનો વિરોધ થાય છે. 'સૌમ્ય, આ અગ્રે એક જ સત્ હતું' વગેરેથી શ્રુતિ સૃષ્ટિ-પ્રકરણનો આરંભ કરે છે. પછી 'હું બહુ થાઉં, પ્રજનન કરું એમ એણે ઇચ્છા કરી' 'એણે તેજ સર્જ્યું' વગેરે શ્રુતિઓ સૃષ્ટિસમયે કર્તવ્યનું નિરૂપણ કરે છે. એ જ પ્રમાણે અન્ય સ્થળે 'આ આત્મા એક જ અગ્રે હતો, વ્યાપાર (ક્રિયા) કરતું અન્ય કાંઈ ન હતું, એણે લોક સર્જું એમ ઇચ્છા કરી' 'એણે આ લોકો સર્જ્યા' વગેરે શ્રુતિઓ પણ સૃષ્ટિસમયે કર્તવ્યનું નિરૂપણ કરે છે. આ શ્રુતિઓથી મિથ્યાવાદીને પણ સ્વીકારવું પડશે કે સૃષ્ટિ પહેલાં બ્રહ્મ શરીરરહિત જ હતું અને એણે તેજ વગેરે લોક સર્જ્યા, અર્થાત્ અશરીરી અથવા નિર્વિશેષ બ્રહ્મે જ તેજ વગેરે લોક સર્જ્યા એમ આ શ્રુતિઓથી મિથ્યાવાદીને પણ અવશ્ય સ્વીકારવું પડશે. આ પ્રમાણે સૃષ્ટિ-સમયે કર્તવ્ય હોવાથી 'એને કર્તવ્ય નથી' એમ કર્તવ્યનો સામાન્ય નિષેધ કરવો ઉચિત નથી. વળી, સૃષ્ટિસર્જન-સમયે કોઈ જીવ પણ નહોતો કે એની અવિદ્યાથી બ્રહ્મમાં કર્તૃત્વ-વિશેષની કલ્પના થાય. એ સમયે જીવ હતો એમ કહી શકાય નહિ, કારણ કે જીવ હોય તો 'સૌમ્ય, આ અગ્રે એક જ સત્ હતું' એ શ્રુતિનો વિરોધ થાય. 'આના' એમ શ્રુતિમાં છઠ્ઠી વિભકિતથી ભેદનું નિરૂપણ કર્યું છે તેથી આ સ્વાભાવિક જ્ઞાન ક્રિયા વગેરે બ્રહ્મની શકિતઓ બ્રહ્મના ધર્મ જ છે. આ શ્રુતિને લીધે બ્રહ્મની જ્ઞાન ક્રિયા વગેરે ધર્મરૂપ શકિતઓનો સ્વીકાર કર્યો, તેમ જ સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું, સર્વતઃ અક્ષિ શિર અને મુખવાળું' વગેરે શ્રુતિને

હોવાથી એઓના (સમન્વયનું) નિરૂપણ ન કરતાં, 'જે આદિત્યમાં આ હિરણ્મય હિરણ્યશ્મશ્રુ પુરુષ દેખાય છે' (જુઓ બ્ર. સૂ. ૧-૧-૧૯) 'આ લોકની શી ગતિ? આકાશ એમ એણે કહ્યું' (જુઓ બ્ર. સૂ. ૧-૧-૨૧) 'એ દેવતા કોણ? પ્રાણ એમ એણે કહ્યું' (જુઓ બ્ર સૂ. ૧-૧-૨૨) 'જે અહીંથી પર આકાશનું જ્યોતિ દીપે છે' (જુઓ બ્ર સૂ. ૧-૧-૨૩) ઇત્યાદિ સંદિગ્ધ બ્રહ્મપરક વાક્યોના (સમન્વયનું), 'અંદર (રહેલો પુરુષ બ્રહ્મ), એના ધર્મના ઉપદેશને લીધે' 'આકાશ (બ્રહ્મ), એના ચિહ્નને લીધે' 'તેથી જ પ્રાણ (બ્રહ્મ), જ્યોતિ (બ્રહ્મ), ચરણ કહેલો છે તેથી' ઇત્યાદિ અધિકરણોથી મહાન પ્રબંધથી નિરૂપણ કરે છે, તેથી જેવા પ્રકારનું શ્રુતિ નિરૂપણ કરે છે તેવા જ પ્રકારનું બ્રહ્મ છે, એવો સૂત્રકારનો અનુશય છે, એમ જણાય છે; નહિ તો, 'આદિત્યમાં જે આ' ઇત્યાદિ શ્રુતિનિરૂપિત સ્વરૂપો એવા જીવનાં સ્વરૂપ હો અથવા બ્રહ્મનાં સ્વરૂપ હો, તોપણ તમારા મત પ્રમાણે એમાં અવિદ્યા-

---

આદિત્યમાં આ હિરણ્મય હિરણ્યશ્મશ્રુ પુરુષ દેખાય છે' એ વેદાન્તવાક્યમાં સંદેહ થાય છે કે એ બ્રહ્મનું નિરૂપણ કરે છે કે આદિત્યનું! તેથી **'अन्तस्तद्धर्मोपदेशात्'** સૂત્રથી એ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ કહે છે. **अन्तः** અર્થાત્ જે પુરુષ આદિત્યમાં છે તે પરમાત્મા જ છે, કારણ કે **'स एव सर्वेभ्यः पाप्मभ्य उदितः'** ('એ જ સર્વ પાપરહિત છે') એમ શ્રુતિ આગળ ઉપર બ્રહ્મના ધર્મનું નિરૂપણ કરે છે. 'આ લોકની શી ગતિ? આકાશ એમ એણે કહ્યું' એ વેદાન્તવાક્યમાં સંદેહ થાય છે કે અહીં આકાશનું નિરૂપણ કર્યું છે કે બ્રહ્મનું! તેથી **'आकाशस्तल्लिङ्गात्'** સૂત્રથી ત્યાં બ્રહ્મનું જ નિરૂપણ કર્યું છે એમ સૂત્રકાર કહે છે. 'આકાશ બ્રહ્મ જ છે, કારણ કે **'सर्वाणि भूतानि ह वा इमानि आकाशादेव समुत्पद्यन्ते आकाशं प्रत्यस्तं यन्ति'** એ શ્રુતિ સર્વ ભૂતો આકાશમાંથી ઉત્પન્ન થાય છે અને આકાશમાં લીન થાય છે એમ આકાશમાં બ્રહ્મધર્મનું નિરૂપણ કરે છે. 'એ દેવતા કોણ? પ્રાણ એમ એણે કહ્યું' એ વેદાન્તવાક્યમાં સંદેહ થાય છે કે એ બ્રહ્મનું નિરૂપણ કરે છે કે પ્રાણનું! **'अत एव प्राणः'** સૂત્રથી એ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ સૂત્રકાર કહે છે. **'सर्वाणि ह वा भूतानि प्राणमेवाभिविशन्ति प्राणमभ्युपज्जिहते'** એ શ્રુતિ પ્રાણમાં બ્રહ્મના ધર્મનું પ્રતિપાદન કરે છે તેથી પ્રાણ બ્રહ્મ જ છે. 'જે અહીંથી પર આકાશનું જ્યોતિ દીપે છે' એ વેદાન્તવાક્યમાં સંદેહ થાય છે કે એ બ્રહ્મનું નિરૂપણ કરે છે કે જ્યોતિનું! **'ज्योतिश्चरणाभिधानात्'** સૂત્રથી એ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ સૂત્રકાર કહે છે. ત્યાં 'જ્યોતિઃ' શબ્દ બ્રહ્મ માટે જ યોજાયો છે, કારણ કે ચરણનું અભિધાન છે. **'एतावानस्य महिमा अतो ज्यायांश्च पूरुषः। पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि'** એ શ્રુતિમાં સર્વ ભૂતને એના પાદ અથવા ચરણ કહેલા છે, તેથી 'જ્યોતિઃ' શબ્દ બ્રહ્મ માટે યોજેલો છે. એ પ્રમાણે મહાન પ્રબંધથી સૂત્રકાર સર્વવેદાન્તમાં બ્રહ્મનો સમન્વય છે એમ સિદ્ધ કરે છે; તેથી જેવા પ્રકારના બ્રહ્મનું શ્રુતિ નિરૂપણ કરે છે તેવા પ્રકારનું જ બ્રહ્મ છે એવો વ્યાસનો અભિપ્રાય છે એમ જણાય છે.

જો વ્યાસજીનો એવો અભિપ્રાય ન હોય તો 'જે આદિત્યમાં આ હિરણ્મય' વગેરે વેદાન્તવાક્યો બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ મહાન પ્રબંધથી કહેત નહિ, કારણ કે તમારા મત પ્રમાણે આદિત્યની અંદરનો પુરુષ વગેરે એવા પ્રકારના જીવ હોય અથવા

કલ્પિતત્વ અવિશિષ્ટ હોવાથી એ બ્રહ્મપરક જ છે એવો નિર્ણય કરે નહિ. સવિશેષ શ્રુતિઓ ઉપાસના થઇ શકે તે માટે જ બ્રહ્મ સગુણ હોવાનું કહેતી નથી.

બ્રહ્મપરત્વે હોય તો જ ઉપાસનાર્થી તે તે ફલ પ્રાપ્ત થાય, ઈશ્વરપુરુષ આકાશ પ્રાણ આદિ રૂપની અબ્રહ્મ તરીકે ઉપાસના કરવાથી તે તે ફલ પ્રાપ્ત થાય નહિ, તેથી એ બ્રહ્મ જ છે એમ બોધ કરવા સૂત્રકારે એવો નિર્ણય કર્યો —એમ નહિ, કારણ કે વસ્તુતઃ એ અબ્રહ્મ હોવાથી, એઓનું નિરૂપણ કરનાર શ્રુતિ અબ્રહ્મપરક થઈ જાય, અને તેથી એ નિયમની વ્યાહતિ થાય. વળી એ પ્રતારક થાય. વળી, અવિદ્યાકલ્પિતત્વ સમાન હોવાથી, પ્રસિદ્ધ અર્થોનો જ અનુવાદ કરી ‘આ નહિ’ એમ નિષેધ જ કરે, અને સમન્વયપ્રતિજ્ઞા જ ન કરે, કારણ કે એ અબ્રહ્મ હોવાથી એઓનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ અબ્રહ્મનું નિરૂપણ કરનારી થાય. એનાથી ‘સર્વ વેદો જેના પદનું ધ્યાન ધરે છે’ (ક.૧-૨-૧૫) એ શ્રુતિનો વિરોધ થાય. ‘સવિશેષનું નિરૂપણ કરનાર શ્રુતિ બ્રહ્મસ્વરૂપનું નિરૂપણ કરવા પ્રવૃત્ત થયેલી નથી’ ઇત્યાદિનો આથી નિરાસ થયો. વળી, ‘કૃતમાં શુકલ અને ચતુર્બાહુ’ (ભા. ૧૧-૫-૨૧) અને ઇલાવૃત્ત આદિ અમુક દેશોમાં ‘તુરીય તામસી મૂર્તિ’

બ્રહ્મ હોય તોપણ અવિદ્યાથી કલ્પેલા જ હોવા જોઈએ. અવિદ્યાથી કલ્પેલા હોવાથી એ બ્રહ્મ અથવા જીવ હોય તોપણ એમાં કાંઇ ભેદ નથી; તેથી આવા મહાન પ્રબંધથી એ બ્રહ્મ જ છે એમ નિશ્ચય કરવાની વ્યાસજીને કાંઈ આવશ્યકતા નહોતી.

પૂર્વપક્ષી—એઓને બ્રહ્મ જાણીને એઓની ઉપાસના કરવામાં આવે તો ઉપાસનાનું ફલ પ્રાપ્ત થાય, પરંતુ એઓને ઈશ્વરપુરુષ, આકાશ, પ્રાણ, જ્યોતિ જાણી, એ બ્રહ્મ નથી એમ જાણી, એઓની ઉપાસના કરવામાં આવે તો કોઈ પણ ફલ પ્રાપ્ત થાય નહિ; તેથી એઓને બ્રહ્મ જાણીને એઓની ઉપાસના કરવામાં આવે એવા હેતુથી સૂત્રકાર એ સર્વ બ્રહ્મ જ છે એવો નિર્ણય કરે છે.

સિદ્ધાન્તી—એમ ન કહો, કારણ કે એ બ્રહ્મ વસ્તુતઃ ન હોય તો એઓનું નિરૂપણ કરનારાં વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ; તેથી સર્વવેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એ નિયમનો ભંગ થાય છે. વળી, ઈશ્વરપુરુષ આકાશ વગેરે બ્રહ્મ નથી તે સર્વ બ્રહ્મ જ છે એમ આપણને અસત્ય ઉપદેશ કરનાર હોવાથી, વ્યાસજી અને બ્રહ્મસૂત્ર પ્રતારક જ ગણાય. વળી, ઈશ્વરપુરુષ વગેરે બ્રહ્મ હોય કે જીવ હોય તોપણ તમારા મત પ્રમાણે અવિદ્યાથી કલ્પેલાં હોવાં જોઈએ; તેથી ઈશ્વરપુરુષ આકાશ વગેરે પ્રસિદ્ધ પદાર્થોનો અનુવાદ કરી, એઓનાં નામ લઈ, ‘આ બ્રહ્મ નથી’ એમ જ શ્રુતિ નિષેધ કરત. વ્યાસજી પણ સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય છે એવી અસત્ય પ્રતિજ્ઞા જ ન કરત, કારણ કે એમ હોય તો સર્વે વેદાન્તોનો બ્રહ્મમાં જ સમન્વય છે એવી સમન્વયપ્રતિજ્ઞા અસત્ય જ ઠરે. ઈશ્વર-પુરુષ વગેરે વસ્તુતઃ બ્રહ્મ ન હોવાથી એઓનું નિરૂપણ કરનારાં વેદાન્તવાક્યો બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ, તેથી સમન્વયપ્રતિજ્ઞા અસત્ય ઠરે. વળી, આ પ્રમાણે સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય નહિ હોવાથી ‘સર્વે વેદો જેના પદનું ધ્યાન ધરે છે’ એ શ્રુતિનો વિરોધ થાય. વસ્તુતઃ બ્રહ્મસૂત્રનું તાત્પર્ય સર્વ વેદાન્તનો બ્રહ્મમાં સમન્વય સિદ્ધ કરવો એ જ છે, તેથી ‘સવિશેષ બ્રહ્મનું નિરૂપણ કરનારી શ્રુતિઓ બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરતી નથી’

(ભા. ૫-૧૭-૧૬) ઇત્યાદિથી નિયત કાલ અને નિયત દેશમાં નિયત અનેક રૂપ કહેલાં છે એ અનુપપન્ન થાય, કારણ કે એક જ અવિદ્યા નિયત સમયમાં નિયત વસ્તુની કલ્પના કરે અને અન્ય સમયમાં અન્યસદૃશની કલ્પના કરે એમાં કાંઈ હેતુ કહી શકાય નહિ.--' કાલ આદિ જ હેતુ છે'--એમ નહિ, કારણ કે એ પણ અવિદ્યાતુલ્ય જ છે. 'એવો એનો સ્વભાવ છે'--એમ પણ કહેવાય નહિ. અદ્વૈતશ્રુતિના અનુરોધથી તમે એને અસદ્રૂપ જ માનો છો, તેથી એનો સ્વભાવ પણ એવો જ હોવાથી કારણ કોણ?—'કાર્ય પણ એવું જ છે એમ યક્ષબલિ-ન્યાય છે'—ભલે એવું હોય, પરન્તુ કારણ તો મણિમન્ત્રાદિ ન્યાયથી સત્ જ હોવું જોઇએ એમ પૂર્વે જ અમે કહેલું છે. વળી, બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી, બ્રહ્મ

વગેરે તમારા સિદ્ધાન્તનો નિરાસ થાય છે. વળી, 'કૃતમાં શુકલ અને ચતુર્બાહુ' ભગવાન છે, અને ઇલાવૃત્ત વગેરે દેશોમાં 'તુરીય તામસી મૂર્તિ છે' એવાં વાકયો હોવાથી, ભગવાન જુદા જુદા યુગમાં જુદાં જુદાં રૂપ ધારણ કરે છે અને જુદા જુદા દેશમાં પણ જુદાં જુદાં રૂપ ધારણ કરે છે એમ સિદ્ધ થાય છે. એ પ્રમાણે અમુક કાલે અમુક દેશમાં ભગવાનનાં અમુક રૂપો છે એમ દર્શાવનારાં સર્વ વાકયો નિરર્થક થાય, કારણ કે આ સર્વ રૂપ તમારા મત પ્રમાણે અવિદ્યાથી કલ્પેલાં હોવા જોઈએ. અમુક સમયે અમુક વસ્તુની અમુક પ્રકારની કલ્પના કરવી અને ત્યારપછી અન્ય સમયે એ જ વસ્તુની અમુક અન્ય પ્રકારની કલ્પના કરવી, એ સર્વ કાર્ય માત્ર એક જ જડ અવિદ્યા કરે એ સંભવતું નથી; તેથી આ સર્વ કલ્પનાનું કારણ પણ તમારાથી કહી શકાય એમ નથી.

પૂર્વપક્ષી—'જન્યોનો જનક કાલ જગતનો આશ્રય માનેલો છે' એ વાકયને લીધે કાલ જ આ સર્વ કલ્પના કરે છે.

સિદ્ધાન્તી—કાલ પણ અવિદ્યાનું જ કાર્ય હોવાથી અવિદ્યાસમાન જ છે. તેથી કાલ પણ આ સર્વ કલ્પના કરવા સમર્થ નથી.

પૂર્વપક્ષી—અવિદ્યાનો સ્વભાવ જ એવો છે કે આ સર્વ કલ્પનાઓ એ કરે. આ સર્વ કલ્પના કરવા અવિદ્યા જ સમર્થ છે.

સિદ્ધાન્તી—'એક જ અદ્વિતીય બ્રહ્મ' એ શ્રુતિના અનુરોધથી તમે એમ માનો છો કે બ્રહ્મ વિના સર્વ અસત્ છે, તેથી અવિદ્યા પણ તમારા મત પ્રમાણે અસતી છે, તેથી અવિદ્યાનો સ્વભાવ પણ અસત્ જ છે; તેથી આ સર્વ કલ્પના કરવાને જડ અવિદ્યાનો જડ અસત્ સ્વભાવ સમર્થ નથી, ત્યારે આ સર્વ કલ્પનાઓ કોનાથી થાય છે?

પૂર્વપક્ષી—કાર્ય કલ્પિત રૂપો અસત્ છે તેમ જ કારણ પણ અસતી અવિદ્યા હોય એમાં કાંઈ ક્ષતિ નથી. જેવું કાર્ય તેવું જ કારણ છે. જેવા યક્ષ છે તેવો જ એમને બલિ અપાય છે; તેમ જ યક્ષબલિન્યાયથી જેવું કાર્ય તેવું જ કારણ હોય, એમાં કાંઈ ક્ષતિ નથી.

સિદ્ધાન્તી—કાર્ય કદાપિ અસત્ હોય, પરંતુ કારણ તો સત્ જ હોવું જોઇએ. જેમ મણિ મંત્ર વગેરેનાં કાર્ય આમ્રતરુ તથા કદંબતરુ અસત્ છે તોપણ કારણ મણિ મંત્ર વગેરે સત્ જ છે. તે જ પ્રમાણે અહીં પણ ભગવાનનાં ભિન્ન ભિન્ન રૂપ કાર્ય અસત્ ભલે હોય, પરંતુ એઓનું કારણ સત્ હોવું જ જોઈએ. કાર્ય અસત્ છે એ પણ તમારા મત પ્રમાણે જ કહ્યું છે; વસ્તુતઃ કાર્ય પણ સત્ જ છે. વળી, **'અથાતો બ્રહ્મજિજ્ઞાસા'** એમ

તરીકે નિરૂપણ કરેલા સવિશેષો કલ્પિત કહેતાં વ્યાસની પ્રતિજ્ઞાહાનિનું પણ ભાન થતું નથી, તેથી તું ઉન્મત્ત છે.

બ્રહ્મ વિરુદ્ધધર્મવાળું હોવા છતાં એકરસ છે.

'બ્રહ્મ એકરસ હોવાથી અને સવિશેષ અનેકરસ હોવાથી એ બ્રહ્મ હોઈ શકે નહિ'—એમ નહિ, કારણ કે ધર્મિગ્રાહક પ્રમાણથી સિદ્ધ થાય છે. બ્રહ્મ કેવલ વેદથી સમધિગમ્ય છે. એમાં 'સર્વકામવાળા સર્વગંધવાળા સર્વરસવાળા' એમ એનું નિરૂપણ કરે છે. 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું, સર્વતઃ અક્ષિ શિર અને મુખવાળું, સર્વતઃ શ્રુતિવાળું લોકમાં સર્વનું આવરણ કરી રહે છે. સર્વ ઇંદ્રિય અને ગુણના જેવા પ્રકાશવાળું, સર્વ ઇંદ્રિયથી વિવર્જિત, અસક્ત, સર્વભૃત્, નિર્ગુણ અને ગુણભોક્તૃ' (ભ. ગી. ૧૩-૧૩,૧૪) ઇત્યાદિથી ભગવાને જ સ્વકીય સ્વરૂપનું પ્રતિપાદન કરેલું છે. અહીં 'અંત' પદથી કર અને ચરણના-અવચ્છેદ કહેલા છે; તેથી જ 'પૌગંડલીલાસમયનું જેટલા પરિમાણનું સ્વરૂપ છે તેટલા જ પરિમાણનું એ જ સ્વરૂપ પૂતનામુકિતદાન દશામાં પણ છે' એની સંગતિ થાય છે, કારણ કે સર્વ રૂપો નિત્ય છે અને આગળ ક્રમથી આવિર્ભાવ થાય છે, કારણ કે બાલ્યમાં કરઆદિના અલ્પદેશાવચ્છેદનો અને પૌગંડઆદિમાં

બ્રહ્મવિચારની પ્રતિજ્ઞા કરી, વ્યાસજીએ જે સવિશેષ રૂપો વર્ણવ્યાં છે તે કલ્પેલાં છે એમ કહેતાં વ્યાસજીની પ્રતિજ્ઞાની હાનિ થાય છે એ ભાન પણ તમને રહેતું નથી, તેથી તમે ઉન્મત્ત જ છો.

પૂર્વપક્ષી—બ્રહ્મ એકરસ જ છે. શ્રુતિમાં ઈશ્વરપુરુષ આકાશ વગેરે જે સવિશેષ રૂપો વર્ણવ્યાં છે તે એકરસ નથી, પરંતુ સવિશેષ હોવાથી અનેકરસ છે; તેથી એ બ્રહ્મ હોય એ સંભવતું નથી.

સિદ્ધાન્તી—એમ ન કહો, કારણ કે એ સર્વ સવિશેષ રૂપ અનેકરસ હોય એમ જણાય છે તોપણ એ સર્વની એકરસતાની ક્ષતિ થતી નથી, એમ ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણ વેદથી સિદ્ધ થાય છે. બ્રહ્મનું જ્ઞાન માત્ર વેદથી જ થાય છે. વેદની નિર્વિશેષ શ્રુતિથી જ નહિ, પરંતુ સવિશેષ અને નિર્વિશેષ ઉભય પ્રકારની શ્રુતિઓ અર્થાત્ નિખિલ વેદથી બ્રહ્મનું જ્ઞાન થાય છે. વેદમાં 'સર્વકામવાળા, સર્વગંધવાળા, સર્વરસવાળા' એમ બ્રહ્મનું નિરૂપણ કરેલું છે. વળી ભગવાને પોતે સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું, સર્વતઃ અક્ષિ શિર અને મુખવાળું, સર્વતઃ શ્રુતિવાળું લોકમાં સર્વનું આવરણ કરી રહે છે. સર્વ ઇંદ્રિય અને ગુણના જેવા પ્રકાશવાળું, સર્વ ઇંદ્રિયથી વિવર્જિત, અસકત, સર્વભૃત્, નિર્ગુણ અને ગુણભોક્તૃ' વગેરેથી સમાપ્તિપર્યંત પોતાના સ્વરૂપનું શ્રીમદ્ભગવદ્ગીતામાં નિરૂપણ કરેલું છે. 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું' એ વિશેષમાં 'અંત' શબ્દ અવચ્છેદ અથવા હદના અર્થમાં યોજેલો છે, તેથી બ્રહ્મના પાણિ અને પાદના અંત સર્વત્ર છે. તેથી જ 'પૌગંડલીલા સમયનું જેટલા પરિમાણનું સ્વરૂપ છે તેટલા જ પરિમાણનું એ જ સ્વરૂપ પૂતનામુક્તિદાનદશામાં પણ છે' એ શ્રીમદાચાર્યચરણના વાકયનો પણ સંગતિ થાય છે, કારણ કે ભગવાનનાં સર્વ રૂપ નિત્ય છે, તેથી જે રૂપ પૌગંડલીલા સમયે હતું તે જ રૂપ એટલા જ પરિમાણનું પૂતનાને મુક્તિનું દાન કર્યું તે સમયે પણ હતું. ભગવાનનાં સર્વ રૂપ નિત્ય છે, તેથી સર્વ રૂપ સર્વદા વિદ્યમાન છે. આગળ એઓનો ક્રમથી પ્રાદુર્ભાવ થાય છે. બાલ્યાવસ્થામાં ભગવાનના કર

અધિકદેશાવચ્છેદનો ભક્તો અનુભવ કરે છે. 'બાલકે ઉલૂકિકાનો જીવ હર્યો, ત્રૈમાસિકના પદથી શકટ ઊંધુ પડયું, હારની અંદર જઇ આકાશનો સ્પર્શ કરનાર અર્જુનોનું ઉન્મૂલન કર્યું એ અન્યથા થાય નહિ' (ભા. ૨-૭-૨૭) ઇત્યાદિથી દ્વિતીય સ્કંધમાં એઓના શુદ્ધ બ્રહ્મત્વનો બ્રહ્માએ જ વિચાર કર્યો છે. દશમ સ્કન્ધમાં પણ દામોદરલીલાના પ્રસ્તાવમાં 'જેની અંદર અથવા બહાર પૂર્વ અને અપર પણ કાંઈ નથી, જે જગતની પૂર્વ અને અપર, અંદર અને બહાર છે અને જે જગત છે તેવા મર્ત્યલિંગ અવ્યક્ત અધોક્ષજને પુત્ર માની પ્રાકૃતની પેઠે ગોપિકાએ રજ્જુથી ઉલૂખલ સાથે બાંધ્યા' (ભા. ૧૦-૯-૧૩, ૧૪) એમ કહી, રજ્જુની ન્યૂનતાના નિરૂપણથી પણ એના જ પૂર્ણત્વનું પ્રતિપાદન કરેલું છે. 'ત્રણ વેદ, ઉપનિષદો, સાંખ્ય યોગ, અને વૈષ્ણવતંત્રો જેના માહાત્મ્યનું ગાન કરે છે તેવા હરિને એણે પુત્ર માન્યા' (ભા. ૧૦-૮-૪૫) એ વાક્યથી, અને મૃત્સ્નાભક્ષણ પછી યશોદાની પ્રાર્થનાથી નિજ વદનનું વ્યાદાન કરી પોતાના અને વ્રજના સહિત દર્શાવેલા સકલ લોકના અવલોકનથી વસ્તુજિજ્ઞાસા થઇ ત્યારે પક્ષાન્તરનું નિરાકરણ કરી કહેલા યશોદાના 'આ જ મારા પુત્રનો કોઈક ઔત્પત્તિક આત્મયોગ છે' (ભા. ૧૦-૮-૪૦) એ વાક્યથી (એનું જ પ્રતિપાદન કરેલું છે). આથી 'જે પૃથિવીમાં રહી, પૃથિવીની અંદર

ચરણ વગેરેનો અલ્પ પ્રદેશમાં અને પૌગંડ વગેરે અવસ્થામાં એનાથી અધિક પ્રદેશમાં અવચ્છેદ હતો. એ પ્રમાણે ભક્તોને ભગવાનનાં દર્શન થતાં હતાં એવું પણ બ્રહ્માએ જ શ્રીમદ્ભાગવતના દ્વિતીયસ્કંધમાં સાતમા અધ્યાયમાં જણાવેલું છે. 'બાલકે ઉલૂકિકાનો જીવ હર્યો, ત્રૈમાસિકના પદથી શકટ ઊંધું પડયું, હારની અંદર જઇ આકાશનો સ્પર્શ કરનાર અર્જુનોનું ઉન્મૂલન કર્યું એ અન્યથા થાય નહિ' એમ બ્રહ્મા કહે છે. શ્રીકૃષ્ણ બ્રહ્મ ન હોય તો આ સર્વ કાર્ય થાય નહિ. વળી દશમ સ્કંધમાં પણ દામોદરલીલાના પ્રસ્તાવમાં 'જેની અંદર અથવા બહાર પૂર્વ અને અપર પણ કાંઇ નથી, જે જગતની પૂર્વ અને અપર, અંદર અને બહાર છે અને જે જગત છે તેવા મર્ત્યલિંગ અવ્યક્ત અધોક્ષજને પુત્ર માની, પ્રાકૃતની પેઠે ગોપિકાએ રજ્જુથી ઉલૂખલ સાથે બાંધ્યા' એ વાક્ય છે તેમાં પણ બ્રહ્મના ગુણનું પ્રતિપાદન હોવાથી શ્રીકૃષ્ણ બ્રહ્મ જ છે. વળી, બાંધતાં સર્વ રજ્જુ ન્યૂન થયાં. સર્વ રજ્જુનું સંધાન કરીને પણ શ્રીકૃષ્ણને બાંધી શકાય એમ ન હતું. એ પ્રમાણે રજ્જુની ન્યૂનતાનું પ્રતિપાદન કરેલું છે, તેથી પણ શ્રીકૃષ્ણ પૂર્ણ જ છે એમ સિદ્ધ થાય છે. વળી, 'ત્રણ વેદ, ઉપનિષદો અને સાંખ્ય, યોગ અને વૈષ્ણવતંત્રો જેના માહાત્મ્યનું ગાન કરે છે તેવા હરિને એણે પુત્ર માન્યા' એ વાક્ય પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ કહે છે. વળી, શ્રીકૃષ્ણે મૃત્તિકાનું ભક્ષણ કર્યું, ત્યાર પછી એમણે માટી ખાધી છે કે નહિ એ જાણવા યશોદાએ એમને મુખ દેખાડવા પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણે પોતાનું મુખ દેખાડયું, ત્યારે યશોદાજીએ એમાં પોતાને, વ્રજ, અને સકલ લોકને જોયાં. પછી યશોદાજીને વસ્તુતત્ત્વ જાણવાની ઇચ્છા થઈ ત્યારે અન્ય સર્વ પક્ષનો નિરાસ કરી 'આ જ મારા પુત્રનો કોઈક ઔત્પત્તિક આત્મયોગ છે' એ વાક્ય યોજેલું છે, તેથી પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે, કારણ કે 'જે પૃથિવીની અંદર છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અંદર રહી પૃથિવીનું યમન કરે છે' એ શ્રુતિ બ્રહ્મના જે

છે, જેને પૃથિવી જાણતી નથી, જેનું પૃથિવી શરીર છે, જે અંદર રહી પૃથિવીનું યમન કરે છે, તે ત્યાં આત્મા અંતર્યામી અમૃત છે' (બૃ. ૩-૭-૩) એ શ્રુતિએ કહેલા ધર્મ હોવાથી પણ બ્રહ્મત્વ જ સિદ્ધ થાય છે, કારણ કે એક પણ અસાધારણ ધર્મ હોય તે શિષ્ટ સંદિગ્ધનો પણ બ્રહ્મધર્મ તરીકે જ નિશ્ચય કરાવે છે. આ જ શ્રુતિના અભિપ્રાયનો અંગીકાર કરી સૂત્રકારે સર્વત્ર બ્રહ્મ-વાક્યનો નિર્ણય કહેલો છે. આ સર્વ ભાગવતના વિવરણમાં અને તત્ત્વસૂત્ર-ભાષ્યમાં પિતૃચરણે વિસ્તારથી કહેલું છે તેથી અહીં દિશામાત્ર જ દર્શાવી છે. વળી, ચક્ષુ વાણી આદિ સર્વ ઇન્દ્રિયો અને એઓનાથી ગ્રાહ્ય અલૌકિક ગુણો તેમજ શુદ્ધ જ બ્રહ્મ પ્રકાશે છે, પરન્તુ લૌકિક ઇન્દ્રિયો ત્યાં નથી એ 'સર્વ ઇન્દ્રિયથી વિવર્જિત' (ભ. ગી. ૧૩-૧૪) એમ કહે છે. 'અસક્ત' વગેરે સ્પષ્ટ છે; તેથી જ 'વૈશ્વાનર (બ્રહ્મ); સાધારણ શબ્દથી વિશેષને લીધે' (બ્ર સૂ. ૧-૨-૨૪) એ અધિકરણમાં 'જે આ પ્રાદેશમાત્ર અભિવિમાન આત્મા વૈશ્વાનરની ઉપાસના કરે છે' એ શ્રુતિએ કહેલું પ્રાદેશપરિમાણત્વ અને વાજસનેયિશાખામાં કહેલું

ધર્મનું નિરૂપણ કરે છે તેજ ધર્મ અહીં પણ કહેલો છે, તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ સિદ્ધ થાય છે. એક પણ બ્રહ્મનો અસાધારણ ધર્મ હોય તો બીજા સંદિગ્ધ ધર્મો પણ બ્રહ્મના જ છે એમ સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણમાં બ્રહ્મના અસંખ્ય અસાધારણ ધર્મોનું શ્રીમદ્ભાગવતમાં નિરૂપણ કરેલું છે એમ પણ જણાવ્યું છે, તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે. બ્રહ્મનો એક પણ અસાધારણ ધર્મ બાકીના સર્વ સંદિગ્ધ ધર્મો પણ બ્રહ્મના છે એમ સિદ્ધ કરે છે, એ જ સિદ્ધાન્ત અંગીકાર કરી વ્યાસજીએ બ્રહ્મસૂત્રમાં સર્વવેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય છે એમ સિદ્ધ કર્યું છે. આ સર્વનું તત્ત્વસૂત્રભાષ્ય તથા શ્રીભાગવતવિવરણમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી નિરૂપણ કરેલું છે તેથી અહીં માત્ર સંક્ષેપમાં સૂચના કરેલી છે. વળી, '**सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम्**' વગેરે શ્રીમદ્ભગવદ્ગીતાનું વાક્ય ઉપર કહેલું છે તે પણ શ્રીકૃષ્ણ પરબ્રહ્મ જ છે એમ કહે છે. ઇંદ્રિયો ચક્ષુ વાણી વગેરે, અને ગુણે=**इन्द्रियगुणाः**, **सर्वे इन्द्रियगुणाः = सर्वेन्द्रियगुणाः**' આ અર્થાત્ સર્વ દિશામાં ભાસે તે આભાસ, અર્થાત્ પ્રકાશ. સર્વ ઇંદ્રિય અને અલૌકિક ગુણોની પેઠે જ શુદ્ધ બ્રહ્મ પ્રકાશે છે, અર્થાત્ કર્મેંદ્રિય અને જ્ઞાનેંદ્રિય-રૂપથી બ્રહ્મ જ પ્રકાશે છે એવો એનો અર્થ છે. બ્રહ્મ કર્મેંદ્રિય અને જ્ઞાનેંદ્રિયરૂપે પ્રકાશે છે, પરંતુ એને લૌકિક ઇંદ્રિયો નથી, એમ શણ '**सर्वेन्द्रियविवर्जितम्**' શબ્દથી કહે છે. બ્રહ્મ સર્વ લૌકિક ઇંદ્રિય વિનાનું છે. '**असक्तम**' વગેરેનો અર્થ સ્પષ્ટ જ છે. આ પ્રમાણે બ્રહ્મ ઇંદ્રિયોના રૂપથી પ્રકાશે છે, છતાં એને લૌકિક ઇંદ્રિયો નથી. એમ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે. વૈશ્વાનર અધિકરણથી પણ એ જ સિદ્ધ થાય છે. બ્રહ્મસૂત્રના પ્રથમા-ધ્યાયના દ્વિતીય પાદમાં '**वैश्वानरः साधारणशब्दविशेषात्**' સૂત્રથી આ અધિકરણનો પ્રારંભ થાય છે. '**आत्मानमेवेमं वैश्वानरं संप्रत्यध्येषि तमेव नो ब्रूहि**' વગેરે શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દ છે. વૈશ્વાનર શબ્દના ચાર પ્રસિદ્ધ અર્થ છે : (૧) જાઠરાગ્નિ, અન્ન પચાવનાર જઠરમાં રહેલો અગ્નિ; (૨) તૃતીય મહાભૂત, (અગ્નિ); (૩) અમુક દેવતા, '**वैश्वानरस्य सुमतौ स्याम राजा हि कं भुवनानामभिश्रीः**' એ શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દ વૈશ્વાનર

સર્વત્ર પરિમાણરહિત લક્ષણવાળું વ્યાપકત્વ, 'એ આ અગ્નિ વૈશ્વાનર જે પુરુષ (છે). જે એ પુરુષવિધ પુરુષની અંદર પ્રતિષ્ઠિત અગ્નિ વૈશ્વાનરને જાણે' એ શ્રુતિથી એવું જ પુરુષત્વ પુરુષવિધત્વ અને પુરુષની અંદર પ્રતિષ્ઠિતત્વ એ પરસ્પર વિરુદ્ધ ધર્મ, બ્રહ્મ જ વિરુદ્ધ સર્વ ધર્મનું આશ્રય હોવાથી, એમાં જ સંભવે, અગ્નિ આદિમાં (સંભવતા) નથી, એમ નિરૂપણ કરતાં, જૈમિનિ આદિના મતનો ઉપન્યાસ કરી, અન્ય પક્ષોમાં અરુચિ ઉદ્ભાવી, 'એનું આમાં મનન કરે છે' (બ્ર. સૂ. ૧-૨-૩૨) એમ (સૂત્રકારે) સિદ્ધાન્ત કહ્યો. એનો અર્થ: 'એનું' વ્યાપક જ પરમેશ્વરનું, 'આમાં' શિર અને ચિબુકના અન્તરાલમાં, 'આ અનન્ત અવ્યક્ત આત્મા જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે' 'એ અવિમુક્ત કોનામાં પ્રતિષ્ઠિત છે?' 'ભ્રમરો અને નાસિકાની મધ્યે પ્રતિષ્ઠિત છે' ઇત્યાદિથી જાબાલો પ્રાદેશમાત્ર તરીકે વર્ણન કરે છે; તેથી 'અનન્ત' પદને લાંઘે દેશકાલથી અપરિચ્છિન્નની જ સંકુચિતસ્થાનમાં સ્થિતિ શ્રુતિ કહે છે; તેથી પ્રાદેશમાત્રનું પણ અભિ-

---

દેવતા માટે યોજેલો છે; (૪) સંવત્સર અથવા પ્રજાપતિ. **आत्मानमेवेमं वैश्वानरं सम्प्रत्यध्येषि तमेव नो ब्रूहि** એ શ્રુતિમાં 'વૈશ્વાનર' શબ્દનો અર્થ બ્રહ્મ થાય છે કે અન્ય કાંઈ એ સંદેહ થાય છે. આ સૂત્રથી વ્યાસજી કહે છે કે 'વૈશ્વાનર' શબ્દ બ્રહ્મ માટે જ યોજેલો છે. સાધારણ શબ્દથી જે વિશેષ અથવા આધિક્ય થાય તેનાથી 'વૈશ્વાનર' શબ્દ બ્રહ્મ માટે જ યોજેલો છે. એ જ સ્થળે આગળ **'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानमुपास्ते'** શ્રુતિ છે તેમાં 'વૈશ્વાનર'ને પ્રાદેશમાત્ર અર્થાત્ અંગૂઠાના જેટલા પરિમાણવાળો અને અભિવિમાન અર્થાત્ પરિમાણથી અતીત અથવા વ્યાપક કહેલો છે. અંગૂઠા જેટલો અને વ્યાપક કહેલો હોવાથી વૈશ્વાનર વિરુદ્ધ ધર્મનો આશ્રય છે, તેથી વૈશ્વાનર પરમાત્મા જ છે. વળી, વાજસનેયિશાખામાં પણ 'એ આ અગ્નિ વૈશ્વાનર જે પુરુષ' (છે). જે તે પુરુષવિધ પુરુષની અંદર પ્રતિષ્ઠિત અગ્નિ વૈશ્વાનરને જાણે' એ શ્રુતિ છે તે પણ વૈશ્વાનર પુરુષ છે, પુરુષવિધ છે અને પુરુષની અંદર પ્રતિષ્ઠિત છે, એમ એ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ કહે છે. પરમાત્મા જ વિરુદ્ધધર્મના આશ્રય છે, અગ્નિ વગેરે નથી, તેથી 'વૈશ્વાનર' શબ્દ પરમાત્મા માટે જ યોજેલો છે. આ પ્રમાણે **'वैश्वानरः साधारणशब्दविशेषात्'** સૂત્રથી વ્યાસજી વૈશ્વાનર પરમાત્મા જ છે એમ કહે છે. પછી **'साक्षादप्यविरोधं जैमिनिः'** **'अभिव्यक्तेरित्याश्मरथ्यः'** **'अनुस्मृतेर्बादरिः'** (બ્ર. સૂ. ૧-૨-૨૮ થી ૩૦) એ સૂત્રોથી જૈમિનિ આશ્મરથ્ય અને બાદરિના મતનું નિરૂપણ કરી એમાં પોતાની અરુચિ જણાવી, **'आमनन्ति चैनमस्मिन्'** એ સૂત્રથી પોતાનો સિદ્ધાન્ત કહે છે. **एनम्** અર્થાત્ પરમેશ્વરનું **अस्मिन्** અર્થાત્ મૂર્ધા ચિબુક વગેરેમાં **आमनन्ति** અર્થાત્ મનન કરે છે. જાબાલો પરમેશ્વરનું મૂર્ધા ચિબુક વગેરેમાં વ્યાપક તરીકે જ મનન કરે છે. 'આ અનન્ત અવ્યક્ત આત્મા જે અવિમુક્તમાં પ્રતિષ્ઠિત છે' 'એ અવિમુક્ત કોનામાં પ્રતિષ્ઠિત છે?' 'ભ્રમરો અને નાસિકાની મધ્યે પ્રતિષ્ઠિત છે' વગેરે શ્રુતિથી જાબાલો એનું પ્રાદેશમાત્ર અર્થાત્ અંગૂઠા જેટલા પરિમાણવાળા તરીકે વર્ણન કરે છે, અને પ્રથમ એને 'અનંત' કહેલો છે. 'અનંત' એટલે દેશ અને કાલની હદ વિનાનો, સર્વ દેશ અને સર્વ કાલમાં રહેલો. આ અનંત જ સંકુચિત સ્થાનમાં રહે છે એમ

વિમાનિત્વ યોગ્ય છે. આથી બ્રહ્મનું વિરુદ્ધધર્માશ્રયત્વ તેને અભિમત છે એમ માનવું, અન્યથા 'અનન્ત' એમ પ્રયોજન ન હોવાથી ન કહેત.

'મેં પૂર્વે જ કહેલું છે કે સવિશેષનિરૂપણ ઉપાસના માટે છે.'—અનુપહત-કર્ણે મેં પણ સાંભળ્યું છે.—'ત્યારે શું અનુપપન્ન છે?'—તમારી માનેલી ઉપાસનાર્થતા જ.—'કેમ?'—નીચે પ્રમાણે. ઉપાસનામાં ત્યાં એવા પ્રકારની ભાવના માત્ર છે, પરંતુ વસ્તુ એવી નથી એમ તમે માનો છો. 'આત્મા, એમ જ ઉપાસના કરવી' 'એ અન્ય છે, હું અન્ય છું, એમ જે અન્ય દેવની ઉપાસના કરે છે તે પશુ પેઠે જાણતો નથી. આમ એ દેવોનો પશુ છે' ઇત્યાદિ શ્રુતિને લીધે આત્મા તરીકે જ ઉપાસના કરવી, પરન્તુ અનાત્મા તરીકે નહિ. આમ હોવાથી 'જે અન્યથા હોનાર આત્માને અન્યથા માને છે તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?' એ શ્રુતિથી ન હોય તેવી કલ્પના નિંદિત હોવાથી, બ્રહ્મનું રૂપ એવા જ પ્રકારનું છે એમ માનવું. આમ હોવાથી બ્રહ્મ અનંતરૂપ જ શ્રુતિએ માનેલું છે; તેથી આ રૂપથી આવા ઉપાસકો કોને આવું ફલ આપીશ

શ્રુતિ કહે છે, તેથી અંગૂઠા જેટલો જ આત્મા વ્યાપક છે એવી સંગતિ થાય છે; તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એવો શ્રુતિનો અભિપ્રાય છે એમ જણાય છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એવો શ્રુતિનો અભિપ્રાય ન હોત તો શ્રુતિ એને 'અનંત' કહેત નહિ, કારણ કે એને અનંત કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું.

પૂર્વપક્ષી—પ્રથમ જ મેં કહ્યું છે કે બ્રહ્મને ઉપાસના માટે સવિશેષ વર્ણવેલું છે, તેથી 'અનંત' કહેવામાં પણ એ જ પ્રયોજન હતું.

સિદ્ધાન્તી—ખરે, મેં પણ કાન સાવધાન રાખી તમે કહ્યું તે સાંભળ્યું છે, પણ તમે કહ્યું તે ઉચિત નથી.

પૂર્વપક્ષી—અમારા કહેવામાં શી અનુપપત્તિ છે?

સિદ્ધાન્તી—તમે ઉપાસના માટે સવિશેષ તરીકે વર્ણન કર્યું છે એમ માનો છે એમાં જ અનુપપત્તિ છે, કારણ કે માત્ર ઉપાસના માટે જ બ્રહ્મનું સવિશેષ તરીકે વર્ણન કરેલું છે તેથી બ્રહ્મમાં માત્ર વિશેષોની ભાવના જ કરેલી, પરંતુ બ્રહ્મ સવિશેષ નથી એમ તમે માનો છો. ઉપાસના આત્મા તરીકે જ કરવામાં આવે છે, અનાત્મા તરીકે ઉપાસના કરવામાં આવતી નથી. 'આત્મા, એમ જ ઉપાસના કરવી' 'એ અન્ય છે, હું અન્ય છું એમ જે અન્ય દેવની ઉપાસના કરે છે તે પશુ પેઠે જાણતો નથી. આમ એ દેવોનો પશુ છે' એ શ્રુતિઓ આત્મા તરીકે જ ઉપાસના કરવી જોઈએ એવો ઉપદેશ કરે છે. વળી, 'જે અન્યથા હોનાર આત્માને અન્યથા માને છે તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?' એ શ્રુતિ આત્મા વસ્તુતઃ ન હોય તેવા પ્રકારનો માનનાર નિંદિત છે એમ કહે છે, તેથી આત્મા જેવા પ્રકારનો હોય તેવા પ્રકારનો જ માનવો જોઈએ. આત્મા જેવા પ્રકારનો ન હોય તેવા પ્રકારની એમાં ભાવના કરવાથી નિંદાપાત્ર થવાય છે, તેથી જેવા પ્રકારનો આત્મા વસ્તુતઃ હોય તેવા જ પ્રકારના આત્માની ઉપાસના પણ કરવી જોઈએ અને જેવા પ્રકારના આત્માની ઉપાસના કરવામાં આવે છે તેવા જ પ્રકારનો આત્મા છે. અનંતરૂપની ઉપાસના કરવામાં આવે છે તેથી બ્રહ્મનાં અનંત રૂપ છે એવો શ્રુતિનો અભિપ્રાય છે, તેથી અમુક રૂપથી ઉપાસના કરનારને અમુક

એવી ઈશ્વરેચ્છાથી જ એમ જ થાય છે એમ જણાવનારી શ્રુતિ ઉપાસનાભેદથી ફલભેદ પણ કહે છે. વળી, તમારી કહેલી રીતિથી ઉપાસનાનો વિષય એવા પ્રકારનો નહિ હોવાથી અબ્રહ્મત્વ થયું, તેથી એનું નિરૂપણ કરનારી શ્રુતિઓ અબ્રહ્મપરક થવાથી, 'સર્વત્ર પ્રસિદ્ધનો જ ઉપદેશ હોવાથી' (બ્ર. સૂ. ૧-૨-૧) એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય. અસત્‌ની ભાવનાથી અસત્ જ ફલ થાય તેથી 'એમાં નિષ્ઠાવાળાના મોક્ષના ઉપદેશને લીધે' (બ્ર સૂ. ૧-૧-૬) એ તત્ત્વસૂત્રનો વિરોધ થાય. 'બ્રહ્મને અસત્ જાણે તો એ અસત્ જ થાય છે' એ શ્રુતિથી ઉપાસનાવિષયને અસત્ તરીકે જાણનાર તમારો અંધતમઃપ્રવેશ થવાથી આસુરત્વ ફલ થાય છે એમ અમે પ્રતિજ્ઞા કરીએ છીએ. તમારા જેવા અનેક અસુરચમૂપતિ સકલ પ્રમાણથી નિષિદ્ધ હોવાથી અધર્મબુદ્ધિથી શ્રુતિ સ્મૃતિ અને આચારપરાયણનો તથા નિજબન્ધુ અને મિત્રોનો પણ વધ કરવા (યત્ન કરે છે) ત્યારે એમના વધથી વિમુખ વિજય શીખવતા અને એમના (અસુરચમૂપતિના) વધથી સકલ સજ્જનોનું પાલન કરતા શ્રીદેવકીપુત્રે પણ 'મારો પરભાવ નહિ જાણનાર મૂઢ માનુષી તનુનો આશ્રય કરેલા ભૂતમહેશ્વરની—મારી અવજ્ઞા કરે છે' (ભ. ગી. ૯-૧૧) ઇત્યાદિથી અસુરોનું સ્વકીય અભજન કહી,

---

ફલ આપીશ એવી ભગવાનની ઇચ્છાથી જ ભગવાન અનંત રૂપ ધારણ કરે છે, અને ભિન્ન ભિન્ન રૂપથી ઉપાસના કરનારને ભિન્ન ભિન્ન ફલ આપે છે એમ શ્રુતિઓ જણાવે છે. વળી, તમારા મત પ્રમાણે ઉપાસનાનો વિષય કલ્પેલો છે. જેની ઉપાસના કરવામાં આવે છે તે વસ્તુતઃ બ્રહ્મ નથી, પરંતુ કલ્પિત પદાર્થ છે, એમ તમે માનો છો; તેથી સવિશેષનું નિરૂપણ કરનારી સર્વ શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી એમ તમારા મત પ્રમાણે સિદ્ધ થાય છે; તેથી તમારો મત **'सर्वत्र प्रसिद्धोपदेशात्'** એ તત્ત્વસૂત્રથી વિરુદ્ધ છે. સર્વત્ર વેદાન્તમાં પ્રસિદ્ધ બ્રહ્મનો જ ઉપદેશ છે એવો એ સૂત્રનો અર્થ છે. વળી, બ્રહ્મ જેવું વસ્તુતઃ નથી તેવી ભાવના ઉપાસના માટે કરવામાં આવે છે એમ તમે માનો છો, તેથી અસત્ય ભાવનાથી ફલ પણ અસત્ જ થવું જોઈએ. બ્રહ્મની ઉપાસનાનું ફલ **'तन्निष्ठस्य मोक्षोपदेशात्'** એ સૂત્રમાં વ્યાસજીએ કહ્યું છે તેવું ફલ થતું નથી, તેથી એ સૂત્રથી પણ તમારો મત વિરુદ્ધ છે. 'બ્રહ્મને અસત્ જાણે તો એ અસત્ જ થાય છે' એ શ્રુતિ કહે છે. એ પ્રમાણે જેની ઉપાસના કરો છો તેને તમે અસત્ માનો છો, તેથી તમારો અંધતમ નરકમાં જ પ્રવેશ થશે અને તમને ફલમાં અસુરપણું જ પ્રાપ્ત થશે એમ અમે કહીએ છીએ. તમારા જેવા અનેક અસુર-સેનાપતિઓ સર્વ પ્રમાણથી વિરુદ્ધ મત અધર્મબુદ્ધિથી ચલાવે છે અને શ્રુતિ સ્મૃતિ અને આચારપરાયણ લોકોને, પોતાના બંધુઓ અને મિત્રોને પણ આવો કલ્પિત મત સમજાવી એમનો વધ કરવા પ્રયત્ન કરે છે. આ સર્વ શ્રુતિ સ્મૃતિ અને આચારમાં પરાયણ લોકોને એમનો વધ ન થાય તેવો વિજય શીખવતા અને તમારા જેવા અસુર-સેનાપતિઓનો વધ કરી સર્વ સજ્જનોનું પાલન કરતા શ્રીદેવકીપુત્ર શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં સત્ય ઉપદેશ કરે છે: 'મારો પરભાવ નહિ જાણનાર મૂઢ માનુષી તનુનો આશ્રય કરેલા ભૂતમહેશ્વરની—મારી અવજ્ઞા કરે છે' એ વાક્યથી અસુરો મારું પરમેશ્વરનું ભજન કરતા નથી એમ શ્રીકૃષ્ણચંદ્ર કહે છે. પછી, 'પરંતુ, હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ અનન્યમનવાળા થઈ ભૂતાદિ

'પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ અનન્યમનવાળા થઇ ભૂતાદિ અને અવ્યય એવા મને ભજે છે' (ભ. ગી. ૯-૧૩) એમ એ જ કહેલું છે. આસુરભાવના નિરૂપણમાં પણ 'એઓ જગતને અસત્ય અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે' ઇત્યાદિથી 'હે કૌન્તેય, આસુરી યોનિને પામેલા મૂઢો જન્મેજન્મ મને પ્રાપ્ત કર્યા વિના જ ત્યાંથી અધમગતિ પામે છે' (ભ. ગી. ૧૬-૮ થી ૨૦) સુધી એમ જ કહેલું છે. અહીં 'માનુષી તનુનો આશ્રય કરેલા' એમ એમના જ્ઞાનનો પ્રકાર જ કહેલો છે, પરન્તુ સ્વરૂપ કહેલું નથી, કારણ કે પૂર્વોકત યુકિતથી એ આનન્દરૂપ જ નિર્ણીત છે. આ જેમ છે તેમ પિતૃચરણે ભાષ્યમાં આનંદમયાધિકરણ (બ્ર. સૂ. ૧-૧-૧૧ થી ૧૮) ના વિચારમાં નિરૂપણ કરેલું છે, તેથી જ ભગવાન આગળ 'પર ભાવને નહિ જાણનાર' એમ કહે છે. પરભાવ આનન્દમાત્રત્વરૂપ છે આથી 'વિશેષો લૌકિક હોવાથી એઓનો નિષેધ બ્રહ્મમાં યોગ્ય છે, એઓને પણ અલૌકિક કલ્પીએ અને બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનું આધાર હોવાથી એમાં અલૌકિક શકિત કલ્પીએ તો ગૌરવ થાય' ઇત્યાદિનો નિરાસ થયો, કારણ કે સર્વ જ પ્રમાણસિદ્ધ હોવાથી કલ્પેલાં નથી. સ્વયુકિતથી કલ્પના કરીએ તો તમારું કહેલું દૂષણ

અને અવ્યય એવા મને ભજે છે' એ વાકયથી મહાત્માઓ પરમેશ્વર શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિ કરે છે એમ કહે છે. પછી આસુરભાવનું નિરૂપણ કરતાં ભગવાન પ્રથમ અસુરોનો મત 'એઓ જગતને અસત્ય અપ્રતિષ્ઠ અને અનીશ્વર કહે છે' એ વાકયથી જણાવે છે, અને ત્યાંથી 'હે કૌન્તેય! આસુરી યોનિને પામેલા મૂઢો જન્મેજન્મ મને પ્રાપ્ત કર્યા વિના જ ત્યાંથી અધમ ગતિ પામે છે' એ વાકયપર્યંત અસુરોનું નિરૂપણ કરે છે; તેથી જ અસુરોની અધમ ગતિ થાય છે એમ અમે પૂર્વે કહ્યું છે. 'માનુષી તનુનો આશ્રય કરેલા' વિશેષણ ભગવાને યોજ્યું છે તે અસુરો ભગવાનને કેવા પ્રકારના જાણે છે એ જણાવે છે. અસુરો ભગવાનને માત્ર મનુષ્ય જાણે છે. શ્રીકૃષ્ણચંદ્ર પરબ્રહ્મ છે, પરંતુ અસુરો એમને મનુષ્ય જાણે છે. એ વિશેષણથી અસુરોને પોતાનું કેવા પ્રકારનું જ્ઞાન છે એમ ભગવાન જણાવે છે, પરંતુ પોતાનું સત્ય સ્વરૂપ કહેતા નથી, કારણ કે શ્રીકૃષ્ણચંદ્રનું સ્વરૂપ વસ્તુતઃ આનંદમય જ છે, એમ પ્રથમ શ્રીમદ્ભાગવતમાંથી દામોદરલીલાપ્રસ્તાવનાં વાકયોથી નિર્ણય કરેલો છે. આ સર્વનો શ્રીમદાચાર્યચરણે આનંદમય-અધિકરણમાં શ્રીમદણુભાષ્યમાં વિસ્તારથી વિચાર કરેલો છે. ભગવાન વસ્તુતઃ મનુષ્ય નથી, તેથી જ ભગવાન પણ એ જ સ્થલે **'मानुषीं तनुमाश्रितम्'** પછી જ **'परं भावमजानन्तः'** એમ કહે છે. અસુર લોકો ભગવાનને માનુષી તનુનો આશ્રય કરેલા જાણે છે એનું કારણ એ છે કે એઓ ભગવાનનો પરભાવ જાણતા નથી. ભગવાન માત્ર આનંદમય જ છે એ જ એમનો પરભાવ છે, તેથી ભગવાનના સર્વ વિશેષ અલૌકિક જ છે, અને સ્વતઃસિદ્ધ પ્રમાણ વેદથી જ એ અલૌકિક છે એમ જણાય છે; તેથી 'વિશેષો લૌકિક હોવાથી, અને બ્રહ્મ અલૌકિક હોવાથી બ્રહ્મમાં વિશેષોનો નિષેધ જ ઉચિત છે. વિશેષોને અલૌકિક કલ્પવામાં અને બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એવી એમાં અલૌકિક શક્તિ કલ્પવામાં ગૌરવ થાય છે' એમ તમે કહેતા હતા એનો નિરાસ થાય છે, કારણ કે બ્રહ્મની અલૌકિક શક્તિ અને વિશેષોનું અલૌકિકપણું સર્વ પ્રમાણસિદ્ધ જ છે, કાંઈ કલ્પેલું નથી. પોતાની યુક્તિથી કલ્પના કરી હોય તો એમાં ગૌરવદોષ આવે, પરંતુ પ્રમાણસિદ્ધ અર્થમાં ગૌરવદોષ સંભવતો

થાય, અન્યથા બ્રહ્મના અંગીકારમાં પણ ગૌરવ થાય તેથી એનો પણ અંગીકાર થઇ જાય. એમ શૂન્યવાદ થઈ જાય, તેથી ગંગાતરંગના સંગવાળા કમલના પરાગથી ધૂસરિત અનિલના સુખની ભીતિથી જનતાસમક્ષ સ્વકીય વૈરાગ્ય દર્શાવવા પલાયન કરનાર માયાવાદીના કુહકથી ખિન્ન થયેલાનો શૂકરગર્તમાં નિપાત થાય છે. વળી, 'અસ્થૂલ' આદિ વાકયના વિરોધને લીધે વિશેષોને કલ્પિત કહો છો ત્યાં વિરોધ કોનો છે એમ અમે પૂછીએ છીએ. 'પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણનો'-અહીં પણ પૂછીએ છીએ કે જ્યાંત્યાં એમ હોય તોપણ સામાન્યવિરોધ થાય, અથવા જ્યાં એવી પ્રતીતિ (થાય) ત્યાં જ એઓની પ્રતીતિમાં વિરોધ છે, અને અન્યત્ર નથી ? ત્યાં પ્રથમ (પક્ષ) નથી, કારણ કે નિષ્ક્રમણ અને પ્રવેશનનાં પરસ્પર અત્યન્તાભાવ અને સમાનાધિકરણનો એક ધર્મીમાં અનુભવ

નથી. પ્રમાણસિદ્ધ અર્થમાં પણ ગૌરવદોષ જો સંભવતો હોય તો બ્રહ્મનો અંગીકાર કરવામાં પણ ગૌરવદોષ થાય, તેથી બ્રહ્મનો પણ અંગીકાર કરવો જોઈએ નહિ. એમ કરો તો શૂન્યવાદ થઇ જાય, અને ગંગાજીના તરંગના સંગવાળા, કમલના પરાગથી ધૂસર થયેલા વાયુના સુખની ભીતિથી પોતાનો વૈરાગ્ય લોકોને જણાવવા એમની સમક્ષ એવા વાયુથી દૂર નાસતાં તમો નિર્વિણ્ણ થયેલા ધૂર્ત માયાવાદીનો શૂકરની ખાઇમાં પાત થાય છે. વળી, **'अस्थूलमनणु'** વગેરે વાક્યનો વિરોધ આવે તેથી વિશેષો કલ્પિત છે એમ તમે કહો છો. બ્રહ્મને વિશેષો હોય તો **'अस्थूलमनणु'** વગેરે વાકયથી શ્રુતિ બ્રહ્મનું નિરૂપણ કરે નહિ એમ તમે કહો છો, પરંતુ વિરોધ કંઇ શબ્દમાં હોતો નથી, વિરોધ અર્થમાં રહેલો છે. ત્યારે અહીં વિરોધ કયા કયા અર્થમાં છે એમ કહો.

પૂર્વપક્ષી—પરસ્પર અત્યંતાભાવ અને સમાનાધિકરણનો વિરોધ છે. અશ્વમાં ગોત્વ નથી, અને ગાયમાં અશ્વત્વ નથી તેથી અશ્વ અને ગોનો પરસ્પર અત્યંતાભાવ છે. આવા પદાર્થનું સમાનાધિકરણ કરવામાં આવે, અર્થાત્ અશ્વ ગાય છે એમ કહેવામાં આવે, તો અવશ્ય વિરોધ થાય જ. અહીં પણ એમ જ થાય છે. જેનામાં ગુણ હોય તે સવિશેષ કહેવાય, અને એમાં નિર્ગુણપણું નથી; અને જે નિર્ગુણ હોય તેમાં વિશેષ નથી, તેથી વિશેષ અને નિર્વિશેષનો પરસ્પર અત્યન્તાભાવ છે. એ ઉભયનું સમાનાધિકરણ કરવામાં અર્થાત્ બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ કહેવામાં વિરોધ થાય છે.

સિદ્ધાન્તી—એક સ્થલે પરસ્પર અત્યંતાભાવ અને સમાનાધિકરણનો વિરોધ જોઇએ તો સર્વત્ર એઓનો વિરોધ જ છે એમ માનો છો કે જ્યાં એઓનો વિરોધ જોવામાં આવે ત્યાં જ એઓનો વિરોધ છે એમ માનો છો ? એક સ્થલે એઓનામાં વિરોધ જોવાથી સર્વત્ર એઓનામાં વિરોધ છે એમ કહી શકાય નહિ, કારણ કે અશ્વ અને ગાયમાં એવો વિરોધ જોયો તેથી સર્વત્ર એઓનો વિરોધ છે એમ કહેવું પડે. ઘરમાંથી બહાર નીકળી અથવા નિષ્ક્રમણ કરી ચોકમાં આપણે પ્રવેશ કરીએ ત્યારે આપણે એક જ ક્રિયા ચલન અર્થાત્ ચાલવાની કરીએ છીએ. એ ક્રિયામાં નિષ્ક્રમણ અને પ્રવેશ ઉભય છે. નિષ્ક્રમણમાં પ્રવેશનો અત્યંતાભાવ છે અને પ્રવેશમાં નિષ્ક્રમણનો અત્યંતાભાવ છે, તેથી પ્રવેશ નિષ્ક્રમણ છે અથવા નિષ્ક્રમણ પ્રવેશ છે એમ કહેવું જોઇએ નહિ; તથાપિ આ એક જ ક્રિયામાં નિષ્ક્રમણ અને પ્રવેશ ઉભય છે. અહીં પણ એઓના સમાનાધિકરણનો વિરોધ હોવો જોઈએ, પરંતુ વિરોધ નથી, તેથી

થાય છે. ત્યાં પ્રમાણુથી પ્રતીતિસિદ્ધ હોવાથી વિરોધ નથી એમ કહો તો બ્રહ્મમાં ઉભય ધર્મો અપ્રામાણ્યશંકાકલંકરહિત વેદથી સિદ્ધ હોવાથી વિરોધ નથી, તેથી તુલ્ય જ છે; તેથી દ્વિતીય જ પક્ષ સાધુ છે એમ માનવું. તેથી લોકમાં જ એવી પ્રતીતિ હોવાથી લૌકિક (પદાર્થોમાં) એમ હોય ત્યારે વિરોધ છે, પરન્તુ અલૌકિક બ્રહ્મધર્મ ધર્મિગ્રાહક પ્રમાણુથી સિદ્ધ હોવાથી એમાં (એમ) નથી. બ્રહ્મનું જ્ઞાન થઇ શકે તે માટે ગુણો કહેલા નથી, પરંતુ એ ગુણો અપ્રાકૃત છે.

જો શ્રુતિ કેવલ પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મવત્ત્વનો બોધ કરત, પરન્તુ નિષેધ ન કરત તો એમ થાત; પરંતુ એમ નથી, પણ 'નેતિ નેતિ' એમ નિષેધ કરે છે, તેથી સર્વ શ્રુતિની ઉપપત્તિ માટે બ્રહ્મ નિર્ધર્મક છે, કારણ કે સ્વયં જ ધર્મ કહી, સ્વયં જ એનો નિષેધ કરે છે. ધર્મનું નિરૂપણ તો જેમતેમ ધર્મીનું પ્રતિપાદન કરવા માટે છે, કારણ કે અન્યથા ધર્માનું નિરૂપણ થઇ શકે જ નહિ, અને એના અજ્ઞાનથી સર્વના મોક્ષનો ઉચ્છેદ થાય; તેથી એ સિદ્ધ થાય ત્યારે ધર્મના નિષેધ દ્વારા શુદ્ધ બ્રહ્મનું નિરૂપણ કરે છે' એમ માનવું.— બરાબર, જો પોતે કહેલા જ ધર્મનો શ્રુતિ નિષેધ કરતી હોત તો એમ માનવાનું

એક જ સ્થળે એઓનો વિરોધ જોવાથી સર્વત્ર એઓનો વિરોધ છે એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી—ત્યાં એક જ ક્રિયા નિષ્ક્રમણુ અને પ્રવેશ ઉભય છે એમ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે, તેથી એઓનામાં વિરોધ નથી.

સિદ્ધાન્તી—બ્રહ્મ પણુ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ વેદથી જ સિદ્ધ થાય છે. વેદમાં અપ્રામાણ્યની શંકા પણ સંભવતી નથી, તેથી બ્રહ્મ સવિશેષ અને નિર્વિશેષ ઉભય છે એમ કહેવામા કાંઇ વિરોધ નથી. તેથી પરસ્પર અત્યંતાભાવ અને સમાનાધિકરણનો વિરોધ જ્યાં જોવામાં આવે ત્યાં જ એઓનો વિરોધ છે એમ માનવું ઉચિત છે. લોકમાં એઓનો વિરોધ ઘણે સ્થલે જણાય છે; તેથી લૌકિક પદાર્થમાં એઓનો વિરોધ ગણવો ઉચિત છે, પરંતુ બ્રહ્મનું જ્ઞાન કરાવનાર પ્રમાણ વેદથી સિદ્ધ થયેલા બ્રહ્મના અલૌકિક ધર્મોમાં એઓનો વિરોધ ગણવો ઉચિત નથી.

પૂર્વપક્ષી—શ્રુતિ પરસ્પર વિરુદ્ધ અનેક ધમનો જ માત્ર બોધ કરતી હોત તો તમે કહ્યું તેમ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ સ્વીકારત, પરંતુ શ્રુતિ બ્રહ્મમાં વર્ણવેલા ધર્મોનો નિષેધ પણ કરે છે. **'નેતિ નેતિ'** કહી શ્રુતિ પૂર્વે વર્ણવેલા ધર્મનો બ્રહ્મમાં નિષેધ કરે છે, તેથી બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય નથી, એટલું જ નહિ, પરંતુ બ્રહ્મ નિર્ધર્મક છે એમ માનવું જોઈએ, કારણ કે બ્રહ્મને નિર્ધર્મક માનીએ તો જ સર્વ શ્રુતિની ઉપપત્તિ થાય. બ્રહ્મના ધર્મનું શ્રુતિ પોતે નિરૂપણુ કરે છે અને પછી પોતે જ એ ધર્મોનો નિષેધ કરે છે. ધર્મી બ્રહ્મનું કોઈ પણ પ્રકારે જ્ઞાન પ્રાપ્ત કરાવવા બ્રહ્મમાં ધર્મોનું નિરૂપણ કરે છે, કારણ કે વસ્તુતઃ બ્રહ્મ નિર્ધર્મક છે અને નિર્ધર્મક પદાર્થનું જ્ઞાન થઈ શકે નહિ. બ્રહ્મનું જ્ઞાન ન થાય તો મોક્ષ પણ સંભવે નહિ, તેથી બ્રહ્મનું જ્ઞાન કોઇપણુ પ્રકારે પ્રાપ્ત કરાવવા શ્રુતિ પ્રથમ બ્રહ્મમાં ધર્મોનું નિરૂપણુ કરે છે, પછી સવિશેષ બ્રહ્મનું જ્ઞાન થાય ત્યારે ધર્મોનો નિષેધ કરી શુદ્ધ બ્રહ્મનું નિરૂપણુ કરે છે, એમ અવશ્ય માનવું જોઈએ.

થાત; પરન્તુ એમ નથી, પણ બ્રહ્મધર્મનું નિરૂપણ થયા પછી એમાં પ્રાકૃતત્વ આદિની શંકા થાય તેની નિવૃત્તિ માટે પ્રાપંચિક ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે, અન્યથા અસત્પદાર્થના નિરૂપક હોવાથી અને પ્રતારક હોવાથી શ્રુતિનું અપ્રામાણ્ય થાય. લોકપ્રસિદ્ધ દુઃખિતત્વ આદિ ધર્મના નિષેધથી પણ નિર્ધર્મક બ્રહ્મનું નિરૂપણ થઇ શકે.—'શ્રુતિએ કહેલા (ધર્મ) પણ લૌકિક જ છે'—રે મૂઢ, લોકમાં કોઇ સ્થલે તેં અથવા તારા પિતાએ એક ધર્મીમાં સર્વપાણિપાદાન્તત્વ સર્વેશિતૃત્વ ઇત્યાદિ જોયાં છે, અથવા બ્રહ્મથી અતિરિક્તમાં સાંભળ્યાં છે કે એઓમાં પણ લૌકિક ધર્મનો અનુવાદ છે એમ કહે છે?–'અપ્રસિદ્ધ પણ બોધ કરવા પોતે જ કહી, એનો નિષેધ કરે છે'-એમ ન કહેવાય, કારણ કે એનો ઉત્તર આપેલો જ છે,

---

સિદ્ધાન્તી—ખરે, જો શ્રુતિ પોતે વર્ણવેલા જ ધર્મોનો નિષેધ કરતી હોય તો અવશ્ય એમ માનવું જોઈએ; પરંતુ શ્રુતિ પોતે વર્ણવેલા ધર્મોનો નિષેધ કરતી નથી, પરંતુ 'બ્રહ્મના ધર્મ વર્ણવ્યા તે ધર્મ આપણે લોકમાં અનુભવીએ છીએ તેવા પ્રાકૃત હોવા જોઈએ' એવી શંકા થાય તે દૂર કરવા પ્રપંચના પ્રાકૃત ધર્મોનો જ બ્રહ્મમાં નિષેધ કરે છે. તમો કહો છો તે પ્રમાણે માની શકાય એમ નથી, કારણ કે બ્રહ્મમાં કોઇપણ પ્રકારના ધર્મ નથી એમ તમારો કહેવાનો ભાવાર્થ છે. એનાથી તો બ્રહ્મ અસત્ પદાર્થ જ કહેવાય. શ્રુતિ અસત્ પદાર્થનું નિરૂપણ કરનારી હોવાથી પ્રમાણ ગણાય નહિ. વળી, બ્રહ્મમાં ન હોય તેવા ધર્મનું બ્રહ્મમાં નિરૂપણ કરનારી હોવાથી શ્રુતિ પ્રતારણા કરે છે એમ જ કહેવાય, અને તેથી પણ એ પ્રમાણ ગણાય નહિ. વળી, જો ધર્મનો નિષેધ કરી બ્રહ્મનું જ્ઞાન શ્રુતિને કરાવવું હોત તો દુઃખીપણું વગેરે લોકમાં પ્રસિદ્ધ ધર્મનો બ્રહ્મમાં નિષેધ કરત; તેથી જ આપણને બ્રહ્મનું જ્ઞાન થાત. શ્રુતિને બ્રહ્મમાં અલૌકિક ધર્મનું નિરૂપણ કરવાનું કોઈ કારણ ન હતું.

પૂર્વપક્ષી—શ્રુતિએ જે ધર્મનું બ્રહ્મમાં નિરૂપણ કર્યું છે તે સર્વ લૌકિક જ છે. અલૌકિક ધર્મનું શ્રુતિએ બ્રહ્મમાં નિરૂપણ કર્યું જ નથી.

સિદ્ધાન્તી—રે મૂઢ! એક જ ધર્મી અથવા એક જ પદાર્થ સર્વતઃ પાણિ અને પાદના અંતવાળો હોય, સર્વને નિયમમાં રાખનાર હોય, અને માત્ર આનંદના જ કર પાદ વગેરે અવયવવાળો હોય, એવું તમે અથવા તમારા બાપે લોકમાં કદાપિ જોયું છે અથવા બ્રહ્મ વિના કોઈપણ પદાર્થ વિશે એવું સાંભળ્યું છે? લોકમાં આવા ધર્મોનો કોઈપણ સમયે અનુભવ કર્યા વિના શ્રુતિએ વર્ણવેલા આ સર્વ ધર્મ લૌકિક જ છે એમ કહેવું અતિશય અનુચિત જ છે; તેથી આ ધર્મોનું નિરૂપણ કરવામાં શ્રુતિ માત્ર લૌકિક ધર્મોનો અનુવાદ જ કરે છે એમ કહેવાય નહિ.

પૂર્વપક્ષી—આ ધર્મો લોકમાં પ્રસિદ્ધ નથી તોપણ શ્રુતિ એઓનું બ્રહ્મમાં નિરૂપણ કરી પછી નિષેધ કરે છે.

સિદ્ધાન્તી—એમ પણ કહેવાય નહિ, કારણ કે શ્રુતિ એમ કરતી હોય તો બ્રહ્મ વસ્તુતઃ અસત્ જ ગણાય, અને અસત્ પદાર્થનું નિરૂપણ કરનારી શ્રુતિ પ્રમાણ ગણાય નહિ. વળી, બ્રહ્મમાં ન હોય તેવા ધર્મોનું એમાં શ્રુતિ નિરૂપણ કરે તો એણે પ્રતારણા કરી કહેવાય, અને તેથી પણ એ પ્રમાણ ગણાય નહિ. આ પ્રમાણે પ્રથમ પણ અમે ઉત્તર આપી ચૂકયા છીએ. વળી, શ્રુતિ પ્રસિદ્ધ લૌકિક ધર્મોનું જ બ્રહ્મમાં નિરૂપણ કરી પછી એઓનો નિષેધ કરતી હોય તો બ્રહ્મ અસત્ થાય,

અને શ્રુતિએ કહેલા બ્રહ્મમાં પણ અનાશ્વાસન થવાથી મહાન અનય (અપરાધ) થાય. વળી, 'આદ્યનો જન્મ જેમાંથી' (બ્ર. સૂ. ૧-૧-૨) ઇત્યાદિ લક્ષણવાળા બ્રહ્મનું નિરૂપણ કરનાર બાદરાયણ, પૂર્વે 'અથ તેથી બ્રહ્મજિજ્ઞાસા' એમ કહી, અસ્થૂલાદિ શ્રુતિનો વિચાર કરતાં 'અથ બ્રહ્મજિજ્ઞાસા' એમ કહેત. આમ હોવાથી સર્વ વેદાન્તોના બ્રહ્મપરત્વની તિલાંજલિ થઈ જાય; તેથી સમન્વય અધ્યાયની અસંગતિ થાય. સૂત્રમાં સવિશેષ નિરૂપણ કરનાર શ્રુતિના પરસ્પર વિરોધનું ચિંતન પણ અપ્રયોજક થાય, કારણ કે નિષેધ્યના અવિરોધ અથવા વિરોધમાં કાંઈ વિશેષ નથી.–'તત્પ્રધાન હોવાથી અરૂપવત્ જ' (બ્ર. સૂ. ૩-૨-૧૪) 'પ્રકૃતૈતાવત્ત્વનો પ્રતિષેધ કરે છે, પછી ભૂયઃ કહે છે' (બ્ર. સૂ. ૩-૨-૨૨) ઇત્યાદિ સૂત્રોમાં પણ નિર્વિશેષનું મુખ્ય તરીકે નિરૂપણ કરેલું છે."–એમ નથી. તમે

અને એ પણ આશ્વાસનનું સ્થાન રહે નહિ, એવો મહાન દોષ પ્રાપ્ત થાય. વળી, 'આ જગતના જન્મ વગેરે જેમાંથી થાય છે' એવું બ્રહ્મનું લક્ષણ કરતાં પ્રથમ **'अथातो ब्रह्मजिज्ञासा'** પ્રતિજ્ઞા કરી, પુનઃ **'अस्थूलमनणु'** શ્રુતિનો વિચાર કરતી વખતે **'अथ ब्रह्मजिज्ञासा'** એવી પ્રતિજ્ઞા કરત. બ્રહ્મનું સ્વરૂપ વસ્તુતઃ તમે કહો છો તેવું હોત તો **'अस्थूलम्'** વગેરે શ્રુતિનું નિરૂપણ કરતી વખતે **'अथ ब्रह्मजिज्ञासा'** એવી પ્રતિજ્ઞા સૂત્રકાર અવશ્ય કરત. વળી, સર્વ સવિશેષ વાક્યો વસ્તુતઃ બ્રહ્મનું નિરૂપણ કરે છે એમ કહેવાય નહિ, તેથી સર્વ વેદાન્તોનો બ્રહ્મમાં સમન્વય થાય છે એમ કહેવાય નહિ, પરંતુ એ સમન્વયના સિદ્ધાન્તનો અવશ્ય ત્યાગ કરવો પડે; તેથી બ્રહ્મસૂત્રના પ્રથમ અધ્યાયમાં સર્વ વેદાન્તોના બ્રહ્મમાં સમન્વયનું પ્રતિપાદન કરેલું છે તે સર્વ અસંગત ગણાય. વળી, **'सदेव सोम्येदमग्र आसीत्'** **'असद्वा इदमग्र आसीत्'** એ શ્રુતિઓ છે તે પરસ્પર વિરુદ્ધ જણાય છે; પરંતુ દ્વિતીય શ્રુતિમાં કારણ બ્રહ્મ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી એને 'અસત્' કહેલું છે, તેથી વસ્તુતઃ આ શ્રુતિઓમાં વિરોધ નથી. આ પ્રમાણે શ્રુતિમાં અવિરોધ છે એવો નિર્ણય બ્રહ્મસૂત્રના દ્વિતીયાધ્યાયના પ્રથમ પાદમાં **'असद्व्यपदेशान्नेति चेन्न, धर्मान्तरेण वाक्यशेषात्'** એ સૂત્રમાં કરેલો છે. **'असद्वा इदमग्र आसीत्'** એ શ્રુતિમાં કારણને કાર્યની ઉત્પત્તિ પહેલાં અસત્ કહેલું છે એમ કહો તો એ સત્ય નથી કારણ કે કાર્યની ઉત્પત્તિ પહેલાં કારણ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી જ એને અસત્ કહેલું છે. આ જ કારણથી એને 'અસત્' કહેલું છે એમ વાક્યશેષ અર્થાત્ બાકીના વાક્યથી જણાય છે. **'तदात्मानं स्वयमकुरुत'** 'એણે પોતાને પોતાની મેળે કર્યો' એ વાક્યશેષ છે; તેથી કારણ અસત્ ન હતું, પરંતુ અવ્યાકૃત અવસ્થામાં હોવાથી જ એને અસત્ કહેલું છે. આ પ્રમાણે શ્રુતિમાં બ્રહ્મના વિશેષોના વિરોધનો સૂત્રમાં પરિહાર કરેલો છે. તમે કહો છો તેમ સર્વ વિશેષનો નિષેધ કરવાનો હોત તો આવો વિરોધનો પરિહાર કરવાની આવશ્યકતા ન હતી. આ સર્વ અવિરોધચિંતન વ્યર્થ થઈ જાય, કારણ કે જે ગુણોનો નિષેધ કરવાનો છે તે પરસ્પર વિરુદ્ધ હોય અથવા ન હોય એમાં કાંઈ ક્ષતિ નથી.

પૂર્વપક્ષી—પણ તૃતીયાધ્યાયમાં **'अरूपवदेव हि तत्प्रधानत्वात्'** **'प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूयः'** એ સૂત્રો મુખ્યતાથી જ નિર્વિશેષ બ્રહ્મનું નિરૂપણ કરે છે, તેથી બ્રહ્મને નિર્વિશેષ માનવું જ જોઈએ.

એનો અર્થ જાણુતા નથી, કારણુ કે ત્યાં જડ અને જીવના ધર્મો બ્રહ્મમાં છે કે નહિ એમ વિચાર કરતાં, એઓનું નિરૂપણુ કરનાર અને નિષેધ કરનાર શ્રુતિઓના પરસ્પર વિરોધના પરિહારનો વિચાર કરતાં, ઉભય શ્રુતિવાકય હોવાથી એકનો પણુ બાધ અશકય છે એમ જાણી, ઔપાધિક બ્રહ્મ સવિશેષશ્રુતિનો વિષય છે અને નિરૂપાધિસ્વરૂપ બ્રહ્મ નિર્વિશેષશ્રુતિનો વિષય છે એ મતનો, સ્થાનથી પણ પરનું ઉભયલિંગ નથી, કારણ કે (એ) સર્વત્ર છે' (બ્ર. સૂ. ૩ ૨-૧૧) એ સૂત્રથી, ઔપાધિક હોય તો બ્રહ્મનો એવો સ્વભાવ સંભવે નહિ તેથી એ શ્રુતિઓ અબ્રહ્મનિરૂપક થઇ જાય, એમ નિરાસ કરી, વળી ઉપહિત અને અનુપહિતના ભેદના અંગીકારથી બ્રહ્મનું ઉભયરૂપ થશે એવા મતની ઉપપત્તિની આશંકા કરી, 'ભેદને લીધે નહિ એમ નહિ, પ્રત્યેકમાં અતદ્વચનને લીધે' (બ્ર. સૂ. ૩-૨-૧૨) એ સૂત્રથી; 'અને કેટલાક એમ પણુ' (બ્ર. સૂ. ૩-૨-૧૩) એમ અગ્રિમથી અભેદબોધક શ્રુતિના વિરોધના નિરૂપણુથી (એનો) નિરાસ કરી,

---

સિદ્ધાન્તી—એમ ન કહો. તમે સૂત્રોનો અર્થ જાણુતા નથી તેથી જ એમ કહો છો. ત્યાં પ્રથમ જીવ અને જડ પદાર્થના ધર્મો બ્રહ્મમાં છે કે નહિ એ વિચાર સૂત્રકાર કરે છે. જે શ્રુતિઓ બ્રહ્મમાં આ ધર્મનો નિષેધ કરે છે તે શ્રુતિઓના અવિરોધના પરિહારનો સૂત્રકાર વિચાર કરે છે. ઉભય શ્રુતિઓ છે, અને તેથી કોઈ એક પ્રકારની શ્રુતિઓ અન્ય પ્રકારની શ્રુતિઓનો બાધ કરવાને સમર્થ નથી એમ પણ એ ધ્યાનમાં રાખે છે. વિરોધના પરિહારનો વિચાર કરતાં પ્રથમ 'સવિશેષ શ્રુતિઓ તાત્ત્વિક ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણુ કરે છે અને નિર્વિશેષ શ્રુતિઓ ઉપાધિરહિત બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરે છે' એ મતનું **'न स्थानतोऽपि परस्योभयलिङ्गं सर्वत्र हि'** એ સૂત્રથી ખંડન કરે છે. સવિશેષશ્રુતિઓ તાત્ત્વિક ઉપાધિવાળા બ્રહ્મનું નિરૂપણુ કરતી હોય, વસ્તુતઃ એ ગુણો તાત્ત્વિક ઉપાધિના જ હોય, તો એ બ્રહ્મના ગુણો કહેવાય નહિ. તેથી એ સવિશેષશ્રુતિઓ બ્રહ્મસ્વરૂપનું અર્થાત્ બ્રહ્મનું નિરૂપણુ કરે છે એમ કહેવાય નહિ, પરંતુ એ અબ્રહ્મનું જ નિરૂપણુ કરે છે એમ સ્વીકારવું પડે. એ મત સમન્વયાધ્યાયથી વિરુદ્ધ છે. પછી આ શ્રુતિઓના વિરોધનો અન્ય રીતે પરિહાર સૂચવે છે. 'ઉપહિત અર્થાત્ ઉપાધિવાળું અને અનુપહિત અર્થાત્ ઉપાધિરહિત બ્રહ્મ ભિન્ન છે. પ્રપંચથી વિલક્ષણુ બ્રહ્મ ભિન્ન છે અને પ્રપંચના ધર્મવાળું બ્રહ્મ ભિન્ન છે. એ પ્રમાણે બ્રહ્મમાં ભેદ માનવાથી વિરોધ રહેશે નહિ.' આ મતનો પણુ નિરાસ કરે છે. એમ પણુ માની શકાય નહિ, કારણુ કે બ્રહ્મનો અભેદ શ્રુતિ કહે છે. આ મતનું નિરૂપણુ તથા એનું ખંડન સૂત્રકાર **'न भेदादिति चेन्न प्रत्येकमतद्वचनात्'** એ સૂત્રથી કરે છે. બ્રહ્મ ભિન્ન હોવાથી આ વિરોધ રહેતો નથી એમ કહો તો એ ઉચિત નથી, કારણુ કે દરેક બ્રહ્મના સ્વરૂપમાં અભેદ છે એમ **'अयमेव स योऽयम्'** **'स यश्चायं पुरुषे यश्चासावादित्ये स एकः'** એ શ્રુતિઓ કહે છે. **'अपि चैवमेके'** એ પછીના સૂત્રમાં પણુ કોઈ શાખાવાળાએ ભેદનો નિષેધ કરી અભેદનું જ નિરૂપણુ કરે છે એમ કહે છે. **'मनसैवेदमाप्तव्यं नेह नानास्ति किंचन । मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति'** એ

વળી, 'આકાર પ્રપંચમધ્યપાતી હોવાથી અને પ્રપંચ જન્ય હોવાથી એ પણ જન્ય છે, તેથી એઓમાં બ્રહ્મના અભેદનો બોધ ઔપચારિક છે, તેથી સાકારનું નિરૂપણ કરનાર શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી ' એમ શંકા થાય, ત્યારે 'તત્પ્રધાનને લીધે અરૂપવત્ જ ' (સૂ. ૩-૨-૧૪) એમ કહે છે. જો આકાર પ્રાપંચિક હોય તો એમ થાય, પરન્તુ એમ નથી, કારણ કે પ્રપંચમાં સ્થિતિ હોવાથી જ પ્રાપંચિક કહી શકાય નહિ, કેમકે તમારું માનેલું પણ એવું જ થઈ જાય. તેથી નિરાકારવાદીની પેઠે સાકારવાદીની શ્રુતિમાં પણ એ અરૂપવત્ જ પ્રતિપાદન કરેલું છે. જેનું રૂપ અથવા નિરૂપણ કરવામાં આવે અથવા જેનો વ્યવહાર થાય તે રૂપ અર્થાત્ સર્વવ્યવહારનું વિષયત્વ; એનાથી યુક્ત રૂપવત્ વિશ્વ; બ્રહ્મ તો એનાથી વિલક્ષણ છે, એવો અર્થ છે. જેમ આ છે તેમ મૃત્સ્નાભક્ષણ આદિ પ્રસંગના નિરૂપણથી એનું નિરૂપણ થયેલું છે. અથવા, જેનાથી રૂપ અથવા વ્યવહાર થાય તે કર ચરણ આદિ કહેલા છે; તેથી જેમ લોકમાં કર આદિ ભિન્ન અને કરાદિવાળો અભિમાની ભિન્ન છે તેમ કર આદિથી ભિન્ન એઓના અભિમાની તરીકે શ્રુતિમાં બ્રહ્મનું નિરૂપણ કરેલું નથી, પરન્તુ કર આદિ

શ્રુતિ ધ્યાનમાં રાખી આ સૂત્ર સૂત્રકારે યોજેલું છે. પછી 'આકાર પ્રપંચમાં હોય છે તેથી પ્રાપંચિક છે. આકાર પ્રાપંચિક હોવાથી જન્ય અથવા નિત્ય છે, કારણ કે પ્રપંચ જ જન્ય છે, તેથી સવિશેષ અથવા આકારવાળા પદાર્થનો બ્રહ્મની સાથે અભેદ સંભવતો નથી, તેથી શ્રુતિ અભેદનું નિરૂપણ કરે છે તે અભેદ ઔપચારિક જ હોવો જોઈએ. વસ્તુતઃ અભેદ સંભવતો નથી, તેથી ઉપચારથી જ અભેદ છે એમ કહેવાનો શ્રુતિનો અભિપ્રાય હોવો જોઈએ.' એવી શંકા થાય તે દૂર કરવા '**अरूपवदेव हि तत्प्रधानत्वात्**' સૂત્ર સૂત્રકાર યોજે છે. શ્રુતિ જે આકારનું બ્રહ્મમાં પ્રતિપાદન કરે છે તે તમે કહ્યું તેમ પ્રાપંચિક હોત તો તમારો મત કદાચ અસત્ય ગણાત, પરંતુ એ આકાર પ્રાપંચિક નથી. પ્રપંચમાં રહેલા હોય તેથી જ પ્રાપંચિક કહેવાય નહિ, કારણ કે એમ માનો તો તમે બ્રહ્મ માનો છો તે પણ પ્રપંચમાં રહેલું હોવાથી પ્રાપંચિક ગણાય; તેથી જેમ બ્રહ્મ નિરાકાર છે એમ કહેનારી શ્રુતિ પણ બ્રહ્મને '**अरूप**' કહે છે તે જ પ્રમાણે બ્રહ્મ સાકાર છે એમ કહેનારી શ્રુતિ પણ બ્રહ્મને '**अरूप**' જ કહે છે. જેનું રૂપ અથવા નિરૂપણ અર્થાત્ વ્યવહાર કરવામાં આવે તે 'રૂપ' કહેવાય. તેથી 'રૂપ' એટલે જે પદાર્થનો સર્વ વ્યવહાર થઈ શકે તે. 'રૂપવત્' એટલે રૂપવાળું અર્થાત્ વિશ્વ. બ્રહ્મ 'અરૂપવત્' અથવા રૂપવત્ વિશ્વથી વિલક્ષણ છે. બ્રહ્મ વિશ્વથી વિલક્ષણ છે એનું નિરૂપણ પ્રથમ મૃત્સ્નાભક્ષણના પ્રસંગનું નિરૂપણ કરતાં કરેલું છે. તેથી જે ધર્મોનું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે તે વિશ્વથી વિલક્ષણ અથવા અલૌકિક જ છે. અથવા જેનાથી રૂપ અર્થાત્ વ્યવહાર થાય છે તે કર ચરણ વગેરે 'રૂપ' છે. લોકમાં કર ચરણ વગેરે ભિન્ન હોય છે અને જેના એ કર ચરણ વગેરે છે તેઓ અર્થાત્ કર ચરણ વગેરેના અભિમાની ભિન્ન છે, તેથી લોકમાં કર ચરણ વગેરે જેને હોય છે તે રૂપવાળા છે, પરંતુ બ્રહ્મ 'અરૂપવત્' અથવા રૂપરહિત છે, કારણ કે બ્રહ્મના કર ચરણ વગેરે બ્રહ્મથી ભિન્ન નથી, પરંતુ બ્રહ્મનું સ્વરૂપ જ છે, કારણ કે શ્રુતિ બ્રહ્મને બ્રહ્મના કર ચરણ વગેરેથી ભિન્ન અને કર ચરણ વગેરેનું અભિમાની હોય એમ વર્ણવતી નથી, પરંતુ બ્રહ્મના કર ચરણ વગેરે પણ બ્રહ્મથી ભિન્ન

પણ બ્રહ્મ જ હોવાથી ભેદના અભાવને લીધે રૂપનું જ નિરૂપણ કરેલું છે, રૂપવતનું નહિ, એવો અર્થ છે.–'કર આદિ પણ બ્રહ્મ જ છે, એનાથી ભિન્ન નથી, એમ કેમ જાણ્યું ?'–તેથી એના નિશ્ચય કરાવનાર 'તત્પ્રધાનને લીધે' એમ કહે છે, કારણ કે સર્વ વેદાન્તનું પ્રાધાન્યથી બ્રહ્મ જ પ્રતિપાદ્ય છે. કર આદિ અબ્રહ્મ હોય તો એઓનું નિરૂપણ કરનાર વેદાન્ત અબ્રહ્મપરક થાય, અને બ્રહ્મપરત્વના નિયમની વ્યાહતિ થાય; તેથી કર આદિનું નિરૂપણ કરનાર પણ સાક્ષાત્ બ્રહ્મનું નિરૂપણ કરનાર જ છે, એવો અર્થ છે. 'સર્વત્ર પ્રસિદ્ધના ઉપદેશ લીધે' (બ્ર. સૂ. ૧–૨–૧) 'એનું આમાં આમનન કરે છે' (બ્ર. સૂ. ૧-૨-૩૨) ઇત્યાદિ અધિકરણરૂપ ઉપપત્તિ 'हि' શબ્દથી કહે છે. જેમ સૈન્ધવઘન અનન્તર અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ અરે આ આત્મા અનન્તર અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે' (બૃ. ૪–૫–૧૩) 'સત્ય વિજ્ઞાન આનન્દ બ્રહ્મ' 'કેવલ આનન્દનાં કર પાદ મુખ ઉદર આદિવાળા' 'અભ્યાસને લીધે આનન્દમય (બ્રહ્મ)' (બ્ર. સૂ. ૧–૧–૧૨) એ શ્રુતિ સ્મૃતિ અને ન્યાયની એકવાકયતાથી કર આદિ પણ સચ્ચિદાનંદરૂપ જ માનવા. તેથી જ સૂત્રકાર પણ આગળ 'અને તન્માત્ર જ કહે છે' (બ્ર. સૂ. ૩–૨–૧૬) એમ કહે છે. આ શ્રુતિઓનું જ અત્ર અનુ-

---

નહિ હોવાથી, કર ચરણ વગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિ બ્રહ્મના રૂપ અથવા સ્વરૂપનું જ નિરૂપણ કરે છે, બ્રહ્મને રૂપવત્ કહેતી નથી, એવો અર્થ 'અરૂપવત્' શબ્દનો છે. કર ચરણ વગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી એવું જ્ઞાન કેમ થાય છે એ જણાવવા '**तत्प्रधानत्वात्**' શબ્દ સૂત્રકારે આ સૂત્રમાં યોજેલો છે. કર ચરણ વગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી, કારણ કે સર્વ વેદાન્ત પ્રધાનતાથી બ્રહ્મનું જ નિરૂપણ કરે છે. નીચે પ્રમાણે અર્થ છે: કર ચરણ વગેરે બ્રહ્મ ન હોય, પરંતુ બ્રહ્મથી ભિન્ન હોય તો એઓનું નિરૂપણ કરનારી શ્રુતિઓ બ્રહ્મનું નિરૂપણ કરતી નથી, પરંતુ અબ્રહ્મનું નિરૂપણ કરે છે એમ સ્વીકારવું જોઈએ. આ પ્રમાણે કેટલીક શ્રુતિઓ અબ્રહ્મનું નિરૂપણ કરે છે એમ માનીએ તો 'સર્વ વેદાન્ત બ્રહ્મનું જ નિરૂપણ કરે છે, સર્વ વેદાન્તનો બ્રહ્મમાં સમન્વય છે' એ સિદ્ધાન્તનો ભંગ થાય; તેથી કર ચરણ વગેરેનું નિરૂપણ કરનારી શ્રુતિઓ પણ બ્રહ્મનું જ નિરૂપણ કરે છે એમ માનવું જોઇએ. આ પ્રમાણે માનવાથી '**सर्वत्र प्रसिद्धोपदेशात्**' '**आमनन्ति चैनमस्मिन्**' એ અધિકરણોની પણ સંગતિ થાય છે એમ જણાવવા સૂત્રમાં '**हि**' શબ્દ યોજેલો છે. 'જેમ સૈંધવઘન અનન્ત અને અબાહ્ય સર્વ રસઘન છે તેમ અરે આ આત્મા અનન્ત અબાહ્ય સર્વ પ્રજ્ઞાનઘન જ છે' 'સત્ય વિજ્ઞાન આનંદ બ્રહ્મ' એ શ્રુતિઓ, 'કેવલ આનંદનાં કર પાદ મુખ ઉદર આદિવાળા' સ્મૃતિ '**आनन्दमयोऽभ्यासात्**' ન્યાય અથવા બ્રહ્મસૂત્ર સર્વ કર ચરણ વગેરે સચ્ચિદાનંદરૂપ જ છે, અર્થાત્ બ્રહ્મ છે' એવો ઉપદેશ કરે છે. વળી સૂત્રકાર પણ '**आह च तन्मात्रम्**' સૂત્ર યોજે છે ઉપર કહેલી શ્રુતિઓનું જ આ સૂત્રમાં અનુસંધાન કરવાનું છે, તેથી આ સૂત્રમાં કર ચરણ વગેરે બ્રહ્મ જ છે, બ્રહ્મથી ભિન્ન નથી, એવો સૂત્રકાર ઉપદેશ કરે છે.

વળી, તમે કહો છો તેમ બ્રહ્મ રૂપરહિત છે એમ ઉપદેશ કરવાનો સૂત્રકારનો આશય

સંધાન કરવાનું છે. તમારા માનેલા વ્યાખ્યાનમાં તો ‘ अरूपम् ’ એટલેથી જ ચારિતાર્થ્ય થાય. રૂપવત્ત્વ ઉભયવાદીને અસંમત હોવાથી વિવાદનું આસ્પદ ન હોવાથી એનો નિષેધ અનુપપન્ન થાય, કારણ કે સિદ્ધાન્તમાં રૂપરૂપ માનેલું છે. આમ હોવાથી એમ કહેલું છે. તેથી અમારો કહેલો જ અર્થ સૂત્રકારે માનેલો છે એમ જણાય છે.

બ્રહ્મ પ્રપંચના ગુણરહિત સહજ અનંત અપ્રાકૃત ગુણવાળું છે.

વળી, ‘અને દર્શનને લીધે’ (બ્ર. સૂ. ૩-૨-૨૧) સુધી શ્રુતિ સ્મૃતિ અને પ્રત્યક્ષથી સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય હોવાથી વિરોધનો પરિહાર કરી, ‘પ્રકૃતૈતાવત્ત્વ’ (બ્ર. સૂ ૩-૨-૨૨) એમ યુક્તિથી એનો પ્રતિષેધ કરે છે. અસ્થૂલાદિ વાકયથી એતાવત્ત્વ (અર્થાત્) સ્થૂલત્વ અણુત્વ હ્રસ્વત્વ આદિનો શ્રુતિ બ્રહ્મમાં પ્રતિષેધ કરે છે, તે પ્રકૃતમાં લોકમાં, અથવા પ્રકૃત જે લૌકિક એતાવત્ત્વ તેનો જ પ્રતિષેધ કરે છે, પરન્તુ પોતે કહેલા સર્વેશિતૃત્વ આદિ ધર્મનો નહિ, એવો અર્થ છે. આમ જ ‘નેતિ’ એમાં ‘ઈતિ’ શબ્દ પ્રકારવાચી છે, તેથી ‘જે આમ જાણે છે’ સુધી પ્રથમ બ્રહ્મના વિભૂતિરૂપ મૂર્તામૂર્તનું નિરૂપણ કરી, જેનાં આ બે રૂપ છે અને ષષ્ઠયંત પદથી જેના ભેદનું પૂર્વે નિરૂપણ કરેલું છે, તેમાં નિરૂપણ કરેલા સર્વતઃપાણિપાદાન્તત્વ આદિનું લૌકિક તરીકે જ્ઞાન ન થાય, એ પ્રયોજનથી ભિન્ન પ્રક્રમથી એવા પ્રકારના જ્ઞાનનો બ્રહ્મમાં ‘હવે

હોત તો સૂત્રકાર ‘**अरूपम्**’ શબ્દ જ યોજત, પરંતુ ‘**अरूपवत्**’ શબ્દ યોજત નહિ. ‘**अरूपम्**’ એટલે રૂપરહિત. બ્રહ્મ રૂપરહિત છે એમ ઉપદેશ કરવાનો સૂત્રકારનો આશય હોત તો સૂત્રકાર ‘**अरूपम्**’ શબ્દ જ યોજત, કારણ કે એ શબ્દથી સંપૂર્ણ રીતે એવો ઉપદેશ થાય છે. તમે બ્રહ્મને રૂપ નથી, અર્થાત્ બ્રહ્મ રૂપવત્ નથી, એમ માનો છો. અમે પણ કર ચરણ વગેરે બ્રહ્મનાં રૂપ નથી, અર્થાત્ બ્રહ્મ રૂપવત્ નથી, એમ માનીએ છીએ, તેથી બ્રહ્મ રૂપવત્ નથી એમ ઉભયવાદી માનીએ છીએ અને એ વિશે વિવાદ નથી; તેથી બ્રહ્મના રૂપવત્પણાના નિષેધની આવશ્યકતા નથી, અને એની અનુપપત્તિ થાય છે; પરંતુ સૂત્રકાર ‘**अरूपवत्**’ શબ્દ યોજી રૂપવત્પણાનો નિષેધ કરે છે, તેથી અમે આ સૂત્રનો જે અર્થ કર્યો છે તે જ અર્થ સૂત્રકારે માનેલો છે, એમ જણાય છે.

વળી, ‘**दर्शनाच्च**’ સૂત્રપર્યંત બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એમ માનવામાં જે વિરોધ આવે તેનો શ્રુતિ સ્મૃતિ અને પ્રત્યક્ષથી સૂત્રકાર પરિહાર કરે છે. પછી એ જ વિરોધનો યુક્તિ અથવા અનુમાનથી પરિહાર કરવા ‘**प्रकृतैतावत्त्वं हि प्रतिषेधति ततो ब्रवीति च भूय**’ સૂત્ર યોજે છે. ‘અસ્થૂલ અનણુ’ વગેરે શ્રુતિ બ્રહ્મમાં જે સ્થૂલપણું અણુપણું હ્રસ્વપણું વગેરે એતાવત્ત્વ અર્થાત્ આટલાપણાનો નિષેધ કરે છે તે પ્રકૃત અથવા લૌકિક એતાવત્ત્વ છે, અર્થાત્ લૌકિક સ્થૂલપણું વગેરે ગુણોનો શ્રુતિ બ્રહ્મમાં નિષેધ કરે છે. અથવા પ્રકૃત જે લૌકિક એતાવત્ત્વ અર્થાત્ આટલાપણું તેનો જ શ્રુતિ બ્રહ્મમાં નિષેધ કરે છે, પરંતુ પોતે વર્ણવેલા સર્વેશિતૃત્વ અર્થાત્ સર્વના ઈશ્વર હોવાપણું અથવા સર્વનિયંતૃત્વ વગેરે ગુણોનો શ્રુતિ નિષેધ કરતી નથી. એ જ પ્રમાણે ‘**नेति नेति**’ શ્રુતિમાં ‘**इति** શબ્દ પ્રકારવાચી છે, તેથી શ્રુતિ પ્રથમ બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત એ બે વિભૂતિરૂપનું નિરૂપણ કરે છે. આ નિરૂપણ ‘જે આમ જાણે છે’ પર્યંત શ્રુતિ કરે છે. પછી ષષ્ઠી વિભક્તિથી જેનાં બે રૂપનું ભેદથી નિરૂપણ કર્યું તે જ બ્રહ્મમાં અન્ય સ્થલે સર્વતઃ પાણિ અને પાદના અંત

અહીંથી ' ઇત્યાદિથી નિષેધ કરે છે. અર્થ નીચે પ્રમાણે છે: 'સર્વતઃ પાણિ ' ઇત્યાદિ શ્રુત્યુક્ત અમૂર્ત રૂપ જાણવાં, પરન્તુ 'બ્રહ્મનાં આ રૂપ છે' એ પ્રકારથી ન જાણવાં, પરન્તુ 'બ્રહ્મ જ છે' એમ જાણવાં, એવો અર્થ છે. અહીં 'પછી ભૂયઃ કહે છે' એમ સૂત્રકાર નિશ્ચયકારક (વાક્ય) કહે છે. જે વાક્યમાં અથવા પ્રકરણમાં નિષેધ કરે છે તેમાં જ નિષેધ પછી શ્રુતિ પુનઃ એ ધર્મ કહે છે; જેમકે 'ઇન્દ્રિયો પરાંચિ છે' કહી 'પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું' કહે છે; 'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે' (તૈ.-૨-૯) કહી 'બ્રહ્મનો આનંદ જાણનાર' કહે છે; 'અસ્થૂલ' ઇત્યાદિ કહી 'હે ગાર્ગિ, આ આ અક્ષરની આજ્ઞાથી દ્યાવાપૃથિવી વિધૃત રહે છે' કહે છે; ઇત્યાદિ. તમારા વ્યાખ્યાનમાં તો 'પ્રકૃત' પદ વ્યર્થ થઈ જાય, કારણ કે 'એતાવત્' પદથી જ સાન્નિધ્યને લીધે ઉભય રૂપની પ્રતીતિનો સંભવ છે.–" 'એતાવત્' પદ સામાન્યવાચક હોવાથી એ વિશેષવાચક છે"–એમ નથી, કારણ કે (એ) તુલ્ય છે; અથવા, 'નેતિ નેતિ' વાક્યનો અત્ર વિચાર કરવામાં આવે છે કે નિષેધ કોનો

વગેરેનું નિરૂપણ કરેલું છે. એ સર્વમાં લૌકિકપણાના જ્ઞાનનો **અથાત આદેશો નેતિ નેતિ'** એ શ્રુતિ નિષેધ કરે છે. નીચે પ્રમાણે અર્થ છે: 'સર્વતઃ પાણિ અને પાદના અંતવાળું' વગેરે વાક્યોમાં બ્રહ્મનું વર્ણન કર્યું છે તે બ્રહ્મમાં પણ મૂર્ત અને અમૂર્ત એવાં બે રૂપ છે એમ જાણવું, પરંતુ 'આ બ્રહ્મનાં રૂપ છે' એ પ્રકારનું જ્ઞાન રાખવું નહિ. મૂર્ત અને અમૂર્ત બ્રહ્મનાં રૂપ છે એમ માનવું નહિ, પરંતુ એ બ્રહ્મ જ છે એમ એઓને જાણવાં. આ પ્રમાણે નિશ્ચય કરાવનારનું સૂત્રકાર **'ततो ब्रवीति च भूयः'**થી નિરૂપણ કરે છે, કારણ કે શ્રુતિ જે વાક્યમાં અથવા જે પ્રકરણમાં ધર્મનો નિષેધ કરે છે તે જ વાક્યમાં અને તે જ પ્રકરણમાં નિષેધ કર્યા પછી એ ધર્મનું નિરૂપણ કરે છે; જેમકે શ્રુતિ પ્રથમ 'ઇંદ્રિયો પરાંચિ છે' કહી 'પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું" એમ કહે છે; વળી, 'જ્યાંથી વાણી મન સહિત પહોંચ્યા વિના પાછી ફરે છે' કહી, 'બ્રહ્મનો આનંદ જાણનાર' વગેરે કહે છે. વળી, 'અસ્થૂલ' વગેરે વાક્યથી બ્રહ્મમાં ધર્મનો નિષેધ કરી, 'હે ગાર્ગિ ! આ અક્ષરની આજ્ઞાથી દ્યાવાપૃથ્વી વિધૃત રહે છે' વાક્યથી ગુણનું નિરૂપણ કરે છે; તેથી મૂર્ત અમૂર્ત બ્રહ્મનાં રૂપ છે એમ માનવું નહિ, પરંતુ બ્રહ્મ જ છે એમ માનવું જોઈએ. **'नेति नेति'** એ નિષેધશ્રુતિનો આ જ અભિપ્રાય છે, કારણ કે ત્યાં **'इति'** શબ્દ પ્રકારવાચી છે.

તમે આ સૂત્રનો જે અર્થ કરો છો તે ઉચિત નથી, કારણ કે એ વ્યાખ્યાન પ્રમાણે 'પ્રકૃત' શબ્દ વ્યર્થ થઈ જાય છે. 'એતાવત્' અર્થાત્ 'એટલા' શબ્દથી જ પૂર્વે તરત જ વર્ણવેલાં બે રૂપની પ્રતીતિ થાય એ સંભવે છે, તેથી 'પ્રકૃત' શબ્દ વ્યર્થ થઈ જાય છે.

પૂર્વપક્ષી—'એતાવત્' શબ્દ સામાન્ય રીતે અને 'પ્રકૃત' શબ્દ મૂર્ત ને અમૂર્ત બે રૂપનું વિશેષતાથી ભાન કરાવે છે.

સિદ્ધાન્તી—એમ નથી. તમે **नेति नेति'** એ શ્રુતિ માત્ર લૌકિક જ મૂર્ત અને અમૂર્તપણાનો નિષેધ કરે છે એમ માનતા નથી, પરંતુ સામાન્ય રીતે જ એઓનો નિષેધ કરે છે એમ તમે માનો છો, તેથી 'એતાવત્' શબ્દ સામાન્ય રીતે નિષેધ કરે છે અને 'પ્રકૃત' શબ્દ વિશેષતાથી નિષેધ કરે છે એમ કહેવું ઉચિત નથી. 'પ્રકૃત' અને 'એતાવત્' ઉભય શબ્દ તુલ્ય જ છે. દરેક શબ્દ સામાન્ય રીતે નિષેધ

છે. ' ત્યાં સૂત્રમાં " 'પ્રકૃત' શબ્દથી ' બ્રહ્મનાં બે રૂપ ' ઇત્યાદિથી કહેલાં મૂર્ત અને અમૂર્ત બે રૂપનો પરામર્શ થાય છે" એવો તમારો મત છે, તેથી 'પ્રકૃતત્વનો પ્રતિષેધ કરે છે ' એટલાથી જ ચારિતાર્થ્ય થવાથી, 'એતાવત્' પદ વ્યર્થ થાય છે; તેથી અમારો કહેલો અર્થ જ વ્યાસજીએ ધારેલો છે એમ માનવું. તેથી સવિશેષ અને નિર્વિશેષ નિરૂપણ કરનારી શ્રુતિઓમાં વિરોધ ન હોવાથી બ્રહ્મ પ્રાપંચિક ધર્મરહિત સહજ અનન્ત ધર્મયુકત છે એમ સિદ્ધ થાય છે.

સગુણ અને નિર્ગુણ જણાવનારી શ્રુતિઓ એમ જણાવે છે કે ભગવાનની ઇચ્છાથી જ એમનાં દર્શન વગેરે વ્યવહાર થાય છે.

'અદશ્ય અગ્રાહ્ય' 'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી ' ઇત્યાદિ શ્રુતિઓનો વિરોધ હોવાથી બ્રહ્મ દશ્ય અને પ્રકાશ્ય હોવાથી (એને) સવિશેષ કહેવું યોગ્ય નથી–એ અસત્ય છે, કારણ કે દશ્યત્વ પણ શ્રુતિ અને સ્મૃતિથી સિદ્ધ છે, કેમકે ' કોઈક અમૃતત્વ ઇચ્છનાર આવૃત્તચક્ષુ ધીરે પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું ' ' જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થયા પછી ધ્યાન કરનાર નિષ્કલને જુએ છે' (મું. ૨–૩–૮) 'હે અર્જુન ! પરંતપ! અનન્ય ભક્તિથી મારા આવા પ્રકારનું જ્ઞાન દર્શન અને મારામાં તત્ત્વથી પ્રવેશ શકય છે.' (ભ ગ.૧૧–૫૪) ' લોકો તમારા ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે, સ્તુતિ કરે છે, સ્મરણ કરે છે અને એમાં આનંદ માને છે. એ જ અલ્પ સમયમાં તમારા ભવપ્રવાહમાં સ્મરણ કરતા ચરણામ્બુજનાં દર્શન કરે છે' ઇત્યાદિ (ભા. ૧૦–૨–૩૭) (શ્રુતિ સ્મૃતિ છે.) આમ હોવાથી ઉભયના

કરવા સમર્થ છે તેથી એક શબ્દ વ્યર્થ છે, '**નેતિ નેતિ**' એ શ્રુતિનો સૂત્રમાં વિચાર કર્યો છે કે એ શ્રુતિ કોનો નિષેધ કરે છે. એમાં સૂત્રમાં '**પ્રકૃત**' શબ્દ છે તે 'બ્રહ્મનાં બે રૂપ' વગેરેથી બ્રહ્મનાં મૂર્ત અને અમૂર્ત રૂપો વર્ણવ્યાં તેઓનો પરામર્શ કરે છે એમ તમે માનો છો, તેથી સૂત્રકારનો પણ એવો જ અભિપ્રાય હોત તો '**प्रकृतत्वं प्रतिषेधति**' શબ્દો યોજત. કારણ કે એ શબ્દોથી તમારો માનેલો સર્વ અર્થ સમજાય છે, તેથી '**एतावत्**' પદ વ્યર્થ થાય છે, તેથી તમારો અર્થ ઉચિત નથી, તેથી સવિશેષ અને નિર્વિશેષ શ્રુતિઓમાં વિરોધ જ નથી. સવિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં અલૌકિક ધર્મનું પ્રતિપાદન કરે છે, નિર્વિશેષ શ્રુતિઓ બ્રહ્મમાં લૌકિક ધર્મોનો નિષેધ કરે છે, તેથી એઓમાં વિરોધ નથી; તેથી બ્રહ્મ સર્વ પ્રાપંચિક અથવા લૌકિક ધર્મરહિત છે અને સહજ અનંત અલૌકિક ધર્મવાળું છે એમ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી—બ્રહ્મ સવિશેષ હોય તો એ દશ્ય અને પ્રકાશ્ય ગણાય, પરંતુ ' અદશ્ય અગ્રાહ્ય' શ્રુતિ બ્રહ્મ અદશ્ય છે એમ કહે છે. વળી, 'ત્યાં સૂર્ય પ્રકાશતો નથી' વગેરે શ્રુતિ બ્રહ્મ પ્રકાશ્ય નથી એમ ઉપદેશ કરે છે, તેથી બ્રહ્મને સવિશેષ માનીએ તો આ શ્રુતિઓનો વિરોધ થાય છે; તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ.

સિદ્ધાન્તી—એ પણ સત્ય નથી, કારણ કે શ્રુતિ અને સ્મૃતિઓ જ બ્રહ્મ દશ્ય પણ છે એમ કહે છે. ' કોઈક અમૃતત્વ ઇચ્છનાર આવૃત્તચક્ષુ ધીરે પ્રત્યગાત્માનું ઈક્ષણ કર્યું ' 'જ્ઞાનના પ્રસાદથી વિશુદ્ધસત્ત્વ થયા પછી ધ્યાન કરનાર નિષ્કલને જુએ છે' એ શ્રુતિઓ, અને 'હે અર્જુન! પરંતપ ! અનન્ય ભક્તિથી મારા આવા પ્રકારનું જ્ઞાન દર્શન અને મારામાં તત્ત્વથી પ્રવેશ શકય છે' ' લોકો તમારા ચરિત્રનું વારંવાર શ્રવણ કરે છે' વગેરે સ્મૃતિઓ

અવિરોધ માટે અદૃશ્યત્વ આદિનું નિરૂપણ કરનારી શ્રુતિ ઈન્દ્રિય આદિના સામર્થ્યથી દૃશ્યત્વનો નિષેધ કરે છે. દૃશ્યત્વનું નિરૂપણ કરનારી (શ્રુતિ) ભગવદનુગ્રહથી જ ભગવાનનું દૃશ્યત્વ કહે છે એમ નિશ્ચય કરવો, કારણ કે ભગવાને જ કહ્યું છે કે 'હે અર્જુન! મેં આત્મયોગથી પ્રસન્ન થઈ આ પર રૂપનાં દર્શન કરાવ્યાં' (ભ. ગી. ૧૧-૪૭). આથી આત્મયોગથી પ્રસન્ન થઇ સ્વસામર્થ્યનું દાન કરી દર્શન કરાવે છે એમ જણાય છે. 'મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભાવ છે' (ભા. ૨-૯-૨૧) એવું બ્રહ્મા પ્રતિ ભગવાનનું વાકય છે, તેથી જ દૃશ્યત્વ પૂર્વપક્ષમાં સૂત્રકાર પણ 'વળી સંરાધનથી, પ્રત્યક્ષ અને અનુમાનને લીધે' (બ્ર. સૂ. ૩-૨-૨૪) એમ કહે છે. 'વળી' એ પૂર્વપક્ષી મૂર્ખ છે એમ પૂર્વપક્ષની નિંદામાં (યોજેલો છે), કારણ કે સારી રીતે આરાધનાથી દર્શન કરે છે.-એમ કેમ?-પ્રત્યક્ષ અને અનુમાન વડે. 'અનેક બાહુ ઉદર વકત્ર અને નેત્રવાળાનું દર્શન કરું છું' (ભ. ગી. ૧૧-૧૬) એ પ્રત્યક્ષ. ધ્રુવાદિક અનુમાપક છે. એઓનાથી. અથવા, શ્રુતિ અને સ્મૃતિને લીધે. આમ હોવાથી 'સર્વ મારાં

પણ બ્રહ્મ દૃશ્ય છે એમ ઉપદેશ કરે છે, તેથી દૃશ્યત્વ અને અદૃશ્યત્વ ઉભયનું શ્રુતિ બ્રહ્મમાં નિરૂપણ કરે છે. આ ઉભયમાં વિરોધ ન આવે તે માટે 'બ્રહ્મ અદૃશ્ય છે એવો બોધ કરનારી શ્રુતિ આપણી ઇંદ્રિયોના સામર્થ્યથી બ્રહ્મ દૃશ્ય નથી એમ કહે છે, અને બ્રહ્મ દૃશ્ય છે એવો બોધ કરનારી શ્રુતિ ભગવાનના અનુગ્રહથી જ બ્રહ્મ દૃશ્ય છે એમ કહે છે' એવો નિશ્ચય થવો જોઈએ. 'હે અર્જુન! મેં આત્મયોગથી પ્રસન્ન થઈ આ પર રૂપનાં દર્શન કરાવ્યાં' એમ ભગવાન પોતે જ ઉપદેશ કરે છે, તેથી આત્મયોગથી પ્રસન્ન થઈ, પોતાના સામર્થ્યનું દાન કરી, ભગવાન દર્શન કરાવે છે એમ જણાય છે. વળી, શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કંધમાં ભગવાન બ્રહ્માને 'મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભવ છે' એમ કહે છે. 'મનીષિત' એટલે જેના વિશે ભગવાનની મનીષા અથવા ઇચ્છા થઈ હોય તે. 'આ મારા લોકનું અવલોકન કરે' એવી ભગવાનની જેના વિશે ઇચ્છા થાય તે 'મનીષિત' છે. ભગવાનના લોકનું અવલોકન કરવું એ મનીષિતનો અનુભાવ અથવા પ્રભાવ છે, તેથી ભગવાનના અનુગ્રહથી ભગવાનનાં દર્શન થાય છે એમ સિદ્ધ થાય છે. તેથી જ સૂત્રકાર પણ બ્રહ્મ દૃશ્ય છે એ વિશે પૂર્વપક્ષ થાય તેમાં ઉત્તર આપતાં '**अपि संराधने प्रत्यक्षानुमानाभ्याम्**' સૂત્ર યોજે છે. આ સૂત્રમાં '**अपि**' શબ્દ પૂર્વપક્ષની નિંદા માટે યોજેલો છે. પૂર્વપક્ષી મૂર્ખ છે એવો એનો આશય છે. બ્રહ્મનું દર્શન થતું નથી એમ નથી, પરંતુ સારી રીતે આરાધન થાય ત્યારે બ્રહ્મનું દર્શન થાય છે. બ્રહ્મનું દર્શન સારી રીતે આરાધન કરવાથી પ્રત્યક્ષ અને અનુમાનથી થાય છે. 'અનેક બાહુ ઉદર વકત્ર અને નેત્રવાળાનું દર્શન કરું છું' એ અર્જુન-વાકયથી અર્જુનને પ્રત્યક્ષથી ભગવાનનાં દર્શન થયાં એમ સિદ્ધ થાય છે. ધ્રુવ વગેરેને અનુમાનથી જ્ઞાન થયું. ભગવાનની ઇચ્છાથી પછી ધ્રુવને પણ પ્રત્યક્ષ દર્શન થયાં છે, તેથી બ્રહ્મનાં પ્રત્યક્ષ અને અનુમાનથી દર્શન થાય છે. અથવા પ્રત્યક્ષ એટલે શ્રુતિ અને અનુમાન એટલે સ્મૃતિ. શ્રુતિ અને સ્મૃતિથી એમ જણાય છે કે બ્રહ્મનું સારી રીતે આરાધન કરવાથી બ્રહ્મનું દર્શન થાય છે. 'કોઈક ધીર' વગેરે શ્રુતિઓ અને 'અનન્ય ભક્તિથી' વગેરે સ્મૃતિઓ આવો

દર્શન કરો ’ એવી સાધારણ ઈચ્છાથી થયેલા પ્રાદુર્ભાવથી અવતારદશામાં સર્વને દર્શનસામર્થ્ય છે, પરન્તુ અન્ય સમયે ‘ વેદોથી નહિ ’ (ભ. ગી. ૧૧-૫૩) ‘પરન્તુ અનન્ય ભક્તિથી ’ (ભ. ગી. ૧૧-૫૪) એ વાક્યોથી ભક્તિથી જ (દર્શન થાય છે), એવો નિર્ણય થાય છે. ભક્તોને તો અવતારદશામાં પણ ભક્તિથી જ (દર્શન થાય છે), સાધારણ ઇચ્છાથી થતાં નથી, કારણ કે એમની ભક્તિથી જ એમના માટે જ પ્રાદુર્ભાવ થયેલો હોય છે, અને લોકની મધ્યમાં એમને સુખની ઉત્પત્તિ કરાવવાની છે તેથી સાધારણ ઈચ્છા પણ એમને માટે જ થયેલી હોય છે, અન્યથા લોકમાં સ્વપ્રાકટ્ય નિષ્પ્રયોજન થઈ જાય. સર્વને ભગવાનનાં દર્શન થાય છે તોપણ એમનો મોહ દૂર થતો નથી, એમાં પણ ભગવાન સત્યસંકલ્પ હોવાથી એમની ઇચ્છા જ પ્રતિબંધક છે. એ જ રીતે એમને ભગવાનના સ્વરૂપનું અજ્ઞાન પણ રહે છે. ભગવાન અલૌકિક તેજ દર્શાવતા નથી અને લૌકિકનું અનુકરણ કરે છે એ પણ લીલાર્થ જ; અન્યથા લીલા જ સંભવે નહિ

બોધ કરે છે. ભગવાનની ઈચ્છા જ દર્શનનું કારણ છે. ‘મારા લોકનું અવલોકન કરવું એ મનીષિતનો પ્રભાવ છે’ એ શ્રીમદ્ભાગવતના દ્વિતીય સ્કંધના વાક્યથી ભગવાનનાં દર્શનનું કારણ છે એમ જણાય છે; તેથી ‘મને સર્વ જુએ’ એવી સાધારણ ઇચ્છા થાય ત્યારે ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે; તેથી ભગવાનનો અવતાર થાય ત્યારે પણ સર્વ લોક ભગવાનનું દર્શન કરવા સમર્થ નથી, પરંતુ ‘મને સર્વ જુએ’ એવી સાધારણ ઇચ્છા હોવાથી સર્વને ભગવાનનાં દર્શન થાય છે. જ્યારે અવતાર ન હોય ત્યારે માત્ર ભક્તિથી જ ભગવાનનાં દર્શન થાય છે. ‘ હું વેદોથી નહિ’ ‘પણ અનન્ય ભક્તિથી’ વગેરે વાક્યોથી ભક્તિથી જ ભગવાનનું દર્શન થાય છે એમ સિદ્ધ થાય છે. જ્યારે અવતાર થાય ત્યારે અન્ય સર્વને ભગવાનની સાધારણ ઇચ્છાથી જ ભગવાનનાં દર્શન થાય છે, પરંતુ ભક્તોને એમની ભક્તિથી જ દર્શન થાય છે, ભગવાનની સાધારણ ઇચ્છાથી દર્શન થતાં નથી, કારણ કે ભક્તોને માટે જ ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે. ભગવાનની સાધારણ ઇચ્છા પણ ભક્તોને માટે જ થાય છે. ભક્તોને લોકમાં જ સુખ આપવું એવા હેતુથી ભગવાનને એવી સાધારણ ઇચ્છા પણ થાય છે. જો ભક્તોને લોકમાં સુખ આપવાનો હેતુ ન હોય તો ભગવાનનું પ્રાકટ્ય પ્રયોજનરહિત થઈ જાય; તેથી ભક્તોને લોકમાં સુખ આપવાના હેતુથી ભગવાન સાધારણ ઇચ્છા કરી અવતાર ધારણ કરે છે. અવતાર સમયે સર્વને ભગવાનનાં દર્શન થાય છે, તોપણ એમનો મોહ દૂર થતો નથી એનું કારણ ભગવાનની ઇચ્છા જ છે. ભગવાનની ઇચ્છાનો પ્રતિબંધ હોવાથી અવતાર સમયે ભગવાનનાં દર્શન થવા છતાં લોકોનો મોહ દૂર થતો નથી. ભગવાન સત્યસંકલ્પ છે, તેથી પોતાનું દર્શન થવા છતાં લોકોનો મોહ દૂર ન થાય એમ પણ એમની ઇચ્છા પ્રમાણે થાય છે. એ જ પ્રમાણે ભગવાનની ઇચ્છાનો પ્રતિબંધ હોવાથી, લોકોને અવતાર સમયે ભગવાનનાં દર્શન થાય છે તોપણ એમના સ્વરૂપનું અજ્ઞાન જ રહે છે, એમને સ્વરૂપજ્ઞાન થતું નથી. ભગવાન અલૌકિક તેજ દર્શાવે છે અને લૌકિકનું અનુકરણ કરે છે, એ પણ માત્ર લીલા માટે જ, કારણ કે એમ ન કરે તો લીલા જ સંભવે નહિ. ભગવાન પોતાનાં દર્શન થવા છતાં લોકના અજ્ઞાનને દૂર થવા દેતા નથી તથા પોતાનું સ્વરૂપજ્ઞાન થવા દેતા નથી. જો એમ ન કરે

અને સર્વનો તે જ સમયે મોક્ષ થાય. એમ થવાથી સૃષ્ટિ અને મર્યાદાનો ઉચ્છેદ થઈ જાય. પ્રકાશ્યત્વ પણ એવી જ રીતે જાણવું. 'આદિત્યનું જે તેજ આખા જગતનો પ્રકાશ કરે છે, ચંદ્રમાં અને અગ્નિમાં જે તેજ છે તે તેજ મારું છે એમ જાણ' (ભ. ગી. ૧૫–૧૨) એ વાકયથી સ્વતેજથી સ્વપ્રકાશ્યત્વ પણ અતિ-વિરોધી નથી, સર્વ વ્યવહારનું વિષયત્વ પણ ભગવાને જ કરેલું છે, જીવથી સ્વતઃ કરી શકાય નહિ, તેથી જ 'પ્રકાશની પેઠે, અવૈયર્થ્યને લીધે' (બ્ર.-સૂ. ૩–૨–૧૫) એમ સૂત્રકાર પણ કહે છે. આનો અર્થ: પૂર્વસૂત્રથી આકારનું પ્રતિપાદન થયું તોપણ 'જ્યાં વાણી' (તૈ. ૨–૪–૧) 'એ ઔપનિષદ પુરુષને' (બૃ. ૩-૯–૨૬) ઇત્યાદિથી નિરૂપિત વ્યવહારવિષયત્વ અને વ્યવહારવિષયત્વનો વિરોધ દૂર થયો નહિ અને શાસ્ત્ર વિફલ થાય છે તેથી આ (સૂત્ર) યોજે છે. જેમ સૂર્ય વગેરેનો પ્રકાશ વ્યવહાર્ય છે અને અવ્યવહાર્ય પણ છે, કારણ કે પોતાની મેળે એ સંપાદન થતો નથી, તેમ એની સ્થાપના પણ થતી નથી,

---

અને માત્ર દર્શનથી સર્વને સ્વરૂપજ્ઞાન થતાં દે તો સર્વને તરત જ મોક્ષ પ્રાપ્ત થાય, અને લીલા સંભવે નહિ. સર્વને મોક્ષ પ્રાપ્ત થવાથી સૃષ્ટિની મર્યાદાનો પણ ઉચ્છેદ થઈ જાય; તેથી ભગવાન પોતાની ઇચ્છાથી દર્શન આપે છે એમ જ અવશ્ય માનવું જોઈએ. એ જ પ્રમાણે ભગવાન પ્રકાશ્ય પણ છે. અવતાર સમયે સૂર્ય ચંદ્ર વગેરેના તેજથી ભગવાન પ્રકાશ્ય છે તેથી એ બ્રહ્મ નથી એમ પણ માનવું નહિ, કારણ કે 'આદિત્યનું જે તેજ આખા જગતનો પ્રકાશ કરે છે, ચંદ્રમાં અને અગ્નિમાં જે તેજ છે તે તેજ મારું છે એમ જાણ' એ વાકયથી સર્વ ભગવાનના તેજથી પ્રકાશે છે. આદિત્ય ચંદ્ર વગેરેમાં જે તેજ છે તે પણ ભગવાનનું જ છે. તેથી ભગવાન અવતાર સમયે આદિત્ય ચંદ્ર વગેરેમાં રહેલા પોતાના જ તેજથી પ્રકાશ્ય હોય એમાં કાંઈ ક્ષતિ નથી. એ જ પ્રમાણે અવતાર સમયે ભગવાનનો વ્યવહાર થાય છે તેથી પણ કાંઈ ક્ષતિ નથી, કારણ કે જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિયથી જે કાંઈ કરવામાં આવે તે વ્યવહાર કહેવાય. એમાં પણ કર્તા ભગવાન જ છે. વ્યવહારનું વિષયપણું અર્થાત્ અમુક પદાર્થનો અમુક વ્યવહાર થાય એવો નિયમ પણ ભગવાને જ કરેલો છે, જીવ પોતાની મેળે એ કરી શકે નહિ; તેથી અવતાર–સમયે ભગવાન વ્યવહારના વિષય થાય, તેથી પણ એમના બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, કારણ કે વ્યવહારનું વિષયપણું પણ ભગવાને જ કરેલું છે, તેથી **'प्रकाशवच्चावैयर्थ्यात्'** સૂત્ર સૂત્રકાર યોજે છે. આનો અર્થ નીચે પ્રમાણે છે: આની પહેલાં **'अरूपवत्'** વગેરે સૂત્ર બ્રહ્મમાં આકારનું પ્રતિપાદન કરે છે, પરંતુ 'જ્યાંથી વાણી પહોંચ્યા વિના મનસહિત પાછી ફરે છે' એ શ્રુતિ બ્રહ્મનો વ્યવહાર થતો નથી એમ કહે છે અને 'હું એ ઔપનિષદ પુરુષને પૂછું છું' એ શ્રુતિ બ્રહ્મનો વ્યવહાર થાય છે એમ ઉપદેશ કરે છે. **'अरूपवत्'** સૂત્રથી બ્રહ્મના આકારનું પ્રતિપાદન થયું, પરંતુ આ શ્રુતિઓનો વિરોધ દૂર થયો નહિ. વળી, બ્રહ્મ સર્વ વ્યવહારથી અતીત હોય, અર્થાત્ બ્રહ્મનો વ્યવહાર થતો જ ન હોય, તો બ્રહ્મસૂત્ર પણ નિષ્ફળ થઈ જાય; તેથી આ વિરોધ દૂર કરવા અને બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે એમ ઉપદેશ કરવા **'प्रकाशवच्चावैयर्थ्यात्'** સૂત્ર સૂત્રકારે યોજેલું છે. જેમ સૂર્ય વગેરેના પ્રકાશનો વ્યવહાર થાય છે અને વળી એનો વ્યવહાર નથી પણ થતો, તેમ બ્રહ્મનો વ્યવહાર થાય છે અને નથી પણ થતો. સૂર્ય વગેરેના પ્રકાશનો વ્યવહાર નથી થતો,

પણ સૂર્ય આવે અને મેઘ વગેરે ન હોય ત્યારે કેવલ સાંનિધ્યથી જ વ્યવહાર કરી શકાય છે, તેમ લૌકિક વાણી અને મન વડે વ્યવહાર કરી શકાતો નથી, પણ ઈશ્વરસાંનિધ્યમાં કરી શકાય છે, એમ શ્રુતિ ઉભય કહે છે.–'એમ કેમ ?'–અવૈયર્થ્યને લીધે, નહિ તો એક શ્રુતિ વ્યર્થ થઇ જાય. દર્શનવ્યવહાર શ્રુતિસિદ્ધ છે એમ કહેલું જ છે. એ પ્રમાણે દર્શનવ્યવહારના ન્યાયથી બીજા વ્યવહારનો પણ નિર્ણય (છે). એ પ્રમાણે શ્રીમદ્‌ભાગવતમાં 'એઓ દર્શન કરે છે' એમ ઉપક્રમ કરી, 'સાથે સ્પૃહણીય વાણી વદે છે' (ભા. ૩–૨૫–૩૫) એમ કહેલું છે; અને 'આ જેનું વરણ કરે છે તેનાથી લભ્ય છે' (ક. ૧–૨–૨૨) ઇત્યાદિ શ્રુતિથી (આ જ નિર્ણય થાય છે.)--દર્શન જ્ઞાન જ છે. બ્રહ્મ અરૂપ હોવાથી ચાક્ષુષ દર્શનનું શ્રુતિ નિરૂપણ કરતી નથી--એમ નથી, કારણ કે 'પણ અનન્યભક્તિ વડે' એ વાકયમાં 'હે પરંતપ! તત્ત્વથી જ્ઞાન થવાને, દર્શન થવાને અને પ્રવેશ થવાને' (ભ. ગી. ૧૧-૫૪) એમ જ્ઞાનદર્શન અને પ્રવેશનું ભિન્નતાથી નિરૂપણ કરેલું છે. રાસ વગેરે વ્યવહાર તો પ્રમાણુસિદ્ધ છે. એમાં પ્રસિદ્ધ કામ, તદ્‌ભાવ, રમવાની ઇચ્છા, રમણ વગેરે પણ શુદ્ધ બ્રહ્મના જ ધર્મ છે

કારણ કે આપણે સ્વતઃ એ સંપાદન કરી શકીએ એમ નથી, અથવા એનું સ્થાપન કરી શકીએ છીએ એમ નથી, પરંતુ જ્યારે સૂર્ય ઊગે અને મેઘ વગેરે ન હોય ત્યારે માત્ર સૂર્યની સન્નિધિથી જ એનો વ્યવહાર આપણે કરી શકીએ છીએ. એ જ પ્રમાણે લૌકિક મન વાણી વગેરેથી બ્રહ્મનો વ્યવહાર થઈ શકતો નથી, પરંતુ માત્ર ઈશ્વરની સન્નિધિથી એઓનો વ્યવહાર થઇ શકે છે. શ્રુતિ જ આ પ્રમાણે બ્રહ્મનો વ્યવહાર થતો નથી અને થાય છે એમ ઉભય કહે છે, તેથી એ પ્રમાણે માનવું જોઈએ, નહિ તો એક શ્રુતિ વ્યર્થ થઈ જાય. તેથી બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે. બ્રહ્મનો દર્શનવ્યવહાર થાય છે અર્થાત્ બ્રહ્મનાં દર્શન થાય છે એ શ્રુતિસિદ્ધ છે એમ પ્રથમ કહી ચૂકયા છીએ. જેમ બ્રહ્મનો દર્શનવ્યવહાર થાય છે તે જ પ્રમાણે અન્ય વ્યવહાર પણ થાય છે. શ્રીમદ્‌ભાગવતમાં આ અન્ય વ્યવહારનું પણ પ્રતિપાદન કરેલું છે. 'એઓ દર્શન કરે છે' એમ આરંભમાં કહી, 'સાથે સ્પૃહણીય વાણી વદે છે' એમ પણ કહેલું છે. વળી, 'આ જેનું વરણ કરે છે તેનાથી લભ્ય છે' એ શ્રુતિ પણ પ્રાપ્તિરૂપ વ્યવહારનું નિરૂપણ કરે છે; તેથી બ્રહ્મ વ્યવહાર્ય પણ છે અર્થાત્ બ્રહ્મનો વ્યવહાર પણ થાય છે.

પૂર્વપક્ષી—બ્રહ્મનું દર્શન થાય છે એમ શ્રુતિ કહે છે ત્યાં દર્શનનો અર્થ જ્ઞાન જ થાય છે. ચાક્ષુષ દર્શનનું શ્રુતિ નિરૂપણ કરતી નથી. બ્રહ્મ રૂપરહિત છે તેથી બ્રહ્મનું ચાક્ષુષ દર્શન સંભવતું જ નથી; તેથી ત્યાં દર્શનનો અર્થ જ્ઞાન જ કરવો ઉચિત છે.

સિદ્ધાન્તી—એમ નથી, કારણ કે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં 'હે પરંતપ ! અનન્યભક્તિ વડે મારું જ્ઞાન થાય છે, તત્ત્વથી મારું દર્શન થાય છે, અને મારામાં પ્રવેશ થાય છે' એ વાકયમાં ભગવાનનાં જ્ઞાન દર્શન અને પ્રવેશ થાય છે, એમ જ્ઞાન દર્શન અને પ્રવેશ ત્રણેનો ભિન્ન તરીકે ઉપદેશ કરેલો છે; તેથી દર્શન જ્ઞાનને જ કહે છે એમ કહી શકાય નહિ.

વળી, ભગવાનનો રાસ વગેરે વ્યવહાર પણ પ્રમાણસિદ્ધ જ છે. રાસલીલામાં કામ, અન્યનું રૂપ લેવું અથવા અન્ય થવું એ, રમણ કરવાની ઇચ્છા, રમણ વગેરે સર્વ ધર્મ

એમ જાણવું. 'સર્વશક્તિ' એ શ્રુતિમાં અને 'આની શક્તિ પરા છે, વિવિધ સંભળાય છે, સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયારૂપ છે' એ શ્રુતિમાં (બ્રહ્મનું) સહજ અનંત શક્તિમત્ તરીકે નિરૂપણ કરેલું હોવાથી સર્વ અર્થ ઉપપન્ન છે, તેથી કામસમયે જ અકામ પણ છે. પોતાના ચરણના નખના સૌન્દર્યના લેશથી સર્વ સુન્દરીઓને જીતનાર, સર્વ સ્ત્રીઓના રત્નભૂત વ્રજની ઉત્તમ વધૂઓના અનવદ્ય હૃદ્ય કુચરૂપી કનકાચલમાં વિહાર કરતા પણ આત્મારામ જ છે, તેથી જ ત્યાં 'આત્મારામ પણ' (ભા. ૧૦-૨૯-૪૨) એમ કહેલું છે. પ્રિયાના વિપ્રયોગથી અવસાદ વગેરે ભાવ પામે છે, તથાપિ, 'એ હું જાણતો નથી' ઇત્યાદિ વચનથી જાણતા નથી તથાપિ વ્યાપક જ છે, પરમાનન્દરૂપ જ છે, સર્વજ્ઞ જ છે.

બ્રહ્મમાં વિરુદ્ધધર્મો હોવાનું વેદમાં કહ્યું હોવાથી એમાં લોક પ્રમાણે દોષ ન જોવાય.

'પ્રતિયોગી અને એના અભાવની એક અવચ્છેદથી સ્થિતિ કહી શકાય નહિ, તે જ પ્રમાણે વિરુદ્ધ ધર્મોની પણ (એક અવચ્છેદથી સ્થિતિ કહી શકાય નહિ), તેથી એમ વદવું યોગ્ય નથી.'--અમે વદતા નથી, પરન્તુ અનુવાદ કરીએ છીએ. અમે અહીં નિંદાપાત્ર નથી. જેનો અનુવાદ છે તે શ્રુતિની નિંદા (નિરાસ) કરવા તત્પર થતો હોય, તો ઉદયાચલના એક દેશમાં કેવલ સ્થિતિથી જ સકલ

શુદ્ધ બ્રહ્મના જ છે એમ જાણવું. શ્રુતિ પણ બ્રહ્મને 'સર્વશકિત' કહે છે અને 'આની શકિત પરા છે, વિવિધ સંભળાય છે, સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયારૂપ છે' એમ ઉપદેશ કરે છે, તેથી શ્રુતિના ઉપદેશ પ્રમાણે બ્રહ્મને સહજ અનન્ત શકિતઓ છે, તેથી કામ વગેરે સર્વ ધર્મની એમાં ઉત્પત્તિ થાય છે; તેથી ભગવાન કામ સમયે જ કામરહિત પણ છે. પોતાના ચરણના નખના સૌંદર્યના અંશથી જ સર્વસુંદરીઓને સૌંદર્યમાં જીતનાર સર્વ સ્ત્રીઓનાં રત્ન વ્રજની ઉત્તમ વધૂઓ અનવદ્ય રુચિકર કુચરૂપી કનકાચલ અથવા મેરુ પર વિહાર કરવા છતાં ભગવાન આત્મારામ જ છે; તેથી જ રાસલીલાનું જ વર્ણન કરતાં 'આત્મારામ પણ' શબ્દો યોજેલા છે. રાસલીલામાં પ્રિયાના વિપ્રયોગથી ભગવાનને અવસાદ અથવા ખેદ પણ થાય છે. 'એ હું જાણતો નથી' વગેરે વચનો ભગવાન કહે છે, તેથી ભગવાનને લીલા-સમયે અમુક જ્ઞાન ન હોવા છતાં ભગવાન વ્યાપક જ છે, પરમાનંદરૂપ જ છે અને સર્વજ્ઞ જ છે, તેથી રાસલીલામાં પ્રિયાના વિપ્રયોગથી ખેદ થવા છતાં ભગવાન પરમાનંદરૂપ જ છે. એ સમયે અમુક જ્ઞાન ન હોવા છતાં ભગવાન સર્વજ્ઞ જ છે.

પૂર્વપક્ષી—દૃશ્યત્વ અને અદૃશ્યત્વ, વ્યવહાર્યત્વ અને અવ્યવહાર્યત્વ, એવા વિરુદ્ધ ગુણો એક જ પદાર્થમાં રહી શકે નહિ. જેમ પ્રતિયોગી ઘટ અને એનો અભાવ એક જ પદાર્થમાં રહી શકે નહિ, તેમ વિરુદ્ધ ધર્મો પણ એક જ પદાર્થમાં રહી શકે નહિ; તેથી બ્રહ્મ દૃશ્ય અને અદૃશ્ય છે, અથવા બ્રહ્મ વ્યવહાર્ય અને અવ્યવહાર્ય છે, એમ કહી શકાય નહિ; તેથી એમ વદવું ઉચિત નથી.

સિદ્ધાન્તી—અમે વદતા નથી, પરંતુ અનુવદીએ છીએ અથવા અનુવાદ કરીએ છીએ. બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એમ અમે કહેતા નથી, પરંતુ શ્રુતિ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એમ કહે છે, અને અમે માત્ર શ્રુતિ જે બોધ કરે છે તે જ કહીએ છીએ, તેથી અમે નિંદાપાત્ર નથી. જેનો અમે અનુવાદ કરીએ છીએ તે શ્રુતિની નિંદા કરવા ઇચ્છા હોય અથવા શ્રુતિનો નિરાસ કરવાની તમારી ઇચ્છા હોય, તો સૂર્યની નિંદા કરવા પ્રવૃત્ત થયેલા ખદ્યોતના જેવું

જગતના અંધકારનાં દ્વાર તોડવામાં ચતુર સૂર્યની પોતાથી (એ કાર્ય) અશક્ય હોવાથી નિંદા કરનાર ખદ્યોતના જેવું તારું સાહસ મોટું છે.--'લોકમાં એમ દેખાય છે તેથી, એને અનુસરીને જ એનો અર્થ કહેવો ઉચિત હોવાથી, શ્રુતિ તરીકે ઉભય તુલ્ય હોવાથી, (એમના) સગુણ અને નિર્ગુણ–પરત્વની કલ્પના કરીએ છીએ.' --હંત, એમ લોકને અનુસરી એનો નિર્ણય કરીએ, તો નિર્ધર્મક પદાર્થ પણ લોકમાં દેખાતો નથી તેથી, સત્તાદિનાં પણ કાલ વગેરે આધાર અને સમવાય વગેરે ધર્મ હોવાથી, તારું માનેલું બ્રહ્મ પણ સિદ્ધ થશે નહિ.--'શ્રુતિબલથી' --એ તુલ્ય જ છે. આમ હોવાથી, લોકમાં અપ્રતીત નિર્ધર્મક વસ્તુનો અંગીકાર કરે છે, ત્યારે લોકમાં અપ્રતીત છે તોપણ પ્રતિયોગી અને એના અભાવની એક અવચ્છેદથી સ્થિતિનો અંગીકાર કર. આમ હોવાથી શ્રુતિના અર્થનો લોકરીતિથી નિર્ણય કરી શકાય નહિ એમ સિદ્ધ થયું. તેથી જ 'આ મતિ તર્કથી દૂર કરવી નહિ' (ક. ૧-૨-૯) એમ શ્રુતિ અને 'જે અલૌકિક ભાવ છે તેઓને તર્કથી યોજવા

તમારું સાહસ મહાન છે. ઉદયાચલના એક ભાગમાં સ્થિતિમાત્રમાંથી સકલ જગતના અંધકારનાં દ્વાર તોડવામાં સૂર્ય ચતુર છે. એ કાર્ય ખદ્યોતથી થઈ શકે એમ નથી; એ સૂર્યની નિંદા કરવા પ્રવૃત્ત થાય એવું સાહસ તમે કરો છો.

પૂર્વપક્ષી—લોકમાં વિરુદ્ધ ધર્મો કોઈ એક જ પદાર્થમાં જોવામાં આવતા નથી. લોક પ્રમાણે જ અથવા લોકમાં જે અનુભવ થાય તે પ્રમાણે જ શ્રુતિનો અર્થ કરવો ઉચિત છે, તેથી એક જ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મ છે એવું કહી શકાય નહિ, પરંતુ બ્રહ્મમાં વિશેષનું નિરૂપણ કરનારી અને બ્રહ્મને નિર્વિશેષ કહેનારી ઉભય પ્રકારની શ્રુતિઓ સમાન છે, તેથી સવિશેષ શ્રુતિઓ સગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે અને નિર્વિશેષ શ્રુતિઓ નિર્ગુણ બ્રહ્મનું નિરૂપણ કરે છે એવી અમે કલ્પના કરીએ છીએ.

સિદ્ધાન્તી—હંત, એ પ્રમાણે લોકમાં જે અનુભવ થાય તેને આધારે શ્રુતિનો અર્થ કરતા હો તોપણ લોકમાં કદાપિ નિર્વિશેષ પદાર્થનો અનુભવ થતો નથી. કેવલ સત્તા પણ ધર્મરહિત નથી, કાલ એનો આધાર છે અને સમવાય એનો ધર્મ છે; તેથી નિર્વિશેષ પદાર્થનો જગતમાં કદાપિ અનુભવ થતો નથી. જગતના અનુભવ પ્રમાણે તમે શ્રુતિનો અર્થ કરતા હો તો બ્રહ્મ નિર્વિશેષ છે એમ તમે કહી શકો જ નહિ અને તમારા માનેલા બ્રહ્મની જ સિદ્ધિ થાય નહિ.

પૂર્વપક્ષી—જગતમાં નિર્વિશેષ પદાર્થનો અનુભવ થતો નથી, પરંતુ શ્રુતિ નિર્વિશેષ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે, તેથી શ્રુતિના બલથી બ્રહ્મને નિર્વિશેષ માનીએ છીએ.

સિદ્ધાન્તી—જગતનો અનુભવ તજી તમે જેમ બ્રહ્મને શ્રુતિબલથી નિર્વિશેષ માનો છો, તેમ જ અમે પણ શ્રુતિના જ બલથી બ્રહ્મને વિરુદ્ધ ધર્મનો આશ્રય માનીએ છીએ, તેથી લોકમાં અપ્રતીત ધર્મરહિત પદાર્થનો તમે અંગીકાર કરો છો ત્યારે લોકમાં અપ્રતીત પ્રતિયોગી અને એના ભાવની એક જ પદાર્થમાં સ્થિતિનો પણ અંગીકાર કરો. આમ હોવાથી શ્રુતિનો અર્થ લૌકિક રીતથી થતો નથી એમ પણ સિદ્ધ થાય છે. 'આ મતિ તર્કથી દૂર કરવી નહિ' એ શ્રુતિ અને 'જે અલૌકિક ભાવ છે તેઓને તર્કથી યોજવા નહિ' એ સ્મૃતિ પણ

નહિ ’ એમ સ્મૃતિ કહે છે એ અમે પ્રથમ જ કહ્યું. વળી, ભગવાન શ્રીયશોદાસ્તનં-ધયમાં મૃત્સ્ના વગેરે પ્રસંગોમાં સર્વ વિરુદ્ધ ધર્મો દેખાય છે. જે દેખાય તેમાં કાંઈ અનુપપન્ન નથી, કારણ કે વિરોધ થાય. માયા વગેરે પક્ષોનો ત્યાં જ નિરાસ કરેલો છે, કારણ કે ‘હવે આનો’ (ભા. ૧૦-૮-૪૦) એનાથી એના ધર્મ તરીકે જ નિરૂપણ કરેલું છે; તેથી સૂત્રકાર ‘ અને દર્શનને લીધે ’ (બ્ર. સૂ. ૩-૨-૨૧) એમ કહે છે.

વળી, ‘ માયા વડે દર્શાવે છે ’ એમ કહેનાર વાદીને પૂછવું કે માયાશબ્દથી ભગવાનનું સામાર્થ્ય કહે છે કે એનાથી ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી ! ભગવાનનું સામર્થ્ય કહેતો હોય તો અમને પણ ઇષ્ટ જ છે. પોતાના સામર્થ્યથી જ અસત્ દર્શાવ્યું એમ ન કહેવું, કારણ કે ‘ જે પૃથિવીમાં રહી પૃથિવીને ’ (બૃ. ૩-૭-૩) ઇત્યાદિ શ્રુતિ એનું બ્રહ્મધર્મ તરીકે જ નિરૂપણ કરે છે. બ્રહ્મ જો એવું ન હોત તો એમ કહેવાનો અવસર રહેત, પરન્તુ કહેલી યુક્તિને લીધે એમ નથી. અસત્ અસુરોને જ દર્શાવે છે, કારણ કે ભગવાન એમને જ મોહ કરે છે.

આ જ કારણથી એવો ઉપદેશ કરે છે. આ અમે પ્રથમ પણ કહી ચૂક્યા છીએ.

વળી, યશોદાના સ્તનનું પાન કરનાર ભગવાન શ્રીકૃષ્ણચંદ્રમાં માટીનું ભક્ષણ તથા ઉલૂખલ સાથે બંધન વગેરે પ્રસંગોમાં સર્વ વિરુદ્ધ ધર્મ જણાય છે. જે જોવામાં આવે તેમાં કાંઈ અયોગ્ય છે એમ કહેવાય નહિ, કારણ કે એમ કહીએ તો પ્રત્યક્ષનો વિરોધ થાય. ભગવાન શ્રીકૃષ્ણચંદ્રમાં વિરુદ્ધ ધર્મો જોવામાં આવે છે તેથી ભગવાનમાં વિરુદ્ધ ધર્મો છે એમ અવશ્ય માનવું જોઈએ. ભગવાન માયાથી પોતામાં વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે માયા વગેરેનો એ જ સ્થલે શ્રીમદ્ભાગવતમાં નિરાસ કરેલો છે. વળી, ‘હવે આનો જ’ એમ ભગવાનના ધર્મનું જ નિરૂપણ કરેલું છે, તેથી જ સૂત્રકાર પણ ‘ **દર્શનાચ્ચ**’ સૂત્ર યોજે છે. ભગવાનમાં સર્વ વિરુદ્ધ ધર્મોનું દર્શન થાય છે તેથી પણ બ્રહ્મ સર્વ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એવો આ સૂત્રનો અર્થ છે.

વળી, માયાથી ભગવાન વિરુદ્ધ ધર્મો દર્શાવે છે એમ જે કહે તેને પૂછવું કે માયા એટલે શું. (૧) ભગવાનના સામર્થ્યને તમે માયા કહો છો કે (૨) માયા ભગવાનના સ્વરૂપથી ભિન્ન અસદ્રૂપ અને અસત્ કાર્ય કરનારી છે ? (૧) જો ભગવાનના સામર્થ્યને જ માયા કહેતા હો તો અમને પણ ઇષ્ટ જ છે, કારણ કે અમારા મતમાં શકિત અને શકિતમાનનો અભેદ છે; તેથી અમારા અદ્વૈતની પણ ક્ષતિ થતી નથી. ભગવાન પોતાના સામર્થ્ય માયાથી જગતનું કર્તૃત્વ વગેરે ગુણો પોતામાં નથી તોપણ દર્શાવે છે એમ કહી શકાય નહિ. પોતાના સામર્થ્યથી ભગવાન વિરુદ્ધ ધર્મ પોતામાં નથી તોપણ દર્શાવે છે એમ કહેવાય નહિ, કારણ કે, ‘જે પૃથિવીમાં રહી પૃથિવીને’ વગેરે શ્રુતિ બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરે છે. શ્રુતિ બ્રહ્મને પૃથિવીનો આધાર અને આધેય ઉભય કહે છે, તેથી બ્રહ્મમાં વિરુદ્ધ ધર્મનું પ્રતિપાદન કરે છે. એ જ પ્રમાણે કર્તૃત્વ અને અકર્તૃત્વ ઉભય બ્રહ્મમાં રહેલાં છે. બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે. બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય ન હોત તો એ નિર્ધર્મક હોવાથી ગુણરહિત છે એમ કહેવાને અવસર થાત; પરંતુ ‘ જે પૃથિવીમાં રહી ’ વગેરે શ્રુતિઓ બ્રહ્મ વિરુદ્ધ ધર્મનો આશ્રય છે એમ પ્રતિપાદન કરે છે, તેથી એમ કહી શકાય નહિ. જે ગુણ પોતામાં ન હોય તેવા ગુણ ભગવાન માત્ર અસુરોને જ દર્શાવે છે, કારણ કે અસુરોને જ મોહ કરવાની

અહીં એવાનો અભાવ હોવાથી એવું દર્શાવેલું નથી એ સાર છે. બીજો પક્ષ (ભગવદ્ભિન્ન અસદ્રૂપ અસત્કાર્ય કરનારી માયા) વિકલ્પ સહન ન કરવાથી યોગ્ય નથી, કારણ કે એ સ્વતંત્ર જ કર્ત્રી છે કે બ્રહ્માધીન? પ્રથમ નહિ, કારણ કે એ જડ છે, ચેતન તરીકે તમે સ્વીકારી નથી. દ્વિતીય પક્ષમાં તો વાંસલા પેઠે કરણત્વ હોય; તેથી સહજ અનન્ત શક્તિવાળા ઈશ્વરની પોતાનું સ્વરૂપ દર્શાવવામાં કઈ અશક્તિ હતી કે એનો સ્વીકાર કરે? 'સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયા' (શ્વે. ૬-૮) એ શ્રુતિને લીધે (આ સામર્થ્ય નથી એમ કહી શકાય નહિ). વળી, ઉપર કહેલી યુક્તિ અને શ્રુતિને લીધે સદ્રૂપ અને સ્વરૂપને અસદ્રૂપ માયાથી દર્શાવે છે એમ કહી શકાય નહિ. આથી જ સગુણત્વનો પણ નિરાસ થયો, કારણ કે સગુણત્વ પ્રાકૃત સત્ત્વ આદિ ગુણના અંગીકારરૂપ છે, એ સ્વતઃ શક્તિમાનમાં અનુપપન્ન છે એમ કહેલું છે. આથી 'બ્રહ્મમાં રહેલી અવિદ્યા બ્રહ્મમાં વિશેષ કલ્પનારી છે' એ પૂર્વ વિકલ્પના દ્વિતીય પક્ષનો પણ નિરાસ થયો, કારણ કે

ભગવાનની ઈચ્છા છે. શ્રીમદ્ભાગવત વગેરેમાં ભગવાન પોતામાં વિરુદ્ધ ધર્મ દર્શાવે છે ત્યાં અસુરો નથી તેથી 'ભગવાન અસુરોને વિરુદ્ધ ધર્મ દર્શાવે છે તેથી વસ્તુતઃ ભગવાનમાં વિરુદ્ધધર્મ નથી' એમ કહી શકાય નહિ. (૨) માયા ભગવાનના સ્વરૂપથી ભિન્ન અસદ્રૂપ અને અસત્ કાર્ય કરનારી છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે નીચેના વિકલ્પનો ઉત્તર આપી શકાતો નથી. માયા બ્રહ્મને અધીન રહીને અસત્ કાર્ય કરે છે કે સ્વતંત્રતાથી? માયા સ્વતંત્રતાથી કાર્ય કરે છે એમ કહી શકાય નહિ, કારણ કે એ જડ છે. તમે માયાને ચેતન માનતા નથી, તેથી જડ માયા સ્વતંત્રતાથી કાર્ય કરી શકે નહિ. બ્રહ્મને અધીન રહી માયા કાર્ય કરે છે એમ કહો તો માયા કાર્યની કર્ત્રી કહેવાય નહિ, પણ સુતારના વાંસલા પેઠે એ કરણ કહેવાય. સુતારમાં વાંસલા વિના કાર્ય કરવાની શક્તિ નથી તેથી એને એનો ઉપયોગ કરવો પડે છે, પરંતુ ભગવાન સહજ અનન્ત શક્તિવાળા છે. સહજ અનન્ત શક્તિવાળા ભગવાનમાં પોતાનું સ્વરૂપ દર્શાવવાની શક્તિ નથી એમ કહી શકાય નહિ. ભગવાન પોતાનું સ્વરૂપ દર્શાવવા સ્વતઃ શક્તિમાન હોવાથી એ કાર્ય માટે એમને માયાનો ઉપયોગ કરવાની આવશ્યક્તા નથી. 'સ્વાભાવિક જ્ઞાન બલ અને ક્રિયા' ભગવાનમાં છે એમ શ્રુતિ કહે છે, તેથી પોતાનું સ્વરૂપ સ્વતઃ દર્શાવવાની શક્તિ એમનામાં નથી એમ કહેવું ઉચિત નથી. વળી, ઉપર કહેલી શ્રુતિઓ અને યુક્તિઓથી ભગવાનમાં સર્વ વિરુદ્ધ ધર્મો છે, તેથી પોતાની અંદર વસ્તુતઃ રહેલા અથવા સત્-વિરુદ્ધ ધર્મોનું ભગવાન અસદ્રૂપ માયાથી દર્શન કરાવે છે એમ કહી શકાય નહિ, કારણ કે અસત્માં સત્નું દર્શન કરાવવાનું સામર્થ્ય નથી. બ્રહ્મમાં જ્ઞાન ક્રિયા વગેરે શક્તિઓ સ્વાભાવિક જ છે એમ કહેવાથી બ્રહ્મના સગુણપણાનો પણ નિરાસ થાય છે. સત્ત્વ, રજ અને તમ ત્રણ પ્રાકૃત ગુણ છે. એ પ્રાકૃત ગુણ જેનામાં હોય તે 'સગુણ' કહેવાય. બ્રહ્મમાં એ પ્રાકૃત ગુણ નથી. બ્રહ્મ સ્વતઃ શક્તિમત્ હોવાથી આ ગુણોની એને આવશ્યકતા નથી. સ્વતઃ શક્તિમત્ બ્રહ્મમાં સત્ત્વ વગેરે પ્રાકૃત ગુણો છે એમ કહેવું અનુચિત છે, તેથી જ બ્રહ્મમાં રહેલી અવિદ્યા બ્રહ્મમાં વિશેષની કલ્પના કરાવે છે, અર્થાત્ બ્રહ્મસ્વરૂપથી ભિન્ન બ્રહ્મમાં રહેલી અવિદ્યા અથવા માયા બ્રહ્મમાં ન હોય તેવા વિશેષો

જીવથી ભિન્ન બ્રહ્મમાં તમે અવિદ્યાનું ઉપાધિપણું સ્વીકારતા નથી. સ્વીકારતા હો તો એના ઉપાધિપણામાં પ્રયોજક ઈશ્વરેચ્છા જ કહેવી જોઇએ. વળી, સર્વ-ભવન સમર્થ ઈશ્વરને તમારી માનેલી રીતે અસત્ જગત કરવામાં હેતુ નથી. ઈચ્છા વગેરે પણ તમારા મતમાં ઉપાધિભાવથી ઉત્તર કાલનાં હોવાથી (ઉપાધિનો) અસંભવ (છે). આવિદ્યક હોય તો સ્વાભાવિકપણાની હાનિ થવાથી શ્રુતિવિરોધ થાય છે. એમ દિશા (માત્ર દર્શાવી છે.)

કામલીલા વગેરે લીલાઓ લોકનું અનુકરણ નથી.

'કામાદિ લીલા કેવલ અનુકરણરૂપ હોવાથી પ્રિયાનો વિપ્રયોગ અને એનાથી થતા ક્લેશ વગેરે પૂર્ણ જ્ઞાનૈકઘન પરમાનન્દસ્વરૂપમાં કહેવા યોગ્ય નથી.'–સત્ય, વિપ્રયુક્તત્વ વગેરેથી પૂર્ણત્વ વગેરેનો ભંગ થાય તો એ યોગ્ય નથી જ; પરન્તુ એમ નથી; એ પ્રાદેશમાત્રનું જ અભિવિમાનિત્વ વગેરે નિરૂપણથી કહેલું છે. લીલાનું કેવલ અનુકરણરૂપ પણ અયોગ્ય છે, કારણ કે ભગવાનું સ્વરૂપ કેવલ

દર્શાવે છે એવો બીજો પક્ષ પણ અયોગ્ય જ છે. વળી, જીવથી ભિન્ન બ્રહ્મમાં અવિદ્યા રહેલી છે એમ પણ તમે માનતા નથી, તેથી બ્રહ્મમાં અવિદ્યા નહિ હોવાથી એમાં વિરુદ્ધ ધર્મનું ભાન એ કરાવે નહિ. વળી, બ્રહ્મમાં અવિદ્યા છે એમ તમે માનો, તોપણ એ બ્રહ્મની ઉપાધિ જ છે એમ તમારે માનવું જોઇએ. બ્રહ્મમાં અવિદ્યા ઉપાધિ યોજનાર પણ ઈશ્વરની ઇચ્છા જ અવશ્ય માનવી જોઈએ. અવિદ્યા ઉપાધિની યોજના ઈશ્વરની ઇચ્છા કરે છે એમ ન માનીએ તો અવિદ્યા બ્રહ્મની સ્વાભાવિક ઉપાધિ થઈ જાય, તેથી અવિદ્યાનો કદાપિ નાશ થાય નહિ અને મોક્ષનો અસંભવ થઈ જાય, તેથી અવિદ્યા ઉપાધિ યોજનાર ઈશ્વરની ઇચ્છા જ છે. ઈશ્વર સર્વભવનસમર્થ છે. પોતાની અંદર ન હોય તેવા વિરુદ્ધ ધર્મ, તમે કહો છો તેમ, અવિદ્યા ઉપાધિની યોજના કરી એનાથી પોતાની અંદર દર્શાવવાનું ઈશ્વરને કાંઈ કારણ નથી. વળી, તમારા મત પ્રમાણે ઈશ્વરની ઇચ્છા પણ ઉપાધિ પછી જ થાય છે, તેથી અવિદ્યા ઉપાધિનું કારણ કાંઈ તમે કહી શકતા નથી. અવિદ્યાને ઈશ્વર સાથે યોજનાર કોણ? ઈશ્વરની ઇચ્છા અવિદ્યા ઈશ્વરમાં યોજે છે એમ તમે કહી શકો નહિ, કારણ કે તમારા મત પ્રમાણે ઈશ્વરની ઇચ્છા અવિદ્યાનું જ કાર્ય છે; તેથી કારણ નહિ હોવાથી અવિદ્યા ઉપાધિ જ સંભવતી નથી. વળી, ઈશ્વરની ઇચ્છા અવિદ્યાનું કાર્ય છે એમ તમે માનો છો, તેથી ઇચ્છા પણ તમારા મત પ્રમાણે ઈશ્વરનો સ્વાભાવિક ગુણ નથી; તેથી તમારો મત 'સ્વાભાવિકી જ્ઞાન બલ અને ક્રિયા' વગેરે શ્રુતિથી વિરુદ્ધ છે.

પૂર્વપક્ષી—કામ વગેરે લીલા માત્ર લોકનું અનુકરણ છે. લીલામાં પ્રિયાનો વિપ્રયોગ અને એનાથી ઉત્પન્ન થતા ક્લેશ વગેરે જણાય છે. કેવલ જ્ઞાનઘન પૂર્ણ પરમાનંદરૂપ બ્રહ્મને પ્રિયાનો વિપ્રયોગ અને એનાથી ક્લેશ વગેરે થાય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાંતી—સત્ય. જો વિપ્રયોગ ક્લેશ વગેરેથી પૂર્ણત્વની ક્ષતિ થતી હોય તો અવશ્ય એમ કહેવાય નહિ; પરંતુ પ્રાદેશમાત્ર અર્થાત્ માત્ર અંગૂઠા જેટલું બ્રહ્મ અભિવિમાની અર્થાત્ વ્યાપક પણ છે એમ વિરુદ્ધ ધર્મનું બ્રહ્મમાં પ્રતિપાદન કરેલું છે, તેથી વિપ્રયોગ વગેરેથી પૂર્ણત્વની ક્ષતિ થતી નથી. વળી, ભગવાનની લીલા માત્ર લોકનું અનુકરણ છે એમ કહેવું ઉચિત નથી, કારણ કે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન માત્ર શ્રુતિથી જ થાય છે. 'સર્વકામ સર્વ-

શ્રુતિથી સમધિગમ્ય છે. એમાં 'સર્વકામ સર્વરસ' (છાં ૩–૧૪–૨) એથી (બ્રહ્મના) સર્વકામરૂપત્વ અને સર્વકામવત્ત્વ, સર્વરસરૂપત્વ અને સર્વરસવત્ત્વથી સર્વરસ-ભોક્તૃત્વનું પ્રતિપાદન કરેલું છે. તૈત્તિરીયકમાં પણ 'એ રસ છે' 'આ રસ પ્રાપ્ત કરી આનંદી થાય છે' (તૈ. ૨–૭–૧) એમ પાઠ છે. અને રસમાં શૃંગારરસ મુખ્ય હોવાથી અને એ 'રતિ' નામના સ્થાયીભાવરૂપ હોવાથી, (બ્રહ્મનાં) રસરૂપત્વ અને રસવત્ત્વ અવશ્ય કહેવાં જોઇએ. એમાં વ્રજસુંદરીના ભાવના આલંબનવિભાવ હોવાથી, એમના ભાવને અનુસરી સર્વ કરવાથી બ્રહ્મ રસરૂપ છે. આ 'बर्हापीडं' (ભા. ૧૦–૧૮–૫) 'अक्षण्वताम्' (ભા. ૧૦–૧૮–૭) 'चूतप्रवाल' (ભા. ૧૦-૧૮-૮) એ શ્લોકોના વિવરણમાં પિતાજીએ વર્ણવેલું હોવાથી અહીં માત્ર દિશા જ દર્શાવી

રસ' વગેરે શ્રુતિઓ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરે છે, તેથી ભગવાન સર્વકામરૂપ અને સર્વકામવાળા, સર્વરૂપ અને સર્વરસવાળા અર્થાત્ સર્વ રસના ભોક્તા છે એમ શ્રુતિ કહે છે '**सर्वरसः**' શબ્દનો સર્વ રસ જેમાં છે તે, એવો બહુવ્રીહિ સમાસથી જ અર્થ કરવામાં આવે, તોપણ ભગવાન રસ છે એવો ઉપદેશ કરનાર બીજી શ્રુતિઓ પણ છે. તૈત્તિરીય ઉપનિષદમાં 'એ રસ છે' 'આ રસ પ્રાપ્ત કરી આનંદી થાય છે' એ શ્રુતિઓ છે. 'એ રસ છે' એ શ્રુતિ ભગવાન રસસ્વરૂપ જ છે એવો ઉપદેશ કરે છે. રસનું પર્યવસાન કામમાં થાય છે, તેથી ભગવાનનું રસસ્વરૂપ સિદ્ધ થવાથી કામસ્વરૂપ પણ સિદ્ધ થયું. ભગવાનના રસસ્વરૂપની સિદ્ધિ થઈ, પરંતુ ભગવાન રસવાન છે કે નહિ એમ સંદેહ રહે, તે માટે બીજી 'આ રસ પ્રાપ્ત કરી આનંદી થાય છે' એવી શ્રુતિ યોજેલી છે. 'આ પૂર્વે અસત્ હતું'થી આરંભી બ્રહ્મનું વર્ણન કરેલું છે તે બ્રહ્મ જ રસસ્વરૂપ છે એવો 'એ રસ છે' એ શ્રુતિ ઉપદેશ કરે છે. 'રસ' શબ્દના ઘણા અર્થ થાય છે: (૧) રસનાથી ગ્રહણ થતો ગુણ અથવા સ્વાદ, (૨) પ્રવાહી પદાર્થમાં સારભૂત અર્થ, વગેરે. આ શ્રુતિમાં કયા અર્થમાં 'રસ' શબ્દ યોજેલો છે એ જોઈએ. આ શ્રુતિ પછી '**रसं ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति । को ह्येवान्यात्कः प्राण्याद्यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवानन्दयाति**' એવી શ્રુતિ છે. આ શ્રુતિ એ રસ આનંદ છે, પ્રાણ ધારણ કરાવે છે, હૃદયાકાશમાં રહે છે, આનંદ ઉત્પન્ન કરે છે, એમ કહે છે, તેથી હૃદયમાં રહી પ્રાણીઓના આનંદને ઉત્પન્ન કરનાર આનંદ જ રસ છે એમ સિદ્ધ થાય છે. એનાથી ઉત્પન્ન થયેલાં પ્રાણીઓના આનંદનો સર્વ શરીરમાં અનુભવ થાય છે તોપણ '**स मानसीन आत्मा जनानाम्**' એ શ્રુતિ એ વિશેષ પ્રકારે મનમાં રહે છે એમ કહે છે, તેથી મનમાં જ એની વિશેષ સ્થિતિ છે એમ નિશ્ચય થાય છે. 'આ જ આનંદ કરાવે છે' શ્રુતિથી એવો નિર્ણય થાય છે કે મનમાં 'પ્રમોદ' નામનો જે વિકાર થાય છે તે આ ભગવાન રસનું જ કાર્ય છે અને એનો અંશ છે, કારણ કે 'આ જ આનંદની માત્રા પર અન્ય ભૂતો રહે છે' એવી શ્રુતિ છે.

ભગવાન રસરૂપ છે અને રસવાન પણ છે. રસોમાં શૃંગારરસ મુખ્ય છે અને એ 'રતિ' નામનો સ્થાયી ભાવ જ છે. કાવ્યપ્રકાશમાં પણ '**व्यक्तः स तैर्विभावाद्यैः स्थायी भावो रसः स्मृतः**' એવું એનું લક્ષણ આપેલું છે.

ભગવાન રસરૂપ છે અને રસવાન છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. ભગવાન વ્રજ-સુંદરીઓના આલંબનવિભાવ છે અને વ્રજસુંદરીઓના ભાવને અનુસરી સર્વ કરે છે તેથી

છે. ભગવાન પણ એઓમાં એવા ભાવવાળા (હતા), તેથી રસવત્ત્વ ભગવાનનું સ્વરૂપ (છે), કારણ કે ભગવાનમાં સ્વરૂપથી રહિત ભાવ જ નથી. આમ ન હોય તો શ્રુતિએ કહેલાં રસભોકતૃત્વ અને રસરૂપત્વનો ભંગ થાય. આ (ભગવદ્રૂપ) રસ એ એવા પ્રકારનો હોવાથી એમ માનવું; તેથી જેટલી એ રસની મર્યાદા છે તે સર્વ ભગવાનમાં છે એમ માનવું, નહિ તો રસત્વની ક્ષતિ થાય, એમ કહેલું છે. અનુકરણમાં પોતાને એ રસ પ્રાપ્ત થાય નહિ અને એઓમાં પણ રસની ઉત્પત્તિ થાય નહિ. અન્યોન્ય આવિર્ભાવ ન થવાથી રસ જ ત્યાં નથી, કારણ કે રસશાસ્ત્રની એવી મર્યાદા છે, તેથી જ 'આત્તગજેન્દ્રના જેવી લીલાવાળા' (ભા. ૧૦-૩૦-૨૪) 'હાથણીઓ સાથે મદ ઝરતા હાથી પેઠે' (ભા. ૧૦-૩૦-૨૫) 'હાથણીઓથી શ્રાન્ત હાથી પેઠે ભિન્નસેતુ' (ભા- ૧૦-૩૦ ૨૩) ઇત્યાદિ સર્વત્ર ગજનું દૃષ્ટાન્ત છે, તેથી શૃંગારસનું સ્વરૂપ હોવાથી પ્રિયાવિપ્રયોગ અને એનાં

ભગવાન રસરૂપ છે. '**बर्हापीडं**' '**अक्षण्वताम्**' '**चूतप्रवाल**'-વગેરે શ્રીમદ્ભાગવતના શ્લોકો પર શ્રીસુબોધિનીજીમાં આ સર્વનું શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું હોવાથી, અહીં માત્ર ઉલ્લેખ જ કર્યો છે. વળી, ભગવાનનો પણ વ્રજસુંદરીઓ પ્રતિ એવા પ્રકારનો ભાવ હતો, તેથી ભગવાન રસવાન પણ છે. ભગવાનના ધર્મ પેઠે ભાવ પણ સ્વરૂપથી ભિન્ન નથી, તેથી ભગવાન રસવાન હોવા છતાં રસસ્વરૂપ પણ છે. જો ભગવાનના ભાવ સ્વરૂપથી ભિન્ન હોય તો ભગવાન રસસ્વરૂપ છે અને રસભોક્તા છે એમ શ્રુતિ કહે છે એની ઉપપત્તિ થાય નહિ. આ શ્રુતિમાં કહેલો ભગવદ્રસ એવા પ્રકારનો છે તેથી ભગવાન રસસ્વરૂપ અને રસવાન ઉભય છે એમ માનવું; તેથી રસશાસ્ત્રમાં શૃંગારરસની જેટલી મર્યાદા કહેલી છે તે સર્વ ભગવાનમાં છે એમ માનવું જોઈએ, કારણ કે એમ ન માનીએ તો ભગવાનના રસ-સ્વરૂપની ક્ષતિ થાય, એમ અમે કહી ચૂક્યા છીએ.

લીલા માત્ર લોકનું અનુકરણ સંભવતું નથી, કારણ કે ભગવાન જો માત્ર અનુકરણ જ કરતા હોય તો એમને રસ પ્રાપ્ત થાય નહિ, અને વળી વ્રજસુંદરીઓમાં પણ રસની ઉત્પત્તિ થાય નહિ, કારણ કે રસશાસ્ત્રની એવી મર્યાદા છે કે જ્યાંસુધી અન્યોન્ય રસનો આવિર્ભાવ થાય નહિ ત્યાંસુધી ત્યાં રસ નથી. કેવલ અનુકરણમાં રસનો આવિર્ભાવ થતો નથી એ રસશાસ્ત્રનો સિદ્ધાંત છે, તેથી લીલા જો માત્ર લોકનું અનુકરણ હોય તો ત્યાં રસનો આવિર્ભાવ થાય નહિ. રસનો પરસ્પર આવિર્ભાવ ન થાય તો ત્યાં રસ જ નથી. રસ ન હોય તો ભગવાન રસસ્વરૂપ છે એમ કહી શકાય નહિ; પરંતુ ભગવાન રસસ્વરૂપ અને રસવાન છે એ શ્રુતિસિદ્ધ છે, તેથી લીલા માત્ર લોકનું અનુકરણ નથી. લીલા અનુકરણ નથી તેથી જ લીલામાં સર્વત્ર ગજેંદ્રનું દૃષ્ટાંત આપેલું છે, 'આત્તગજેંદ્રના જેવી લીલાવાળા' 'હાથણીઓ સાથે મદ ઝરતા હાથી પેઠે' 'હાથણીઓથી શ્રાન્ત હાથી પેઠે ભિન્નસેતુ' વગેરે સર્વત્ર ગજેંદ્રનું દૃષ્ટાન્ત આપેલું છે, તેથી જેમ ગજેંદ્રની લીલા અનુકરણ નથી તેમ ભગવાનની લીલા પણ અનુકરણ નથી; તેથી ભગવાન શૃંગારરસનું સ્વરૂપ હોવાથી ભગવાનને પ્રિયાના વિપ્રયોગ કલેશ વગેરે વિપ્રયોગનાં કાર્ય, પ્રિયાનો સંગમ અને સંગમનાં સર્વ કાર્ય થાય છે તોપણ બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, કારણ કે બ્રહ્મ જ એવા પ્રકારનું અર્થાત્ રસ-

કાર્યો, પ્રિયાસંગમ અને એનાં કાર્યો સર્વ જ સંભવે છે. એનાથી બ્રહ્મત્વની ક્ષતિ નથી, કારણ કે વસ્તુ જ એવા પ્રકાની છે, કારણ કે બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આધાર છે. વાસ્તવિક રીતે બ્રહ્મના ધર્મોમાં વિરોધ જ નથી, કારણ કે એ શ્રુતિ અને ભક્તોના અનુભવથી સિદ્ધ છે. 'આધુનિક જનોના વિતર્કયુક્ત વિચારો પ્રમાણાભાસ અને કુતર્કથી મલિન થયેલાં અંતઃકરણવાળા દુરાગ્રહવાદીઓના વિવાદનો જેમાં અવસર નથી તેવા અપરિમિત ગુણગણયુક્ત ભગવાન ઈશ્વરમાં વિરોધ નથી, ઉભય છે' એ શ્રીભાગવતમાં પણ કહેલું છે [ભા. ૬-૯-૩૬ (૪)]; તેથી સર્વ દોષરહિત છે.

હવે (પરમત સ્વીકાર) કરી (શ્રુતિના અર્થના) વિચારથી કહીએ છીએ. જો દુરાગ્રહથી 'આત્મારામ' ઇત્યાદિ ધર્મ જ બ્રહ્મમાં છે અન્ય નથી એમ માનો, તોપણ અમે કહીએ છીએ કે તમારું કહેલું ભલે હો, પરન્તુ એ બ્રહ્મધર્મમર્યાદા છે. અહીં ભક્તો પર અતિશય અનુગ્રહ હોવાને લીધે અને એનાથી અતિશય ભક્તિ હોવાને લીધે, સ્વરૂપની મર્યાદાનું અતિક્રમણ કરી એઓને અધીન થઇ જેમ એઓ ઇચ્છે તેમ જ લીલા કરતાં કરતાં ઉપર કહેલા સર્વ ભાવને પોતે ભજે છે, એ આ ભગવાનું પુષ્ટિરૂપ કહેવાય છે. 'હે દ્વિજ, હું અસ્વતન્ત્ર હોઉં તેમ

સ્વરૂપ અને રસવત્ છે. પ્રિયાવિપ્રયોગ, પ્રિયાસંગમ અને એઓનાં કાર્યો એ સર્વ ધર્મોથી બ્રહ્મત્વની ક્ષતિ થતી નથી, એટલું જ નહિ, પરંતુ એઓનાથી બ્રહ્મત્વની સિદ્ધિ થાય છે, કારણ કે બ્રહ્મ વિરુદ્ધ સર્વ ધર્મનો આશ્રય છે એમ સિદ્ધ કરેલું છે. આ સર્વ વિરુદ્ધ ધર્મો બ્રહ્મત્વની સિદ્ધિ જ કરે છે. વસ્તુતઃ આ બ્રહ્મના ધર્મો હોવાથી એઓનામાં વિરોધ પણ નથી. બ્રહ્મધર્મોમાં વિરોધ જ નથી, કારણ કે શ્રુતિ અને ભકતોના અનુભવથી એ સિદ્ધ થાય છે એમ પણ અમે પ્રથમ કહી ચૂક્યા છીએ. શ્રીમદ્‌ભાગવતમાં પણ આ ઉપદેશ કરેલો છે. હાલના લોકોના વિતર્કવાળા વિચારો, વસ્તુતઃ પ્રમાણ નહિ પરંતુ પ્રમાણ જેવા ભાસતા પ્રમાણાભાસ, અને દુષ્ટ તર્કથી મલિન થઈ ગયેલાં અંતઃકરણવાળા દુરાગ્રહ રાખનાર વાદીઓના વિવાદનો બ્રહ્મમાં અવસર નથી. આવા અપરિમિત ગુણગણવાળા ભગવાન ઈશ્વરમાં વિરોધ નથી, ઉભય પ્રકારના ધર્મો વિરોધ વિના રહેલા છે, તેથી અમારા મતમાં કાંઈ દોષ નથી.

હવે તમારા મત પ્રમાણે ભગવાન આત્મારામ પૂર્ણકામ છે, અને પ્રિયાના વિપ્રયોગ તથા સંયોગના ધર્મો ભગવાનમાં નથી એમ સ્વીકારી, શ્રુતિના અર્થનો વિચાર કરી અમારા સિદ્ધાન્તનું જ પ્રતિપાદન કરીશું. દુરાગ્રહ કરી તમે એમ માનો છો કે બ્રહ્મમાં આત્મારામત્વ પૂર્ણકામત્વ વગેરે ધર્મો જ છે, અને અન્ય ધર્મો પ્રિયાના સંયોગ અને વિપ્રયોગ અને એઓનાં કાર્ય નથી. ભલે! એમ માનો, તોપણ અમુક ધર્મો બ્રહ્મમાં છે અને અમુક નથી એવી બ્રહ્મધર્મની મર્યાદા છે એમ કહેવું જોઈએ. ભગવાનના ધર્મની આવી મર્યાદા ભલે હોય, તોપણ ભકતો પર અતિશય અનુગ્રહ હોવાથી, અને ભકતોની અતિશય ભક્તિ હોવાથી, ભગવાન પોતાની મર્યાદાનો ત્યાગ કરી, મર્યાદાનું ઉલ્લંઘન કરી, ભકતોને અધીન થઈ, ભકતોને જેવી ઇચ્છા થાય તે પ્રમાણે લીલા કરે છે, અને પ્રિયાનો વિપ્રયોગ, કલેશ, પ્રિયાનો સંગમ એનાં કાર્ય વગેરે સર્વ ગુણ ભગવાન પોતે ધારણ કરે છે. આ જ ભગવાનનું પુષ્ટિરૂપ

ભક્તને પરાધીન છું,' એમ ઉપક્રમ કરી 'સત્સ્ત્રીઓ જેમ સત્પતિને વશ કરે તેમ ભકિતથી વશ કરે છે' (ભા. ૯-૪-૬૩ થી ૬૬) પર્યન્ત આ ભગવાને દુર્વાસાને કહેલું છે. અહીં 'સત્' પદ બે વાર આવવાથી, પોતે એઓ પ્રતિ એવા પ્રકારના છે અને એઓની પ્રપત્તિ માયાથી નથી એમ દર્શાવે છે. એમ હોય તો તો સત્ય ન હોય. અનીશત્વ પણ થાય એમ નથી, કારણ કે આ જ મહત્ ઐશ્વર્યરૂપ છે, કેમકે અન્ય કોઈ સ્વરૂપની મર્યાદા ત્યજવા સમર્થ નથી. તેથી જ 'ભિન્નસેતુ' એ વિશેષણ છે, તેથી જ શ્રુતિ પણ 'જ્યાંથી વાણી પાછી ફરે છે' ઇત્યાદિથી અચિંત્ય મહિમા કહે છે; તેથી જેમ જેમ શંકા કરે છે તેમ તેમ અધિક બ્રહ્મત્વ આવે છે; તેથી ચિરં જીવ.

ઈશ્વરને સ્વાભાવિક શરીર નથી એવા ન્યાયમંતનુ ખંડન

'જીવના અદૃષ્ટથી પ્રાપ્ત શરીરમાં ભૂતાવેશન્યાયથી ઈશ્વર પ્રવેશ કરી, કાર્ય કરી આવેશ ત્યજે છે; પરન્તુ ઈશ્વરમાં સ્વાભાવિક શરીર વગેરે નથી, કારણ કે એમને જ્ઞાન ઇચ્છા અને પ્રયત્નથી અતિરિકત ધર્મ નથી'—આ ઉપેક્ષા કરવા

કહેવાય છે; તેથી જ ભગવાને પોતે, 'હે દ્વિજ ! હું અસ્વતંત્ર હોઉં તેમ ભક્તને પરાધીન છું' એમ આરંભ કરી, 'સત્સ્ત્રીઓ જેમ સત્પતિને વશ કરે તેમ મને ભક્તિથી વશ કરે છે' પર્યંત દુર્વાસાને આ પુષ્ટિલક્ષણ કહેલું છે. અહીં 'સત્સ્ત્રીઓ' અને 'સત્પતિ' એમ બે વાર 'સત્' પદ ભગવાને યોજેલું છે, તેથી એમ જણાય છે કે જેમ સત્પતિ સત્સ્ત્રીઓને વશ છે તેમ ભગવાન ભક્તને અધીન છે, અને ભકતોને ભગવાનની પ્રાપ્તિ સત્ય પ્રપત્તિથી થાય છે, માયાથી થતી નથી, કારણ કે પ્રપત્તિ માયાથી થતી હોય તો એ સત્ય કહેવાય નહિ. ભગવાન ભકતોને વશ થાય તેથી એ અનીશ્વર પણ થતા નથી, અથવા ભકતોને વશ થવાથી એમના ઐશ્વર્યની ક્ષતિ થતી નથી. ઈશ્વર પોતાની મર્યાદાનું અતિક્રમણ કરી ભક્તને અધીન થાય એ મોટું ઐશ્વર્ય જ છે, કારણ કે અન્ય કોઈ પોતાના સ્વરૂપની મર્યાદાનો ત્યાગ કરવા સમર્થ નથી. એ સામર્થ્ય પણ ઈશ્વરમાં છે એ ઈશ્વરનું ઐશ્વર્ય જ છે, તેથી જ સર્વત્ર ઈશ્વરને 'ભિન્નસેતુ' અથવા મર્યાદાનું ઉલ્લંઘન કરનાર પણ કહેલા છે; તેથી જ 'જ્યાંથી વાણી પાછી ફરે છે' વગેરેથી શ્રુતિ પણ ઈશ્વરના અચિંત્ય મહિમાનું નિરૂપણ કરે છે; તેથી જેમ જેમ તમે શંકા કરો છો તેમ તેમ શ્રીકૃષ્ણચંદ્રમાં બ્રહ્મત્વની સિદ્ધિ જ થતી જાય છે; તેથી ચિરંજીવો.

(લીલા માત્ર અનુકરણ જ છે એ મતનું ખંડન કરતાં પ્રસંગ હોવાથી ભગવાન રસસ્વરૂપ અને રસવાન છે એમ કહ્યું. નૈયાયિકો આ પ્રમાણે માનતા નથી, તેથી એમને ઉત્તર આપવા પ્રથમ એમનો મત ટૂંકામાં કહે છે.)

પૂર્વપક્ષી (નૈયાયિક)—જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલા શરીરમાં ઈશ્વર ભૂતાવેશન્યાયથી પ્રવેશ કરે છે. જેમ ભૂતો મનુષ્યના શરીરમાં પ્રવેશ કરે છે તેમ જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થતા શરીરમાં ઈશ્વર કાર્ય કરવા પ્રવેશ કરે છે. એ પ્રમાણે શરીરમાં પ્રવેશ કરી, ઈશ્વર કાર્ય કરે છે અને પછી આવેશ તજે છે, પરંતુ ઈશ્વરને સ્વાભાવિક શરીર વગેરે નથી. ઈશ્વરને જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન વિના વિશેષ ધર્મો પણ નથી, તેથી ઈશ્વરને સ્વાભાવિક શરીર પણ નથી.

સિદ્ધાન્તી—આ મત ઉપેક્ષા કરવા જેવો જ છે, કારણ કે એમ સ્વીકારીએ તો ઈશ્વર

યોગ્ય છે, કારણ કે ઈશ્વર અકર્તા થઇ જાય છે, કેમકે એના મતમાં અવયવવાળી હોવાથી જેના કાર્યત્વનું અનુમાન થયેલું છે તેવી ક્ષિતિ વગેરે જેમાં પક્ષ છે, કર્તૃપૂર્વકત્વ જેમાં સાધ્ય છે, અને કાર્યત્વ જેમાં લિંગ છે, તેવા અનુમાનથી જગતના કર્તા તરીકે ઈશ્વરની સિદ્ધિ થાય છે. વળી, લોકમાં ઉપાદાનના ગોચર અને અપરોક્ષજ્ઞાન ચિકીર્ષા અને કૃતિવાળો જ કર્તા દેખાય છે તેથી અને દ્વ્યણુકથી આરંભી નગ સાગર પર્યન્ત પક્ષ હોવાથી, એઓના કર્તા તરીકે સિદ્ધ થનાર

અકર્તા થઈ જાય. કર્તાને શરીર અવશ્ય હોવું જોઈએ એમ તમે માનો છો, તેથી જ કાર્ય કરવા ઈશ્વરને ભૂતાવેશન્યાયથી જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલા શરીરમાં પ્રવેશ કરવાની આવશ્યકતા છે એમ તમે માનો છો. કર્તાને શરીર અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરને સ્વાભાવિક અથવા અજન્ય શરીર ન હોય અને માત્ર જન્ય શરીર હોય તો એ જગત્કર્તા થઈ શકે નહિ. તમે ઈશ્વર જગતના કર્તા છે એમ સિદ્ધ કરવા નીચે પ્રમાણે અનુમાનો કરો છો :

(૧) ક્ષિતિ વગેરે કાર્ય છે, કારણ કે અવયવવાળાં છે.
જે જે અવયવાળું હોય તે કાર્ય છે; જેમકે ઘટ;
જે જે કાર્ય નથી તે અવયવરહિત છે; જેમકે આકાશ;
તેથી ક્ષિતિ વગેરે કાર્ય છે.

(૨) ક્ષિતિ વિગેરેનો કર્તા એઓની પૂર્વે છે, કારણ કે એ કાર્ય છે.
જે જે કાર્ય છે તેઓની પૂર્વે એઓનો કર્તા છે; જેમકે ઘટ પૂર્વે કુંભાર;
જેઓની પૂર્વે એઓનો કર્તા નથી તે કાર્ય નથી; જેમકે આકાશ;
તેથી ક્ષિતિ વગેરેની પૂર્વે એઓનો કર્તા છે.

(૩) દ્વ્યણુકથી આરંભી નગ સાગર પર્યંત ક્ષિતિ વગેરેનો કર્તા એઓનાં ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિવાળો છે, કારણ કે એ એઓનો કર્તા છે.
જે જેઓનો કર્તા હોય તે તેઓના ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિમાન છે; જેમકે ઘટકર્તા કુંભાર;
તેથી ક્ષિતિ વગેરેના કર્તા એઓના ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિમાન છે.

દ્વ્યણુકથી આરંભી નગ સાગર પર્યંત પૃથિવી જલ તેજ અને વાયુ સર્વનો કર્તા એ સર્વના ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિમાન છે, તેથી એ નિત્ય અને સર્વજ્ઞ જ છે, કારણ કે જે નિત્ય અને સર્વજ્ઞ હોય તેને જ આ સર્વના ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન ચિકીર્ષા અને કૃતિ સંભવે; તેથી જગત્કર્તા નિત્ય અને સર્વજ્ઞ ઈશ્વર જ છે.

આ પ્રમાણે ઈશ્વર જગત્કર્તા છે એમ સિદ્ધ કરવા મુખ્ય ત્રણ અનુમાન યોજ્યાં છે: પ્રથમ અનુમાનથી ક્ષિતિ વિગેરે અર્થાત્ જગત કાર્ય છે એમ સિદ્ધ કરો છો, દ્વિતીય અનુમાન મુખ્ય છે અને તેથી જગતનો કર્તા છે એમ સિદ્ધ કરો છો, ત્રીજા અનુમાનથી જગતનો કર્તા કેવા પ્રકારનો છે એ સિદ્ધ કરો છો. આ ત્રણમાં સર્વથી મુખ્ય અનુમાન બીજું

એઓના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાનવાળો નિત્ય અને સર્વજ્ઞ જ હોવો જોઈએ; તેથી એવા પ્રકારના ઈશ્વરની સિદ્ધિ થાય છે. વળી, જેમ લોકમાં જ્ઞાનાદિવાન જે કર્તા દેખાય છે તેથી ઈશ્વરમાં જ્ઞાન આદિ સિદ્ધ થાય છે, તેમ જ લોકમાં શરીરી જ કર્તા દેખાય છે તેથી ઈશ્વરમાં પણ શરીરિત્વની સિદ્ધિ નિષ્પ્રત્યૂહ છે, કારણ કે કર્તૃત્વ શરીરિત્વથી વ્યાપ્ય છે. એ પ્રમાણે કાર્યત્વથી અનિત્યત્વનું અનુ-

---

છે. એ અનુમાનમાં પ્રથમ અનુમાનથી કાર્ય સિદ્ધ થયેલાં ક્ષિતિ વગેરે પક્ષ છે, એઓનો કર્તા એઓની પૂર્વે છે એ સાધ્ય છે, અને કાર્ય છે એ લિંગ અથવા હેતુ છે. આ અનુમાનથી જગત્કર્તાની તમે સિદ્ધિ કરો છો. ત્રીજા અનુમાનથી જગત્કર્તા નિત્ય અને સર્વજ્ઞ છે એમ સિદ્ધ કરો છો.

તેથી લોકમાં જેમ જ્ઞાનવાળો પુરુષ જ કર્તા થાય છે એવો અનુભવ થાય છે તેથી ઈશ્વરમાં પણ જ્ઞાનની સિદ્ધિ થાય છે, તે જ પ્રમાણે લોકમાં શરીરવાળો પુરુષ જ કર્તા થાય છે એવો અનુભવ થાય છે, તેથી ઈશ્વરને શરીર પણ અવશ્ય હોવું જ જોઈએ, કારણ કે કર્તૃત્વ શરીરિત્વથી વ્યાપ્ય જોઈએ. શરીરિત્વ વ્યાપક છે, કર્તૃત્વ વ્યાપ્ય છે, તેથી જ્યાં જ્યાં કર્તૃત્વ હોય ત્યાં ત્યાં શરીરિત્વ અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરમાં કર્તૃત્વ છે તેથી શરીરિત્વ અવશ્ય હોવું જોઈએ. ઈશ્વરમાં શરીરિત્વની સિદ્ધિ નીચેના અનુમાનથી થાય છે:

ઈશ્વર શરીરી છે, કારણ કે એ કર્તા છે. જે જે કર્ત્તા છે તે તે શરીરી છે; જેમકે ઘટકર્તા કુલાલ. જે જે શરીરી નથી તે કર્તા નથી; જેમકે પરમમુક્ત જીવ.

વળી, સર્ગના આરંભમાં દ્વ્યણુક ઉત્પન્ન કરનાર બે પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનારી ક્રિયા શરીરથી ઉત્પન્ન થયેલી છે, કારણ કે એ ચેતનનું કર્મ છે. જે જે ચેતનનું કર્મ છે તે શરીરથી ઉત્પન્ન થયેલું છે; જેમકે આપણા શરીરથી ઉત્પન્ન થયેલી ક્રિયા. તેથી સર્ગના આરંભમાં બે પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનારી ક્રિયા પણ શરીરથી ઉત્પન્ન થયેલી છે.

તેથી ઈશ્વરને શરીર અવશ્ય હોવું જોઈએ. કાર્ય કરવા માટે ભૂતાવેશ ન્યાયથી ઈશ્વર શરીર ગ્રહણ કરે છે એમ તમે પણ માનો છો, તેથી ઈશ્વરને શરીર છે એ આપણને ઉભયને માન્ય છે. માત્ર ઈશ્વરનું શરીર નિત્ય છે કે અનિત્ય એ વિષયમાં વિવાદ છે. ઈશ્વરનું શરીર નિત્ય છે, કારણ કે સર્ગના આરંભમાં દ્વ્યણુક ઉત્પન્ન થયું તે પૂર્વેનું એ દ્રવ્ય છે. જે જે સર્ગના આરંભમાં દ્વ્યણુકથી ઉત્પત્તિ થઈ તે પૂર્વનાં દ્રવ્ય છે તે નિત્ય છે; જેમકે પરમાણુઓ. જે જે અનિત્ય દ્રવ્યો છે તે સર્ગના આરંભમાં દ્વ્યણુકની ઉત્પત્તિ થઈ તે પૂર્વે ન હતાં; જેમકે આપણાં શરીર; તેથી ઈશ્વરનું શરીર નિત્ય છે. આ પ્રમાણે ઈશ્વરનું શરીર નિત્ય સિદ્ધ થાય છે, તેથી તમે જીવના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલું શરીર ઈશ્વર ગ્રહણ કરે છે એમ માનો છો એ સિદ્ધ થતું નથી, અને ઈશ્વર ભૂતાવેશન્યાયથી આવા શરીરમાં પ્રવેશ કરે છે એમ તમે માનો છો એ પણ સિદ્ધ થતું નથી. તમે માનો છો તેવા શરીરની ઈશ્વરમાં સિદ્ધિ થતી નથી, તેથી ઈશ્વર શરીરરહિત જ રહે છે અને તેથી એ જગતના કર્તા પણ નથી.

પૂર્વપક્ષી—એમ નથી, કર્તૃત્વ સિદ્ધ કરવામાં શરીરિત્વની આવશ્યકતા નથી. લોકમાં

માન કરતાં ઘટ વગેરેમાં લિંગનું રૂપસાહચર્ય દેખાય છે, તેથી રૂપવિશિષ્ટ જ કાર્યત્વ વ્યાપ્ય હોવાથી રૂપરહિત વાયુમાં અનિત્યત્વની અસિદ્ધિ છે. એની સિદ્ધિ થાય તો વાયુમાં રૂપની પણ સિદ્ધિ થાય; પરન્તુ એમ નથી, કારણ કે પ્રત્યક્ષનો બાધ થાય છે. "–કેવલ સાહચર્ય (અનુમાનમાં) પ્રયોજક નથી, પરન્તુ વ્યાપ્તિ પ્રયોજક છે. એ વ્યાપ્તિ કાર્યત્વ અને અનિત્યત્વની છે, તેથી વાયુમાં પણ એની (અનિત્યત્વની) સિદ્ધિ થાય છે, તેથી ઈશ્વરમાં પણ શરીરત્વની સિદ્ધિ થાય છે." એમ (કહો તો) પ્રકૃતમાં પણ કર્તૃત્વનું પ્રયોજક જ્ઞાનેચ્છાપ્રયત્નવત્ત્વ જ છે, તેથી શરીરિત્વમાં એઓનું સાહચર્ય છે તોપણ પ્રયોજકત્વ નથી; તેથી ઈશ્વરમાં એની સિદ્ધિ થતી નથી, નહિ તો પક્ષમાં દૃષ્ટાંતના સર્વ ધર્મ હોવા જોઈએ.

કર્તા હોય છે તે ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા અને કૃતિમાન હોય છે. એને શરીર હોય છે, પરંતુ એ કર્તૃત્વનું પ્રયોજક નથી, નહિ તો આપણે ઘટ વગેરે કાર્ય હોવાથી અનિત્ય છે એવું અનુમાન કરીએ છીએ ત્યાં ઘટ વગેરે કાર્યને રૂપ છે તેથી રૂપ-વાળાં કાર્ય જ અનિત્ય છે એમ માનવું જોઈએ. રૂપવાળાં જ કાર્ય અનિત્ય છે એમ માનીએ તો વાયુમાં રૂપ નથી તેથી એ અનિત્ય છે એમ સિદ્ધ થાય નહિ. વાયુ કાર્ય છે, પરંતુ એમાં રૂપ નથી, તેથી એ અનિત્ય સિદ્ધ થાય નહિ. કાર્ય સર્વ અનિત્ય છે એમ માનીએ તો વાયુ અનિત્ય સિદ્ધ થાય; પરંતુ ઘટ વગેરે કાર્ય રૂપવાળાં છે, વાયુ પણ કાર્ય છે, તેથી એને પણ રૂપ હોવું જોઈએ, એ પ્રમાણે વાયુમાં રૂપ સિદ્ધ થાય; પરંતુ એમ પણ કહેવાય નહિ; વાયુને રૂપ છે એમ મનાય નહિ, કારણ કે પ્રત્યક્ષનો બાધ થાય છે.

સિદ્ધાન્તી—માત્ર સાહચર્યથી સાધ્યની સિદ્ધિ થતી નથી. માત્ર સાહચર્ય અનુમાનનું પ્રયોજક નથી, પરંતુ વ્યાપ્તિ અનુમાનપ્રયોજક છે. 'જે જે કાર્ય છે તે અનિત્ય છે' એવી જ વ્યાપ્તિ છે. વાયુ પણ કાર્ય છે તેથી એ અનિત્ય સિદ્ધ થાય છે. ઘટ વગેરે કાર્યમાં રૂપનું માત્ર સાહચર્ય જ છે, અર્થાત્ ઘટમાં કાર્યત્વ સાથે રૂપ માત્ર રહેલું છે, તેથી રૂપ અનુમાનનું પ્રયોજક નથી; તેથી અનિત્યત્વ સિદ્ધ કરવામાં રૂપની આવશ્યકતા નથી.

પૂર્વપક્ષી—એમ કહો તો અહીં પણ ઉપાદાનનું ગોચર અને અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અથવા કરવાની ઇચ્છા, અને કૃતિમત્ત્વ અથવા પ્રયત્નવાળા હોવું એ જ કર્તૃત્વનું પ્રયોજક છે. ક્ષિતિ વગેરેની પૂર્વે એઓનો કર્તા છે, કારણ કે એ કાર્ય છે. એમ જગત્કર્તાની સિદ્ધિ થઈ. પછી દ્વયણુકથી આરંભી નગ સાગર પર્યંત ક્ષિતિ વગેરેનો કર્તા એઓના ઉપાદાનનાં ગોચર અને અપરોક્ષજ્ઞાન, ચિકીર્ષા અને કૃતિવાળો છે, કારણ કે એ એઓનો કર્તા છે એવું અનુમાન કર્યું છે તે બરાબર છે, કારણ કે કર્તાપણાનું પ્રયોજક ઉપાદાનનું ગોચર અને અપરોક્ષ જ્ઞાન, ચિકીર્ષા અને કૃતિ જ છે. શરીર પ્રયોજક નથી, પરંતુ એનું માત્ર સાહચર્ય જ છે. જેમ ઘટ વગેરે કાર્ય હોવાથી અનિત્ય છે એ અનુમાનમાં રૂપનું માત્ર સાહચર્ય જ છે, તેમ આ અનુમાનમાં શરીરનું માત્ર સાહચર્ય જ છે; તેથી ઈશ્વરમાં શરીર સિદ્ધ થતું નથી. ઘટકર્તા કુલાલને શરીર છે તેથી જગત્કર્તાને શરીર હોવું જોઈએ એમ કહેવાય નહિ, કારણ કે ઘટકર્તામાં શરીરનું માત્ર સાહચર્ય જ છે. શરીર ઘટકર્તૃત્વનું પ્રયોજક નથી, છતાં 'જગત્કર્તા શરીરવાળા છે, કારણ કે એ કર્તા છે. જે જે કર્તા છે તે શરીરવાળા છે; જેમકે ઘટકર્તા' એવું અનુમાન કરી,

તેથી ઘટના દૃષ્ટાંતથી જલમાં અનિત્યત્વ સાધતાં પૃથ્વીત્વ વગેરે પણ સિદ્ધ થાય. વળી, "ચેષ્ટા વિના કેવલ પ્રયત્નથી કુલાલ વગેરેનું ઘટ વગેરે કરવાનું સામર્થ્ય નથી, તેથી ચેષ્ટાશ્રય શરીરને સહકારી થવા દો, પરન્તુ ઈશ્વર કેવલ પ્રયત્નથી સર્વ કરવાને સમર્થ છે તેથી એની અપેક્ષા નથી. વળી, શરીર પરિચ્છિન્ન હોય એવો નિયમ હોવાથી, સઘળા દેશમાં રહેલા કાર્ય સાથે ઉત્પન્ન થઇ શકે નહિ."—આ ઠીક નથી, કારણ કે જ્ઞાનાદિમત્ત્વ પેઠે શરીરિત્વ પણ અન્વયવ્યતિરેકથી સિદ્ધ થાય છે, કારણ કે જ્યાં જ્યાં કુલાલ વગેરેમાં કર્તૃત્વ (છે) ત્યાં શરીરિત્વ (છે) અને જ્યાં મુક્ત આત્માઓમાં શરીરિત્વ નથી ત્યાં કર્તૃત્વ નથી; તેથી ઈશ્વર પણ કર્તા હોવાથી શરીરી છે એમ અવશ્ય સ્વીકારવું જોઇએ, કારણ કે લોકમાં એમ દેખાય છે. નહિ તો વિશેષ ન હોવાથી ઇચ્છા વગેરેની પણ

ઘટકર્તા શરીરી છે તેથી જગત્કર્તાને પણ શરીર હોવું જોઇએ એમ માનીએ તો દૃષ્ટાંત ઘટકર્તાના સર્વ ધર્મ પક્ષ જગત્કર્તામાં આવે. દૃષ્ટાંતના સર્વ ધર્મ પક્ષમાં આવે એ ઇષ્ટ નથી, કારણ કે 'જલ અનિત્ય છે, કારણ કે એ કાર્ય છે. જે જે કાર્ય છે તે અનિત્ય છે; જેમકે ઘટ' એવું અનુમાન કરીએ છીએ તેમાં ઘટ દૃષ્ટાંત છે અને જલ પક્ષ છે. દૃષ્ટાંતના સર્વ ધર્મ પક્ષમાં હોય તો ઘટના સર્વ ધર્મ જલમાં હોવા જોઈએ. ઘટ પાર્થિવ અથવા પૃથ્વીનો બનેલો છે તેથી જલ પણ આ પ્રમાણે પાર્થિવ સિદ્ધ થઈ જાય. વળી, કેવલ પ્રયત્નથી ચેષ્ટા વિના કુલાલ ઘટ વગેરે કરવા સમર્થ નથી, તેથી કુલાલમાં ચેષ્ટા છે. ચેષ્ટા હોવાથી ચેષ્ટાનું આશ્રય શરીર પણ એમાં છે, પરંતુ એ સહકારી જ છે. ઘટ વગેરે કુલાલ ચેષ્ટા વિના કરી શકતો નથી, તેથી ચેષ્ટાનો આશ્રય શરીર કુલાલમાં ઘટ કરવામાં માત્ર સહકારી જ છે, પરંતુ જગત્કર્તા ઈશ્વર માત્ર પ્રયત્નથી સર્વ કાર્ય કરી શકે છે. ઈશ્વર પ્રયત્નથી જ જગત કરે છે, એમને ચેષ્ટાની આવશ્યકતા નથી. વળી, ઈશ્વરને શરીર હોય તો એ પરિચ્છિન્ન અથવા હદવાળું જ હોવું જોઈએ. 'ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન છે, કારણ કે એ શરીર છે. જે જે શરીર છે તે પરિચ્છિન્ન છે; જેમકે આપણાં શરીર.' એ પ્રમાણે અનુમાન કરવાથી ઈશ્વરને શરીર હોય તો એ પરિચ્છિન્ન અથવા હદવાળું હોવું જ જોઈએ. હદવાળું શરીર એકસાથે સર્વ દેશમાં કાર્ય કરી શકે નહિ, તેથી ઈશ્વરને શરીર હોય તો સર્વત્ર એકસાથે કાર્યની ઉત્પત્તિ થઈ શકે નહિ; તેથી ઈશ્વરને શરીર નથી એમ જ માનવું જોઈએ.

સિદ્ધાન્તી—આ પણ ઠીક નથી, કારણ કે જેમ ઈશ્વર જગતના ઉપાદાનના ગોચર અને અપરોક્ષ જ્ઞાનવાળા છે એમ સિદ્ધ કરો છો, તેજ પ્રમાણે અનુમાન કરવાથી અન્વય અને વ્યતિરેકથી ઈશ્વર શરીરવાળા છે એમ પણ સિદ્ધ થાય છે. 'ઈશ્વર શરીરવાળા છે, કારણ કે એ કર્તા છે. જે જે કર્તા છે તે શરીરવાળા છે; જેમકે ઘટકર્તા કુલાલ. જે જે શરીરરહિત છે તે કર્તા નથી; જેમકે મુક્તજીવ.' એ પ્રમાણે અન્વયવ્યાપ્તિ અને વ્યતિરેકવ્યાપ્તિથી પણ ઈશ્વરને શરીર છે એમ સિદ્ધ થાય છે. લોકમાં પણ જે કર્તા હોય તે સર્વ શરીરવાળા છે એવો અનુભવ થાય છે, તેથી ઈશ્વરને શરીર છે એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. વ્યાપ્તિના બળથી સિદ્ધ થતું શરીર સ્વીકારો નહિ, તો ઈશ્વરમાં ઇચ્છા પણ સિદ્ધ થાય નહિ, કારણ

સિદ્ધ થાય નહિ. 'ચેષ્ટા વિના કેવલ પ્રયત્નથી કાર્ય કરવાને ઈશ્વર સમર્થ હોવાથી, ઈશ્વરમાં ચેષ્ટાશ્રય શરીરની સિદ્ધિ થતી નથી' એમ કહો, તો ઈશ્વર ઇચ્છા અને પ્રયત્ન વિના પણ કેવલ જ્ઞાનથી જ એમ કરવા સમર્થ હોવાથી એમને ઇચ્છા વગેરે પણ નથી, એમ પણ કહેવું સહેલ છે. 'શરીર પરિચ્છિન્ન હોવાથી ઉપર કહેલો દોષ છે' એમ પણ ન કહેવાય, કારણ કે અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું શરીર જે વડે અનુપપત્તિનો પરિહાર તેવા પ્રકારનું જ સિદ્ધ થાય. શરીરના પરિચ્છેદ અને

પૂર્વપક્ષી—ઈશ્વર ચેષ્ટા વિના માત્ર પ્રયત્નથી જ કાર્ય કરવા સમર્થ છે, તેથી જગત રચવામાં ઈશ્વરને ચેષ્ટાની આવશ્યકતા નથી. ચેષ્ટાની આવશ્યકતા ન હોવાથી ચેષ્ટાના આશ્રય શરીરની પણ આવશ્યકતા નથી. તેથી ઈશ્વરને શરીર નથી એમ માનીએ છીએ.

સિદ્ધાન્તી—એમ હોય તો ઇચ્છા અને પ્રયત્ન વિના માત્ર જ્ઞાનથી જ ઈશ્વર જગત રચવા સમર્થ છે તેથી ઈશ્વરને ઇચ્છા અને પ્રયત્નની પણ અપેક્ષા નથી એમ માનો. ઈશ્વરને પ્રયત્ન છે તોપણ શરીરની અપેક્ષા નથી એમ તમે માનો છો, ત્યારે ઈશ્વરને જ્ઞાન છે તેથી અન્ય કોઈની અપેક્ષા નથી એમ માનો. પરંતુ એમ કહી શકાય એમ નથી; તેથી ઈશ્વરને અન્વય વ્યતિરેકથી સિદ્ધ થતું શરીર નથી એમ પણ કહી શકાય નહિ.

પૂર્વપક્ષી—ઈશ્વરને શરીર હોય તો એ પરિચ્છિન્ન હોવું જોઈએ અને પરિચ્છિન્ન શરીરથી સર્વત્ર એકસાથે કાર્ય થઈ શકે નહિ, તેથી પરિચ્છિન્ન શરીરથી જગત રચી શકાય નહિ; તેથી ઈશ્વરને શરીર નથી એમ અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી—એમ કહેવાય નહિ, કારણ કે ઈશ્વરને શરીર ન હોય તો એ જગત રચી શકે નહિ. ઈશ્વરને શરીર ન હોય તો જગતની અનુપપત્તિ થાય છે, તેથી શરીર માનીએ છીએ. ઈશ્વરને શરીર છે એમ ન માનીએ તો જગતની અનુપપત્તિ થાય છે, અર્થાત્ અન્યથાનુપપત્તિથી ઈશ્વરને શરીર છે એમ સિદ્ધ થાય છે. અન્યથાનુપપત્તિથી સિદ્ધ થતું ઈશ્વરનું શરીર જેવા શરીરથી અનુપપત્તિ દૂર થાય તેવા પ્રકારનું જ સિદ્ધ થાય છે. પરિચ્છિન્ન શરીરથી અનુપપત્તિ દૂર ન થાય તો જેવા પ્રકારના જેટલા પરિમાણવાળા શરીરથી સર્વત્ર એકસાથે કાર્ય થઈ શકે તેવા પ્રકારનું અને તેવા પરિમાણવાળું સિદ્ધ થાય છે; તેથી 'ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય છે, કારણ કે એ શરીર છે. જે જે શરીર છે તે તે પરિચ્છિન્ન અને અનિત્ય છે; જેમકે આપણું શરીર' એવા અનુમાનથી ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે પરિચ્છિન્ન અને અનિત્ય શરીરથી જગતની ઉત્પત્તિ થાય નહિ. એવા પ્રકારની અન્યથાનુપપત્તિથી જગતકર્તાનું શરીર અપરિચ્છિન્ન અને નિત્ય જ સિદ્ધ થાય છે; તેથી શરીર અપરિચ્છિન્ન અને નિત્ય જ સિદ્ધ થાય છે તેથી શરીર પરિચ્છિન્ન અને અનિત્ય હોવું જોઈએ એ નિયમનો ભંગ થાય છે. વસ્તુતઃ ઈશ્વર અશરીરી છે અને જગતકર્તા છે એમ માનનારના મત પ્રમાણે ઈશ્વરનું શરીર પરિચ્છિન્ન અને અનિત્ય હોવું જોઈએ એવી અનુપપત્તિની ઉદ્ભાવના થતી નથી, કારણ કે એમના મત પ્રમાણે શરીરની જ સિદ્ધિ થતી નથી. શરીર જ કર્તા હોય અને તેથી ઈશ્વરને શરીર છે એમ માને છે તેમના મત પ્રમાણે પણ ઈશ્વરનું શરીર અન્યથાનુપપત્તિથી સિદ્ધ થાય છે, તેથી અન્યથાનુપપત્તિને લીધે સર્વ અનુપપત્તિ દૂર કરી શકે તેવા શરીરની જ સિદ્ધિ થાય. તેથી '**आकाशशरीरं ब्रह्म**'

અનિત્યત્વનો નિયમ પણ અનુપપન્ન છે, કારણ કે પક્ષધર્મતાના બલથી અપરિચ્છિન્ન અને નિત્ય શરીરની જ સિદ્ધિ થાય છે. વસ્તુતઃ પરિચ્છેદ અને અનિત્યત્વ વગેરે અનુપપત્તિની ઉદ્‌ભાવના શરીરસિદ્ધિથી જ વ્યાહત હોવાથી સંભવતી નથી, નહિતો જ્ઞાન પણ અનિત્ય (હોવું જોઇએ) એ નિયમ પ્રમાણે ઈશ્વરનું જ્ઞાન પણ અનિત્ય થઈ જાય.

—'ઈશ્વરના કર્તૃત્વ વડે શરીર સાધતાં ઈશ્વરની અસિદ્ધિ થવાથી આશ્રયાસિદ્ધિ થાય છે, અને ઈશ્વરની સિદ્ધિ થાય તો ધર્મિગ્રાહક પ્રમાણથી અશરીર જ સિદ્ધ થાય તેથી શરીરિત્વનો બાધ થાય'—એ વિચાર ન કરવાથી રમણીય લાગે છે, કારણ કે અહીં ધર્મિગ્રાહક પ્રમાણ કયું છે એ તમને પૂછીએ છીએ. કાર્ય જેમાં લિંગ છે તે અનુમાન એમ કહો તો એનાથી માત્ર કર્તા સિદ્ધ થાય, અન્ય નહિ.—'એ સત્ય છે, પરંતુ કર્તા તરીકે પોતે સિદ્ધ થતો કર્તા પોતાના કર્તૃત્વનાં નિર્વાહક લઈને જ સિદ્ધ થાય એમ એમ કહીએ છીએ.'—અહો ! એનાં નિર્વાહક કોણ ?

'यद्येष आकाश आनन्दो न स्यात्' વગેરે શ્રુતિઓથી સર્વ અનુપપત્તિ દૂર કરનારું શરીર સત્ ચિત્ અને આનંદાત્મક છે, અને ઈશ્વરથી અભિન્ન છે. આ મત પ્રમાણે પણ ઈશ્વરનું શરીર નિત્ય અપરિચ્છિન્ન સિદ્ધ થાય છે, તેથી શરીર અનિત્ય અને પરિચ્છિન્ન હોવું જોઈએ એ નિયમનો ભંગ જ થાય છે. જો આ નિયમ સાર્વત્રિક હોય તો જ્ઞાન અનિત્ય છે એ નિયમ પણ સાર્વત્રિક હોવો જોઈએ; તેથી જેમ આપણું જ્ઞાન અનિત્ય છે તેમ ઈશ્વરનું જ્ઞાન પણ અનિત્ય થઈ જાય.

પૂર્વપક્ષી—(નૈયાયિક એકદેશી) 'ઈશ્વર શરીરવાળા છે, કારણ કે એ કર્તા છે. જે જે કર્તા છે તે શરીરવાળા છે; જેમકે કુલાલ' વગેરે રીતે ઈશ્વર કર્તા છે તેથી એમને શરીર છે એમ સિદ્ધ કરવામાં આવે છે; પરંતુ આમ અનુમાન કરતાં શરીર સિદ્ધ થાય તો એ શરીરી ઈશ્વર નહિ, પરંતુ શરીર હોવાથી જીવસમાન છે, તેથી કોઈ એવા શરીરવાળો જીવ હોવો જોઈએ; તેથી ઈશ્વરનું શરીર સિદ્ધ કરતાં આશ્રય ઈશ્વરની અસિદ્ધિ થાય છે. ઈશ્વરની જગત્કર્તા તરીકે સિદ્ધિ થાય છે તો ધર્મી ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાનથી શરીરરહિત જ ઈશ્વર સિદ્ધ થાય છે; તેથી ઈશ્વરના શરીરનો બાધ થાય છે, અર્થાત્ ઈશ્વરને શરીર નથી.

સિદ્ધાન્તી—જ્યાંસુધી વિચાર કરાય નહિ ત્યાંસુધી જ તમારો મત રમણીય લાગે છે. પ્રથમ ધર્મિગ્રાહક પ્રમાણ કયું એમ તમને પૂછીએ છીએ. 'ક્ષિતિ વગેરેની પૂર્વે એઓનો કર્તા હોવો જોઈએ, કારણ કે એ કાર્ય છે. જે જે કાર્ય છે તેની પૂર્વે એનો કર્તા હોય છે; જેમકે ઘટ' વગેરે અનુમાન ધર્મિગ્રાહક પ્રમાણ છે. આ અનુમાનમાં 'કાર્ય' લિંગ અથવા હેતુ છે. આ અનુમાન ધર્મી જગત્કર્તાનું ગ્રહણ કરાવનાર હોવાથી ધર્મિગ્રાહક પ્રમાણ છે એમ કહો, તો અમે ઉત્તર આપીએ છીએ કે આ અનુમાનથી માત્ર જગત્કર્તા સિદ્ધ થાય છે, પરંતુ અન્ય કાંઈ સિદ્ધ થતું નથી.

પૂર્વપક્ષી—સત્ય. એ અનુમાનથી કર્તા જ સિદ્ધ થાય છે; પરંતુ કર્તા સિદ્ધ થાય ત્યારે એના કર્તૃત્વનો નિર્વાહ કરનાર સર્વ ધર્મવાળો જ સિદ્ધ થાય. કર્તૃત્વનો નિર્વાહ કરનાર ધર્મ વિના કર્તા સિદ્ધ થાય જ નહિ.

--'જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન જ.' --એમ કેમ ?--' કારણ કે લોકમાં એ ગુણવાળા કાર્યના કર્તા દેખાય છે, એ ગુણથી રહિત નહિ.' --ત્યારે શરીર પણ એઓની સમાન યોગક્ષેમવાળું હોવાથી જ્ઞાન ઇચ્છા પ્રયત્ન અને શરીરવાળો જ સિદ્ધ થશે, નહિ તો જ્ઞાન વગેરે પણ સિદ્ધ થશે નહિ, કારણ કે લોકમાં એ પણ સમાન જ દેખાય છે એમ જાણ.--' શરીર મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું હોવાથી ચાક્ષુષ કેમ ન થાય ?' --લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી તેથી, એમ કહીએ છીએ. વિગ્રહવાળા ઇંદ્રાદિ દેવના પણ અપ્રત્યક્ષપણાનું શ્રવણ થાય છે, ત્યારે સર્વ દેવના દેવના અપ્રત્યક્ષપણામાં શી શંકા ? વળી, (ઇશ્વિરશરીર પ્રત્યક્ષ વિષય છે) એ સિદ્ધિથી ઉત્તરકાલીન હોવાથી,

---

સિદ્ધાન્તી—અહો, કર્તૃત્વનો નિર્વાહ કરનાર ધર્મ કયા છે ?

પૂર્વપક્ષી—જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન જ.

સિદ્ધાન્તી—જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન એ ત્રણ જ ધર્મો કર્તૃત્વનો નિર્વાહ કરે છે એમ કેમ જાણ્યું ?

પૂર્વપક્ષી—કારણ કે લોકમાં આ ત્રણ ધર્મવાળા પુરુષ જ કાર્ય કરે છે એવો આપણને અનુભવ થાય છે. આ ત્રણ ધર્મથી રહિત હોય તે કાર્ય કરતા નથી એમ પણ આપણને અનુભવ થાય છે; તેથી આ ત્રણ ધર્મ જ કર્તૃત્વના પ્રયોજક છે.

સિદ્ધાન્તી—ત્યારે જે જે કર્તા છે તેમને શરીર છે અને જે જે શરીરરહિત છે તે કર્તા નથી, એવો પણ લોકમાં અનુભવ થાય છે; તેથી શરીર પણ જ્ઞાન ઇચ્છા અને પ્રયત્નના સમાન જ છે. તેથી જગત્કર્તા જ્ઞાન ઇચ્છા અને પ્રયત્નવાળો જ સિદ્ધ થતો નથી, પરંતુ જ્ઞાન ઇચ્છા પ્રયત્ન અને શરીરવાળો જ સિદ્ધ થાય છે. જો જગત્કર્તામાં શરીર સિદ્ધ ન થાય તો જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન પણ સિદ્ધ ન થાય.

પૂર્વપક્ષી—જગત્કર્તામાં જ્ઞાન ઇચ્છા અને પ્રયત્ન સિદ્ધ થાય છે, પરંતુ શરીર સિદ્ધ થતું નથી, કારણ કે શરીર હોય તો એ ઉદ્ભૂતરૂપવાળું અને મહત્ હોવું જોઈએ. જે જે પદાર્થ મહત્ અને ઉદ્ભૂતરૂપવાળા હોય તે ચાક્ષુષ છે, તેથી ઈશ્વરને શરીર હોય તો એ ચાક્ષુષ હોવું જોઈએ. ઈશ્વરનું શરીર ચાક્ષુષ છે, કારણ કે એ મહત્ અને ઉદ્ભૂતરૂપવાળું છે. જે જે મહત્ અને ઉદ્ભૂતરૂપવાળાં છે તે ચાક્ષુષ છે; જેમકે આપણાં શરીર. આ પ્રમાણે અનુમાન કરવાથી પણ ઈશ્વરને શરીર હોય તો એ ચાક્ષુષ જ હોવું જોઈએ એમ સિદ્ધ થાય છે; પરંતુ ઈશ્વરનું શરીર આપણે દેખી શકતા નથી, તેથી ઈશ્વરને શરીર હોય તો આપણે એ કેમ જોઇ શકીએ નહિ ?

સિદ્ધાંતી—આપણે એ જોઈ શકતા નથી, કારણ કે એ લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. ઇંદ્ર વગેરે દેવોને પણ શરીર છે અને છતાં એ અપ્રત્યક્ષ છે એમ આપણે શાસ્ત્રમાંથી જાણીએ છીએ, તે જ પ્રમાણે ઈશ્વરને શરીર છે છતાં એ આપણે જોઈ શકતા નથી. ઈશ્વરનું શરીર અચાક્ષુષ છે, કારણ કે એ લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી. જે જે લૌકિક પ્રત્યક્ષનો વિષય નથી તે અચાક્ષુષ છે; જેમકે ઇંદ્ર વગેરે દેવોનાં શરીર. જ્યારે ઇંદ્ર વગેરે દેવોનાં શરીર પણ અચાક્ષુષ છે ત્યારે સર્વ દેવના દેવ ઈશ્વરનું શરીર અચાક્ષુષ હોય એમાં શંકા પણ કેવી ? વળી, ઈશ્વરનું શરીર આપણા પ્રત્યક્ષનો વિષય છે એમ સિદ્ધ થાય ત્યાર પછી એ આપણે

અને એ સિદ્ધિના અનવસરથી જ પરાહત જ હોવાથી શંકાનો ઉદય જ સંભવતો નથી એમ સંક્ષેપ છે. આથી 'કાર્યનો શરીર વગેરેવાળો કર્તા પૂર્વે હોવો જોઇએ એ નિયમનો, દરેક તૃણના અગ્રભાગમાં ઉત્પન્ન થતાં અંકુર વગેરેમાં જ શરીરી કર્તાનો ઉપલંભ થતો નથી તેથી, નિરાસ થયો ' એનો નિરાસ થયો, કારણ કે ઉપર કહેલી યુક્તિથી ત્યાં પણ શરીરી કર્તાની જ સિદ્ધિ થાય છે; તેથી જ્ઞાનથી દુર્બલના માત્ર વ્યામોહન માટે એ મત છે, પરન્તુ સચ્છાસ્ત્રીય નથી, તેથી વિદ્વાનોએ એની ઉપેક્ષા કરવી. આ પણ તમારા મતને જ અનુસરી કહેલું છે, અમારે તો સર્વતઃ-પાણિપાદાન્તવાળા અચિંત્ય અનન્ત શક્તિવાળા જ ભગવાન દરેક સત્કર્ણમાં અને જિહ્વાગ્રમાં જાગરૂક ઉપર કહેલાં શ્રુતિ સ્મૃતિ અને પુરાણનાં વાક્ય અને તત્ત્વસૂત્રરૂપી ભેરીના ઘોષથી ઉદ્ઘુષ્ટ થઈ સિદ્ધ થાય છે, તેથી અનુમાનરૂપી મચ્છરના ગણગણાટની અપેક્ષા નથી, તેથી અવિરત તર્કની હદ થઇ ગઇ.

બ્રહ્મધર્મો બ્રહ્મરૂપ અને બ્રહ્મથી ભિન્ન પણ છે.

"આ હોય. બ્રહ્મના ધર્મ બ્રહ્મથી ભિન્ન છે કે અભિન્ન ? પ્રથમ નહિ, કારણ કે એઓને પણ નિત્ય તરીકે જ સ્વીકાર્યા છે. 'એક જ અદ્વિતીય' (છાં. ૬-૨-૧) 'આ પુરુષ અસંગ છે' (બૃ. ૪-૩-૧૫) એ શ્રુતિનો વિરોધ થાય.

જોઈ કેમ શકતા નથી એવી શંકા સંભવે; પરંતુ એ આપણા પ્રત્યક્ષનો વિષય છે એમ જ સિદ્ધ થતું નથી, તો આ શંકા પણ કેમ સંભવે?

જે જે કાર્ય છે તેની પૂર્વે એનો શરીર વગેરેવાળો કર્તા છે એવી નૈયાયિકોની વ્યાપ્તિનો પૂર્વમીમાંસાવાળા આદર કરતા નથી. દરેક ઘાસના તરખલાના અગ્રભાગ પર જે અંકુર ઉત્પન્ન થાય છે તે કાર્ય છે તોપણ એનો ઉત્પન્ન કરનાર કોઈ શરીરવાળો કર્તા જણાતો નથી, તેથી આ વ્યાપ્તિ યોગ્ય નથી, એ પ્રમાણે પૂર્વમીમાંસકો આ વ્યાપ્તિનું ખંડન કરે છે, તેમનો પણ આથી નિરાસ થાય છે. પૂર્વે જે યુક્તિઓ ઈશ્વરનું શરીર સિદ્ધ કરવા કહી તેનાથી જ અહીં પણ અંકુર ઉત્પન્ન કરનાર શરીરી કર્તા સિદ્ધ થાય છે. એ લૌકિક પ્રત્યક્ષનો વિષય નહિ હોવાથી આપણે એને જોઈ શકતા નથી, પરંતુ શરીરવાળો કર્તા સિદ્ધ થાય છે. આ પ્રમાણે યુક્તિથી એમના મતનું ખંડન કર્યું છે. બૌદ્ધ વગેરે મતનું ખંડન કરેલું હોવાથી જ આ નૈયાયિકના મતનો શિષ્ટ મતમાં આદર કરેલો છે, પરંતુ એ શાસ્ત્રીય મત નથી, તેથી વિદ્વાનોએ એની ઉપેક્ષા કરવી જોઈએ. આ ખંડન પણ યુક્તિથી એના મત પ્રમાણે જ કરેલું છે. વસ્તુતઃ ઈશ્વરને શરીર છે કે નહિ, ઈશ્વરનું શરીર નિત્ય છે કે અનિત્ય, એ સર્વ અનુમાનનો વિષય નથી, પરંતુ શાસ્ત્રથી જ એ સર્વનું જ્ઞાન થાય છે. દરેક સત્કર્ણમાં અને જિહ્વાના અગ્રભાગમાં જાગરૂક રહેલાં ઉપર વર્ણવેલાં શ્રુતિ સ્મૃતિ પુરાણનાં વાક્ય અને તત્ત્વસૂત્રરૂપી ભેરીના ઘોષથી ઈશ્વર સર્વતઃ પાણિ અને પાદના અંતવાળા અચિંત્ય–અનન્ત-શક્તિવાળા સિદ્ધ થાય છે તેવા જ અમે માનીએ છીએ. અમે ઈશ્વરનું જે સ્વરૂપ માનીએ છીએ તે આ શ્રુતિ સ્મૃતિ પુરાણવાક્ય અને તત્ત્વસૂત્રરૂપી ભેરીના ઘોષથી ઉદ્ઘુષ્ટ છે, તેથી અનુમાનરૂપી મશકના ગુંકારની અમારે લેશ પણ અપેક્ષા નથી, તેથી હવે એ વાત બહુ થઈ ગઈ.

હવે માયાવાદી પૂર્વપક્ષ કરે છે.

પૂર્વપક્ષી—બ્રહ્મના ધર્મો બ્રહ્મથી ભિન્ન હોઈ શકે નહિ, કારણ કે બ્રહ્મધર્મો નિત્ય છે એમ તમે માનો છો. નિત્ય બ્રહ્મધર્મ બ્રહ્મથી ભિન્ન હોય તો 'એક જ અદ્વિતીય' 'આ

દ્વિતીય પણ નહિ, કારણ કે ધર્મત્વનો નાશ થાય. તેથી એકવિજ્ઞાનથી સર્વ વિજ્ઞાનની ઉપપત્તિ માટે પ્રપંચ જેવા બ્રહ્મનાં કાર્ય જ ધર્મ છે એમ માનવું જોઈએ. આમ હોવાથી બ્રહ્મ સર્વ કલ્પનારહિત જ સિદ્ધ થશે.”—અહીં કહીએ છીએ : જેમ તેજોરૂપ સૂર્યનો પ્રકાશ પણ સૂર્યરૂપ જ હોઈ એના ધર્મરૂપ છે, (સૂર્ય અને પ્રકાશ) તેજ તરીકે જ મૂલાવિચ્છેદથી પ્રતીયમાન થાય છે, તેથી (પ્રકાશ) અસૂર્યરૂપ નથી, અને એનાથી ભિન્ન અને એના તરીકે પ્રતીયમાન હોવાથી એના ધર્મરૂપ છે, તેથી પ્રતીતિના અનુરોધથી ઉત્પત્તિવિશિષ્ટ છે તોપણ એ વસ્તુ જ એવા પ્રકારની છે, એમ સ્વીકારીએ છીએ, તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ અભેદ બોધ કરનાર શ્રુતિના અનુરોધથી બ્રહ્મરૂપ જ છે. ‘આની શક્તિ પર’ (શ્વે. ૬-૮) ઇત્યાદિમાં ષષ્ઠી વડે ભેદથી પ્રતિપાદન કરેલા હોવાથી બ્રહ્મથી ભિન્ન પણ છે; તેથી ઉભય પ્રકારની શ્રુતિના બલથી જ એ વસ્તુ જ એવા પ્રકારની છે એમ માનવું, કારણ કે લૌકિક અનુવાદ કરી (થતા) નિષેધ પક્ષનો પ્રથમ નિરાસ કરેલો છે. પ્રકાશ

પુરુષ અસંગ છે’ વગેરે શ્રુતિઓનો વિરોધ થાય. બ્રહ્મ અને બ્રહ્મના ધર્મો એ સર્વ નિત્ય પદાર્થ હોવાથી કોઈ સમયે ‘એક જ અદ્વિતીય’ એમ કહી શકાય નહિ. બ્રહ્મના ધર્મો બ્રહ્મથી અભિન્ન પણ હોઈ શકે નહિ, કારણ કે દ્રવ્ય અને એના ધર્મ અથવા ગુણો સર્વદા ભિન્ન જ છે. બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન હોય તો એ દ્રવ્ય જ ગણાય, ધર્મ ગણાય જ નહિ; એમના ધર્મત્વનો નાશ થાય. આ પ્રમાણે બ્રહ્મધર્મ બ્રહ્મથી ભિન્ન અથવા અભિન્ન છે એમ કહી શકાય નહિ; તેથી એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય એ પ્રતિજ્ઞાની ઉપપત્તિ માટે પ્રપંચ જેવા બ્રહ્મનાં કાર્ય જ બ્રહ્મધર્મ છે એમ માનવું જોઈએ; તેથી બ્રહ્મ સર્વકલ્પનારહિત અથવા સર્વ-ધર્મરહિત અર્થાત્ નિર્વિશેષ જ સિદ્ધ થાય છે.

સિદ્ધાન્તી—એમ નથી. સૂર્ય તેજોરૂપ છે. એનો પ્રકાશ પણ તેજોરૂપ જ અથવા સૂર્યરૂપ જ છે, અને વળી એનો ધર્મ પણ છે. મૂલ સૂર્યથી વિચ્છેદ વિના તેજ તરીકે જ પ્રકાશની પ્રતીતિ થાય છે, એ પ્રકાશ સૂર્યરૂપ નથી એમ કહી શકાય નહિ. વળી, સૂર્યથી ભિન્ન અને સૂર્યનો પ્રકાશ એવી એની પ્રતીતિ થાય છે, તેથી પ્રકાશ સૂર્યનો ધર્મ પણ છે; તેથી પ્રકાશ ઉત્પત્તિવાળો હોવા છતાં એની પ્રતીતિ થાય છે એને અનુસરી, પ્રકાશ સૂર્યરૂપ અને સૂર્યધર્મરૂપ છે એમ માનીએ છીએ, તે જ પ્રમાણે બ્રહ્મના ધર્મો પણ બ્રહ્મથી અભિન્ન અથવા બ્રહ્મરૂપ અને બ્રહ્મથી ભિન્ન પણ છે. બ્રહ્મ અને બ્રહ્મના ધર્મોના અભેદનો બોધ કરનારી શ્રુતિને લીધે બ્રહ્મધર્મો બ્રહ્મરૂપ જ છે. વળી, ‘આની શક્તિ પર’ વગેરે શ્રુતિમાં ષષ્ઠી વિભક્તિથી બ્રહ્મધર્મો બ્રહ્મથી ભિન્ન કહ્યા છે, તેથી બ્રહ્મથી ભિન્ન પણ છે; તેથી અભેદનો બોધ કરનારી અને ભેદનો બોધ કરનારી ઉભય પ્રકારની શ્રુતિને અનુસરી બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન પણ છે. ધર્મનું નિરૂપણ કરનારી શ્રુતિ લૌકિક ધર્મોનો અનુવાદ કરે છે અને પછી નિષેધશ્રુતિ એ જ ધર્મોનો નિષેધ કરે છે, તેથી બ્રહ્મ નિર્વિશેષ છે એમ માની શકાય નહિ. આ પક્ષનો પ્રથમ જ અમે નિરાસ કરેલો છે, તેથી બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન અને ભિન્ન ઉભય છે એમ માનવું જોઈએ. સૂર્ય અને પ્રકાશના દૃષ્ટાંતથી એમ જ સિદ્ધ થાય છે. પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન થયેલું અન્ય જ તેજ છે એમ કહેવાય નહિ, કારણ કે ‘જે આદિત્યનું તેજ

સૂર્યજન્ય જ બીજું તેજ છે એમ ન કહેવું, કારણ કે 'જે આદિત્યનું તેજ' (ભ. ગી. ૧૫-૧૨) વાક્યથી ભગવત્તેજ હોવાથી અજન્ય છે. ભેદની કલ્પનામાં પ્રમાણ નથી, અને ગૌરવ થાય છે. પ્રલયમાં સૂર્યનો નાશ થાય તોપણ તેજ ભગવદ્દત્ત હોવાથી એની ફરીથી ભગવાનમાં સ્થિતિ થાય છે, અથવા તેજસહિત સૂર્યનો જ ભગવાનમાં લય થાય છે. 'प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्' (બ્ર સૂ. ૩-૨-૨૮) એમ સૂત્રકાર પણ ધર્મના સ્વરૂપના નિરૂપણમાં એમ જ કહે છે. 'वा' શબ્દ પૂર્વપક્ષનો નિરાસ કરે છે. 'પ્રકાશ અને એનો આશ્રય સૂર્ય વગેરે, એઓનો જેમ અભેદ છે તેમ બ્રહ્મધર્મ અને બ્રહ્મનો પણ અભેદ છે' એવો અર્થ છે. પ્રકાશ એના આશ્રય તેજથી ભિન્ન છે એવી શંકાનો નિરાસ કરવા હેતુ કહેલો છે. આમ હોવાથી 'પોતાના આશ્રયથી અભિન્ન તેજ હોવાથી' એવો અર્થ થાય છે. અથવા, તેજથી ભિન્ન વસ્તુમાં એમ દેખાતું નથી તેથી 'तेजस्त्वात्' એમ બ્રહ્મમાં જ હેતુ કહ્યો. 'આદિત્યનું જે' વાક્યમાં તેજનું બ્રહ્મના ધર્મ તરીકે જ નિરૂપણ હોવાથી, બ્રહ્મ પણ તેજોરૂપ છે એવો ભાવ છે. તેથી એવા ધર્મથી વિશિષ્ટ જ એ વસ્તુનું શ્રુતિ 'એક જ' એમ પ્રતિપાદન કરે છે. તેથી 'જ' શબ્દથી ભગવાન

અખિલ જગત પ્રકાશે છે, જે ચંદ્રમામાં અને અગ્નિમાં તેજ છે તે તેજ મારું જાણ' એ વાક્યને લીધે પ્રકાશ ભગવાનનું જ તેજ છે, અને ભગવાનનું તેજ હોવાથી એ નિત્ય અથવા અજન્ય છે. પ્રકાશ સૂર્યથી ભિન્ન અન્ય જ તેજ છે એમ માનવામાં કાંઈ પ્રમાણ નથી, અને નિરર્થક ગૌરવ થાય છે. પ્રલય સમયે જ્યારે સૂર્યનો નાશ થાય છે ત્યારે પણ એનો પ્રકાશ અથવા તેજ એ ભગવાને જ આપેલ હોવાથી એ ભગવાનમાં જ લય પામે છે, અથવા પોતાના પ્રકાશ સહિત સૂર્ય જ ભગવાનમાં લય પામે છે, તેથી પ્રકાશ સૂર્યથી ઉત્પન્ન થયેલું અન્ય જ તેજ છે એમ કહેવાય નહિ. સૂત્રકાર પણ બ્રહ્મના ધર્મના સ્વરૂપનું નિરૂપણ કરતાં '**प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्**' સૂત્ર યોજે છે. આ સૂત્રમાં '**वा**' શબ્દ પૂર્વપક્ષનો નિરાસ કરવા યોજેલો છે. પ્રકાશ અને એનો આશ્રય સૂર્ય વગેરે, તેઓનો જેમ અભેદ છે તેમ બ્રહ્મધર્મ અને બ્રહ્મનો પણ અભેદ છે. '**प्रकाशाश्रयवत्**' શબ્દનો એવો અર્થ છે. પછી પ્રકાશ પોતાના આશ્રય સૂર્ય વગેરેથી ભિન્ન છે એવી શંકા થાય તેનો નિરાસ કરવા '**तेजस्त्वात्**' હેતુ યોજે છે. 'પોતાના આશ્રયથી અભિન્ન તેજ હોવાથી' એવો આ પ્રમાણે હેતુનો અર્થ થાય છે. અથવા તેજથી વ્યતિરિક્ત કોઈ પણ પદાર્થમાં આ પ્રમાણે ધર્મનો અભેદ જણાતો નથી. માત્ર સૂર્ય ચંદ્ર વગેરે જ એઓના તેજ અથવા પ્રકાશથી અભિન્ન છે; તેથી બ્રહ્મમાં જ '**तेजस्त्वात्**' હેતુ કહે છે. બ્રહ્મ '**तेजः**' કહેવાય છે તેથી, એવો હેતુનો અર્થ થાય છે. 'જે સૂર્યનું તેજ અખિલ જગત પ્રકાશે છે' વગેરે વાક્યમાં તેજ બ્રહ્મનો જ ધર્મ છે એમ કહેલું છે, તેથી બ્રહ્મ પણ સૂર્ય વગેરે પેઠે તેજોરૂપ જ છે; તેથી જેમ સૂર્ય અને એનો પ્રકાશ અભિન્ન છે તેમ બ્રહ્મ અને બ્રહ્મધર્મો અભિન્ન છે; તેથી 'એક જ અદ્વિતીય' શ્રુતિ પણ બ્રહ્મથી અભિન્ન બ્રહ્મધર્મથી વિશિષ્ટ જ બ્રહ્મના સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તેથી 'એક જ અદ્વિતીય' એ શ્રુતિમાં 'જ' શબ્દ છે તે બ્રહ્મ અને બ્રહ્મધર્મથી વ્યતિરિક્ત પદાર્થોનો જ વ્યવચ્છેદ કરે છે, અર્થાત્ બ્રહ્મ અને બ્રહ્મધર્મ સિવાય કોઈ પદાર્થ એ સમયે

અને એમના ધર્મથી અતિરિક્ત જ વસ્તુનો વ્યવચ્છેદ થાય છે, પરન્તુ એઓનો પણ વ્યવચ્છેદ થતો નથી, કારણ કે એઓનો સ્વરૂપમાં સમાવેશ થાય છે, કારણ કે મધ્યાહ્ને 'નભોમંડલમાં સૂર્ય જ છે' એ વાક્યથી સૂર્યની પ્રભાની સત્તાનો નિષેધ થતો નથી. તેથી જ દ્વિતીય સ્કન્ધમાં બ્રહ્મસ્વરૂપના નિરૂપણમાં રાજાએ પૂછવાથી શ્રીશુકદેવે એનું નિરૂપણ કરતાં 'જ્યાં સુર અને અસુરથી પૂજાયેલા હરિનું વ્રત પાળનારા (છે), જ્યાં માયા નથી તો બીજાનું શું કહેવું?' એમ ઉપક્રમ કરી, 'પોતાના ધામમાં પોતાથી અભિન્ન ભગથી યુક્ત અને અન્યત્ર અધ્રુવથી યુક્ત રમતા ઈશ્વરને' (ભા. ૨-૯-૧૦ થી ૧૬) એમ કહ્યું; તેથી ભગવાનના ધર્મો ભગવાનમાં જ નિત્ય જ છે. જેમને ભગવાન પોતાના ઐશ્વર્ય વગેરે ધર્મો આપે છે તેઓમાં જ્યાંસુધી ભગવાનની ઇચ્છા હોય ત્યાંસુધી એ રહે છે એમ ફલિત થાય છે. દશમ સ્કન્ધમાં અક્રૂરે દર્શન કરેલા સ્વરૂપના નિરૂપણમાં 'શ્રી, પુષ્ટિ, ગીઃ, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા અને માયા શક્તિથી સેવાયેલા' (ભા. ૧૦-૩૯-૫૫) એ વાક્યની એકવાક્યતામાં, અને લોકમાં સંમત ત્રણ અધ્યાયમાં 'ઝીણાથી આરંભી મોટાઓથી' એમ ઉપક્રમ કરી 'મૂર્તિવાળાઓથી ઉપાસિત માત્ર સત્ય જ્ઞાન અનન્ત આનન્દની એકરસ મૂર્તિઓ'

ન હતા, એમ આ શ્રુતિ ઉપદેશ કરે છે. પરંતુ બ્રહ્મધર્મનો વ્યવચ્છેદ 'જ' શબ્દથી થતો નથી, કારણ કે બ્રહ્મધર્મનો બ્રહ્મના સ્વરૂપમાં જ સમાવેશ થાય છે. મધ્યાહ્ન સમયે 'આકાશમાં સૂર્ય જ છે' એમ કહીએ છીએ. સૂર્યની પ્રભા પણ એ સમયે નથી એવો ભાવાર્થ આ વાક્યનો નથી. સૂર્યની પ્રભાનો આ વાક્યથી નિષેધ થતો નથી. તે જ પ્રમાણે 'એક જ અદ્વિતીય બ્રહ્મ' એ શ્રુતિથી બ્રહ્મધર્મોનો નિષેધ થતો નથી. તેથી જ શ્રીમદ્‌ભાગવતના દ્વિતીયસ્કંધમાં રાજાએ શ્રીશુકદેવજીને પ્રશ્ન કર્યો ત્યારે બ્રહ્મના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે, ત્યાં પણ 'જ્યાં સુર અને અસુરથી પૂજાયેલા હરિનું વ્રત પાળનારા (છે), જ્યાં માયા નથી તો બીજાનું શું કહેવું?' એ પ્રમાણે શ્રીશુકદેવજી બ્રહ્મધર્મના નિરૂપણનો આરંભ કરે છે અને પછી 'પોતાના ધામમાં પોતાથી અભિન્ન ભગથી યુક્ત, અને અન્યત્ર અધ્રુવથી યુક્ત રમતા ઈશ્વરને' એમ કહે છે, તેથી ભગવાનના ધર્મ ભગવાનમાં જ રહેલા છે અને નિત્ય જ છે. ભગવાન પોતાની ઇચ્છાથી પોતાના ઐશ્વર્ય વગેરે ધર્મોનું જેને દાન કરે છે તેનામાં એ ધર્મો ભગવાનની ઇચ્છા હોય ત્યાંસુધી જ રહે છે. ભગવદ્ધર્મ માત્ર ભગવાનમાં જ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. દશમસ્કંધમાં અક્રૂરે જે સ્વરૂપનાં દર્શન કર્યાં તેનું નિરૂપણ કરતાં 'શ્રી, પુષ્ટિ, ગીઃ, કાંતિ, કીર્તિ, તુષ્ટિ, ઇલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા અને માયા શક્તિથી સેવાયેલા' એ શ્લોક યોજેલો છે. આ વાક્યમાં તૃતીયા વિભક્તિથી શક્તિઓ અને ઈશ્વરના ભેદનું નિરૂપણ કરેલું છે. લોકમાં સંમત ત્રણ અધ્યાય (ભા. ૧૦-૧૧ થી ૧૪)માં 'ઝીણાઓથી આરંભી મોટાઓથી' એમ આરંભ કરી, 'મૂર્તિવાળાઓથી ઉપાસિત માત્ર સત્ય જ્ઞાન અનન્ત આનંદની એકરસમૂર્તિઓ' વગેરે વાક્ય છે. આ વાક્યમાં 'મૂર્તિઓ' પદથી આકારનો ઉલ્લેખ કર્યો છે તેથી કર ચરણ વગેરે બ્રહ્મધર્મો બ્રહ્મથી અભિન્ન છે એવો ઉપદેશ કરેલો છે; તેથી સર્વ વાક્યની એકવાક્યતા

(ભા. ૧૦–શ્લો. ૨–૫૨, ૫૩) એ વાકયની એકવાકયતામાં સર્વધર્મોનું સચ્ચિદાનન્દત્વ સિદ્ધ થાય છે. લીલા પણ એવા પ્રકારની હોવાથી જ નિત્ય માનવી.

લીલાવાળું ભગવાનનું સ્વરૂપ નિત્ય છે.

—'લીલા ગિરિ વન યમુનાપુલિન પશુ પક્ષી મનુષ્ય વગેરેના સંબંધવાળી છે, એઓ અનિત્ય હોવાથી એ નિત્ય કેમ થાય?'–ખરે! તારી વાણી સારી છે કે નિત્યતાનું શ્રવણ કરવાની તારી ઇચ્છા પણ દર્શાવે છે. એની નિત્યતાનો પણ પ્રમાણથી જ નિશ્ચય થાય છે, કારણ કે 'જનના આશ્રય, દેવકીજન્મવાદ, યદુવરપરિષદ, સ્થિર અને ચરના દુઃખના નાશ કરનાર, પોતાના હાથથી અધર્મનો નાશ કરતા શોભીતા સ્મિતયુક્ત શ્રીમુખથી વ્રજપુરની વનિતાના કામદેવની વૃદ્ધિ કરતા જય પામે છે' (ભા. ૧૦-૮૭-૪૮) આ વાકયમાં દ્વારિકા ગોકુલ અને મથુરાના અધિકરણવાળી ભિન્ન કાલની પણ લીલાના કર્તા ભગવાનની ઉત્કર્ષથી સ્થિતિના પોતાના કથન સમયે પણ વર્તમાનપણાનું 'જય પામે છે' એમ વર્તમાન પ્રયોગથી નિરૂપણ કરતાં જ શ્રીશુકદેવે ત્યાં ત્યાં લીલાઓના પણ વર્તમાનપણાનો બોધ કરવા એકકાલીનપણાના વાચક શતૃપ્રત્યયાંત 'નાશ કરતા' 'વૃદ્ધિ કરતા' એમ બે પદ યોજ્યાં, તેથી કથન સમયે અતીત તરીકે પ્રતીત

કરતાં બ્રહ્મના સર્વ ધર્મો સચ્ચિદાનંદરૂપ છે એમ સિદ્ધ થાય છે. ભગવાનની લીલા પણ સચ્ચિદાનંદરૂપ હોવાથી અને માત્ર ભગવાનમાં જ રહેલી હોવાથી નિત્ય જ છે. 'ભગવાનની લીલા નિત્ય છે, કારણ કે એ ભગવાનમાં રહેલી છે, ભગવાનના જ્ઞાનની પેઠે.' એમ અનુમાનથી પણ લીલા નિત્ય સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી—ગિરિ કાનન યમુનાપુલિન પશુ પક્ષી મનુજ વગેરેનો લીલાને સંબંધ છે. ગિરિ વગેરેના સંબંધની લીલાને અપેક્ષા છે. આમ હોવાથી ગિરિ વગેરે અનિત્ય છે ત્યારે લીલા નિત્ય કેમ સંભવે?

સિદ્ધાન્તી—ધર્મસહિત બ્રહ્મ નિત્ય છે એમ પ્રથમ સિદ્ધ કરી ચૂકયા છીએ, તેથી લીલા પણ બ્રહ્મનો ધર્મ હોવાથી નિત્ય જ સિદ્ધ થઈ ચૂકી છે, અને એ નિત્ય સિદ્ધ કરવાની અત્ર આવશ્યકતા ન હતી, પરંતુ તમે શંકા કરી તેથી હવે લીલા પણ નિત્ય છે એમ સિદ્ધ કરવું પડશે. તમારી વાણી લીલા નિત્ય સિદ્ધ કરાવે છે તેથી એ વાણી લીલાના નિત્યત્વનું શ્રવણ કરવાની ઇચ્છા દર્શાવનારી હોવાથી સારી જ છે. લીલા નિત્ય છે એમ પ્રમાણથી જ નિશ્ચય થાય છે. 'જનના આશ્રય, દેવકીજન્મવાદ, યદુવરપરિષદ, સ્થિર અને ચરના દુઃખના નાશ કરનાર, પોતાના હાથથી અધર્મનો નાશ કરતા, શોભીતા સ્મિતયુક્ત શ્રીમુખથી વ્રજપુરની વનિતાના કામદેવની વૃદ્ધિ કરતા જય પામે છે' આ વાકય શ્રીમદ્ભાગવતમાં છે. આ વાકયમાં દ્વારિકા ગોકુલ અને મથુરામાં ભિન્ન ભિન્ન કાલે કરેલી લીલાના કર્તા ભગવાનની ઉત્કૃષ્ટ સ્થિતિ શ્રીશુકદેવજી પોતે આ શ્લોક કહે છે ત્યારે પણ છે એમ 'જય પામે છે' એ વર્તમાન કાલવાળા પદથી ઉપદેશ કરેલો છે. વળી, આ સર્વ લીલાઓ પણ નિત્ય જ છે એવો બોધ કરવાનો શ્રીશુકદેવજીનો આશય છે, તેથી આ સર્વ લીલાઓ પણ પોતે આ વાકય યોજે છે તે સમયે પણ છે એવો બોધ કરવા, સર્વ એક જ કાલની છે એવો બોધ કરનાર शतृ પ્રત્યય જેઓને અંતે છે તેવાં 'अस्यन्' 'वर्धयन्'

થયેલી પણ લીલાનું એ સમયે વર્તમાનપણું પ્રતીત થાય છે, અને એ (લીલા) નિત્ય હોય તો જ ઘટે, નહિ તો ન (ઘટે). વળી, આ સમયે કર્તાનું જ અસ્તિત્વ ઇષ્ટ હોત અને લીલાનું ન હોત તો એઓનું નિરૂપણ જ ન કરત, અને જ્ઞાપક તરીકે એઓનું નિરૂપણ કરવું હોત તો 'એઓનો કર્તા જય પામે છે' એમ જ કહેત. આમ હોવાથી અન્ય ગતિ હોવા છતાં શત્રન્ત (પદ)નું જ નિરૂપણ કર્યું તેથી લીલાનું જ વર્તમાનપણું મુખ્ય રીતે ઇષ્ટ છે એમ નિશ્ચય થાય છે. વિશેષણ હોવાથી મુખ્ય નથી એમ કહેવાય નહિ. 'દંડી હુકમ પછી કહે છે' એમાં

એ બે વર્તમાન કૃદંતનાં પદ યોજ્યાં છે. **अस्यन्** એટલે નાશ કરતા. અધર્મનો નાશ કરતા. **वर्धमान्** એટલે વૃદ્ધિ કરતા. શ્રીશુકદેવજી આ વાક્ય યોજે છે તે સમયે પણ ભગવાન પોતાના હાથથી અધર્મનો નાશ કરતા અને વ્રજપુરની વનિતાઓના કામદેવની વૃદ્ધિ કરતા જય પામે છે, એવો આ વાક્યનો અર્થ છે; તેથી શ્રીશુકદેવજી જ્યારે આ વાક્ય યોજે છે ત્યારે (૧) ભગવાન જય પામે છે, અથવા ભગવાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છે; (૨) એ સમયે ભગવાન પોતાના હાથથી અધર્મનો નાશ કરે છે અથવા દાનવોનો સંહાર કરે છે; (૩) એ સમયે ભગવાન વ્રજપુરની વનિતાઓના કામદેવની વૃદ્ધિ પણ કરે છે. આ સર્વ લીલા શ્રીશુકદેવજી આ વાક્ય યોજે છે તે સમયે પણ છે. આ સર્વ લીલા ભૂતકાલમાં થઈ ચૂકી એવી સર્વની આ વાક્ય યોજ્યું ત્યારે પ્રતીતિ હતી, તથાપિ એ સમયે સર્વ લીલા વર્તમાન જ હતી એમ આ વાક્યથી જણાય છે. જો ભગવાનની લીલાઓ નિત્ય હોય તો જ આ સંભવે, અન્ય કોઈ રીતે આ સંભવે નહિ. જો આ વાક્ય યોજવામાં એ સમયે એ સર્વ લીલાઓના કર્તા ભગવાન જ હતા, પરંતુ લીલાઓ ન હતી, એવો બોધ કરવાનો શ્રીશુકદેવજીનો આશય હોત તો એ લીલાઓનું આ વાક્યમાં નિરૂપણ ન કરત. 'આ સર્વ લીલાઓના કર્તા ભગવાન જય પામે છે એમ લીલાઓથી ભગવાનને ઓળખાવવા જ લીલાઓનું નિરૂપણ કર્યું છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે શ્રીશુકનો જો એવો જ આશય હોત તો 'આ લીલાઓના કર્તા જય પામે છે' એમ જ કહેત, પરંતુ શતૃપ્રત્યય જેમને અંતે છે તેવાં '**अस्यन्**' '**वर्धयन्**' એ બે વર્તમાન કૃદંતનાં પદો યોજત નહિ. તેથી આ પ્રમાણે '**अस्यन्**' '**वर्धयन्**' એ પદ યોજ્યા વિના પણ ચાલે એમ હતું તથાપિ એ જ પદનો પ્રયોગ કર્યો છે, તેથી ભગવાનની લીલા પણ એ સમયે હતી એમ મુખ્યતાથી ઉપદેશ કરવાનો શ્રીશુકનો આશય છે એવો નિશ્ચય થાય છે.

પૂર્વપક્ષી—આ બે પદ વિશેષણ તરીકે યોજેલાં છે તેથી એઓનું નિરૂપણ મુખ્ય નથી, તેથી વ્યાસજીનો આશય અહીં લીલાના નિત્યત્વનું પ્રતિપાદન કરવાનો હોત તો એ અર્થનું જ્ઞાન કરાવવા વિશેષણોની યોજના કરત નહિ.

સિદ્ધાન્તી—એમ કહેવાય નહિ. વિશેષણથી પણ મુખ્ય અર્થનું પ્રતિપાદન થાય છે. અગ્નિષ્ટોમ યજ્ઞમાં મૈત્રાવરુણ નામનો એક ઋત્વિગ્ છે. આ યજ્ઞમાં '**मैत्रावरुणाय दण्डं प्रयच्छति**' 'મૈત્રાવરુણને દંડ આપે છે' શ્રુતિથી એ એને દંડ આપવાનો છે. '**अध्वर्युणा दत्तानग्नयेऽनुब्रूहि**' એવો આ યજ્ઞમાં પ્રૈષ અથવા હુકમ છે. ત્યારપછી **दंडी प्रैषानन्वाह**' 'દંડી પ્રૈષ પછી કહે છે' એવું વાક્ય છે. દંડી મૈત્રાવરુણ આ પ્રૈષ અથવા હુકમ પછી આની

ભવે છે, તેથી 'છે' પદ ઉપપન્ન થાય છે; તેથી લીલાનું નિત્યત્વ સિદ્ધ થતું નથી."
–એમ નહિ, કારણ કે ઔપચારિક પ્રયોગ નામ નથી, નામ મુખ્ય વૃત્તિથી જ બોધ કરે છે. લોકમાં 'નરસિંહ' વગેરે નામો 'ડિત્થ' 'કપિત્થ' વગેરે નામ પેઠે રૂઢિથી જ એનાં વાચક છે, ઉપચારથી નથી, કારણ કે કેવલ અશૂર નરમાં પણ એવો પ્રયોગ થાય છે; તેથી લૌકિક પુરુષમાં યોજેલાં 'શ્રીકૃષ્ણ' ઇત્યાદિ નામો ભગવાનનાં નામ નથી. એ (ભગવાનનાં નામ) સદાનંદરૂપ વગેરે અર્થનાં વાચક હોવાથી, અને લૌકિક પુરુષમાં એનો અભાવ હોવાથી, એ એના જેવો શબ્દ-વિશેષ જ છે, એમ માનવું. ભગવાનનાં નામ તો અખંડ શબ્દબ્રહ્મરૂપ છે. જેમ ભગવાનના સ્વરૂપમાં ગ્રાહકના દોષથી શરીરનું ભાન થાય છે તેમ નામમાં પણ લૌકિક શબ્દનું ભાન એના દોષથી જ છે, એ વગેરે પિતાજીએ શ્રીમદ્‌ભાગવત-વિવરણમાં કહેલું છે, તેથી સ્વરૂપ પેઠે સર્વ નામ પણ નિત્ય માનવાં.–'ગુણ અને કર્મને અનુરૂપ' એમ કહેવાથી ગુણ અને કર્મ કર્યા પછી થયેલાં નામ બ્રહ્મ

તેથી ગર્ગાચાર્ય 'બહુ નામો છે' એમ કહે તે પણ સંભવે છે; તેથી આ વાક્યથી લીલા નિત્ય છે એમ સિદ્ધ થતું નથી.

સિદ્ધાન્તી—એમ ન કહો. જે ઉપચારથી પ્રયોગ કરવામાં આવે છે તે નામ નથી. 'પાચક' 'પાઠક' એ કાંઈ નામ નથી. નામ ઉપચારથી બોધ કરતું નથી, પરંતુ મુખ્ય વૃત્તિ-થી જ બોધ કરે છે. લોકમાં 'નરસિંહ' વગેરે નામો ઉપચારથી તે તે પુરુષનો બોધ કરતાં નથી, પરંતુ 'ડિત્થ' 'કપિત્થ' વગેરે નામની પેઠે રૂઢિથી જ તે તે પુરુષનો બોધ કરે છે. જો 'નરસિંહ' નામ ઉપચારથી જ એ નામવાળા પુરુષનો બોધ કરતું હોય, તો એ પુરુષમાં 'નરસિંહ'નું સાદૃશ્ય હોવું જોઈએ, પરંતુ સાદૃશ્ય પણ હોતું નથી. મોટા નખ વગેરે 'નરસિંહ' જેવો જેનો આકાર ન હોય અને જે શૂર પણ ન હોય તેવા પુરુષનું પણ લોકમાં 'નરસિંહ' નામ હોય છે, તેથી લોકમાં 'ડિત્થ' 'કપિત્થ' વગેરે નામો કલ્પિત જ હોય છે; તેથી જ લોકમાં 'શ્રીકૃષ્ણ' વગેરે નામ પણ હોય છે, પરંતુ એ ભગવાનનાં નામ નથી. ભગવાનનાં નામનો અર્થ સદાનંદરૂપ છે, લૌકિક પુરુષો સદાનંદરૂપ નથી તેથી લોકમાં 'શ્રીકૃષ્ણ' વગેરે નામ હોય છે તે ભગવાનનાં નામ નથી, કારણ કે એ લૌકિક 'શ્રીકૃષ્ણ' વગેરે નામનો અર્થ પણ સદાનંદરૂપ નથી. અલૌકિક ભગવાનના 'શ્રીકૃષ્ણ' જેવો માત્ર એ લૌકિક 'શ્રીકૃષ્ણ' અમુક શબ્દ જ છે એમ માનવું જોઈએ, પરંતુ ભગવાનનાં નામ સ્વરૂપથી અખંડ શબ્દબ્રહ્મ છે. જેમ ભગવાનના સ્વરૂપમાં માનુષી તનુનું ભાન ગ્રાહકના દોષથી થાય છે, અર્થાત્ જેમ લોકો પોતાના દોષથી ભગવાનના સત્ય સ્વરૂપને જાણતા નથી, પરંતુ એને લૌકિક શરીર જ માને છે, તેમ ગ્રાહકના દોષથી જ ભગવાનનાં નામ પણ લૌકિક શબ્દ જ હોય એવી પ્રતીતિ થાય છે. આ સર્વનું શ્રીમદાચાર્યચરણે શ્રીમદ્‌ભાગવતવિવરણમાં વિસ્તારથી નિરૂપણ કરેલું છે; તેથી જેમ ભગવાનનું સ્વરૂપ નિત્ય માનીએ છીએ તે જ પ્રમાણે ભગવાનનાં સર્વ નામ પણ નિત્ય જ છે એમ અવશ્ય માનવું જોઈએ.

પૂર્વપક્ષી—ભગવાનનાં નામનો કદાપિ ધ્વંસ થતો નહિ હોય, પરંતુ એઓને ઉત્પત્તિ છે. ભગવાનનાં નામ ગુણ અને કર્મને અનુરૂપ છે એમ કહેલું છે, તેથી ગુણ અને કર્મ ભગવાન

કેમ હોઈ શકે? કારણ કે નિત્યત્વ ત્રણે કાલમાં બાધનો વિષય નથી.'–એમ નહિ. સ્વરૂપ પેઠે કર્મનો પણ પ્રાદુર્ભાવ હોવાથી એને અનુરૂપ નામનો પણ પ્રાદુર્ભાવ જ છે, પરન્તુ ઉત્પત્તિ નથી, નહિતો પોતાના યજ્ઞના નાશથી કોપેલા ઇંદ્રે કરેલા વીજળી સહિત વરસાદની ધારાથી પીડિત પોતાના વ્રજજનના રક્ષણ માટે વામ કરકમલના નખના અગ્ર પર શિખરિવર ગોવર્દ્ધન પર્વત મૂકનાર પોતાના પ્રાણથી પણ ઘણા વહાલા શ્રીગોકુલનાથમાં નાશ પામેલા સર્વ ગર્વવાળા શક્ર અને સુરભિ વગેરેએ કરેલા મહાભિષેક સમયે અનુભૂત ભવિષ્યમાં થનાર 'ગોવિંદ' નામ, પૂતા-નાના અસુરૂપી પયના પાન પછી બીજન્યાસ કરતી વ્રજની ઉત્તમ વધૂઓ, 'રમતાં ગોવિંદ રક્ષણ કરો' (ભા. ૧૦–૬–૨૫) એમ, અને ગુણગાનમાં 'ગોવિંદની વેણુ પ્રમાણે મત્તમયૂરનું નૃત્ય થતું' (ભા. ૧૦–૧૮–૧૦) એમ કેમ કહે? તેથી જે કર્મવિશિષ્ટ જે રૂપનું નામ છે તે કર્મવિશિષ્ટ તે રૂપ નિત્ય જ છે, પણ લોકમાં જુદા જુદા ભક્તો જુદા જુદા રસનો અનુભવ કરે તે માટે કોઈક અંશનો ક્રમથી આવિર્ભાવ થાય છે અને કોઈક તિરોહિત રહે છે, એમ જ માનવું. તેથી ભગવાન

કરે ત્યારે નામો ઉત્પન્ન થાય છે. ગુણ અને કર્મ કર્યા પછી એમને અનુરૂપ નામો ઉત્પન્ન થાય છે, તેથી ઉત્પત્તિવાળાં નામો બ્રહ્મસ્વરૂપ જ છે એમ કેમ કહેવાય? નિત્ય હોય તેનો ત્રણે કાલમાં બાધ થાય નહિ. ગુણ અને કર્મ કર્યાં તે પહેલાં ભગવાનનાં નામો ન હતાં, તેથી ભૂત-કાલમાં અમુક સમયે એઓનો બાધ હતો; તેથી ભગવાનનાં નામો નિત્ય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી—ભગવાનના સ્વરૂપનો પણ અમુક સમયે જ પ્રાદુર્ભાવ થાય છે. ભગવાનનું સ્વરૂપ નિત્ય છે, પરંતુ ભગવાનની ઇચ્છાનુસાર એનો અમુક સમયે પ્રાદુર્ભાવ થાય છે, તે જ પ્રમાણે ભગવાનનાં કર્મ પણ નિત્ય છે, પરંતુ ભગવાનની ઇચ્છાનુસાર અમુક સમયે એઓનો પ્રાદુર્ભાવ થાય છે. કર્મ નિત્ય હોવાથી કર્મને અનુરૂપ નામ પણ નિત્ય જ છે, અને એઓનો પણ પ્રાદુર્ભાવ જ થાય છે, પરંતુ ઉત્પત્તિ થતી નથી. જો નામની ઉત્પત્તિ થતી હોત, જો ભગવાન કર્મ કરે ત્યારપછી એ કર્મને અનુરૂપ ભગવાનનું નામ ઉત્પન્ન થતું હોત, તો ભગ-વાન શ્રીગોકુલનાથે ઇંદ્રના યજ્ઞનો ભંગ કર્યો અને એનાથી ઇંદ્રને ઘણો કોપ થયો ત્યારે એણે વિદ્યુત્ સહિત મેઘની અતિશય વૃષ્ટિ કરી તે સમયે પોતાનાં વ્રજજનોનું રક્ષણ કરવા ભગવાને સ્વકીય વામ કરકમલના અગ્રભાગ પર શિખરિવર ગોવર્ધન પર્વત ધારણ કર્યો અને ઇંદ્રનો સર્વ ગર્વ દૂર કર્યો. તેથી ઇંદ્ર સુરભિ વગેરેએ એમનો મહાભિષેક કર્યો ત્યારે ભગવાનનું 'ગોવિંદ' નામ ઉત્પન્ન થવું જોઈએ, એ સમય પૂર્વે ભગવાનનું 'ગોવિંદ' નામ સંભવે નહિ, પરંતુ ભગવાને પૂતનાના અસુરૂપી પયનું પાન કર્યું ત્યારપછી વ્રજની ઉત્તમ વધૂઓ પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય ભગવાનનું ગુણગાન કરતાં 'ગોવિંદની વેણુ પ્રમાણે મત્તમયૂરનું નૃત્ય થતું' એમ કહે છે અને ભગવાનનાં બીજ ન્યાસ કરતાં 'રમતાં ગોવિંદ રક્ષા કરો' એમ કહે છે, એ સંભવે નહિ. તેથી ઇંદ્ર વગેરેએ મહાભિષેક કર્યો તે પહેલાં પણ ભગવાનનું 'ગોવિંદ' નામ હતું જ, તેથી ભગવાનનાં નામની ઉત્પત્તિ થતી નથી, પરંતુ પ્રાદુર્ભાવ જ થાય છે; તેથી રૂપ કર્મ નામ સર્વ નિત્ય છે. જે કર્મવાળા જે રૂપનું નામ છે તે કર્મવાળું તે રૂપ પણ નિત્ય છે; પરંતુ ભિન્ન ભિન્ન

પણ ચાલતું. ક્રિયાસહિત અને ક્રિયારહિત સ્વરૂપના ભેદની શંકા કરવી નહિ, કારણ કે એના પરિહાર માટે જ પૂર્વના 'એ' શબ્દનો સર્વત્ર સંબંધ સંભવે છે તોપણ પુનઃ પુનઃ બ્રહ્મવાચક 'એ' શબ્દની આવૃત્તિ કરે છે, તેથી અનેક નિત્યરૂપવાળું, અનેક નિત્યક્રિયાવાળું અને અનેક નિત્યનામવાળું બ્રહ્મ છે એમ ફલિત થાય છે.

લીલાના નિત્યપણા સંબંધી પ્રમાણો

ઋગ્વેદમાં પણ ता वां वास्तून्युष्मसि गमध्यै यत्र गावो भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य वृष्णः परमं पदमवभाति भूरि । મંત્ર છે. તાઃ એ, વાં તમારા એનાં, કૃષ્ણ અને રામનાં, અથવા ગોપી અને માધવનાં, વાસ્તૂનિ રહેઠાણ, गमध्यै પ્રાપ્ત કરવાને, उष्मसि ઇચ્છીએ છીએ. એ કયાં એ આકાંક્ષાને લીધે ગૂઢ અભિસંધિનું ઉદ્ઘાટન કરે છે. यत्र જ્યાં ગોકુલમાં, भूरिशृङ्गाः મોટા શૃંગવાળી, गावः ગાયો, વસે છે એ શેષ છે. અથવા અરણ્યનાં અને ગામનાં પશુઓના ઉપલક્ષણ માટે भूरिशृङ्गाः મોટાં શૃંગવાળાં રુરુ વગેરે મૃગો અને ગાયો એવો અર્થ છે. अयासः શુભ. अत्राह. अत्र સ્થાનમાં ભૂમિપર, तत् લોકવેદપ્રસિદ્ધ, उरुगायस्य બહુ કીર્તિવાળા ભગવાનનું वृष्णः ગોપીના કામના વર્ષાવનાર, કામને વર્ષાવે તે વૃષા, એવા પ્રકારના એનું तत् (તે) ગોકુલ, परमं पदम् સ્થાન વૈકુંઠ, તેનાથી પણ અધિક પરમ પદ પ્રકૃતિ કાલ વગેરેથી પણ અતીત હોવાથી, વૈકુંઠની અપેક્ષાથી પણ અતિ પ્રિય હોવાથી પરમ, એવું પદ अवभाति પ્રકાશે છે. भूरि ઘણું જ. તેથી

ચાલતું નથી' એમ શ્રુતિમાં વારંવાર બ્રહ્મવાચક 'એ' શબ્દ યોજેલો છે. પ્રથમ 'એ' શબ્દ યોજ્યો તે 'ચાલે છે' અને 'ચાલતું નથી' ઉભય સાથે સંબંધ ધરાવી શકે, પરંતુ 'ચાલે છે' અને 'ચાલતું નથી' વિરુદ્ધ ધર્મ હોવાથી એ ધર્મવાળા સ્વરૂપનો ભેદ હશે એવી શંકા દૂર કરવા જ શ્રુતિ 'એ' શબ્દ પુનઃ યોજે છે; તેથી બ્રહ્મને અનેક નિત્ય રૂપ છે, અનેક નિત્ય ક્રિયા છે, અને અનેક નિત્ય નામ છે, એમ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે ભગવાનની લીલા નિત્ય છે એમ સિદ્ધ કર્યું, હવે ભગવાનની લીલાના સર્વ પદાર્થ પણ નિત્ય છે એમ સિદ્ધ કરવા પ્રથમ '**ता वां वास्तूनि**' વગેરે ઋગ્વેદનો મંત્ર યોજીએ છીએ. આ મંત્રનો અર્થ નીચે પ્રમાણે છે: 'તમારા એનાં, કૃષ્ણ અને બલરામનાં, અથવા કૃષ્ણ અને ગોપીઓનાં એ પ્રસિદ્ધ ધામ પ્રાપ્ત કરવાને અમે ઇચ્છીએ છીએ.' આ ધામ અથવા ગોકુલ કેવું છે એ આગળ વર્ણવેલું છે. 'આ ધામમાં મોટાં શૃંગવાળી સારી ગાયો વસે છે; અથવા મોટાં શૃંગવાળાં સારાં અરણ્યનાં અને ગામનાં પશુઓ જેવાં કે રુરુ વગેરે વસે છે. આ સ્થાનમાં અથવા ભૂમિ પર ગોપીઓના કામને વર્ષાવનાર બહુ કીર્તિવાળા ભગવાનનું એ લોક અને વેદમાં પ્રસિદ્ધ પરમ પદ ગોકુલ ઘણું જ પ્રકાશે છે.' ભગવાનનું ધામ વૈકુંઠ છે તેનાથી પણ અધિક પ્રિય પરમ પદ ગોકુલ છે. અથવા ગોકુલ પ્રકૃતિ અને કાલથી પણ અતીત છે, અર્થાત્ પ્રકૃતિ અને કાલ પણ ગોકુલમાં બાધ કરી શકતાં નથી. ગોકુલ ભગવાનનું વૈકુંઠથી પણ અધિક પરમ પદ છે. 'આવું ભગવાનનું પરમ પદ ગોકુલ છે તે ધામનો સંબંધ ભગવાનના પ્રસાદ તરીકે પ્રાપ્ત કરવા અમે ઇચ્છા રાખીએ છીએ, અન્ય ધામ પ્રાપ્ત કરવાની ઇચ્છા નથી.' એવો આ મંત્રનો વાકયાર્થ છે. આ મંત્રમાં '**भूरि**' શબ્દ છે. **भूरि**

આવા પ્રકારનું એ એનું સ્થાન, તે સ્થાન સંબંધવાળું રહેઠાણ પ્રસાદ તરીકે પ્રાપ્ત કરવાને ઇચ્છીએ છીએ, અન્ય નહિ, એવો વાક્યાર્થ થાય છે. 'ભૂરિ' શબ્દ બાહુલ્ય અર્થનો હોવાથી અનેક પ્રકારનાં નિકુંજ, ગુફાનો પ્રદેશ, શ્રીયમુનાજીના પુલિન, ગોવર્દ્ધનનું શિખર વગેરેમાં નિરંતર ભગવાનની સ્થિતિ હોવાથી એવા પ્રકારનું (સ્થાન) પ્રકાશે છે એવો તાત્પર્યાર્થ છે. અથવા 'ભૂ' ધાતુનો 'આપ્તિ' અર્થ હોવાથી વ્યાપક, તેથી પરમ તરીકે ભગવત્સ્થાન તરીકે અને ભૂરિ તરીકે ગોકુલનું નિત્યત્વ જ સિદ્ધ થાય છે.

વળી, તૈત્તિરીયકમાં પણ 'ते ते धामान्युष्मसि गमध्यै गावो यत्र भूरिशृङ्गा अयासः । अत्राह तदुरुगायस्य विष्णोः परमं पदमवभाति भूरेः' મંત્ર છે. તે તારાં તે એ ધામાનિ સ્થાનો ગમધ્યૈ પ્રાપ્ત કરવાને उष्मसि ઇચ્છીએ છીએ. બાકીનું પ્રથમ પેઠે. भूरेः રાસ ઉત્સવ વગેરેમાં એવી રીતે પ્રાકટ્ય હોવાથી બહુરૂપવાળા.

એટલે બહુ. તેથી અનેક પ્રકારનાં નિકુંજ, ગુફાઓના પ્રદેશ, યમુનાપુલિન, ગોવર્ધનનું શિખર વગેરે સ્થલોમાં નિરંતર ભગવાનની સ્થિતિ છે. એવા પ્રકારનું ગોકુલ પ્રકાશે છે એવો 'भूरि' શબ્દનો તાત્પર્યાર્થ છે. અથવા **भूरि** એટલે મહત્ અથવા મોટું, તેથી **भूरि**નો અર્થ વ્યાપક અથવા સર્વવ્યાપી એવો થાય છે; તેથી ગોકુલ પરમ હોવાથી, ભગવાનનું ધામ હોવાથી અને **भूरि** હોવાથી નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે.

આ મંત્રનું નિરુક્તમાં અન્ય રીતે વ્યાખ્યાન આપ્યું છે અને મંત્ર સૂર્યનો છે એવો અર્થ કરેલો છે, પરંતુ અહીં પ્રકરણ પ્રમાણે અમે 'ગોકુલનો મંત્ર છે' એવો અર્થ કરેલો છે. 'સર્વે વેદોથી હું જ વેદ્ય છું' 'સર્વ વેદો જેના પદનું મનન કરે છે' એ સ્મૃતિ અને શ્રુતિ હોવાથી આ મંત્ર ભગવાનનો છે અને તેથી અમારું વ્યાખ્યાન યોગ્ય જ છે. વળી, '**अदो यद्दारु प्लवते**' એ મંત્ર લક્ષ્મીનો છે, પરંતુ વ્યાસજીએ એને પુરુષોત્તમ–માહાત્મ્યમાં યોજ્યો છે અને વિદ્યારણ્યે જગન્નાથનો છે એવું વ્યાખ્યાન કર્યું છે, તેથી પ્રકરણને અનુસારે મંત્રનું વ્યાખ્યાન કરવું એ માર્ગ પ્રચલિત જ છે. વસ્તુતઃ નિરુક્તમાં યાસ્કાચાર્યે આ મંત્ર સૂર્યનું નિરૂપણ કરે છે એવી પ્રતિજ્ઞા કરી નથી, પરંતુ મંત્રમાં '**गावः**' શબ્દ છે. '**गो**' શબ્દનું બહુવચન '**गावः**' છે. **गो** શબ્દના ભિન્ન ભિન્ન અર્થ આપતાં એનો અર્થ 'રશ્મિ' અથવા 'કિરણ' પણ થાય છે એવી યાસ્કાચાર્યે પ્રતિજ્ઞા કરી છે, અને દૃષ્ટાંતમાં આ મંત્ર આપેલો છે. વળી, આ મંત્રનું વ્યાખ્યાન કરતાં '**शृङ्ग**' શબ્દની વ્યુત્પત્તિ કરે છે : '**शिरसो निर्गतम् 'शृङ्गम्'** માથામાંથી બહાર નીકળે તે 'શૃંગ' એવો એનો અર્થ કર્યો છે. આ અર્થ અમારા વ્યાખ્યાન પ્રમાણે જ છે, તેથી અમારું વ્યાખ્યાન યાસ્કાચાર્યના વ્યાખ્યાનથી વિરુદ્ધ નથી.

વળી, તૈત્તિરીયકમાં પણ '**ते ते धामानि**' વગેરે મંત્ર છે. આ મંત્રમાં પ્રથમના મંત્રથી અલ્પ જ પાઠભેદ છે. આ મંત્રનો અર્થ નીચે પ્રમાણે છે : 'તમારાં એ ધામો અમે પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીએ છીએ.' પછી ધામોનું વર્ણન પ્રથમ કર્યું છે તે જ છે. પ્રથમ મંત્રમાં અંતિમ શબ્દ '**भूरि**' હતો, આ મંત્રમાં અંતે '**भूरेः**' શબ્દ છે. '**भूरेः**' એટલે બહુરૂપવાળાના રાસોત્સવમાં ભગવાન બહુરૂપ ધારણ કરે છે, તેથી ભગવાનને માટે અહીં '**भूरेः**' શબ્દ યોજેલો છે. અન્ય સર્વ પ્રથમના મંત્ર પેઠે જ છે. આ ઉભય મંત્રમાં વેદ

૨૫

પ્રકટ થાય છે, તેથી એ સમયે દૃશ્ય થાય છે, એવો અર્થ છે; તેથી હાલ આધુનિકને પણ પૂર્વે કહેલો અધિકાર પ્રાપ્ત થાય ત્યારે એનું દર્શન થાય છે એમ સિદ્ધ થયું. અથવા અહીં ત્રણ દૃષ્ટાન્ત છે: (૧) કારણ કે પૂર્વે વર્ણવેલું પરમ પદ લોકરૂપ હોવાથી, ઇતરલોકન્યાયે દુઃખનો પણ ત્યાં સંભવ હોવાથી, અને ભગવાનની લીલા આનંદરૂપ હોવાથી આ માત્ર આનંદરૂપ કેમ હોય, તેથી 'દિવે પેઠે' એમ કહ્યું. જેમ અન્ય લોકમાં દુઃખ-મિશ્રિત સુખ છે, તેમ ગોકુલમાં માત્ર આનંદરૂપ છે એવો અર્થ છે. (૨) 'ખરે' વગેરેથી કહેલી શંકામાં 'ચક્ષુ પેઠે' એમ કહે છે. જેમ શ્રોત્ર વગેરે નહિ પણ ચક્ષુ જ રૂપનું ગ્રહણ કરે છે, કારણ કે ઇંદ્રિયત્વ સમાન છે તથાપિ એનું જ એમાં સામર્થ્ય છે, વસ્તુ જ એવા પ્રકારની છે, તેમ અહીં પણ છે, એવો અર્થ છે. જેમ દોષરહિત જ ચક્ષુ વસ્તુતત્ત્વનું ગ્રહણ કરે છે, પરંતુ ભ્રમ કમળો વગેરે દોષયુક્ત મહીભ્રમ શંખપીતિમા વગેરે ગ્રહણ

તેથી આધુનિક પુરુષો પણ ભગવદનુગ્રહ અને ભક્તિથી અધિકાર પ્રાપ્ત કરે, તો એમને પણ શ્રીગોકુલનું દર્શન અવશ્ય થાય, એમ સિદ્ધ થાય છે.

અથવા આ પાદમાં ત્રણ દૃષ્ટાંતો આપેલાં છે: (૧) **दिवि इव**, (૨) **चक्षुः इव**, (૩) **आततं चक्षुः इव**. (૧) પ્રથમ એવી શંકા થાય કે 'આગળ શ્રીગોકુલનું વર્ણન કર્યું તે પણ એક લોક અથવા દેશ છે; અન્ય સર્વ લોકમાં દુઃખ હોય છે તેથી શ્રીગોકુલ પણ લોક હોવાથી એમાં પણ દુઃખ હોવું જોઈએ. ભગવાનની લીલા માત્ર આનંદરૂપ છે, પરંતુ શ્રીગોકુલમાં અવશ્ય દુઃખ હોવું જોઈએ, તેથી એ આનંદરૂપ સંભવતું નથી. શ્રીગોકુલ આનંદરૂપ ન હોય તો ભગવાનની સર્વ લીલા પણ આનંદરૂપ ગણાય નહિ.' આ શંકાનો નિરાસ કરવા '**दिवि इव**' દૃષ્ટાંત આપેલું છે. અન્ય લોકમાં સુખ સાથે દુઃખ મળેલું જોવામાં આવે છે, પરંતુ સ્વર્ગમાં જેમ દુઃખરહિત જ સુખ જોવામાં આવે છે તેમ શ્રીગોકુલમાં પણ અલ્પ પણ દુઃખ નથી, અને એ માત્ર આનંદરૂપ જ છે. જેમ સ્વર્ગ માત્ર સુખમય જ છે અને ત્યાં લેશ પણ દુઃખ નથી તેમ શ્રીગોકુલમાં પણ અલ્પ પણ દુઃખ નથી અને એ કેવલ આનંદરૂપ જ છે. (૨) પછી 'શ્રીગોકુલનું માત્ર ભક્તોને જ દર્શન થાય એ કેમ સંભવે? શ્રીગોકુલ મહત્ અને ઉદ્‌ભૂતરૂપવાળું છે તેથી એનું સામાન્ય પુરુષોને પણ અવશ્ય દર્શન થવું જ જોઈએ' એવી પૂર્વે કહી તેવી શંકા થાય તેનો નિરાસ કરવા દ્વિતીય '**चक्षुरिव**' દૃષ્ટાંત આપેલું છે. (**अ**) જેમ માત્ર ચક્ષુ જ રૂપનું ગ્રહણ કરે છે, અન્ય ઇંદ્રિયો ચક્ષુની પેઠે ઇંદ્રિયો હોવા છતાં રૂપ ગ્રહણ કરતી નથી, કારણ કે રૂપ ગ્રહણ કરવાનું એઓનામાં સામર્થ્ય નથી. વસ્તુ જ એવા પ્રકારની છે. રૂપ જ એવું છે કે માત્ર ચક્ષુ જ એનું ગ્રહણ કરી શકે, તે જ પ્રમાણે શ્રીગોકુલનું માત્ર ભક્તો જ દર્શન કરી શકે છે, અન્ય પુરુષોમાં શ્રીગોકુલનું દર્શન કરવાનું સામર્થ્ય નથી. (**ब**) આ દૃષ્ટાંતનો બીજો પણ અભિપ્રાય છે. જેમ દોષરહિત જ ચક્ષુ વસ્તુતત્ત્વનું ગ્રહણ કરે છે, અથવા ભ્રમ કમળો વગેરેના દોષરહિત ચક્ષુ હોય તે જ વસ્તુનું યથાર્થ દર્શન કરી શકે છે, પરંતુ દોષયુક્ત ચક્ષુ હોય તે વસ્તુનું યથાર્થ દર્શન કરતું નથી. ભ્રમયુક્ત ચક્ષુને પૃથિવી ભ્રમણ કરતી હોય એવી ભ્રાંતિ થાય છે. કમળાના દોષયુક્ત ચક્ષુ શશીના જેવા શ્વેત શંખમાં પણ પીળા રંગનો અનુ-

કરે છે, તેમ અવિદ્યા દોષથી રહિત સૂરિઓ જ ગોકુલ વગેરેનું સ્વરૂપ જુએ છે, અન્ય નહિ, એવો પણ ચક્ષુ દૃષ્ટાન્તનો અભિપ્રાય છે, એમ જાણવું. આથી ત્યાં વૃક્ષ સ્થલ વગેરેનાં વ્રશ્ચન અન્યથાભાવ દર્શન વગેરેમાં ઉપપત્તિ વર્ણવેલી થાય છે. અથવા चक्षुः એ દ્વિતીયાના એકવચનનું પદ છે. જેમ ચક્ષુ ઇંદ્રિય પોતે અતીંદ્રિય જ હોઈ ગોલકમાં રહે છે, સર્વ દર્શાવે છે, ગોલકને પણ ચક્ષુ-શબ્દ-વાચ્ય કરે છે અને યોગિપ્રત્યક્ષનો વિષય થાય છે, તેમ ગોકુલ વગેરે પણ પોતે અલૌકિક અતીંદ્રિય જ હોઇ, સાધારણ જનથી દશ્ય સ્વકીય યોગ્ય સ્થાનમાં રહી, એ સ્થાનનો પ્રકાશ કરે છે અને એને વ્યપદેશ પ્રાપ્ત કરાવે છે, ત્યાં જ રહે છે, અને પૂર્વે વર્ણવેલા સૂરિઓથી દશ્ય થાય છે; તેથી આવા પ્રકારના પરમ પદનું સૂરિઓ સદા દર્શન કરે છે એવો સંબંધ છે. (૩) "સાધારણ જનથી દશ્ય અધિષ્ઠાન છે એ પક્ષમાં, અને એનું જ કરણદોષથી અન્યથાભાન થાય છે એ પક્ષમાં પણ

ભવ કરે છે, તેથી દોષયુક્ત ચક્ષુ વસ્તુતત્ત્વનું ગ્રહણ કરતું નથી, તે જ પ્રમાણે અવિદ્યા-
દોષરહિત સૂરિઓ જ શ્રીગોકુલના સ્વરૂપનું દર્શન કરી શકે છે, અન્ય લોકો શ્રીગોકુલનું
દર્શન કરી શકતા નથી. ગોકુલમાં વૃક્ષનું છેદન અથવા સ્થલના અન્યથાભાવનું જે દર્શન
થાય છે તેની પણ આથી ઉપપત્તિ થાય છે. વસ્તુતઃ વૃક્ષનું છેદન અથવા સ્થલનો અન્યથા-
ભાવ ત્યાં થતો નથી, પરંતુ આપણાં ચક્ષુઓ દોષયુક્ત હોવાથી વસ્તુતત્ત્વનું ગ્રહણ કરી
શકતાં નથી, તેથી આપણને એવી પ્રતીતિ થાય છે. આ પ્રમાણે અર્થ કરતાં કર્મ અધ્યાહાર
રહે છે. 'ચક્ષુની પેઠે' એમ દૃષ્ટાંત છે. ચક્ષુ કોનું દર્શન કરે છે એ અધ્યાહાર છે, તેથી
આ પક્ષ પણ બહુ સંમત નથી, તેથી તૃતીય રીતિથી અને અર્થ કરીએ છીએ. (क)
'**चक्षुः इव**' દૃષ્ટાંત છે. **चक्षुः** શબ્દ દ્વિતીયા વિભક્તિના એકવચનમાં યોજેલો છે, તેથી
નીચે પ્રમાણે અર્થ થાય છે: જેમ ચક્ષુ ઇંદ્રિય પોતે અતીંદ્રિય અથવા અદશ્ય છે, ગોલકમાં
રહે છે, સર્વનું દર્શન કરાવે છે, ગોલકને પણ ચક્ષુ કહેવરાવે છે, અર્થાત્ પોતાનું નામ
ગોલકને પણ આપે છે, અને વળી યોગીઓના જ પ્રત્યક્ષનો વિષય છે, અર્થાત્ યોગીઓ જ
એનું દર્શન કરી શકે છે, તે જ પ્રમાણે શ્રીગોકુલ વગેરે લીલાસ્થાન પણ પોતે અલૌકિક હોઈ
અતીંદ્રિય જ હોઈ સાધારણ લોકો જોઈ શકે તેવા પોતાના યોગ્ય સ્થાનમાં રહે છે, એ
સ્થાનને પ્રકાશે છે અને એને 'શ્રીગોકુલ' કહેવરાવે છે અથવા પોતાનું નામ એને આપે છે,
ત્યાં જ રહે છે અને પૂર્વે વર્ણવ્યા તેવા સૂરિઓ જે થાય તેઓ જ એનું દર્શન કરી શકે છે.
આવા ભગવાનના પરમ પદ શ્રીગોકુલનું સૂરિઓ સદા દર્શન કરે છે એમ સંબંધ ઘટે છે.
આ પ્રમાણે અર્થ કરતાં દૃષ્ટાંતમાં ચક્ષુ અને ગોલક આવે છે તેને સ્થાને દાર્ષ્ટાંતમાં અ-
લૌકિક ગોકુલ અને ભૂમિ પરનું ગોકુલ છે એ ધ્યાનમાં રાખવું. જેમ ચક્ષુ ઇંદ્રિય અણુ હોવાથી
આપણા સામાન્ય પુરુષોથી અદશ્ય છે, પરંતુ ગોલક દશ્ય છે, તેમ અલૌકિક ગોકુલ અતીંદ્રિય
હોવાથી આપણા સામાન્ય પુરુષોથી દશ્ય નથી, પરંતુ ભૂમિ પરનું ગોકુલ આપણથી દશ્ય છે.
(૩) વળી એવી શંકા થાય કે:–"સાધારણ લોકો જે શ્રીગોકુલનું દર્શન કરે છે તે અલૌકિક
ગોકુલ નથી, પરંતુ ભૂમિ પરનું ગોકુલ છે અને અલૌકિક શ્રીગોકુલનું અધિષ્ઠાન છે એમ માનીએ,
અથવા સાધારણ લોકો જે શ્રીગોકુલનું દર્શન કરે છે તે જ અલૌકિક ગોકુલ છે, પરંતુ લોકોનાં

ત્યાં રહેતા લોકોનાં દુઃખ કામ ક્રોધ વગેરે અનુપપન્ન છે, કારણ કે એ પરમાનંદરૂપ અને ગુણાતીત છે. દ્રષ્ટાના કરણદોષથી જ ત્યાં રહેતા લોકનાં દુઃખ વગેરેનું દર્શન થાય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે કરણદોષ પણ ત્યાં કહેવો ઉચિત નથી. ત્યાં જ અન્યોન્ય એવા પ્રકારનું દર્શન થાય છે.'' તેથી 'આતત ચક્ષુ પેઠે' એમ કહે છે. જેમ દેવદત્તની ચક્ષુ ઇન્દ્રિય વિષ્ણુમિત્રના શરીરમાં 'આ' (અર્થાત્) ચારે બાજુએ વ્યાપ્ત હોવા છતાં, તેજસ છે, તોપણ એનાં રૂપ અને સ્પર્શ અનુદ્ભૂત હોવાથી અંધતમમાં પ્રકાશ કરતી નથી અને તાપ કરતી નથી, તેમ ભગવાનની ઇચ્છાથી ગોકુલ અપ્રકટ અનુભાવવાળું હોવાથી, ઉભયે પક્ષમાં આધુનિક એના લોકમાં દોષદર્શન ઉપપન્ન છે, એવો અર્થ છે. એવા પ્રકારની ભગવાનની ઇચ્છા સર્વનો મોક્ષ ન થાય તે માટે અને અસુરજીવોને વ્યામોહ થાય તે માટે છે. જેમ એ યોગીને જ પ્રત્યક્ષ છે તેમ આ પણ ભક્તોને જ પ્રત્યક્ષ છે એમ પ્રથમ જ કહ્યું છે.

પોતાનાં જ દર્શન કરવાનાં સાધન દોષવાળાં હોવાથી એમને યથાર્થ દર્શન થતું નથી એમ માનીએ, તોપણ ત્યાં રહેલા લોકોમાં દુઃખ કામ ક્રોધ વગેરે જોવામાં આવે છે તેની ઉપપત્તિ થતી નથી. ઉપર કહ્યા તે બે પક્ષમાંથી ગમે તે પક્ષ સ્વીકારીએ તોપણ ત્યાં રહેનારાઓનાં દુઃખ કામ ક્રોધ વગેરેની ઉપપત્તિ થતી નથી, કારણ કે શ્રીગોકુલ પરમાનંદરૂપ છે અને ગુણાતીત છે, તેથી શ્રીગોકુલમાં દુઃખ સંભવે નહિ અને કામ ક્રોધ વગેરે પણ સંભવે નહિ. 'આપણા જેવા લોકો પોતાનાં દર્શનનાં સાધન દોષવાળાં હોવાથી જ ત્યાં દુઃખ કામ ક્રોધ વગેરે જુએ છે' એમ પણ કહી શકાય નહિ, કારણ કે પરમાનંદરૂપ ગુણાતીત શ્રીગોકુલમાં દર્શનનાં સાધનના દોષ પણ સંભવતા નથી. વળી, ત્યાંના જ લોકો પરસ્પર એકબીજા દુઃખી છે એમ જાણે છે, તેથી 'દર્શનનાં સાધનો દોષવાળાં હોવાથી આપણે દુઃખ વગેરે જોઈએ છીએ' એમ કહી શકાય નહિ. તેથી ત્યાં દુઃખ કામ ક્રોધ વગેરે જોવામાં આવે છે તેની ઉપપત્તિ થતી નથી.'' આવી શંકાનું સમાધાન કરવા શ્રુતિ '**आततं चक्षुः इव**' એમ તૃતીય દષ્ટાંત કહે છે. આતત ચક્ષુની પેઠે. જેમ દેવદત્તનું ચક્ષુ ઇંદ્રિય વિષ્ણુમિત્રના શરીરમાં સર્વ બાજુએ વ્યાપી રહે છે અને તૈજસ છે તોપણ એનું રૂપ અને સ્પર્શ ઉદ્‌ભૂત નથી તેથી અતિશય અંધકાર હોય ત્યાં વિષ્ણુમિત્રનો પ્રકાશ કરતું નથી તેમજ એને દહતું નથી, તે જ પ્રમાણે શ્રીગોકુલનો અનુભાવ અથવા પ્રભાવ ભગવાનની ઇચ્છાથી પ્રકટ નથી તેથી હાલના સમયના શ્રીગોકુલના લોકોમાં દોષનું દર્શન થાય એ ઉપપન્ન જ છે. ઉપર શ્રીગોકુલ વિશે બે પક્ષ કહ્યા તેમાંથી ગમે તે પક્ષ સ્વીકારીએ તોપણ ભગવાનની ઇચ્છાથી શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ નથી એ લક્ષમાં રાખવાથી હાલના ત્યાંના લોકોમાં દુઃખ કામ ક્રોધ વગેરેનું દર્શન થાય એમાં કાંઈ અનુપપત્તિ નથી એ સ્પષ્ટ થાય છે. સર્વ જીવોને મોક્ષની પ્રાપ્તિ ન થાય અને આસુરી જીવોને વ્યામોહ થાય તે માટે ભગવાનની ઇચ્છા શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ કરવાની નથી. શ્રીગોકુલનો અનુભાવ પ્રકટ થાય તો સર્વને પ્રકટ અનુભાવવાળા શ્રીગોકુલનાં દર્શન થવાથી સર્વ મુક્ત થાય અને લીલા સંભવે નહિ; તેથી જેમ ચક્ષુ ઇંદ્રિય માત્ર યોગીઓને જ પ્રત્યક્ષ છે તેમ પ્રકટ અનુભાવવાળું શ્રીગોકુલ માત્ર ભક્તોને જ પ્રત્યક્ષ થાય એવી ભગવાનની ઇચ્છા છે. આ પણ પ્રથમ કહી ચૂક્યા છીએ.

ભગવાનનાં કર્મો વગેરેનાં દર્શનનાં સાધન

હવે 'विष्णोः कर्माणि' એ મંત્રનું વ્યાખ્યાન કરીએ. પૂર્વના મંત્રમાં ગોકુલનું જ નિરૂપણ કરેલું હોવાથી ત્યાં કરેલાં જ યશોદાસ્તનપાન પૂતનાસુ-પયઃપાન રિંગણ વગેરે કર્મો અહીં કર્મપદથી કહેલાં છે એમ સમજાય છે, તેથી જ 'यतः व्रतानि' એમ કહ્યું. यतः હેતુભૂત કર્મોને લીધે, કાત્યાયનીનું અર્ચન વગેરે વ્રતોનો સાન્નિધ્યને લીધે વિષ્ણુએ જ સ્પર્શ કર્યો (पस्पशे); એના ફલ તરીકે એ કરનારીઓમાં આવિર્ભાવ પામી એમની સાથે સર્વ લીલા કરી, એવો અર્થ છે. બાધન અને સ્પર્શનમાં स्पश् ધાતુનું આ પરોક્ષ ભૂતકાળનું રૂપ છે ઉભય અર્થમાં આ પ્રયોગ છે, તેથી વ્રતો (અર્થાત્) લોકમર્યાદાનાં વ્રતો પાતિવ્રત્ય વગેરેનો બાધ કર્યો એવો અર્થ છે. વેદમર્યાદાનો ત્યાગ કરનાર કર્મો સદોષ છે એવી શંકાનો પરિહાર કરવા અવ્યયનો પ્રયોગ છે, તેથી એ અવિકૃત છે એમ કહેલું છે. નિયમરૂપ પોતાનાં વ્રત સ્પર્શન આત્મારામત્વ પૂર્ણકામત્વ વગેરેનો પણ બાધ કર્યો. આ અર્થમાં પ્રશ્લેષમાં નञ् છે. અવ્રતનો સ્પર્શ કર્યો એવો અર્થ થાય છે. ગોપીઓ સાથે રમણરૂપ એ કર્મો જુઓ એવો ઉપદેશ છે.

આ પ્રમાણે ભગવાનની લીલાના સર્વ પદાર્થો પણ નિત્ય છે એમ સિદ્ધ થાય છે. '**विष्णोः कर्माणि**' મંત્ર ઉપર યોજેલો છે તેનું વ્યાખ્યાન કરીએ છીએ. પૂર્વના મંત્રમાં શ્રીગોકુલનું નિરૂપણ કરેલું છે તેથી આ મંત્રમાં ભગવાને શ્રીગોકુલમાં જ કરેલાં કર્મોનું વર્ણન કરેલું છે. શ્રીગોકુલમાં ભગવાને કરેલાં યશોદાના સ્તનનું પાન, પૂતનાના અસુરૂપી પયનું પાન, રિંગણ વગેરે કર્મોને આ મંત્રમાં '**कर्माणि**' કહેલાં છે એમ જણાય છે, કારણ કે પૂર્વના મંત્રમાં શ્રીગોકુલનું જ નિરૂપણ કરેલું છે, તેથી જ '**यतो व्रतानि पस्पशे**' એમ પણ કહેલું છે. '**यतः**' એટલે કર્મોને લીધે, કારણભૂત કર્મોને લીધે '**व्रतानि**' કાત્યાયની-અર્ચન વગેરે વ્રતોની સન્નિધિમાં હોવાથી ભગવાન વિષ્ણુએ જ સ્પર્શ કર્યો, અર્થાત્ એ વ્રતોના ફલ તરીકે વ્રત કરનારી ગોપિકાઓમાં આવિર્ભાવ પામી સર્વ લીલા કરી, એવો અર્થ થાય છે. **स्पश्** ધાતુના બે અર્થ થાય છેઃ (૧) બાધ કરવો અને (૨) સ્પર્શ કરવો. **स्पश्** ધાતુનું પરોક્ષ ભૂતકાળનું રૂપ '**पस्पशे**' છે. બીજા અર્થ પ્રમાણે ઉપર અર્થ કર્યો. પ્રથમ અર્થ પ્રમાણે **यतः** કર્મોને લીધે, '**व्रतानि**' લોકમર્યાદાનાં વ્રતો અને પાતિવ્રત્ય વગેરે વ્રતોનો ભગવાન વિષ્ણુએ બાધ કર્યો, એવો અર્થ થાય છે. અહીં ઉભય અર્થમાં આ ધાતુ યોજેલો છે. વેદની મર્યાદાનો ત્યાગ કરનારાં કર્મ દોષયુક્ત જ છે એવી શંકા થાય તે દૂર કરવા કર્મોને માટે '**यतः**' અવ્યય યોજેલો છે, તેથી ભગવાનનાં કર્મ અવિકારી છે, ભગવાનનાં કર્મમાં કાંઈ પણ દોષ નથી, એમ સ્પષ્ટ થાય છે. વળી, પોતાનાં વ્રતો, જેવાં કે આત્મારામપણું પૂર્ણકામપણું વગેરેનો પણ બાધ કર્યો. આત્મારામ રહેવું, પૂર્ણકામ હોવું, એ ભગવાનનાં નિયમરૂપ વ્રત છે; એઓનો પણ ભગવાને ગોપિકાઓ સાથે લીલા કરી બાધ કર્યો. આ અર્થમાં પણ **स्पश्** ધાતુની 'સ્પર્શ' અર્થમાં યોજના થયેલી છે. આ અર્થ કરતાં '**यतो व्रतानि पस्पशे**' એ પાદની સંધિ '**यतः अव्रतानि पस्पशे**' એમ છૂટી પાડવી, તેથી અવ્રતનો સ્પર્શ કર્યો, અથવા અવ્રતનું ગ્રહણ કર્યું, એવો અર્થ થાય છે. આત્મારામપણું પૂર્ણકામપણું વગેરે

કર્મદર્શન હોવાથી સ્વકૃતિથી સાધ્ય નથી, તોપણ આવું કથન મોક્ષરસથી પણ અધિક રસવાળા સ્વતઃ પુરુષાર્થરૂપ અતિહૃદ્ય (કર્મના) સ્મરણથી શ્રુતિનું એ પર પારવશ્ય અને ઔત્સુક્ય પ્રકટ કરે છે, તેથી એમના સાધનના ઉપદેશમાં પર્યવસાન થાય છે. આથી કર્મનું નિત્યત્વ જાણવું, નહિતો આ ઉપદેશ સંભવે નહિ. ઇંદ્રના યુજ્યઃ યોગ અનુકૂલ સખા. નીચે પ્રમાણે અર્થ છે: ભગવાને ઇંદ્રના યાગનો ભંગ કર્યો ત્યારે મેઘની વૃષ્ટિ વગેરેથી ઇંદ્રે દ્રોહ કર્યો તોપણ, સર્વસમર્થ હોવા છતાં, (ભગવાને) એનો (દ્રોહના) કારણભૂત મદ જ દૂર કર્યો, પરન્તુ ઇંદ્ર અથવા એના અધિકારને દૂર કર્યો નહિ; તેથી એનો દોષ હરવાથી એને અનુકૂલ. ત્યારપછી ઇંદ્રાભિષેક 'ગોવિંદ'-નામધારણ વગેરે એના સમાન ધર્મોથી એના સખા (છે). આથી અપ્રપન્નને પણ માટે, પ્રત્યુત અપકાર કરનારને પણ માટે પોતે ઉદ્યમ કરી એના દોષનું નિવારણ કરનાર અને એના ધર્મોનો અંગીકાર કરનાર અન્ય કોઈ નથી, એમ પરમકૃપાલુત્વ દર્શાવ્યું છે; તેથી ભજનને

પોતાનાં વ્રતોનો બાધ કરી અન્નનું ભગવાને ગ્રહણ કર્યું. ગોપિકાઓ સાથે રમણ વગેરે ભગવાનનાં આ કર્મો જુઓ એવો ઉપદેશ છે, તેથી વેદ પણ માત્ર ઉપદેશરીતિએ જ ભગવાનનાં કર્મોનું નિરૂપણ કરે છે, પરંતુ ભગવાનની સંપૂર્ણ લીલાનું નિરૂપણ કરવાનું એનામાં સામર્થ્ય નથી, એમ સૂચવાય છે. ભગવાનનાં કર્મનું દર્શન કરવું એ પણ પુષ્ટિમાર્ગીય ફલ છે, તેથી એ આપણી કૃતિથી પ્રાપ્ત કરી શકાય તેવું નથી, પણ માત્ર ભગવાનના અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે, તોપણ વેદ એ કર્મોનાં દર્શન કરવાનો ઉપદેશ કરે છે તેથી મોક્ષથી પણ અધિક રસવાળાં સ્વતઃપુરુષાર્થરૂપ અતિશય આનંદકારી ભગવાનનાં કર્મોનું માત્ર સ્મરણ થવાથી, શ્રુતિ એમને પરવશ થાય છે અને કર્મદર્શન માટે અતિશય ઉત્સુક થાય છે એમ જણાય છે, તેથી શ્રુતિનું તાત્પર્ય ભગવાનનાં કર્મોનાં દર્શન પ્રાપ્ત કરવા સાધન કરો એવો ઉપદેશ કરવાનું છે; તેથી ભગવાનનાં કર્મો પણ નિત્ય જ સિદ્ધ થાય છે, કારણ કે કર્મો નિત્ય ન હોય તો આવો ઉપદેશ સંભવતો નથી. પછી શ્રુતિ ભગવાન કેવા છે એ કહે છે: '**इन्द्रस्य युज्यः सखा**' અથવા ઇંદ્રના **युज्यः** અર્થાત્ યોગ્ય અથવા અનુકૂલ **सखा** એટલે મિત્ર. ભગવાન ઇંદ્રના અનુકૂલ મિત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે છે: શ્રીગોકુલના લોકો ઇંદ્રનો યાગ કરતા હતા તેનો ભગવાને ભંગ કર્યો, તેથી કોપ કરી ઇંદ્રે પ્રલયકાલના બલાહક (નેસડાનો નાશ કરનાર) મેઘની અતિશય વૃષ્ટિ કરી ભગવાનનો દ્રોહ કર્યો, તોપણ ભગવાને દ્રોહના કારણરૂપ ઇંદ્રનો મદ જ દૂર કર્યો. ઇંદ્રે મદથી ભગવાનનો દ્રોહ કર્યો. મદ ઇંદ્રનો દોષ હતો. મદથી ભગવાનનો એણે દ્રોહ કર્યો તોપણ, ભગવાન સર્વસમર્થ હોવા છતાં. એમણે ઇંદ્રને કાંઈ ઇજા કરી નહિ, એના અધિકારને પણ દૂર કર્યો નહિ, પરંતુ એના દોષરૂપ મદનો જ નાશ કર્યો. ઇંદ્રનો દોષ ભગવાને દૂર કર્યો તેથી ભગવાન ઇંદ્રને અનુકૂલ છે. ત્યારપછી ભગવાનને ઇંદ્રાભિષેક થયો અને એમણે 'ગોવિંદ' નામ ધારણ કર્યું. ભગવાનને ઇંદ્રાભિષેક થવાથી ભગવાન ઇંદ્રના સમાન ધર્મવાળા થયા, તેથી ભગવાન ઇંદ્રના સખા અથવા મિત્ર છે. આ પ્રમાણે ઇંદ્ર ભગવાનની ભક્તિ કરતો ન હતો, પરંતુ ભગવાનનો દ્રોહ કરી અપકાર કરતો હતો, તોપણ ભગવાને ઉદ્યમ કરી એનો દોષ દૂર કર્યો અને ઇંદ્રાભિષેક વગેરેથી એના ધર્મો સ્વીકાર્યા.

યોગ્ય રૂપ કહેલું છે. અથવા यतः કર્મ ને માટે ઇંદ્રના યાગ વગેરે વ્રતોનો બાધ કર્યો (पस्पशे) એ જુઓ, એમ અન્વય છે. એ કર્મો માત્ર આત્મસાત્કરણરૂપ છે. આ જેમ છે તેમ દશમસ્કન્ધવિવરણમાં પિતાજીએ વર્ણવેલું છે તેથી અહીં કહેતા નથી. તેથી પોતે સાધનરહિત હોવા છતાં, વિપરીત સાધન કરવા છતાં પોતે જ આત્મસાત્ કર્યો, એ અસાધારણ ધર્મ જણાવ્યો છે, તેથી આને જ ભજનીય કહેલા છે. અન્ય સ્વભક્તોને સાધનસંપત્તિ થાય ત્યારે ફલ આપે છે, અન્યથા નહિ, એવો ભાવ છે. युज्यः (અર્થાત્) યોગ્ય ગોપિકાઓ તડિત્રૂપ હોવાથી અને ભગવાન નીલ મેઘના જેવા શ્યામ હોવાથી એઓના યોગને લાયક સખા (અર્થાત્) સમાનશીલ વ્યસનવાળા, એવો અર્થ છે. युज्‌ને બાહુલકને લીધે ગુણ થયો નથી. આ બે મંત્ર પછી જ ઋગ્વેદમાં 'तद्विप्रासो विपण्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत्परमं पदम्' મંત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે છે: વિષ્ણુનું પૂર્વ વર્ણવેલું જે પરમ પદ છે તે પદને। विप्रासः (અર્થાત્) મેધાવી, વળી કેવા? विपण्यवः (અર્થાત્) વિશેષ સ્તુતિ કરનાર, વળી કેવા? जागृवांसः (અર્થાત્) શબ્દ અને અર્થમાં પ્રમાદ વિના જાગ્રત, समिन्धते (અર્થાત્) સારો પ્રકાશ કરે

એવાં કાર્ય ભગવાન વિના અન્ય કોઇ કરે નહિ, તેથી ભગવાન અતિશય કૃપાલુ છે એવી સૂચના થાય છે; તેથી આ મંત્રમાં ભજનયોગ્ય ભગવાનના રૂપનું નિરૂપણ કરેલું છે. અથવા **यतः** જે કર્મોથી **व्रतानि** ઇંદ્રનાં વ્રતો, જેવાં કે યાગ વગેરે, તેઓને। **पस्पशे** બાધ કર્યો, એ કર્મો જુઓ, એમ અન્વય કરવો. આ કર્મો માત્ર આત્મસાત્ કરનારાં છે. આ સર્વ શ્રીમદ્‌ભાગવતના દશમસ્કંધના વિવરણમાં શ્રીમદાચાર્યચરણે વિસ્તારથી કહેલું છે તેથી અમે અહીં કહેતા નથી. તેથી ઇંદ્ર સ્વતઃ ભક્તિ વગેરે સાધનોથી રહિત હતો, વળી સાધનોથી વિપરીત ભગવાનનો દ્રોહ કરતો હતો, તોપણ ભગવાને પોતે જ એના દોષનું નિવારણ કરી એને પોતાને। કર્યો, એ ભગવાને પોતાનો અસાધારણ ધર્મ જણાવ્યો છે; તેથી આ ભગવાન જ ભજન કરવા યોગ્ય છે એમ શ્રુતિ કહે છે, કારણ કે અન્ય દેવો એમના ભક્તો સાધન કરે અથવા સાધનસંપત્તિ પ્રાપ્ત કરે તો જ ફલ આપે છે, પરંતુ ભગવાને સાધન ન હોવા છતાં અરે, એમનો દ્રોહ કરવા છતાં ઇંદ્રને ફલનું દાન કર્યું, તેથી એ જ ભજન કરવા યોગ્ય છે, એવો ભાવ છે. **युज्यः** એટલે યોગ્ય. ગોપિકાઓ તડિત્ જેવી છે અને ભગવાન નીલ મેઘ જેવા શ્યામ છે, તેથી જેમ તડિત્ અને નીલ મેઘનો સંબંધ યોગ્ય છે, તેમ ગોપિકાઓનો અને ભગવાનનો સંબંધ પણ યોગ્ય છે. **सखा** શબ્દનો અહીં 'સમાન શીલ અને વ્યસનવાળા' એવો અર્થ કરવો. આ પાદમાં '**युज्यः**' શબ્દ છે. **युज्** ધાતુનો બહુ અર્થોમાં પ્રયોગ થાય છે, તેથી એને **क्यप्** (કૃત્ પ્રત્યય **य**) લાગે છે. વળી, કિત્વને લીધે '**उ**' નો ગુણ થયો નથી, તેથી '**युज्यः**' રૂપ થયું છે.

આ બે મંત્ર પછી જ ઋગ્વેદમાં '**तद्विप्रासो विपण्यवः**' વગેરે મંત્ર છે. આનો અર્થ નીચે પ્રમાણે થાય છે: વિષ્ણુના પરમ પદનું પ્રથમ નિરૂપણ કર્યું છે. એ વિષ્ણુના પરમ પદને **विप्रासः** અથવા બુદ્ધિમાન અને એ પણ વળી **विपण्यवः** અથવા વિશેષે કરી ભગવાનની સ્તુતિ કરનારા અને વળી **जागृवांसः** અથવા શબ્દ અને અર્થમાં કાંઇ પણ

છે. મેધાવી હોવાથી ઉપર વર્ણવ્યા પ્રમાણે ભગવાન એમનાં લીલા સ્વરૂપ વગેરેના અનુસંધાનવાળા, શબ્દ અને અર્થમાં પ્રમાદરહિત હોવાથી વાચ્ય અને વાચક ભગવદ્રૂપ અને નામના નિત્યત્વમાં કુતર્ક વગેરેથી અનુપહત–મતિવાળા, નિરંતર કીર્તનરૂપ સ્તોત્ર વગેરે સાધનોથી પ્રકટ કરે છે, એવો અર્થ છે. એવા પ્રકારના સાધનની સંપત્તિ થાય ત્યારે એમના દર્શનનું સામર્થ્ય થાય ત્યારે દર્શન કરે છે, એવો અર્થ છે. તેથી જ શ્રીમદ્ભાગવતમાં પણ 'માણસો તમારા કાર્યનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર સ્તુતિ કરે છે, આનંદ પામે છે, તેઓ જ અલ્પ સમયમાં દર્શન કરે છે.' (ભા. ૧–૮–૩૫) ઇત્યાદિ કહેલું છે; તેથી સ્થિત જ પરમ પદનું સમિંધન કહેલું છે. તેથી કાનન પશુ પક્ષી મનુજ વગેરે અને એના (ગોકુલના) સંબંધવાળી લીલા પણ નિત્ય જ છે.

લીલાનાં સ્થાન અને પદાર્થોનું નિત્યત્વ

વળી, છાંદોગ્યમાં પણ 'અથ આ બ્રહ્મપુરમાં જે આ દહર પુંડરિક વેશ્મ છે. આની અંદર દહર આકાશ છે તેની અંદર જે છે તે શોધવું, અને

પ્રમાદ કર્યા વિના જાગરૂક રહેનાર લોકો **समिन्धते** એટલે સારી રીતે દીપાવે છે અથવા પ્રકાશે છે. આ પરમ પદને પ્રકાશનાર લોકો ભગવાન, એમની લીલા, એમનું સ્વરૂપ વગેરેને, જેમ પ્રથમ નિરૂપણ કર્યું તેમ, જાણનાર હોવાથી, બુદ્ધિમાન છે. વળી, શબ્દ અને અર્થમાં એ પ્રમાદ કરતા નથી, અર્થાત્ વાચ્ય ભગવાનનાં રૂપો અને એમના વાચક ભગવાનનાં નામો નિત્ય છે એ વિષયમાં કુતર્ક વગેરેથી એમની મતિનો બાધ થયો નથી, તેથી એ **जागृवांसः** છે. આવા લોકો નિરંતર ભગવાનની કીર્તનરૂપ સ્તુતિ કરે છે અને આ સ્તોત્ર વગેરે સાધનોથી ભગવાનના પરમ પદને પ્રકાશે છે, અર્થાત્ પરમધામના દર્શનનું સાધન ભગવદનુગ્રહ સ્તોત્ર વગેરેથી પ્રાપ્ત કરે ત્યારે પરમપદનું દર્શન કરે છે; તેથી જ શ્રીમદ્ભાગવતમાં પણ 'માણસો તમારાં કાર્યોનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર સ્તુતિ કરે છે, સ્મરણ કરે છે અને આનંદ પામે છે, તેઓ જ અલ્પ સમયમાં દર્શન કરે છે' એમ કહેલું છે, તેથી વ્યાસજીનો પણ આ જ મત છે એમ સિદ્ધ થાય છે; તેથી નિત્ય હોવાથી 'દીપાવે' એમ કહ્યું તે સમયે પણ પરમ પદ વર્તમાન છે, અને વર્તમાન પરમપદને જ 'દીપાવે છે' એમ વેદ કહે છે, તેથી આ પરમ પદમાં જે કાનન પશુ પક્ષી મનુજ વગેરેનો સમાવેશ થાય છે તે સર્વ નિત્ય જ છે, અને એ સંબંધી સર્વ લીલા પણ નિત્ય જ છે.

વળી છાંદોગ્ય ઉપનિષદમાં નીચે પ્રમાણે પાઠ છે: 'અથ આ બ્રહ્મપુરમાં જે આ દહર પુંડરિક વેશ્મ છે, આની અંદર દહર આકાશ છે, તેની અંદર જે છે તે શોધવું અને તે જાણવું.' પછી નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે:

પ્ર૦—'ત્યાં શું છે જે શોધવું અને જાણવું ?'

ઉ૦—'જેટલું આ આકાશ છે તેટલું હૃદયમાં એ આકાશ છે, આકાશ અને ભૂમિ ઉભય આની અંદર જ સમાહિત છે.' ત્યાર પછી અગ્નિ વાયુ ચંદ્ર અને નક્ષત્રો કહેલાં છે. 'અને જે અહીં છે અને જે નથી તે સર્વ આમાં સમાહિત છે' એમ કહેલું છે. પછી નીચે પ્રમાણે પ્રશ્ન અને ઉત્તર છે:

એ જાણવું' એમ છે; અને એની આગળ 'ત્યાં શું છે જે શોધવું અને જાણવું?' એવા પ્રશ્નના (ઉત્તરમાં) 'જેટલું આ આકાશ છે તેટલું હૃદયમાં એ આકાશ છે, આકાશ અને ભૂમિ ઉભય આની અંદર જ સમાહિત છે' વગેરેથી અગ્નિ વાયુ સૂર્ય ચંદ્ર વિદ્યુત્ નક્ષત્રો કહી, 'અને જે અહીં છે અને જે નથી તે સર્વ આમાં સમાહિત છે' એમ કહ્યું છે. 'બ્રહ્મપુર જીર્ણ થાય અથવા નાશ પામે ત્યારે એના આશ્રયવાળું શું અવશિષ્ટ રહે છે?' પ્રશ્નના (ઉત્તરમાં) 'આની જરાથી એ જીર્ણ થતું નથી. આના વધથી એ હણાતું નથી. આ સત્ય બ્રહ્મપુર (છે). આમાં કામો સમાહિત (છે). આ આત્મા પાપરહિત' ઇત્યાદિ છે (છાં ૫-૮-૧૧-થી ૫). અહીં બ્રહ્મપુર શબ્દથી બ્રહ્મ ભગવાનનું પુર લીલાસ્થાન ગોકુલ મથુરા વગેરે કહેલું છે. એનો અર્થ શરીર હોય તો 'આ સત્ય બ્રહ્મપુર છે' એ આગળના વાક્યનો વિરોધ થાય. આના નિત્યત્વના કથન માટે જ એની જરા વગેરે હેતુથી એના આશ્રિતના નાશનો પૂર્વપક્ષ કર્યો. પણ વસ્તુતઃ ત્યાં જરા વધ વગેરેની સંભાવના જ નથી, કારણ કે 'આ સત્ય બ્રહ્મપુર છે' તથાપિ 'દુર્જન સંતોષ પામો' એ ન્યાયથી 'આની જરાથી' ઇત્યાદિ જે કહ્યું છે તે તર્કિત છે એમ જાણવું. તેથી જ ભક્તોના સર્વ કામો એમાં સારી રીતે રહેલા છે એમ કહ્યું. આ આનંદમય અધિકરણમાં (બ્ર. સૂ. ૧-૧-૧૧ થી ૧૮) 'વિપશ્ચિત્ બ્રહ્મ સાથે એ સર્વ કામો ભોગવે છે' (તૈ. ૨-૧) એ શ્રુતિના વ્યાખ્યાનમાં વર્ણવેલું છે. વળી, 'દહર (બ્રહ્મ), ઉત્તર (સૂત્રમાં વર્ણવેલા હેતુને લીધે)' (બ્ર. સૂ. ૧-૩-૧૪) એ અધિકરણથી વ્યાસજીએ 'દહર' શબ્દવાચ્ય ભગવાન છે એવો નિર્ણય

પ્ર૦—'બ્રહ્મપુર જીર્ણ થાય અથવા નાશ પામે ત્યારે એના આશ્રયવાળું શું અવશિષ્ટ રહે છે?'

ઉ૦—'આની જરાથી એ જીર્ણ થતું નથી, આના વધથી એ હણાતું નથી. આ સત્ય બ્રહ્મપુર (છે). આમાં કામો સમાહિત (છે). આત્મા પાપરહિત' વગેરે.

આ પાઠમાં 'બ્રહ્મપુર' શબ્દ આવે છે તે ભગવાનની લીલાનાં સ્થાન ગોકુલ મથુરા વગેરે માટે યોજેલો છે. 'બ્રહ્મપુર' શબ્દનો અર્થ 'બ્રહ્મ અર્થાત્ ભગવાનનું પુર' એટલે લીલાસ્થાન એવો થાય છે. બ્રહ્મપુરનો અર્થ 'શરીર' થાય છે એમ કહેવાય નહિ, કારણ કે એનો અર્થ 'શરીર' કરીએ તો આગળ 'આ સત્ય બ્રહ્મપુર છે' વાક્ય છે તેનો વિરોધ થાય. આ ભગવાનનું લીલાસ્થાન નિત્ય છે એવો બોધ કરવા, પ્રથમ એની જરા વગેરેથી એનો આશ્રય કરી રહેલા લીલાના પદાર્થો, જેવા કે કાનન વગેરેનો નાશ થાય છે એવો પૂર્વપક્ષ કર્યો છે. વસ્તુતઃ શ્રીગોકુલમાં જરા વધ વગેરેની સંભાવના પણ નથી, કારણ કે એ 'સત્ય બ્રહ્મપુર' છે એમ શ્રુતિ જ કહે છે, પરંતુ દુરાગ્રહ કરનાર 'દુર્જન સંતોષ પામો' એવા ન્યાયથી 'આની જરાથી એ જીર્ણ થતું નથી' વગેરે ઉત્તર આપેલો છે; તેથી બ્રહ્મપુરનાં જરા અને નાશનો માત્ર તર્ક જ કરેલો છે; વસ્તુતઃ એને જરા અને નાશ નથી એમ જાણવું. તેથી જ ભક્તોના સર્વે કામો એમાં સમાહિત છે એમ પણ શ્રુતિ કહે છે. આ સર્વ 'વિપશ્ચિત્ બ્રહ્મ સાથે એ સર્વ કામો ભોગવે છે' એ શ્રુતિનું વ્યાખ્યાન કરતાં આનંદમય

કરેલો છે. ભગવાનનું સ્થાન પણ ભગવાનના ધર્મવાળું હોવાથી એમની સ્થિતિને યોગ્ય છે એમ કહેવાને શ્રીગોકુલમાં રહેલા ભક્તના હૃદયકમલને પણ 'દહર' કહ્યું. ત્યાં (ભકતના હૃદયમાં) વ્યાપીને પ્રકટ થઇને સર્વ વ્યવહારના હેતુ તરીકે રહ્યા તેથી આકાશ કહ્યા. આકાશ વગેરે દ્યુપ્રભૃતિ સાક્ષાત્ પુરુષોત્તમની લીલાના ઉપયોગી પદાર્થો ભગવદાત્મક જ છે, તેથી 'જેઓએ મારે માટે લોકધર્મનો ત્યાગ કર્યો છે તેઓનું હું ભરણ કરું છું' (ભા. ૧૦-૪૩-૪) એ વાકય અનુસાર એની અંદર જ રહેલા છે, પણ કાલને અધીન નથી અથવા એનો આશ્રય કરી રહેલા નથી. 'જેટલું' એ પરિમાણનું સામ્ય ઉપલક્ષણ વિધિથી કહેલું છે એમ જાણવું; તેથી લીલાસ્થ પદાર્થ સ્વરૂપથી તો અલૌકિકસ્વરૂપ જ છે, તથાપિ 'લોક પ્રમાણે કેવલ લીલા છે' (બ્ર. સૂ. ૨-૧-૩૩) એ ન્યાયે લૌકિક સ્વરૂપ જેવા છે એમ જણાવ્યું છે. આમ હોવાથી નિર્વિઘ્નપણે મહાન ભાગ્યરાશિવાળા મનુષ્યોએ શ્રુતિવૃન્દોએ ઘણું ગાયેલા, પુષ્કળ આનંદકંદવાળા ભગવાનની લીલાના નિત્યત્વની હૃદયમાં ભાવના કરવી.

વળી, બૃહદ્વામનપુરાણમાં પણ ગાયેલું છે. ઉત્તરસ્થાનમાં અને ખિલમાં ભૃગુ વગેરે પ્રતિ બ્રહ્માનાં વાકયો છે: "'નંદ, ગોપ, અને વ્રજસ્ત્રીઓના પાદની રેણુની પ્રાપ્તિ માટે મેં પહેલાં સાઠ હજાર વર્ષ તપ કર્યું તથાપિ મને એમના પાદની રેણુ પ્રાપ્ત થઇ નહિ.' આ બ્રહ્માનું વાકય સાંભળીને ભૃગુએ આદરસહિત પૂછયું કે 'તમારા જેવા પણ વૈષ્ણવની પાદરજનું ગ્રહણ કરે છે. હે પ્રભો! નારદ

અધિકરણમાં કહેલું છે. વળી '**दहर उत्तरेभ्यः**' સૂત્રથી 'દહર' શબ્દ ભગવાન માટે યોજાયેલો છે એમ વ્યાસજીએ પણ નિરૂપણ કરેલું છે. ભગવાનનું સ્થાન શ્રીગોકુલ પણ ભગવાનના ધર્મોથી યુક્ત છે, તેથી એ પણ એ જ સ્થિતિને યોગ્ય છે, અર્થાત્ એ પણ 'દહર' કહેવાય છે; તેથી જ શ્રીગોકુલમાં રહેલાં ભક્તોના હૃદયકમલરૂપી ભગવાનના સ્થાનને પણ 'દહર' કહેલું છે. ભગવાન આ ભક્તના હૃદયકમલરૂપી સ્વકીય સ્થાનમાં વ્યાપી, અર્થાત્ પ્રકટ થઈ, સર્વ વ્યવહારના હેતુ થઈ રહ્યા, તેથી એમને 'આકાશ' કહ્યા. સાક્ષાત્ શ્રીપુરુષોત્તમની લીલામાં આકાશ વગેરે જે જે પદાર્થો ઉપયોગી છે તે સર્વ પદાર્થો ભગવદાત્મક જ છે, તેથી એ સર્વ ભગવાનની અંદર જ રહેલા છે, પરંતુ કાલને અધીન નથી, તેમજ કાલનો આશ્રય કરીને રહેલા નથી. વળી, ભગવાન પણ 'જેઓએ મારે માટે લોકધર્મનો ત્યાગ કર્યો છે તેઓનું હું ભરણ કરું છું' એમ કહે છે. 'આ જેટલું આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે' એ શ્રુતિમાં ઉભયના પરિમાણનું સામ્ય કહેલું છે તે માત્ર ઉપલક્ષણ વિધિથી જ કહેલું છે; તેથી એમ જણાય છે કે લીલાના સર્વ પદાર્થો સ્વરૂપથી અલૌકિક જ છે. '**लोकवत्तु लीलाकैवल्यम्**' એ બ્રહ્મસૂત્રના ન્યાયથી લીલાના સર્વ પદાર્થ અલૌકિક જ છે. ભગવાનની લીલા લોક જેવી છે એમ આ સૂત્રથી વ્યાસજી કહે છે, તે જ પ્રમાણે લીલાના સર્વ પદાર્થો પણ લોક જેવા અર્થાત્ વસ્તુતઃ અલૌકિક જ છે. આમ હોવાથી જેઓ અતિશય ભાગ્યશાળી હોય તેવા પુરુષોએ શ્રુતિનાં વૃંદોએ ઘણું ગાયેલા, પુષ્કળ આનંદના કંદવાળા ભગવાનની લીલાના નિત્યપણાની નિર્વિઘ્નપણે કાંઈ પણ સંશય વિના ભાવના કરવી.

વગેરે પ્રખ્યાત વૈષ્ણવો લોકમાં બહુ છે, તેમની પાદરેણુ તજી ગોપીની પાદરેણુ તમે પણ ગ્રહણ કરી એમાં શો હેતુ છે એ મને કહો; મને સંશય છે. પછી સર્વ શ્રુતિની પુરાતની કથા જે પરમ અદ્‌ભુત રહસ્ય છે તેનો વિચાર કરી બ્રહ્માએ ભૃગુને કહ્યું. બ્રહ્મા કહે છે: 'હે પુત્ર! વ્રજસુંદરીઓ સ્ત્રીઓ નથી, એઓ ખરે શ્રુતિઓ છે. હું શિવ શેષ લક્ષ્મી પણ એઓની સમાન કોઈ સમયે નથી. પ્રથમ જ્યારે પ્રાકૃત પ્રલય થયો, વ્યક્ત અવ્યક્ત થયું, કાલ અને માયાથી અતિગ અક્ષર ચિન્માત્ર બ્રહ્મ રહ્યું ત્યારે કેવલ બ્રહ્માનંદમય નિર્ગુણ અનાદિ અને અનન્ત વ્યપિ- વૈકુંઠ નામનો લોક રહ્યો. અક્ષર વેદોનું ઉત્તમ સ્થાન પરમ બ્રહ્મ છે. એ લોકમાં રહેનાર પરથી પણ પરની ત્યાં રહેનાર વેદોએ સ્તુતિ કરી. પછી ઘણી સ્તુતિથી તુષ્ટ થઇ પરોક્ષ રીતે વાણી વડે એમને 'હે પ્રાજ્ઞા! હું તુષ્ટ થયો છું. મનમાં જે વર ઈચ્છેલો હોય તે કહો' એમ કહ્યું. શ્રુતિઓ કહે છે: 'હે અચ્યુત, અમે નારાયણ વગેરે રૂપો જાણ્યાં. હે સર્વ, એ સગુણ બ્રહ્મ છે. અમારી એમાં વસ્તુ- બુદ્ધિ નથી. જે નિર્ગુણ પર રૂપને અમે બ્રહ્મ એમ કહીએ છીએ તે વાણી અને મનને ગોચરથી અતીત હોવાથી જાણતા નથી. જો અમને વર આપવો હોય તો જેને પુરાવિદ 'આનન્દમાત્ર' એમ કહે છે તે રૂપનાં અમને દર્શન કરાવો.' આ સાંભળીને, પ્રકૃતિથી પર, માત્ર આનંદના જ કેવલ અનુભવવાળા અક્ષર મધ્યે રહેલા પોતાના લોકનું દર્શન કરાવ્યું. ત્યાં ઈચ્છાઓ પૂરી પાડનાર વૃક્ષોથી સર્વ ઋતુઓમાં સુખ આપનાર અતિશય મનોરમ નિકુંજવાળું વૃન્દાવન નામનું વન (છે). ત્યાં સારા ઝરા અને ગુફાઓવાળો રત્ન અને ધાતુવાળો, સારા પક્ષીગણથી સંકુલ શ્રીમાન ગોવર્દ્ધન નામે (પર્વત છે.) ત્યાં નિર્ઝરના જેવા પાણીવાળી, રત્નથી બાંધેલા ઉભય તટવાળી, હંસ પદ્મ વગેરેથી સંકુલ, નદીઓમાં ઉત્તમ કાલિન્દી (છે). ત્યાં ભિન્ન ભિન્ન રાસના રસમાં ઉન્મત્ત થયેલો ગોપિકાઓનો સમૂહ (છે), અને એ સમૂહની મધ્યે રહેલા કિશોર આકૃતિવાળા અચ્યુત છે. આવું દર્શન કરાવી પૂછ્યું કે 'તમારું શું (પ્રિય) કરું એ કહો. આ મારો લોક જોયો તેનાથી વધારે સારું (કાંઇ) નથી.' શ્રુતિઓ કહે છે: 'તમારાં કોટિકંદર્પલાવણ્યનાં દર્શન થવાથી, અમારાં મન કામિનીભાવ પામીને સ્મરથી ક્ષુબ્ધ થયાં, એમાં સંશય નથી. જેમ તમારા લોકમાં વસનાર ગોપિકાઓ રમણ માનીને કામતત્ત્વથી ભજન કરે છે તેવી અમારી ઇચ્છા થઈ.' શ્રીભગવાન કહે છે: 'તમારો સારો મનોરથ દુર્લભ અને દુર્ઘટ છે, અને મારું અનુમોદન પામી સારી રીતે સત્ય થવા લાયક છે. આવતા બ્રહ્મામાં સૃષ્ટિ માટે ઉદ્યમ થાય ત્યારે સારસ્વત કલ્પમાં વ્રજમાં તમે ગોપીઓ થશો. પૃથિવી પર ભારતક્ષેત્રમાં મારા મથુરાના મંડલમાં વૃન્દાવનમાં રાસમંડલમાં હું તમને પ્રિય થઈશ. (તમે) સર્વે મારી અંદર જારધર્મ-

---

વળી, બૃહદ્વામનપુરાણમાં ઉત્તરસ્થાનમાં અને ખિલ અથવા પરિશિષ્ટમાં ભૃગુ અને

થી સુદૃઢ સર્વથી અધિક સ્નેહ પામી કૃતકૃત્ય થશો.’ બ્રહ્મા કહે છે : ‘ આ સાંભળીને એઓ ભગવાનના રૂપનું લાંબા સમય સુધી ધ્યાન કરી, વર્ણવેલો સમય પ્રાપ્ત કરી ગોપીઓ થઇ હરિને પામી. ’ ” અહીં શ્રુતિઓએ ‘ સર્વ વેદાન્તપ્રત્યય ગુણાતીત વાણી અને મનને ગોચરથી અતીત આનન્દૈકરૂપ જે તમારું રૂપ છે તેનું દર્શન કરાવો ’ એમ પ્રાર્થના કરેલા ભગવાને, ગોકુલ , ત્યાં રહેલું પોતાનું સ્વરૂપ અને ત્યાં થતી લીલાનાં દર્શન કરાવ્યાં, એમ કહ્યું છે. જો આ સર્વવેદાન્તપ્રત્યયત્વ વગેરે ગુણોથી વિશિષ્ટ હોય તો જ આ ઘટે. આમ હોવાથી એમની નિત્યતા નિઃશંક સિદ્ધ થાય છે. ત્યાં રહેલું સ્વરૂપ જ નિત્ય છે, પરન્તુ લોક નિત્ય નથી એમ કહેવાય નહિ, કારણ કે લોકપ્રદર્શન અપ્રાર્થિત હોવાથી વ્યર્થ થઈ જાય, તેથી સ્વરૂપનાં દર્શન માટે જ પ્રાર્થના કરેલી હોવા છતાં, વૃન્દાવન વગેરેનાં પણ દર્શન કરાવ્યાં, તેથી ભગવાનનું રૂપ સદા વૃન્દાવન વગેરે વર્ણવેલી સામગ્રીથી વિશિષ્ટ જ છે, કેવલ નથી, એમ જણાવ્યું છે. વસ્તુ જ એવા જ પ્રકારની હોવાથી અહીં અલ્પ પણ શંકા નથી, તેથી જ બ્રહ્મધર્મ-

---

બ્રહ્માનાં વાકયો છે. ત્યાં શ્રુતિઓની કથા બ્રહ્માએ ભૃગુને કહેલી છે તેમાં પણ રાસલીલાનું વર્ણન છે; તેથી પણ લીલા તથા એના સર્વ પદાર્થો નિત્ય જ છે એમ જણાય છે, કારણ કે આ સ્થલે શ્રુતિઓ ભગવાનને એવી પ્રાર્થના કરે છે કે ‘ સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત, વાણી અને મનને ગોચર પદાર્થથી અતીત, કેવલ આનંદરૂપ જે આપનું સ્વરૂપ છે તેનાં દર્શન કરાવો.’ શ્રુતિઓએ ભગવાનને આવી પ્રાર્થના કરી ત્યારે ભગવાને શ્રીગોકુલ, ત્યાં રહેલું પોતાનું સ્વરૂપ અને ત્યાં થતી લીલા, સર્વનાં દર્શન કરાવ્યાં. શ્રુતિઓની પ્રાર્થના જેવી હતી તેવાં જ ભગવાને દર્શન કરાવ્યાં એમ અવશ્ય માનવું જોઈએ; તેથી સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત એવા ભગવાનના સ્વરૂપનાં જ દર્શન શ્રુતિઓને થવાં જોઈએ; તેથી શ્રીગોકુલ, ત્યાંની લીલા અને ત્યાંનું ભગવાનનું સ્વરૂપ, સર્વ ભગવાનનું સર્વવેદાન્તપ્રત્યય ગુણોથી અતીત સ્વરૂપ છે એમ અવશ્ય માનવું જોઈએ, નહિ તો આવાં પ્રાર્થના અને દર્શન સંભવે નહિ. આ પ્રમાણે શ્રીગોકુલ-વિશિષ્ટ જ ભગવાનનું સ્વરૂપ છે તેથી શ્રીગોકુલ, લીલા, લીલાના પદાર્થો સર્વ નિત્ય જ છે એમાં કાંઇ પણ સંદેહ રહેતો નથી. ‘ત્યાં રહેલું ભગવાનનું સ્વરૂપ જ નિત્ય છે, પરંતુ શ્રીગોકુલ લીલા વગેરે નિત્ય નથી ’ એમ કહી શકાય નહિ, કારણ કે એમ હોય તો શ્રુતિઓએ માત્ર ભગવાનના સ્વરૂપનાં જ દર્શન કરાવવા પ્રાર્થના કરી હતી, ભગવાનના લોકનાં દર્શન કરાવવાની પ્રાર્થના કરી નહતી, તેથી ભગવાને પોતાના લોકનાં દર્શન કરાવ્યાં એ વ્યર્થ થાય. માત્ર સ્વરૂપનાં જ દર્શન કરાવવાની પ્રાર્થના કરેલી હોવા છતાં લોક લીલા વગેરે સર્વનાં દર્શન ભગવાને કરાવ્યાં તેથી ભગવાનનું સ્વરૂપ એમનાં લોક લીલા વગેરેથી સદા વિશિષ્ટ જ છે એવો ભાવાર્થ છે. ભગવાનનાં લોક લીલા વગેરેનો સ્વરૂપમાં જ સમાવેશ થાય છે, તેથી જેમ વૃક્ષ અને એનાં ફલ ફૂલ વગેરેમાં સ્વગતદ્વૈત છે તે પ્રમાણે ભગવાનનું સ્વરૂપ અને ભગવાનનો લોક વગેરેમાં સ્વગતદ્વૈત થાય, અર્થાત્ ભગવાનનું સ્વરૂપ અને એમનો લોક વગેર ભિન્ન ભિન્ન થાય એમાં કાંઈ ક્ષતિ નથી, કારણ કે **‘ तस्मान्न भिन्ना एतास्तु आभिर्भिन्नो न वै प्रभुः । भूमावुत्तारितं सर्वं वैकुण्ठस्वर्गवासिनम्’**

સ્વરૂપના વિચારમાં ‘ તેજ હોવાથી, પ્રકાશાશ્રયની પેઠે’ (બ્ર. સૂ. ૩-૨-૨૮) એમ બાદરાયણે સૂત્ર યોજ્યું. આ જેમ છે તેમ પ્રથમ જ કહેલું છે તેથી જ આ લીલાનું ઋગ્વેદમાં બીજી ઋક્‌માં નિરૂપણ કરેલું છે: ‘जज्ञान एव व्यबाधत स्पृधः प्रापश्यद्वीरोऽभिपौंस्यं रणम्। अवृश्चदद्रिमव स स्पदसृजदस्तभ्नान्नाकं स्वपस्यया पृथुम्॥ એમ (મંત્ર છે.) ‘जज्ञान एव’ ગોકુલમાં માત્ર પધારવાથી જ स्पृधः (અર્થાત્) પૂતના તૃણાવર્ત વગેરે શત્રુઓનો व्यबाधत (અર્થાત્) વિવિધ પ્રકારથી અથવા વિશેષે કરીને નાશ કર્યો. પછી वीरः (અર્થાત્) શૂરવીરે, મથુરા દ્વારકા વગેરેમાં अभिपौंस्यं (અર્થાત્) પોતાના પૌરુષને યોગ્ય, रणं (અર્થાત્) દૈત્યોની સાથેના સંગ્રામનો, प्रापश्यत (અર્થાત્) અનુભવ કર્યો, એવો અર્થ છે. ભૂમિ પર રહેલા દૈત્યોનો નાશ વર્ણવી દેવેન્દ્રના મદનો ભંગ કરનાર હોવાનું કહે છે. अद्रिम् (અર્થાત્) ગોવર્દ્ધન પર્વતને अवृश्चत् (અર્થાત્) ધારણ કર્યો. सः એમણે, स्पत् (અર્થાત્) સ્રવણ કરતા ઇન્દ્રે પ્રેરેલા જલનો, अवासृजत् (અર્થાત્) અધિક્ષેપ કર્યો, નિવારણ કર્યું. આ स्वपस्यया (અર્થાત્) ગોકુલમાં સ્થિતિ કરવા

‘તેથી આ ભિન્ન નથી, અને પ્રભુ આથી ભિન્ન નથી, વૈકુંઠ સ્વર્ગમાં રહેનાર સર્વ ભૂમિ પર ઉતારેલું છે’ એ શ્રીગોપાલતાપનીય ઉપનિષદ્‌ની શ્રુતિને લીધે, તથા ‘જે પરમ અક્ષરમાં પ્રજા’ વગેરે તૈત્તરીય ઉપનિષદ્‌ની શ્રુતિને લીધે, ભગવાનનો લોક અને ત્યાં રહેનાર સર્વ ભગવાનથી અત્યન્ત ભિન્ન નથી તેમજ અત્યન્ત અભિન્ન પણ નથી, પરંતુ ભિન્નાભિન્ન જ છે, તેથી વૃક્ષ અને એના ફલનો જેવો સ્વગતભેદ છે તેવો સ્વીકારવામાં પણ કાંઈ ક્ષતિ નથી. ભગવત્સ્વરૂપ જ એવું છે, તેથી કાંઈ શંકા રહેતી નથી. આ પ્રમાણે ભગવત્સ્વરૂપ અને લોક લીલા વગેરે ભગવદ્ધર્મો ભગવાનથી ભિન્ન ભિન્ન જ હોવાથી વ્યાસજીએ પણ ‘**प्रकाशाश्रयवद्वा तेजस्त्वात्**’ સૂત્ર યોજેલું છે. આ સૂત્રનો અર્થ અમે પ્રથમ કરેલો છે ત્યાં પણ આ સર્વનું નિરૂપણ કરેલું છે.

ભગવાનની લીલા, લીલાના પદાર્થ વગેરે નિત્ય જ છે, તેથી જ ઋગ્વેદમાં ‘**जज्ञान एव**’ વગેરે બીજી ઋક્‌માં પણ ભગવાનની લીલાનું નિરૂપણ કરેલું છે. આ ઋક્‌નો અર્થ નીચે પ્રમાણે થાય છે: **जज्ञान एव** અર્થાત્ શ્રીગોકુલમાં ભગવાનનો જન્મ થયો એવામાં, માત્ર શ્રીગોકુલમાં જન્મીને જ **स्पृधः** પૂતના તૃણાવર્ત વગેરે શત્રુઓને ભગવાને **व्यबाधत** વિવિધ પ્રકારથી અથવા વિશેષે કરીને હણ્યા. ત્યાર પછી **वीरः** વિક્રાંત અર્થાત્ શૂરવીર ભગવાને મથુરા દ્વારિકા વગેરે સ્થલોમાં **अभिपौंस्यम्** પોતાના પૌરુષ અથવા પૌરુષાર્થને યોગ્ય **रणम्** રણનો **प्रापश्यत्** અનુભવ કર્યો, અર્થાત્ પછી ભગવાને મથુરા દ્વારિકા વગેરે સ્થલોમાં પોતાના પુરુષાર્થને યોગ્ય સંગ્રામ કર્યો. આ પ્રમાણે ભગવાને ભૂમિ પરના દૈત્યોનો સંહાર કર્યો એમ કહ્યું. પછી ભગવાને દેવ ઇંદ્રના મદનો ભંગ કર્યો એમ ઋક્ કહે છે. **अद्रिम्** ગિરિવર શ્રીગોવર્ધનગિરિને **अवृश्चत्** ધારણ કર્યો. **स** ભગવાને **स्पत्** સ્રવણ કરતા અથવા વહેતા, ઇન્દ્રે મોકલેલા જલનો **अवासृजत्** અધિક્ષેપ કર્યો, અર્થાત્ ભગવાને ઇન્દ્રે ક્રોધથી મોકલેલા જલનું નિવારણ કર્યું. આવી **स्वपस्यया** શ્રીગોકુલમાં સ્થિતિ કરવા લીલા કરવાની ઇચ્છાથી **पृथुम्**

લીલા કરવાની ઇચ્છાથી **પૃથુમ્** (અર્થાત્) વિસ્તીર્ણ, **નાકમ્ અસ્તમ્નાત્** (અર્થાત્) (સ્વર્ગનો) પ્રતિબંધ કર્યો, ઈન્દ્ર વગેરે દેવોના મદનો સ્તંભ કર્યો, એવો અર્થ છે.

વળી, દશમસ્કંધમાં કાત્યાયન્યર્ચન વ્રત પછી વરદાન કરવા આવેલા ભગવાને 'મારી સાથે આ રાત્રિઓ રમણ કરશો' (ભા. ૧૦-૧૯-૨૭) એવું વ્રજવરકુમારી પ્રતિ વરદાનવચન કહેલું છે. અહીં 'આ રાત્રિઓ' એમ 'આ' શબ્દથી એઓને સર્વ રાત્રિઓ સામી રાખી દર્શાવી એમ જણાય છે, નહિ-તો 'એ રાત્રિઓ' એમ કહેત. વળી, પ્રાતઃસમયે કહેલું છે તેથી એઓ આ રાત્રિની સજાતીય હોવાથી, આ રાત્રિમાં જ 'આ' એવો પ્રયોગ કર્યો છે એમ કહી શકાય નહિ. વળી, બહુવચન અનુપપન્ન થાય. 'આ' શબ્દ ભગવાનની

વીસ્તીર્ણ **નાકમ્** સ્વર્ગનો **અસ્તમ્નાત્** પ્રતિબંધ કર્યો, અર્થાત્ ઇન્દ્ર વગેરે દેવોના મદનો સ્તંભ કર્યો, ઇન્દ્ર વગેરે દેવોનો મદ દૂર કર્યો. આ ઋક્‌માં ભગવાને દૈત્યોનો નાશ કર્યો એમ કહેલું છે. દૈત્યોનો ભગવાને નાશ કર્યો તેથી આધુનિક સમયમાં દૈત્યો વિદ્યમાન નથી અને તેથી ભગવાનની લીલાના પદાર્થ દૈત્યો અનિત્ય છે એવી શંકા કરવી નહિ. **'અસુરાનીકવીર્યઃ'** વગેરે વાક્યથી દૈત્યો ભગવાનના વીર્યાત્મક હોવાથી નિત્ય જ છે. વળી, **'હ્યબાધત'** 'નાશ કર્યો' વગેરે ભૂતકાલનો પ્રયોગ આ ઋક્‌માં કરેલો છે, તેથી બાધ અથવા નાશ કરવાની ક્રિયા આધુનિક સમયમાં નથી તેથી એ પણ અનિત્ય છે એવી શંકા પણ કરવી નહિ, કારણ કે 'હે સૌમ્ય, આ પૂર્વે સત્ જ હતું' 'નારાયણ એક જ હતા' વગેરે વાક્યમાં પણ ભૂતકાલનો પ્રયોગ કર્યો છે. ત્યાં એવો અર્થ થાય છે કે સત્ અને નારાયણ એ સમયે પણ હતાં. સત્ અને નારાયણ આધુનિક સમયમાં નથી એમ કહેવાનો આ વાક્યોનો આશય નથી, પરંતુ એ સમયે પણ સત્ અને નારાયણ હતાં જ એવો બોધ કરવાનો આશય છે. એ જ પ્રમાણે અહીં પણ છે. વળી, ભગવાનની ઈચ્છા એવા પ્રકારની છે કે દૈત્યોના નાશની ક્રિયા થઈ ગયેલી હોય એવો લોકોને અનુભવ થાય; તેથી તિરોભાવ શક્તિથી જ એ ક્રિયા થઈ ગઈ હોય એવો ભગ-વાન અનુભવ કરાવે છે; તેથી ભૂતકાલ યોજેલો છે, પરંતુ એ ક્રિયા આધુનિક સમયમાં નથી એમ કહેવાના એનો ભાવાર્થ નથી.

વળી, દશમસ્કંધમાં કાત્યાયનીના અર્ચનના વ્રત પછી ભગવાન ગોપિકાઓને વરદાન આપવા પધારે છે તે સમયે 'મારી સાથે આ રાત્રિઓ રમણ કરશો' એવું ભગવાન વ્રજની ઉત્તમ કુમારીઓને વરદાન કરે છે. ભગવાન 'આ રાત્રિઓ' શબ્દો યોજે છે, તેથી એ સર્વ રાત્રિઓને પોતાની સામે રાખી ગોપિકાઓને દર્શાવે છે એવો નિશ્ચય થાય છે, કારણ કે એમ હોય તો જ 'આ' શબ્દ યોજાય. જો ભગવાને એ સમયે એ સર્વ રાત્રિઓને પોતાની સામે રાખી કુમારીઓને દર્શાવી ન હોત તો 'એ રાત્રિએ' શબ્દો જ ભગવાન યોજત. વળી, આ વાક્ય ભગવાને પ્રાતઃકાલમાં યોજેલું છે. જો ભગવાને રાત્રિ સમયે આમ કહ્યું હોત તો એ રાત્રિના જેવી રાત્રિઓમાં રમણ કરીશ એવા ભાવાર્થથી એ રાત્રિ દર્શાવી, સાજાત્યને લીધે 'આ રાત્રિઓ' એવું વાક્ય યોજે; પરંતુ ભગવાને રાત્રિએ આ વાક્ય કહેલું નથી, પણ પ્રાતઃકાલે જ કહેલું છે; તેથી "ભગવાને એ વાક્ય કહ્યું તે દિવસની રાત્રિ દર્શાવી, રમણની રાત્રિઓ એના જેવી જ હોવાથી સાજાત્યને લીધે માત્ર જાતિના અભિપ્રાયથી 'આ રાત્રિઓમાં'

બુદ્ધિમાં રહેલી રાત્રિઓનો વાચક હોવાથી સર્વ ઉપપન્ન થશે એમ કહેવાય નહિ, કારણ કે કથન પરની પ્રતિપત્તિ માટે હોવાથી આમ કહેવા છતાં કુમારીઓને એઓનો બોધ સંભવે નહિ અને તેથી કથન વ્યર્થ થઇ જાય. વળી, ભગવાન સત્યસંકલ્પ હોવાથી અને સત્યસંકલ્પત્વનો વિષય અબાધિત હોવાથી અહીં એ રાત્રિઓનો તરત જ અભાવ રહે તો પૂર્વે વર્ણવેલું સત્ય-સંકલ્પત્વ અનુપપન્ન થાય.

" 'હે સારી ભ્રમરવાળી, તારે ઘેર આવીશ' (ભા. ૧૦-૩૯-૧૨) 'હું આવીશ એમ દૂત દ્વારા' (ભા.૧૦·૩૯·૩૫) 'તમો સગાંઓને જોવા આવીશું' (ભા.૧૦-૪૨-૨૩ વગેરે સ્થલે ભવિષ્યમાં થનાર ભગવાનનું આગમન એ જ સમયે છે એમ કહી શકાય ? એમ હોય તો કથન વ્યર્થ થાય અને અનુભવનો વિરોધ થાય."—એમ નહિ. સર્વ લીલા નિત્ય હોવાથી, પૂર્વસિદ્ધ જ (લીલાનો) ક્રમે આવિર્ભાવ થાય છે એમ પ્રથમ જ કહ્યું છે, તેથી ભગવાનનું આગમન આ સમયે અહીં અપ્રકટિત હોવાથી, આ સમયે પ્રકટ કરેલી લીલામાં જેનો સમાવેશ હોય તેઓને એનો

વાક્ય યોજ્યું છે' એમ કહી શકાય નહિ. વળી, એવા હેતુથી આ વાક્ય યોજેલું હોય તો 'આ રાત્રિઓ' એમ બહુવચન યોજાય નહિ. વળી, "ભગવાને પોતાની બુદ્ધિમાં રમણની રાત્રિઓ રાખીને 'આ રાત્રિઓ' એમ કહ્યું" એમ પણ કહેવાય નહિ, કારણ કે વક્તા વાક્ય યોજે તે પોતાને અર્થ સમજવા યોજતા નથી, પરંતુ શ્રોતાઓ અથવા બીજાઓ અર્થ સમજે એવા હેતુથી જ વાક્યો યોજવામાં આવે છે. ભગવાન પોતાની બુદ્ધિમાં રમણની રાત્રિઓ રાખીને જ 'આ રાત્રિઓ' કહે તો એનાથી કુમારીઓનો બોધ થાય નહિ, અને તેથી ભગવાનનું વચન નિરર્થક અથવા વ્યર્થ થઈ જાય. વળી, ભગવાન સત્યસંકલ્પ છે. સત્યસંકલ્પનો સંકલ્પ સદા સત્ય જ હોવો જોઈએ. ભગવાને 'આ રાત્રિઓ' એવો સંકલ્પ કર્યો તે સમયે એ રાત્રિઓ ત્યાં ન હોય તો ભગવાનનો આ સંકલ્પ અસત્ય થઈ જાય. સત્યસંકલ્પનો સંકલ્પ કદાપિ અસત્ય હોઈ શકે જ નહિ. ભગવાનનો સંકલ્પ અસત્ય થાય તો એમના સત્યસંકલ્પત્વ ગુણની ક્ષતિ થાય, તેથી ભગવાને 'આ રાત્રિઓ' કહ્યું તે સમયે એ રાત્રિઓ ત્યાં અવશ્ય હોવી જ જોઈએ.

પૂર્વપક્ષી—'હે સારી ભ્રમરવાળી, તારે ઘેર આવીશ' 'હું આવીશ એમ દૂત દ્વારા' 'તમો સગાંઓને જોવા આવીશું' વગેરે વાક્યો પણ છે. આ વાક્યોમાં ભગવાનનું આગમન ભવિષ્યમાં થશે એમ સ્પષ્ટ કહેલું છે. 'આ ભગવાનનું ભાવી આગમન પણ આ વાક્ય યોજાયાં તે સમયે પણ હતું' એમ કહી શકાય નહિ; તેથી ભગવાનનું આગમન નિત્ય નથી અને લીલાના નિત્યપણાનો બાધ થાય છે. ભગવાનનું આગમન આ વાક્ય યોજાયાં તે સમયે પણ હોય તો આ વાક્યો વ્યર્થ થઈ જાય અને અનુભવથી વિરુદ્ધ થાય.

સિદ્ધાન્તી—એવી શંકા કરવી નહિ, કારણ કે ભગવાનની સર્વ લીલા નિત્ય જ છે, તેથી પૂર્વસિદ્ધ અથવા પૂર્વે હતી તેવી જ લીલાનો ક્રમથી આવિર્ભાવ જ થાય છે એમ પ્રથમ પણ કહી ચૂકયા છીએ, તેથી આ વાક્યો યોજાયાં ત્યારે પણ ભગવાનનું આગમન અવશ્ય હતું જ; પરંતુ એ પ્રકટ નહતું, તેથી એ સમયે જે પ્રકટ લીલા હતી તે લીલામાં જેમનો સમાવેશ હતો તે સર્વને ભગ-વાનનું આગમન અપ્રકટ જ હોવાથી એનો અનુભવ થતો ન હતો, પરંતુ ભગવાન સર્વજ્ઞ હોવાથી

અનુભવ થતો નથી તેથી, અને ભગવાન સર્વજ્ઞ હોવાથી એ લીલા પણ એમનાં અનુભવનો વિષય છે તેથી સર્વ ઉપપન્ન છે. "આ સમયે પ્રકટ થયેલી લીલામાં જેમનો સમાવેશ છે તેઓ જ ભવિષ્યમાં પ્રકટ કરવાની લીલાનાં પણ સંબંધી છે એમ અવશ્ય કહેવું જોઈએ, કારણ કે મને પૂર્વે 'આવીશ' એમ કહેલું હતું તેથી આવ્યા એમ એવા જ પ્રકારનો એમનો અનુભવ છે, નહિતો અન્ય સ્થલે કહે અને અન્ય સ્થલે જાય, એમ સત્યવક્તાપણું અનુપપન્ન થાય, અને જેમને કહ્યું હોય તેઓની ભગવાનની આશાથી સ્થિતિ અનુપપન્ન થાય; તેથી નિત્ય જ લીલાનો ક્રમે આવિર્ભાવ થાય છે એમ કેમ સંભવે ?"–અહીં આમ જણાય છે. લીલાનું નિત્યત્વ કેવલ લૌકિક યુક્તિથી નથી, પરન્તુ 'જનનિવાસનો જય થાય છે' (ભા. ૧૦–૮૭–૪૮) વગેરે કહેલી સ્મૃતિ અને શ્રુતિના પ્રમાણથી સિદ્ધ થાય છે, તેથી અબાધિત પ્રામાણ્યવાળાં કહેલાં પ્રમાણોથી સિદ્ધ થયું, તો એ વસ્તુમાં કાંઈ પણ અનુપપત્તિ નથી એમ માનવું, કારણ કે એમ જ પ્રમાણથી સિદ્ધ થાય છે; પરન્તુ એમાં અનુપપત્તિ પોતાની બુદ્ધિથી કલ્પેલી છે એનો નીચે પ્રમાણે પરિહાર કરવો. 'એ રસ છે' (તૈ. ૨–૭) શ્રુતિ અને

એમને એ સમયે પણ એનો અનુભવ હતો જ, તેથી ભગવાનના અનુભવ પ્રમાણે વિચાર કરીએ તો એ ભગવાનનું આગમન નિત્ય છે. ભક્તના અનુભવ પ્રમાણે વિચાર કરીએ તો આ સર્વ વાક્યો અર્થવાળાં જ છે, વ્યર્થ નથી, તેથી આ વાક્યો પણ યોગ્ય જ છે.

પૂર્વપક્ષી—આ વાક્યો યોજાયાં તે સમયે જે લીલા પ્રકટ હતી તેમાં જેઓનો સમાવેશ હતો તે જ લોકોનો ભવિષ્યમાં આગમન સમયે જે લીલા પ્રગટ થવાની હતી તેમાં પણ સમાવેશ થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ, કારણ કે અન્ય અન્ય લોકોનો એ સમયોની લીલામાં સમાવેશ થતો હોય તો ભગવાને એકને 'તારે ઘેર આવીશ' કહ્યું અને અન્યને ઘેર ભગવાન પધાર્યા, એમ કહેવાય; તેથી આ વાક્ય સત્ય કહેવાય નહિ. વળી, જેઓને ભગવાને 'તારે ઘેર આવીશ.' એમ કહ્યું તેઓની ભગવાનના આગમનની આશાથી સ્થિતિ રહી એમ કહેલું છે એ પણ વ્યર્થ થાય, કારણ કે ભગવાન તો ઉપર કહ્યું તેમ અન્યને ઘેર પધારે છે; તેથી આ સર્વ દોષ ન આવે એવા હેતુથી એ સમયોની લીલામાં એ જ લોકોનો સમાવેશ થાય છે એમ અવશ્ય કહેવું જોઈએ. જેઓને ઘેર ભગવાનનું આગમન થાય છે તેઓને ઘેર ભગવાનનું આગમન નિત્ય હોવું જોઈએ. એમ હોય તો એઓને આગમન ભાવી લાગવું જોઈએ નહિ; તેથી ભગવાનની લીલા નિત્ય સંભવતી નથી.

સિદ્ધાન્તી—અહીં સત્ય નીચે પ્રમાણે છે. ભગવાનની લીલાનું નિત્યપણું માત્ર લૌકિક યુક્તિઓથી સિદ્ધ થતું નથી, પરંતુ 'જનનિવાસનો જય થાય છે' વગેરે સ્મૃતિ અને શ્રુતિઓથી, ઉપર નિરૂપણ કર્યું તેમ, સિદ્ધ થાય છે. ઉપર કહ્યાં તે તે સ્મૃતિઓ અબાધિત પ્રમાણ છે અને એઓનાથી લીલાનું નિત્યપણું સિદ્ધ થાય છે, તેથી એમાં કાંઈ પણ અનુપપત્તિ નથી એમ માનવું જોઈએ, કારણ કે એમ જ પ્રમાણથી સિદ્ધ થાય છે. જે પ્રમાણથી સિદ્ધ થાય તેમાં કાંઈ અનુપપત્તિ સંભવતી નથી; તેથી એમાં જે અનુપપત્તિ ભાસે છે તે માત્ર

'સર્વરસ' (છાં. ૩-૧૪-૨) એ શ્રુતિથી ભગવાન સર્વરસરૂપ છે એ નિર્વિવાદ છે, તેથી જ્યાં જે સમયે (જે ભક્તોને) 'હું આવીશ' એમ કહે છે તે ભકતોના તે સમયના ભગવદાગમન વિષયની પરમાર્તિરૂપ રસનું પોષણ કરવા ભગવાને એમ કહેલું હોવાથી, એ સમયે ભકતોમાં 'મારે ઘેર સર્વથા પ્રિય પધારશે, ત્યાં આવે આવે પ્રકારે મારા મનોરથ પૂર્ણ થશે' આવા નિશ્ચયથી અમન્દ આનન્દરૂપ અતિવિલક્ષણ અમુક રસભાવ ઉત્પન્ન થાય છે. ભગવાનને એના ભાવના દર્શનથી ઉત્પન્ન થતો એ સમયને અનુરૂપ પરમાનંદરૂપ અમુક ભાવનો અનુભવ થાય છે, તેથી પૂર્વે કહેલી શ્રુતિથી આ સ્વરૂપાત્મક રસનો જ સદા અનુભવ થાય છે, એમ સિદ્ધ થાય છે. પૂર્વે કહેલા ભક્તને ઘેર પધારે ત્યારે પૂર્વના અવધિનો વિચાર કરી એ સમયનું અતિક્રમણ કરી અથવા અતિક્રમણ કર્યા વિના પધારેલા પ્રિયતમમાં જે રસાત્મક અમુક ભાવ હોય તે આત્મારૂપ (ભાવનો) રસરૂપ થઇ વર્ણવેલા ન્યાય પ્રમાણે અનુભવ કરે છે. અહીં પૂર્વે કહેલા અને આના ભેદની શંકા કરવી નહિ, કારણ કે 'પૂર્વે મને આમ કહ્યું હતું' એવા અનુસન્ધાનથી જ એવા પ્રકારના રસની ઉત્પત્તિ થાય છે, અન્ય પ્રકારે થતી નથી, તેથી તે તે રસ તે તે પ્રકારનો હોવાથી અને રસ

આપણી બુદ્ધિથી કલ્પેલી છે એમ જણાય છે. આ આપણી બુદ્ધિથી કલ્પેલી અનુપપત્તિનો નીચે પ્રમાણે પરિહાર કરવો. 'એ રસ છે' 'સર્વરસ' આ બે શ્રુતિથી ભગવાન સર્વરસરૂપ છે, અર્થાત્ ભગવાન વિભાવ વગેરે સર્વરસરૂપ છે એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે; તેથી ભગવાન જ્યારે જેને 'તારે ઘેર આવીશ' એમ કહે છે તે સમયે તે ભક્તને ભગવાનના ભાવી આગમનની પરમ આર્તિ થાય છે. આ આર્તિરૂપ રસનું પોષણ કરવા જ ભગવાન 'તારે ઘેર આવીશ' એમ કહે છે. આ પ્રમાણે ભગવાન કહે છે ત્યારે એ ભકતને 'મારે ઘેર સર્વથા પ્રિય પધારશે, ત્યાં આવે આવે પ્રકારે મારા મનોરથ પૂર્ણ થશે' એવો નિશ્ચય થાય છે; તેથી અતિશય આનંદરૂપ અતિવિલક્ષણ રસના અમુક અમુક ભાવો એ ભક્તમાં એ સમયે ઉપપન્ન થાય છે અને આ ભક્તના ભાવ જોવાથી ભગવાનને પણ એ સમયને અનુરૂપ પરમાનંદરૂપ અમુક ભાવનો અનુભવ થાય છે. 'એ રસ છે' એ શ્રુતિથી આ સર્વ રસ ભગવાનના સ્વરૂપાત્મક જ છે, તેથી સ્વરૂપાત્મક રસનો જ એ સદા અનુભવ કરે છે એમ સિદ્ધ થાય છે. 'પ્રથમ તારે ઘેર આવીશ' એમ જે ભકતને આશ્વાસન આપ્યું તે ભકતને ઘેર પ્રભુ પછી પધારે છે તે સમયે પૂર્વના સમયનું એ મનન કરે છે અને એ સમયે કહેલા સમયનું અતિક્રમણ કરી અથવા અતિક્રમણ કર્યા વિના ભગવાન પધારે છે ત્યારે ભગવાનમાં જે રસાત્મક અમુક ભાવો હોય છે તે, પ્રથમ કહ્યું તેમ, આત્મરૂપ અથવા ભગવદ્રૂપ રસાત્મક ભાવોનો રસરૂપ થઈ એ અનુભવ કરે છે; તેથી પૂર્વે જેમને કહ્યું હોય તે અને આ ભકતો ભિન્ન છે એવી શંકા કરવી નહિ, કારણ કે 'પૂર્વે મને આમ કહ્યું હતું' એમ એ લક્ષમાં રાખે છે ત્યારે જ એને, ઉપર કહ્યું તેમ, રસનો અનુભવ થાય છે. જો આ એના લક્ષમાં ન હોય તો એને એવા રસનો અનુભવ જ થાય નહિ; તેથી ભિન્ન ભિન્ન સમયે એને ભિન્ન ભિન્ન પ્રકારના રસનો અનુભવ થાય છે; પરંતુ સર્વ પ્રકારનો

ભગવદ્રૂપ હોવાથી, જ્યાં જેવો જે પ્રકારનો જે રસ સ્વશાસ્ત્રથી સિદ્ધ થાય ત્યાં તેવો તે પ્રકારનો તે રસ ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે. વળી, ભગવાન એક જ છે, તેથી ત્યાંની સર્વ સામગ્રી રસરૂપ જ એમ સર્વ અનવદ્ય છે; તેથી રાત્રિનું એ સમયે પ્રદર્શન એ નિત્ય હોય તો જ ઘટે. 'ભવિષ્યની રમણલીલા પણ નિત્ય હોવાથી આ વ્રતના ફલ તરીકે વરદાન કેમ ઉપપન્ન થાય' એ શંકાનો આથી જ નિરાસ થયો જાણવો, કારણ કે ભગવાન સર્વરસરૂપ હોવાથી સર્વ ઉપપન્ન છે એમ કહેલું છે. શ્રીનન્દ અને યશોદાને એવા પ્રકારની લીલાના આનન્દનો અનુભવ થવામાં કયો હેતુ છે એમ ' હે બ્રહ્મ! નન્દે અને મહાભાગ્યવાળાં યશોદા જેમના સ્તનનું હરિએ પાન કર્યું તેમણે મહોદયવાળું જ શું શ્રેય કર્યું ? ' (ભા. ૧૦–૮–૪૬) વગેરેથી રાજાએ કરેલા પ્રશ્નમાં અને, " (પોતાની) સ્ત્રી ધરાસહિત બ્રહ્માનો આદેશ કરનાર વસુઓમાં મુખ્ય દ્રોણે એમને કહ્યુંઃ ' અમે ભૂતલ પર જન્મીએ ત્યારે લોકમાં મહાદેવ વિશ્વેશ્વર હરિમાં અમારી પરમ ભક્તિ થાઓ, જેથી તરત દુર્ગત દૂર થાય. ' ' એમ થાઓ ' એમ કહેવાયેલા એ જ મહાયશસ્વી દ્રોણ અહીં વ્રજમાં ' નન્દ ' એમ પ્રસિદ્ધ થયા, અને એ ધરા યશોદા થઈ. હે ભારત! પછી ગોપ અને ગોપીઓમાં દંપતી (થઈ રહેલાં) એમની

રસ ભગવદ્રૂપજ છે, તેથી જ્યાં જે જેવો જેવા પ્રકારનો રસ શાસ્ત્રથી સિદ્ધ થાય ત્યાં તેવો તેવા પ્રકારનો તે રસ ભગવાન જ છે એમ સિદ્ધ થાય છે, કારણ કે જો ભગવાન આ સર્વ રસરૂપ નથી એમ માનીએ તો ' સર્વરસ ' શ્રુતિમાં ' સર્વ ' પદનો બાધ થાય. ભાવી રસ પણ ભગવદ્રૂપ છે; એનો પણ ભગવાનના સ્વરૂપમાં જ સમાવેશ થાય છે; તેથી એ પણ નિત્ય જ છે; તેથી ભગવાનની ઇચ્છાથી ભાવી અનુભવ પણ નિત્ય જ છે; તેથી અનુભવ ભાવી હોવાથી એ સમયે સંભવે નહિ એવી શંકા કરવી ઉચિત નથી. ભગવાન એક જ છે તેથી લીલામાં રહેલી સર્વ સામગ્રી ભગવદ્રસરૂપ હોવાથી નિત્ય જ છે. આ સર્વ ' એ રસ છે ' ' સર્વરસ ' વગેરે શ્રુતિઓથી જ સિદ્ધ થાય છે, તેથી એમાં અલ્પ પણ દોષ નથી. વળી, ભગવાને કુમારીઓને વરદાન કર્યું તે સમયે રમણસમયની સર્વ રાત્રિઓ દર્શાવી એ જો આ રાત્રિઓ નિત્ય હોય તો જ સંભવે. ઉપર 'ભાવી' અને ' નિત્ય 'નો વિરોધ નથી એમ સિદ્ધ કર્યું, તેથી વ્રતના ફલ તરીકે ભગવાને ભાવી રમણનું વરદાન કર્યું એ ભાવી રમણલીલા નિત્ય સંભવે નહિ એવી શંકાનો પણ નિરાસ થાય છે, કારણ કે ભગવાન સર્વરસરૂપ છે, તેથી સર્વ ઉપપન્ન છે એમ પ્રથમ કહી ચૂકયા છીએ. વળી, ' હે બ્રહ્મ ! નન્દે અને મહાભાગ્યવાળાં યશોદા જેમના સ્તનનું ભગવાને પાન કર્યું તેમણે મહોદયવાળું જ શું શ્રેય કર્યું ? ' એમ નન્દ અને યશોદાને ભગવાનની લીલાના આનંદનો અનુભવ થયો એનું શું કારણ, એવો પ્રશ્ન રાજાએ કરેલો છે. ત્યાં "(પોતાની) સ્ત્રી ધરાસહિત બ્રહ્માનો આદેશ કરનાર વસ્તુઓમાં મુખ્ય દ્રોણે એમને કહ્યુંઃ 'અમે ભૂતલ પર જન્મીએ ત્યારે લોકમાં મહાદેવ વિશ્વેશ્વર હરિમાં અમારી પરમ ભક્તિ થાઓ, જેથી તરત દુર્ગતિ દૂર થાય.' ' એમ થાઓ.' એમ કહેવાયેલા એ જ મહાયશસ્વી દ્રોણ અહીં વ્રજમાં 'નંદ' એમ પ્રસિદ્ધ થયા અને એ ધરા યશોદા થઇ. હે ભારત! પછી ગોપ અને ગોપીઓમાં દંપતી (થઈ રહેલાં) એમની

પુત્ર થયેલા ભગવાન જનાર્દનમાં ભક્તિ ઘણી જ થઈ." વગેરે શ્રીશુકના ઉત્તરમાં (ભા. ૧૦-૮-૪૭ થી ૫૧) પણ આ જ ઉપપત્તિ છે. એ જ પ્રમાણે શ્રીદેવકી અને વસુદેવમાં અને એવા અન્યમાં પણ છે; તેથી વિસ્તારથી શું?

इति श्रुतिशतैरतिस्फुटतरैरपास्तभ्रमै-
र्विचारभरचातुरीसचिवसत्पुराणैरपि ।
स्फुरद्विहृतिनित्यता सुनिरणायि गोपीपते-
र्मयाऽतिनिजयत्नतः फलतु तेन सैवेह मे ॥

આ પ્રમાણે અતિસ્ફુટ ભ્રમરહિત હજારો શ્રુતિઓ અને અતિશય વિચારની ચાતુરીમાં સચિવરૂપી સારાં પુરાણોથી મેં મારા ઘણા યત્નથી ગોપીપતિથી સ્ફુરતી લીલાની નિત્યતાનો સારી રીતે નિર્ણય કર્યો છે, તેથી એ જ અહીં મને ફળો.

આધુનિક ભક્તોના લીલામાં સમાવેશ સંભવે છે.

હવે આ વિચાર કરીએ છીએ કે 'સહસ્ર જન્માંતરમાં તપ ધ્યાન' એ વાક્યથી અનેક જન્મમાં જેણે સુકૃતરાશિનો સંચય કર્યો હોય, જે ભગવાનના અતિશય અનુગ્રહનું ભાજન હોય, મહત્તમના ચરણની રજથી અભિષિક્ત હોય, તેવા અમુક પુરુષને પૂર્વે વર્ણવેલા ન્યાય પ્રમાણે નિત્યલીલામાં જેનો સમાવેશ હોય તેવા ભક્તના ભાવના જેવો ભાવ ઉત્પન્ન થાય અને એ ભાવના અનુસારે જ એની અભિલાષાથી ભજન કરે ત્યારે એ લીલામાં એનો સમાવેશ થાય

પુત્ર થયેલા ભગવાન જનાર્દનમાં ભક્તિ ઘણી જ થઈ." એવો શ્રીશુકદેવજીએ એને ઉત્તર આપેલો છે. આ ઉત્તર પણ ભગવાન સર્વરૂપ હોવાથી, ભાવી અને નિત્યમાં વિરોધ નથી, તેથી જ ઉપપન્ન છે, તેથી ભગવાનની આ સર્વ લીલા નિત્ય જ છે. એ જ પ્રમાણે શ્રીદેવકી અને વસુદેવ તથા અન્ય સર્વ ભગવાનની લીલાનાં સંબંધીઓ વિશે જાણવું; તેથી વિસ્તાર કરવાથી વિશેષ શું?

આ પ્રમાણે અતિસ્ફુટ ભ્રમરહિત હજારો શ્રુતિઓ અને ગાઢ વિચારની ચતુરાઇમાં સચિવ જેવાં સારાં પુરાણોથી મેં મારા ઘણા યત્નથી ગોપીપતિ શ્રીકૃષ્ણચંદ્રની સ્ફુરી રહેલી લીલાના નિત્યપણાનો સારી રીતે નિર્ણય કર્યો છે, તેથી એ જ અહીં મને ફળીભૂત થાઓ.

આ પ્રમાણે મહાન પ્રબંધથી ભગવાનની લીલા તથા એ સંબંધી સર્વ પદાર્થો નિત્ય છે એમ સિદ્ધ કર્યું, પરંતુ આધુનિક સમયના સર્વ પુરુષો અનિત્ય છે તેથી એમનો કદાપિ પણ લીલામાં સમાવેશ થવાનો નહિ, તેથી ભગવાનની નિત્ય લીલાથી એમને કાંઈ આશ્વાસન લેવા જેવું નથી, એવી શંકા થાય તે દૂર કરવા અન્ય વિચારનો હવે પ્રારંભ કરીએ છીએ.

'સહસ્ર જન્માંતરમાં તપ ધ્યાન' વગેરે વાક્ય પ્રમાણે અનેક જન્મો સુધી જેણે સત્કાર્યનો સંચય કર્યો હોય, જે ભગવાનના અતિશય અનુગ્રહનું પાત્ર હોય, જે મહામહા પુરુષોના ચરણની રજથી અભિષિક્ત હોય તેવા કોઈપણ આધુનિક પુરુષને, 'સહસ્ર જન્માંતરમાં તપ ધ્યાન' વગેરે વાક્ય પ્રથમ કહ્યું તે પ્રમાણે, નિત્યલીલામાં જે ભક્તોનો સમાવેશ છે તેઓના જેવો ભાવ ઉત્પન્ન થાય ત્યારે એ ભાવને અનુસરી એ નિત્યલીલામાં સમાવેશ પામવાની દૃઢ અભિલાષા રાખે અને એ માટે ભજન કરે ત્યારે એનો નિત્યલીલામાં સમાવેશ

કે નહિ? અહીં શું યોગ્ય છે?–ન થાય એ.–કેમ?–કારણ કે આણે પણ એવા પ્રકારની લીલાના રસના અનુભવની કામનાથી ભગવાનનું ભજન કરેલું હોવાથી એની સાથે પણ એવી લીલા હરિ કરશે એમ તમારે કહેવું જોઈએ, તેથી એની સાથે કરેલી લીલા જન્ય હોવાથી નિત્ય કહી શકાય નહિ; તેથી આને માટે જ કોઈ સ્થલે પ્રકટ થઈ, આને એવા પ્રકારનું સુખ આપી, એનો પોતામાં પ્રવેશ કરાવે છે, તેથી એનો નિત્યલીલામાં પ્રવેશ નથી.–અહીં અમે કહીએ છીએ કે જેમ ગૌતમીયના મતમાં ઈશ્વર સર્વજ્ઞ હોવાથી એને સર્વ વિષયનું જ્ઞાન (છે) એમ અવશ્ય કહેવું જોઈએ તેથી, વિષય જન્ય હોવા છતાં એ વિષયનું ઈશ્વરનું જ્ઞાન ધર્મિગ્રાહક પ્રમાણથી નિત્ય જ સિદ્ધ થયેલું હોવાથી જન્ય નથી, તેમ પૂર્વે કહેલા પ્રકારથી લીલા પણ નિત્ય જ સિદ્ધ થઇ છે અને એનો જ એવો ભક્ત વિષયમાત્ર થાય છે એમ અહીં કહેવાનું હોવાથી, એની વિષયી લીલા અજન્ય રહેવાથી તમારો હેતુ સિદ્ધ થતો નથી. એવો ભક્ત લીલાનો વિષય થાય છે એમાં પ્રમાણ

થાય છે કે એનો નિત્યલીલામાં સમાવેશ થાય જ નહિ, એ વિચાર અહીં કરીએ છીએ. એનો નિત્યલીલામાં સમાવેશ થાય કે ન થાય એ પક્ષમાંથી કયો પક્ષ યોગ્ય છે?

પૂર્વપક્ષી—આધુનિક ભકતનો નિત્યલીલામાં કદાપિ સમાવેશ થાય જ નહિ, કારણ કે નિત્યલીલાના રસનો અનુભવ કરવાની ઈચ્છાથી આધુનિક ભકત ભગવાનનું ભજન વગેરે સાધનો કરે ત્યારે ભગવાન એના પર પ્રસન્ન થાય અને પછી એની સાથે નિત્ય લીલા કરે એમ તો તમારે કહેવું જ પડશે. આમ હોવાથી ભજન વગેરે સાધનો પછી ભગવાને ભકત સાથે કરેલી લીલા નિત્ય છે એમ કેમ કહી શકાય? એ લીલા જન્ય હોવાથી અનિત્ય જ છે એમ અવશ્ય કહેવું જ જોઈએ. તેથી આધુનિક ભકત ભજન વગેરે કરે ત્યારે ભગવાન એને માટે કોઈ સ્થલે પ્રકટ થઈ, એને લીલાના સુખનો અનુભવ કરાવી, પોતાની અંદર એનો પ્રવેશ કરાવે છે એમ જ માનવું જોઇએ, પરંતુ નિત્યલીલામાં એનો પ્રવેશ થાય છે એમ કહી શકાય નહિ.

સિદ્ધાન્તી—ગૌતમીય મતવાળા ભગવાનના જ્ઞાનને નિત્ય માને છે, પરંતુ એમના મતમાં ઘણા પદાર્થો અનિત્ય જ છે. ઘણા પદાર્થો અનિત્ય હોવા છતાં ભગવાનનું એ પદાર્થોનું જ્ઞાન પણ નિત્ય જ છે એમ એઓ માને છે. પદાર્થો અનિત્ય છે તોપણ એ અનિત્ય પદાર્થોનું ભગવાનનું જ્ઞાન નિત્ય છે એવો એમનો મત છે. અનિત્ય પદાર્થોનું પણ ભગવાનનું જ્ઞાન એઓ નિત્ય જ માને છે, કારણ કે ધર્મીનું ગ્રહણ કરાવનાર પ્રમાણથી એ નિત્ય જ સિદ્ધ થાય છે. એ જ પ્રમાણે ભગવાનની લીલા પણ નિત્ય છે, એમ પ્રથમ સ્મૃતિ શ્રુતિ પુરાણો વગેરેથી સિદ્ધ કરેલું છે. આધુનિક ભકત સાથે ભગવાન ગમે તે સમયે લીલા કરે, પરંતુ ભગવાનની લીલા નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે. જેમ ગૌતમીયના મતમાં પદાર્થ ગમે ત્યારે ઉત્પન્ન થાય, પરંતુ એનાથી એ પદાર્થનું ભગવાનનું જ્ઞાન અનિત્ય થતું નથી પણ નિત્ય જ રહે છે, તે જ પ્રમાણે આધુનિક ભકતનો લીલામાં ગમે તે સમયે પ્રવેશ થાય, પરંતુ એનાથી ભગવાનની લીલા અનિત્ય થતી નથી, પણ નિત્ય જ રહે છે. આ પ્રમાણે ભગવાનની લીલા ભગવાનના જ્ઞાન પેઠે અજન્ય અથવા નિત્ય જ રહે છે, તેથી તમારો હેતુ સિદ્ધ થતો

નથી એમ કહેવાય નહિ, કારણ કે એ પ્રથમ જ કહેલું છે, કારણ કે બૃહદ્વામનની કથાના સંદર્ભમાં પોતાની સ્તુતિથી સંતુષ્ટ થયેલા ભગવાને દર્શાવેલા સ્વરૂપના અવલોકનથી ઉત્પન્ન થયેલા મનોરથનું શ્રુતિઓએ 'કંદર્પકોટિલાવણ્ય' વગેરેથી નિરૂપણ કર્યું ત્યારે 'દુર્લભ અને દુર્ઘટ જ છે' વગેરેથી ભગવાને આપેલા વરદાનનું નિરૂપણ કર્યા પછી, 'વર્ણવેલો સમય પ્રાપ્ત કરી, ગોપીઓ થઈ હરિને પામી' એવું બ્રહ્માનું વાક્ય છે; અને આની આગળ 'સ્ત્રીઓ અથવા પુરુષો ભર્તૃભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે એમાં સંશય નથી' એવો પાઠ છે. જો કે નગરની બહાર રહેનાર અતિઅધમ કોઈ (પુરુષને) મહારાજાના અંતઃપુરમાં પ્રવેશ કરવાની ઇચ્છા થાય તોપણ એમાં પ્રવેશ થતો નથી અને ઇચ્છાનું જ્ઞાન માત્ર થાય ત્યારે ઊલટો દંડ થાય છે, તેમ એવા જ જીવને પૂર્વે કહેલી કામના હોય તોપણ એમાં પ્રવેશ સંભવતો નથી, અને 'અયોગ્ય ઇચ્છનાર પુરુષનો પાત જ થાય છે એમાં સંશય નથી' એ વાક્યથી ઊલટો પાત જ થાય છે, અને તેથી જ ભગવાને શ્રુતિઓને પણ 'દુર્ઘટ' એમ કહ્યું, તોપણ 'મારું અનુમોદન

નથી. આધુનિક ભક્તોનો ભગવાનની નિત્યલીલામાં પ્રવેશ થાય તે માટે કાંઈ પ્રમાણ નથી એમ પણ કહી શકાય નહિ, કારણ કે ભક્તોનો ભગવાનની નિત્યલીલામાં પ્રવેશ થાય છે એ વિશે અમે પ્રથમ પ્રમાણ આપી ચૂકયા છીએ. બૃહદ્વામનપુરાણમાંથી કથા લખી એના સંબંધનો વિચાર કરતાં, પ્રથમ શ્રુતિઓ ભગવાનને એમની નિત્યલીલાના સ્વરૂપનું દર્શન કરાવવા સ્તુતિ કરે છે. શ્રુતિઓની સ્તુતિથી સંતુષ્ટ થઈ ભગવાન એમને સ્વકીય પ્રાર્થિત સ્વરૂપનું દર્શન કરાવે છે. પછી, 'કંદર્પકોટિલાવણ્ય' વગેરેથી શ્રુતિઓ ભગવાનના દર્શનથી એમના મનમાં જે મનોરથ ઉત્પન્ન થયા તેઓનું નિરૂપણ કરે છે. પછી 'તમારો મનોરથ દુર્લભ અને દુર્ઘટ' વગેરેથી ભગવાન શ્રુતિઓને જે વરદાન કરે છે તે કહેલું છે. ત્યાર પછી બ્રહ્માનું 'વર્ણવેલો સમય પ્રાપ્ત કરી, ગોપીઓ થઈ હરિને પામી' એવું વાક્ય છે. ત્યાર પછી 'સ્ત્રીઓ અથવા પુરુષો ભર્તૃભાવથી કેશવને હૃદયમાં ધારણ કરી શ્રુતિની ગતિ પામે છે એમાં સંશય નથી' એ વાક્ય છે, તેથી આધુનિક સ્ત્રી અને પુરુષોને પણ ભર્તૃભાવથી ભગવાનનું ભજન કરવાથી શ્રુતિની ગતિ પ્રાપ્ત થાય છે અથવા એમનો પણ નિત્યલીલામાં પ્રવેશ થાય છે, એમાં કાંઈ પણ સંશય નથી. જો કે નગર બહાર રહેનાર કોઈ અધમ પુરુષ કોઈ મહા-રાજાના અંતઃપુરમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે એનાથી કાંઈ એનો અંતઃપુરમાં પ્રવેશ થતો નથી, પરંતુ એ દંડને જ પાત્ર થાય છે અને એની એ ઇચ્છા જ માત્ર જણાય તોપણ એને દંડ જ થાય છે, તેમ જ ભગવાનનું ભજન ન કરનાર, ભગવાનના અનુગ્રહ વિનાનો જીવ ભગ-વાનની નિત્યલીલામાં પ્રવેશ કરવાની ઇચ્છા કરે એનાથી કાંઈ એનો નિત્યલીલામાં પ્રવેશ થતો નથી, પરંતુ અયોગ્ય ઇચ્છનાર પુરુષનો નિઃસંશય પાત જ થાય છે. આવા જ હેતુથી ભગવાને શ્રુતિઓને પણ એમનો મનોરથ 'દુર્ઘટ' જ છે એમ કહ્યું છે તોપણ 'મારું અનુમોદન પામી સારી રીતે સત્ય થવા લાયક છે' એમ પણ ભગવાને કહ્યું છે, તેથી ભજન વગેરેથી સંતુષ્ટ થઈ ભગવાન આધુનિક ભક્તનો અંગીકાર કરે ત્યારે જ એનો નિત્યલીલામાં પ્રવેશ થાય છે

પામી સારી રીતે સત્ય થવા લાયક છે' એમ કહેલું હોવાથી એવી રીતે ભગવદંગીકારથી જ એમ થાય છે એમ જણાય છે. જો સર્વાત્મભાવથી એવું ભજન કરે તો ભગવાન પણ અંગીકાર કરે છે જ, નહિતો 'જે જેમ મારી પ્રપત્તિ કરે છે' (ભ.ગી. ૪-૧૧) એ મર્યાદા ન હોત. અથવા, પૂર્વોક્ત ભક્તસંબંધિની લીલા જેમ વર્તમાન જ હોઈ ક્રમથી આવિર્ભાવ પામે છે તે જ પ્રમાણે આધુનિક સંબંધીની લીલાનું પણ

એમ સ્પષ્ટ જણાય છે. જ્યારે આધુનિક ભક્ત પણ એવી રીતે સર્વાત્મભાવથી ભગવાનનું ભજન કરે છે ત્યારે ભગવાન પણ અવશ્ય એનો અંગીકાર કરે છે જ. જો આ પ્રમાણે ભજન કરનારનો ભગવાન અંગીકાર કરતા ન હોય તો 'જે જેમ મારી પ્રપત્તિ કરે છે' વગેરે શ્રીમદ્ભગવદ્ગીતામાં મર્યાદા કહેલી છે તે પણ સંભવે નહિ. આ પ્રમાણે ગૌતમીયના મત પ્રમાણે વિચાર કરીએ તોપણ આધુનિક ભક્તોનો ભગવાનની નિત્યલીલામાં પ્રવેશ થાય છે.

માયાવાદીઓના મત પ્રમાણે વિચાર કરીએ તોપણ ભગવાનની નિત્યલીલામાં આધુનિક ભક્તોનો સમાવેશ થાય છે. માયાવાદીઓ સ્વાશ્રયમોક્ષવાદી છે. જેમ કોઈ રાજાનો કુંવર બાલ્યાવસ્થામાં ખોવાઈ જાય, એ ભીલ વગેરે અધમ લોકોને પ્રાપ્ત થાય અને એ લોકો એને ઉછેરે, ત્યારે આ કુંવરને 'હું ભીલ છું' એવું જ જ્ઞાન થાય, પરંતુ 'હું રાજકુંવર છું' એવું જ્ઞાન થાય નહિ. પછી સમય જતાં એ શહેરમાં જાય અને એનાં બાલ્યાવસ્થાનાં ચિહ્ન જોઈ એ રાજકુંવર જ છે એમ એને ઓળખી કોઈ એને 'તું રાજકુંવર છે' એમ કહે ત્યારે એની એવી પ્રતીતિ થાય છે, તે જ પ્રમાણે જીવ બ્રહ્મસ્વરૂપ છે, પરંતુ એ પોતાના સત્ય સ્વરૂપને જાણતો નથી, પરંતુ ગુરુ શાસ્ત્ર વગેરેથી અંતે એ પોતાના સત્ય સ્વરૂપને જાણે છે ત્યારે 'હું બ્રહ્મ છું' એવું જ્ઞાન એને થાય છે. વસ્તુતઃ એ સદા બ્રહ્મસ્વરૂપ જ હતો, પરંતુ એને આવું જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે જ એ પોતાના સત્ય સ્વરૂપને જાણે છે અને મોક્ષ પ્રાપ્ત કરે છે. એ સર્વદા બ્રહ્મસ્વરૂપ જ હતો તેથી એનું બ્રહ્મસ્વરૂપ પૂર્વે પણ હતું જ, તે જ બ્રહ્મસ્વરૂપનું જ્ઞાનના પ્રતિબંધ દૂર થવાથી હવે એને ભાન થાય છે, એમ માયાવાદીઓ માને છે, તે પ્રમાણે વિચાર કરીએ તોપણ આધુનિક ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ સંભવે છે. જેમ પૂર્વસિદ્ધ જ બ્રહ્મસ્વરૂપનું જીવને જ્ઞાનના પ્રતિબંધ દૂર થાય ત્યારે ભાન થાય છે, તે જ પ્રમાણે પૂર્વસિદ્ધ જ નિત્યલીલામાં પ્રતિબંધ દૂર થાય ત્યારે આધુનિક ભક્તનો પ્રવેશ થાય છે એમ પણ કહી શકાય; તેથી માયાવાદીઓના મત પ્રમાણે વિચાર કરીએ તોપણ આધુનિક ભક્તોનો નિત્યલીલામાં પ્રવેશ સંભવે છે.

અથવા પૂર્વે શ્રુતિ સ્મૃતિઓ વગેરેથી ભગવાનની લીલા નિત્ય છે એમ સિદ્ધ કર્યું છે. આ ભગવાનની લીલા નિત્ય હોવાથી સર્વ લીલા સર્વદા વિદ્યમાન છે તોપણ ભગવાનની ઈચ્છાથી ક્રમ પ્રમાણે એનો આવિર્ભાવ થાય છે, તેમ જ આધુનિક ભક્તોના સંબંધવાળી ભગવાનની લીલાનો પણ ક્રમથી આવિર્ભાવ થાય છે અને એ નિત્ય જ છે એમ માનવાથી કાંઈ અનુપપત્તિ રહેતી નથી; તેથી આધુનિક ભક્તોનો પણ નિત્યલીલામાં પ્રવેશ સંભવે છે.

પૂર્વપક્ષી—(પ્રથમ આવિર્ભાવતિરોભાવવાદમાં સર્વ નિત્ય છે એમ તમે સિદ્ધ કરેલું છે. સર્વ નિત્ય હોવાથી ભગવાનની લીલા અને લીલાના સર્વ પદાર્થો પણ નિત્ય જ છે, ત્યારે ફરીથી એ નિત્ય છે એમ સિદ્ધ કરવાનું શું પ્રયોજન?)

છે, તેથી કાંઈ અનુપપત્તિ નથી; તેથી ઋગ્વેદમાં પણ 'विचक्रमे पृथिवीमेष एतां क्षेत्राय विष्णुर्मनुषे दशस्यन्। ध्रुवासोऽस्य कीरयो जनास उरुक्षितिं सुजनिमा चकार' મંત્ર છે. एषः આ विष्णुः વિષ્ણુ क्षेत्राय (અર્થાત્) નિવાસને માટે, मनुषे (અર્થાત્) સ્તુતિ કરતા દેવગણને, दशस्यन् (અર્થાત્) અસુરો પાસેથી લઈને આપતા આ સર્વ પૃથિવી ક્રર્યા (विचक्रमे). અહીં વિષ્ણુમાહાત્મ્ય વર્ણવેલું છે. ત્યાં મહત્તમનું માહાત્મ્ય આ જ નથી, પરન્તુ આથી અધિક પણ છે એવા આશયથી 'ध्रुवासः' એમ કહે છે. अस्य આના, कीरयः (અર્થાત્) સ્તુતિ કરનારા, जनासः (અર્થાત્) ભક્તો, ध्रुवासः (અર્થાત્) નિત્ય જ (છે). સ્તોત્રથી સંતુષ્ટ થયેલા ભગવાને પૂર્વે વર્ણવેલી લીલામાં એઓનો પાત કર્યો, તેથી નિત્યત્વ (છે) એમ જાણવું, નહિતો જીવ સ્વતઃ જ નિત્ય હોવાથી 'આની સ્તુતિ કરનારા નિત્ય છે' એ અનર્થક થાય, અહીં સર્વસંપત્તિ હોવાથી, યાચના વગેરે માટે ગમનના અભાવરૂપ ધ્રુવત્વ કાદાચિત્ક છે એમ પણ કહેવાય નહિ, કારણ

સિદ્ધાન્તી—પ્રથમ સર્વ પદાર્થ નિત્ય છે એમ સિદ્ધ કર્યું છે, પરંતુ લીલાનું નિત્યપણું આ સર્વ પદાર્થના નિત્યપણાથી ભિન્ન જ પ્રકારનું છે. **'विचक्रमे पृथिवीमेषः'** વગેરે ઋગ્વેદના મંત્રનો પણ આ જ ભાવાર્થ છે. આ મંત્રનો અર્થ નીચે પ્રમાણે છે: **एषः विष्णुः** આ વિષ્ણુ **मनुषे** એની સ્તુતિ કરનાર દેવોના સમૂહને **दशस्यन्** અસુરો પાસેથી હરણ કરી આપતા **एतां पृथिवीम्** આ સર્વ પૃથ્વી **विचक्रमे** ક્રર્યા. ભગવાન વિષ્ણુ અસુરો પાસેથી હરણ કરી પોતાની સ્તુતિ કરનાર દેવોને આપતા આ સર્વ પૃથ્વી ક્રર્યા, એમ અહીં વિષ્ણુના માહાત્મ્યનું નિરૂપણ કરેલું છે. **अस्य** આમના **कीरयः** સ્તુતિ કરનારા **जनासः** ભક્તો **ध्रुवासः** નિત્ય જ છે એવો અર્થ છે. અહીં વિષ્ણુની સ્તુતિ કરનાર ભક્તો નિત્ય છે એમ કહેલું છે. પોતાના સ્તોત્રથી આ ભક્તોએ ભગવાનને સંતુષ્ટ કર્યા, અને ભગવાને એમના સ્તોત્રથી સંતુષ્ટ થઈ પૂર્વે નિત્યલીલાનું નિરૂપણ કર્યું તેમાં એમનો પ્રવેશ કરાવ્યો. નિત્યલીલામાં પ્રવેશ થવાથી આ ભક્તો નિત્ય છે એમ કહ્યું છે. નિત્યલીલામાં પ્રવેશ થવાથી આ નિત્યત્વ એમને પ્રાપ્ત થાય છે. નિત્યલીલામાં પ્રવેશ થવાથી જ એમને નિત્ય કહ્યા છે એમ ન માનીએ તો 'આના ભકતો નિત્ય છે' એ મંત્રનો પાદ નિરર્થક થાય છે, કારણ કે જીવ સ્વતઃ જ નિત્ય છે, ભક્તો પણ જીવ હોવાથી જ નિત્ય છે, તેથી 'આના ભકતો નિત્ય છે' એમ કહેવાનું કાંઈ પણ પ્રયોજન રહેતું નથી. તથાપિ મંત્રમાં આ પાદ હોવાથી લીલામાં એમનો પ્રવેશ થવાથી જ એમને નિત્ય કહ્યા છે એમ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી—અહીં નિત્યત્વ કહેલું છે તે સંકોચરહિત નિત્યત્વ નથી. જેમ કોઈ બ્રાહ્મણને ધનવાન હોવાથી માગવા માટે જવાની આવશ્યકતા ન હોય, ત્યારે 'સર્વસંપત્તિવાળો' છે એમ કહે છે, પરંતુ એની પાસે સર્વસંપત્તિ હોતી નથી, પણ માત્ર માગવા માટે જવાની એને આવશ્યકતા નથી એવો જ એનો અર્થ થાય છે, તે જ પ્રમાણે અહીં **'ध्रुवासः'** કહેલું છે તેથી વધારે સમય એઓ વિષ્ણુની ભક્તિમાં વ્યતીત કરે છે એવો અર્થ થાય છે, પરંતુ સર્વદા એઓ ભકિત જ કરે છે અથવા એ ભકતો નિત્ય જ છે એવો એનો અર્થ નથી.

સિદ્ધાન્તી—એમ કહી શકાય નહિ, કારણ કે આ શબ્દનો અર્થ સંકુચિત કરવામાં

કે સંકોચમાં પ્રમાણ નથી, અને ધ્રુવ પદની એવા (અર્થમાં) શક્તિ નથી, તેથી અમે કહેલા (અર્થમાં) જ શ્રુતિનું તાત્પર્ય છે એમ જાણવું. સુજનિમા સારા જનિમો એટલે નામનું અનુકીર્તન સ્મરણ વગેરે છે જેમનાં તેવા વિષ્ણુએ ઉરુક્ષિતિમ્ (અર્થાત્) વિસ્તીર્ણ નિવાસવાળી ચકાર (અર્થાત્) કરી.

તર્કથી પણ લીલાનિત્યત્વની સિદ્ધિ

વળી, લીલાને અનિત્ય કહેનાર વાદીને પૂછવું કે અનિત્યત્વ એ-લે ધ્વંસનું પ્રતિયોગિત્વ, તેનો તેં અહીં કયાંથી નિશ્ચય કર્યો? 'જન્યભાવને લીધે'-એમ જો એ કહે, તો એને કહેવું કે પૂર્વસિદ્ધ જ લીલાનો ક્રમે આવિર્ભાવ જ થાય છે એમ પૂર્વે વર્ણવેલી સ્વરૂપાસિદ્ધિનું અનુસંધાન નથી રહેતું?–'નથી જોતો' એમ જો કહે તો તારા માનેલા ઈશ્વરમાં પણ એમ જ કહે.—ધર્મિગ્રાહકપ્રમાણથી

કાંઇ પ્રમાણ નથી. આ શબ્દના અર્થમાં સંકોચ કરવામાં કાંઈ પ્રમાણ નથી, એટલું જ નહિ, પણ **ધ્રુવ** શબ્દનો અર્થ પણ એવો થતો નથી. 'ધ્રુવ' શબ્દનો વાચ્ય અર્થ 'નિત્ય' જ છે, તેથી અમે જે અર્થ કર્યો છે તેમાં જ શ્રુતિનું તાત્પર્ય છે એમ જાણવું. **સુજનિમા** જેના નામનું કીર્તન સ્મરણ વગેરે સારાં છે તેવા વિષ્ણુએ **ઉરુક્ષિતિમ્** (પૃથિવી) વિસ્તીર્ણ નિવાસવાળી **ચકાર** કરી.

ભગવાનની લીલા અનિત્ય છે એમ કહેનાર વાદી(નૈયાયિક)ને પૂછવું: ધ્વંસનો પ્રતિયોગી હોય તે અનિત્ય છે એમ તમે માનો છે, લીલાને તમે અનિત્ય કહો છો, તેથી લીલા પણ ધ્વંસનો પ્રતિયોગી છે, અથવા લીલાનો પણ ધ્વંસ સંભવે છે, એવો નિશ્ચય તમે કેવી રીતે કરો છો?

પૂર્વપક્ષી—લીલા જન્ય છે તેથી અમે એવો નિશ્ચય કરીએ છીએ. લીલા અનિત્ય છે, કારણ કે એ જન્ય છે. જે જે જન્ય છે તે તે અનિત્ય છે; જેમકે ઘટ વગેરે; તેથી લીલા જન્ય હોવાથી એ અનિત્ય છે એમ અમે કહીએ છીએ.

સિદ્ધાન્તી—અમે પ્રથમ જ કહ્યું છે કે પૂર્વે વિદ્યમાન હતી તેવી જ લીલાનો ક્રમ પ્રમાણે આવિર્ભાવ થાય છે. લીલાના પણ આવી રીતે આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે, પરંતુ ઉત્પત્તિ અને નાશ થતાં નથી, તેથી લીલા જન્ય પણ નથી. લીલા જન્ય નહિ હોવાથી, લીલા અનિત્ય સિદ્ધ કરવા તમે જે હેતુ યોજ્યો છે તે સ્વરૂપાસિદ્ધ છે, અર્થાત્ તમે યોજેલો હેતુ લીલામાં છે જ નહિ. લીલાને અનિત્ય કહેતાં તમારો હેતુ સ્વરૂપાસિદ્ધ છે એ પણ ભાન તમને નથી રહેતું?

પૂર્વપક્ષી—અમુક સમયે થતી લીલા પણ પૂર્વસિદ્ધ જ છે એમ તમારાથી કહી શકાય નહિ. તમે અસત્‌ની સત્તા સ્વીકારતા નથી અને પ્રપંચ સત્ય છે એમ સિદ્ધ કરવા કારણમાંથી એ બહાર નીકળે છે અને કારણમાં પુનઃ એનો લય થાય છે એમ માનો છો. પ્રપંચનું કારણમાંથી બહાર નીકળવું એ એની ઉત્પત્તિ જ છે અને કારણમાં એનો લય થાય છે એ એનો નાશ જ છે, તેથી પ્રપંચની પેઠે લીલાનાં ઉત્પત્તિ અને નાશ સંભવે છે, તેથી લીલા જન્ય નથી એમ કહેવાય નહિ; તેથી મારા હેતુમાં સ્વરૂપાસિદ્ધિ હેત્વાભાસ પણ નથી. મારો હેતુ સ્વરૂપાસિદ્ધ નહિ હોવાથી એ સ્વરૂપાસિદ્ધ છે એવું ભાન મને કેમ રહે?

સિદ્ધાન્તી—જો તમે લીલાને જન્ય અને અનિત્ય કહેતા હો તો તમારા મત પ્રમાણે

એ એવો જ સિદ્ધ થાય છે એ તો સમાન છે.–'તુલ્ય નથી, કારણ કે અહીં ધર્મિ-ગ્રાહકપ્રમાણથી પણ પ્રાતઃકાલની લીલાનું સાયંકાલે અને બાલ્યનું પૌગણ્ડમાં નિરૂપણ થતું નથી.'–સત્ય, કારણ કે અહીં પૂર્વલીલાના સત્ત્વ અસત્ત્વની ઉદાસીનતાથી ઉત્તરકાલમાં લીલાનું નિરૂપણ થાય છે, પરન્તુ પૂર્વલીલાના સત્ત્વ અથવા અસત્ત્વનું નિરૂપણ થતું નથી. આ પ્રમાણે સંદેહ હોવાથી, એનું નિવારણ કરી, 'જનનિવાસનો જય થાય છે' 'બહુ નામો છે,' બૃહદ્વામનની કથા, 'એ તમારાં ધામો' 'તમારાં એ ધામો' 'એ વિષ્ણુનું પરમ પદ' 'એ વિદ્વાનો' 'આના (ભક્તો) નિત્ય' વગેરે શ્રુતિ સ્મૃતિઓથી ઉપર વર્ણવેલી

ઈશ્વર પણ અનિત્ય થાય છે. તમે ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવા કાર્યલિંગક અથવા 'કાર્યત્વ' જેમાં હેતુ છે તેવું અનુમાન કરો છો. ક્ષિતિ અંકુર વગેરે કર્તાએ સર્જેલાં છે, કારણ કે એ કાર્ય છે. જે જે કાર્ય છે તે કર્તાએ સર્જેલાં છે; જેમકે ઘટ વગેરે. એ પ્રમાણે તમે ઈશ્વર સિદ્ધ કરવા અનુમાન કરો છો. જગતકર્તા તરીકે ઈશ્વર તમે સિદ્ધ કરો છો, પરંતુ ઈશ્વર જગતકર્તા હોવાથી અનિત્ય જ હોવો જોઈએ. ઈશ્વર અનિત્ય છે, કારણ કે એ કર્તા છે. જે જે કર્તા છે તે અનિત્ય છે; જેમકે ઘટકર્તા કુંભાર. આ પ્રમાણે કર્તા અનિત્ય અથવા ઉત્પત્તિ-વિનાશવાળો અવશ્ય હોવો જોઈએ, તેથી તમારા મત પ્રમાણે ઈશ્વર પણ અનિત્ય જ સિદ્ધ થાય છે.

પૂર્વપક્ષી—પણ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર પ્રમાણોથી ઈશ્વર નિત્ય છે એમ જ સિદ્ધ થાય છે. સર્ગના આરંભમાં એ પરમાણુઓનો સંયોગ ઉત્પન્ન કરનાર કર્મ જન્ય છે, કારણ કે એ ક્રિયા છે, ઘટક્રિયા પેઠે. આ કર્મ જન્ય હોવાથી એનો કર્તા પણ હોવો જોઈએ; તેથી એ સમયે પણ ઈશ્વર સિદ્ધ થાય છે. આ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાન છે અથવા **कार्यायोजनधृत्यादेः पदात्प्रत्ययतः श्रुतेः । वाक्यात्संख्याविशेषाच्च साध्यो विश्वविदव्ययः ।** એ કારિકામાં ઉદયનાચાર્યે ઈશ્વર સિદ્ધ કરનાર નવ અનુમાન કહેલાં છે તે ઈશ્વરનું ગ્રહણ કરાવનાર અનુમાન છે. અથવા વેદ પણ ઈશ્વરનું ગ્રહણ કરાવનાર પ્રમાણ છે. આ સર્વથી ઈશ્વર નિત્ય જ સિદ્ધ થાય છે, તેથી જ ઈશ્વરને નિત્ય કહીએ છીએ.

સિદ્ધાન્તી—ત્યારે લીલા પણ એનું ગ્રહણ કરાવનાર શ્રુતિ સ્મૃતિ વગેરે પ્રમાણોથી નિત્ય જ સિદ્ધ થાય છે, તેથી ઈશ્વરની પેઠે એને પણ નિત્ય જ માનવી જોઈએ.

પૂર્વપક્ષી—લીલા ઈશ્વર પેઠે નિત્ય સિદ્ધ થતી નથી, કારણ કે લીલાનું ગ્રહણ કરાવનાર પ્રમાણોમાં પણ પ્રાતઃકાલની લીલા સાયંકાળે છે અથવા બાલ્યાવસ્થાની લીલા પૌગંડ વગેરે અવસ્થાઓમાં છે એવું કાંઇ કહેલું નથી.

સિદ્ધાન્તી—સત્ય, એમ કહ્યું નથી; પરંતુ એનું કારણ એ છે કે પછીના સમયમાં પૂર્વના સમયની લીલા છે કે નહિ એ બાબતમાં ઉદાસીન રહી, માત્ર લીલાનું જ નિરૂપણ કરેલું છે, તેથી પૂર્વના સમયની લીલા એ સમયે છે કે નહિ એ કાંઈ કહેલું નથી. આમ હોવાથી પછીના સમયમાં પૂર્વની લીલા છે કે નહિ અથવા લીલા નિત્ય છે કે નહિ એવો સંદેહ રહે છે. (૧) 'જનનિવાસનો જય થાય છે', (૨) 'બહુ નામો છે,' (૩) બૃહદ્વામન પુરાણમાંથી કથા, (૪) '**ता वां वास्तूनि**' ઋક્, (૫) '**ते ते धामानि**' ઋક્, (૬) **तद्विष्णोः परमं पदम्**' ઋક્, (૭) '**तद्विप्रासः**' ઋક્, (૮) '**ध्रुवासोऽस्य**' ઋક્,

અનુભવ, અને પ્રદીપ વગેરેનો અનુભવ ઉપપન્ન થાય નહિ, કારણ કે માત્ર અભિમાનથી ઉપર કહેલાનો અનુભવ સંભવે નહિ, નહિતો જાગરિતને પણ પ્રમદાસ્પર્શ વગેરેનો અનુભવ થાય. વળી, એવા (ભક્તોને) ભ્રમ થાય નહિ. –આ વગેરે શંકાનો નિરાસ તો 'द्वीव चक्षुराततम्' એ શ્રુતિના વ્યાખ્યાનથી જ કરેલો છે. એ પ્રમાણે દિક્.

ભગવાને પ્રભાસમાં કરેલી લીલા માયિક છે.

'પ્રભાસીય કથાની સંગતિ કેમ થાય?'–કહીએ છીએ. સર્વલીલાયુત ભગવાન સદા પ્રકટ છે, તેથી જેમ ધર્મરક્ષા સદ્રક્ષા દેવકાર્યકરણ ભૂભારહરણ વગેરે ભગવાનની લીલા છે તેમ જ આસુરવ્યામોહન પણ લીલા જ છે, અને મોહન માયાથી જ છે એ નિશ્ચય છે. આમ હોવાથી આસુરમોહન માટે જે લીલા તે માયિકી (છે) એમ માનવું. એનું લૌકિક તરીકે અને સત્ય તરીકે જ્ઞાન હોવાથી ભગવાનમાં પણ લૌકિકત્વ જ્ઞાન અસુરોને જ છે, દેવોને નથી, કારણ કે એઓને

સામાન્ય લોકોને જેનો અનુભવ થાય છે તે પદાર્થોને એઓ લીલાના પદાર્થ માને તેથી આ સર્વનો પારમાર્થિક અનુભવ થાય નહિ. કદાપિ એ પ્રમાણે પારમાર્થિક અનુભવ થતો હોય તો સ્વપ્નમાં નહિ, પરંતુ જાગરિત અવસ્થામાં જ વસ્તુતઃ પ્રમદા ન હોય ત્યાં પ્રમદાના સ્પર્શ વગેરેનો અનુભવ થવો જોઇએ. વળી, એવા ઉત્કટ ભક્તોને ભ્રમ થાય એ પણ સંભવતું નથી.

સિદ્ધાન્તી—આ સર્વ શંકાનો નિરાસ પ્રથમ '**द्वीव चक्षुराततम्**' એ મંત્રનો અર્થ કરતાં કરેલો છે. જેમ સ્વર્ગમાં રહેલા પદાર્થો મહાન અને ઉદ્‌ભૂતરૂપવાળા હોવા છતાં માત્ર ત્યાં રહેનાર લોકોને જ એઓનો અનુભવ થાય છે, તેમ લીલાના પદાર્થોનો પણ માત્ર લીલામાં જેમનો સમાવેશ હોય તેમને જ અનુભવ થાય છે; તેથી આ શ્રૌત દૃષ્ટાંતથી લીલાના પદાર્થો સામાન્ય લોકોને જે પદાર્થોનો અનુભવ થાય છે તેઓનાથી ભિન્ન જ છે એમ સિદ્ધ થાય છે; તેથી પ્રત્યક્ષના બાધનો અવસર જ નથી, વગેરે '**द्वीव चक्षुराततम्**' એ મંત્રનો અર્થ કરતાં આ શંકાનો નિરાસ કરેલો છે.

પૂર્વપક્ષી—ભગવાનની લીલા નિત્ય છે એમ માનીએ તો પ્રભાસમાં ભગવાને જે લીલા કરી તેની સંગતિ થતી નથી, કારણ કે પ્રભાસક્ષેત્રમાં સર્વ યાદવોનો શાપને લીધે નાશ થયેલો છે. ભગવાનની લીલા અને એના સર્વ પદાર્થો નિત્ય જ હોય તો અહીં યાદવોનો નાશ વગેરે કેમ સંભવે ?

સિદ્ધાન્તી—સર્વ લીલા સહિત ભગવાન સદા પ્રકટ છે તેથી જેમ ધર્મરક્ષા, સત્પુરુષોની રક્ષા, દેવોનું કાર્ય કરવું એ, ભૂમિના ભારનું હરણ, વગેરે ભગવાનની લીલા છે, તેમ જ અસુરોનો વ્યામોહ પણ ભગવાનની લીલા જ છે. ભગવાન અસુરોને મોહ પમાડે છે એ આસુરવ્યામોહ લીલા છે. ભગવાન માયાથી જ આ લીલા કરે છે એવો નિશ્ચય થાય છે. આમ હોવાથી અસુરોને મોહ પમાડવા ભગવાન જે લીલા કરે છે તે લીલા માયિકી જ છે એમ માનવું. આ ભગવાનની લીલા માયિક હોવા છતાં અસુરો એને લૌકિક અને સત્ય માને છે, તેથી ભગવાનને પણ એઓ લૌકિક પુરુષ જ માને છે. અસુરો જ ભગવાનને લૌકિક પુરુષ માને છે, પરંતુ દેવો એમને લૌકિક પુરુષ માનતા નથી, કારણ કે અસુરોને માટે જ ભગવાન આ લીલા

માટે જ એ કરેલી છે; તેથી જ ભગવાને પણ 'મારો પર ભાવ નહિ જાણનારા નિષ્ફલ આશા નિષ્ફલ કર્મ અને નિષ્ફલ જ્ઞાનવાળા, બુદ્ધિહીન મોહ કરનારી રાક્ષસી અને આસુરી જ પ્રકૃતિનો આશ્રય કરેલા મૂઢો માનુષી તનુનો આશ્રય કરી રહેલા ભૂતમહેશ્વરની-મારી અવજ્ઞા કરે છે, પરંતુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરી રહેલા મહાત્માઓ ભૂતાદિ અને અવ્યય જાણીને મને અનન્ય મનથી ભજે છે' (ભ. ગી. ૯-૧૧ થી ૧૩) એમ કહેલું છે. 'મને' અને 'અવ્યય' એ બે પદથી જે પ્રકટ દેખાય છે તેને જ વિકારરહિત જાણી ભજે છે એમ જણાય છે. વળી, ભગવદ્‌ગીતામાં જ 'જેને વેદવિદ અક્ષર કહે છે, રાગરહિત યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઈચ્છા રાખી બ્રહ્મચર્ય પાળે છે, તે પદ તને ટૂંકમાં કહીશ' (ભ. ગી. ૮-૧૧) એમ ઉપક્રમ કરી અક્ષર અને પોતાની પ્રાપ્તિના ઉપાયનું નિરૂપણ કરી, પોતાની પ્રાપ્તિમાં વિશેષ કહી, ફરી ભગવાન 'અવ્યકતમાંથી સર્વ વ્યકિતઓ દિવસના આગમસમયે ઉત્પન્ન થાય છે અને રાત્રિના આગમસમયે અવ્યકત-સંજ્ઞાવાળા એમાં જ (એમનો) લય પામે છે, અને દિવસના આગમસમયે ઉત્પન્ન થાય છે. એ અવ્યકતથી પર અન્ય વ્યકત સનાતન ભાવ જે છે તે સર્વભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી' (ભ. ગી. ૮-૧૮, ૧૯) વગેરે કહે છે, અને આના અંતમાં 'હે પાર્થ! એ પર પુરુષ તો અનન્ય ભકિતથી લભ્ય છે' એમ કહી 'ભૂતો જેની અંદર રહે છે અને જેનાથી આ સર્વ વ્યાપેલું છે' (ભ. ગી. ૮-૨૩) એમ પરનું લક્ષણ કહેલું છે. અહીં 'જે સર્વભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી' તેનું જ લક્ષણ 'ભૂતો જેની અંદર રહે છે' એ પદથી કહેલું છે. મૃત્સ્નાભક્ષણ જૃમ્ભ વગેરે

પણ કરે છે. તેથી જ ભગવાન પણ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં 'મારો પરભાવ નહિ જાણનારા' વગેરેથી દૈવી પ્રકૃતિવાળા અને આસુરી પ્રકૃતિવાળાઓનું આ જ પ્રમાણે નિરૂપણ કરે છે ત્યાં ભગવાને 'મને' અને 'અવ્યય' પદ યોજેલાં છે, તેથી ભગવાનનું જ પ્રકટ સ્વરૂપ દેખાય છે તે જ વિકારરહિત છે એમ જાણી એ જ સ્વરૂપનું દૈવી પ્રકૃતિવાળા ભજન કરે છે એમ કહેલું છે. વળી શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં જ 'જેને વેદવિદ અક્ષર કહે છે, રાગરહિત યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઈચ્છા રાખી બ્રહ્મચર્ય પાળે છે, તે પદ તને ટૂંકમાં કહીશ' એમ આ-રંભમાં ભગવાન પ્રથમ પોતાના અક્ષરપદનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છે. પછી ભગવાન અક્ષરપદનું નિરૂપણ કરી, અક્ષરપદ પ્રાપ્ત કરવાનાં સાધનોનો ઉપદેશ કરે છે. પછી અક્ષરપદની પ્રાપ્તિ અને પોતાની પ્રાપ્તિમાં વિશેષ શું છે એ જણાવે છે. આ સર્વનો ઉપદેશ કર્યા પછી 'અવ્યક્તથી પર અન્ય વ્યકત સનાતન ભાવ જે છે તે સર્વ ભૂત નાશ પામે ત્યારે નાશ પામતો નથી' એમ કહે છે. પછી એ પરપુરુષ માત્ર અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે એવો ઉપદેશ કરી, 'ભૂતો જેની અંદર રહે છે અને જેનાથી આ સર્વ વ્યાપેલું છે' એમ પરનું લક્ષણ કહે છે. 'જે સર્વ ભૂતો નાશ પામે ત્યારે નાશ પામતો નથી' એમ પ્રથમ જેના વિશે કહેલું છે તેનું જ અહીં 'ભૂતો જેની અંદર રહે છે' એમ લક્ષણ આપેલું છે. ભગવાનનું જે દશ્ય સ્વરૂપ છે તે સ્વરૂપમાં જ આ સર્વ લક્ષણ છે એમ મૃત્સ્ના-ભક્ષણ જૃંભ વગેરે લીલાઓનું નિરૂપણ કરતાં આરંભમાં જ કહેલું છે, તેથી શ્રીકૃષ્ણચંદ્રનું

લીલાના નિરૂપણના પ્રસ્તાવમાં અન્ય પક્ષનો નિરાસ કરી ભગવાનનું દૃશ્ય સ્વરૂપ જ નૈસર્ગિક ધર્મથી આ લક્ષણવાળું છે એમ દશમસ્કંધમાં નિરૂપણ કરેલું છે. વળી, ત્યાં જ દામોદરલીલાના પ્રસ્તાવમાં એ જ ઉદર (દામોદરનું) દોરડાંઓથી અનવચ્છેદ્ય છે એમ નિરૂપણ કરેલું છે, તેથી એનું જ બ્રહ્મ તરીકે નિરૂપણ કરેલું છે. ઉદર અબ્રહ્મ હોય તો દોરડાંઓથી અનવચ્છેદ્ય હોવાથી દેશકાલથી અપરિચ્છિન્નત્વ (એ) બ્રહ્મધર્મનું વ્યધિકરણ થઇ જાય તેથી 'જેની અંદર અને બહાર નથી' (ભા. ૧૦-૯-૧૩) ઇત્યાદિથી નિરૂપણ ન કરત; તેથી ધર્મિગ્રાહક પ્રમાણથી વિગ્રહ જ બ્રહ્મ છે એમ નિશ્ચય થવાથી. એનાથી વિરુદ્ધ મિથ્યા જ ધર્મોનું પ્રદર્શન અસુરના વ્યામોહ માટે છે એમ નિશ્ચય થાય છે, કારણ કે અન્યથાનુપપત્તિ બલિષ્ઠ છે. વળી, ' વિષ્ણુના ગુણો, આકાર, ચિચ્છરીર મોહ ન થાય તે માટે છે. નિર્દોષત્વ એ મુક્તોનું પણ તારતમ્ય કહેવાય છે. આથી વિરુદ્ધ જે છે તે સર્વ મોહ માટે છે એવો નિશ્ચય છે. 'અજ્ઞાન પારવશ્ય વિધિ ભેદ પ્રાકૃતદેહ દેહત્યાગ વગેરે અસુરોના મોહ માટે છે, કારણ કે વિષ્ણુને કોઈ સમયે દોષ નથી ' એમ બ્રહ્માંડ-પુરાણમાં છે. વળી, પદ્મપુરાણમાં પાખંડ પ્રવર્તાવવા વૃષભધ્વજને આજ્ઞા કરતાં ભગવાને

દૃશ્ય સ્વરૂપ જ શ્રીમદ્ભગવદ્ગીતામાં વર્ણવેલો અક્ષરથી પર ભાવ છે. વળી, શ્રીમદ્ભાગવતના દશમ સ્કધમાં દામોદરલીલાની પ્રસ્તાવનામાં શ્રીકૃષ્ણચંદ્રનું જ ઉદર દોરડાંઓથી અનવચ્છેદ્ય છે, અર્થાત્ દોરડાંથી શ્રીકૃષ્ણચંદ્રના ઉદરનો અવચ્છેદ થતો નથી, ભગવાનનું ઉદર દોરડાંઓથી માપી શકાતું નહિ એમ નિરૂપણ કરેલું છે, તેથી એ ઉદર બ્રહ્મ જ છે એવો અર્થ સ્પષ્ટ થાય છે. ઉદરનો દોરડાંઓથી અવચ્છેદ થયો નહિ, અર્થાત્ દેશ અને કાલથી ઉદરનો પરિચ્છેદ થયો નહિ. દેશ અને કાલથી અપરિચ્છિન્ન હોવું એ બ્રહ્મનું જ લક્ષણ છે. આ લક્ષણ શ્રી-કૃષ્ણચંદ્રના ઉદરમાં છે એમ 'જેની અંદર અને બહાર નથી' વગેરેથી નિરૂપણ કરેલું છે; તેથી ભગવાનનું ઉદર બ્રહ્મ જ છે. જો ઉદર બ્રહ્મ ન હોય તો બ્રહ્મના ' દેશ અને કાલથી અપરિચ્છિન્ન' એ અસાધારણ ધર્મનું એમાં નિરૂપણ કરત નહિ, કારણ કે બ્રહ્મ નથી તેવા ઉદરમાં દેશ અને કાલથી અપરિચ્છિન્નત્વ એ બ્રહ્મધર્મનું નિરૂપણ કરવાથી વ્યધિકરણ* થાય; તેથી ઉદર પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે ધર્મી બ્રહ્મનું ગ્રહણ કરાવનાર પ્રમાણ શાસ્ત્રથી ભગવાનનો વિગ્રહ જ બ્રહ્મ છે એમ સિદ્ધ થાય છે. વિગ્રહ જ બ્રહ્મ હોવાથી લૌકિક મનુષ્યનું શરીર, એ શરીરનો ત્યાગ વગેરે બ્રહ્મથી વિરુદ્ધ ધર્મ એમાં નથી. આ ધર્મ ભગવાનના વિગ્રહમાં નથી, અને એ જ ધર્મો અસુરોને ભગવાન દર્શાવે છે, તેથી એ ધર્મો એમને મોહ પમાડવા જ દર્શાવે છે એમ નિશ્ચય થાય છે, કારણ કે આ પ્રમાણે માન્યા વિના અન્ય ગતિ નથી. અન્યથાનુપપત્તિ સર્વથી બલવતી છે. વળી, બ્રહ્મપુરાણમાં પણ 'વિષ્ણુના ગુણો, આકાર, ચિચ્છરીર મોહ ન થાય તે માટે છે' એમ, અને એ બ્રહ્મપુરાણમાં 'અજ્ઞાન પારવશ્ય વિધિ ભેદ પ્રાકૃતદેહ દેહત્યાગ વગેરે અસુરોના મોહ માટે છે, કારણ કે વિષ્ણુને કોઈ સમયે દોષ નથી ' એમ સ્પષ્ટ કહેલું છે. વળી, પદ્મપુરાણમાં ભગવાન વૃષભધ્વજને પાખંડ મત પ્રવર્તાવવા આજ્ઞા કરે છે ત્યાં પણ ' હે શંભો ! એ પ્રમાણે તારી આરાધના

---

* બ્રહ્મધર્મ બ્રહ્મથી જુદા પદાર્થમાં રહેલો ગણાય.

'હે શંભો ! એ પ્રમાણે તારી આરાધના કરી સદા વર ગ્રહણ કરીશ' એમ કહેલું છે, કારણ કે અન્યની આરાધના જીવનો ધર્મ હોવાથી ભગવાનમાં સંભવે નહિ. જેમ એ મિથ્યા (ધર્મનું) પોતામાં પ્રદર્શન લોકમાં વ્યામોહ માટે કરાવ્યું તેમ એનું (પ્રભાસીય લીલાનું) પણ કરાવ્યું એમ માનવું.

વળી, જેમ ઇંદ્રજાલવિદ્યામાં નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધ કરે છે તેમાં એ મરણ પામે છે, મરણ પામી એનો અહીં પાત થાય છે, અને એની સ્ત્રી સહગમન કરે છે, વગેરે જેનો પૂર્વે અનુભવ થાય છે તે પછીના સમયના પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ એના આગમનથી માયિક (હતું) એમ નિશ્ચય થાય છે, તેમ 'જનનિવાસનો જય થાય છે' (ભા. ૧૦-૮૭-૪૮) વગેરે વર્ણવેલી સ્મૃતિઓથી પૂર્વ પૂર્વ લીલા નિત્ય સિદ્ધ થાય છેતેથી અગતિથી જ આ લીલા માત્ર પ્રદર્શન માટે જ છે એમ નિશ્ચય કરવો. આના અનુરોધથી પૂર્વલીલા જ એવી (માયિક) છે એમ કહી શકાય નહિ, કારણ કે એ કહેલાં પ્રમાણોથી નિત્ય જ સિદ્ધ થાય છે. ઉક્ત દૃષ્ટાન્ત ન્યાયથી પ્રથમ એમ સિદ્ધ થઈ એના પછી બાધ થાય છે એમ કહેવાય નહિ, કારણ કે ત્યાં લૌકિક પ્રમાણ હોવાથી દોષનો પણ સંભવ જ છે, પરન્તુ પ્રકૃતમાં દોષનો સંભવ નથી. અહીં પૂર્વે વર્ણવેલા ન્યાયથી લીલાઓમાં

કરી સદા વર ગ્રહણ કરીશ' એમ ભગવાન કહે છે. આરાધન જીવનો ધર્મ છે, ભગવાનનો ધર્મ નથી, તેથી ભગવાનમાં આરાધન સંભવતું નથી. આમ હોવા છતાં, ભગવાનમાં આરાધન નથી તોપણ પોતામાં આરાધન છે, અર્થાત્ પોતે પણ અન્યનું આરાધન કરે છે એમ ભગવાન અસુરોને દર્શાવે છે. અહીં જેમ પોતામાં જે ધર્મ નથી તે ધર્મ પોતામાં છે એવું ભગવાન અસુરોને મોહ ઉત્પન્ન કરવા દર્શાવે છે તે જ પ્રમાણે પ્રભાસીય લીલા પણ અસુરોને મોહ ઉત્પન્ન કરવા જ ભગવાન દર્શાવે છે એમ માનવું.

વળી, લોકમાં પણ ઇંદ્રજાલવિદ્યાથી નટ સ્વર્ગમાં જાય છે, ત્યાં યુદ્ધ થાય છે તેમાં એ મરણ પામે છે, મરણ પામી એ પૃથ્વી પર પડે છે, અને એની સ્ત્રી એની સાથે બળી સતી થાય છે એવો પ્રથમ અનુભવ થાય છે, પરંતુ ત્યાર પછી નટ પાછો આવે છે એ પ્રત્યક્ષથી સિદ્ધ થાય છે, ત્યારે પૂર્વે જેનો અનુભવ થયો હતો તે સર્વ માયિક જ હતું એવો આપણો નિશ્ચય થાય છે. એ જ પ્રમાણે લીલાનો વિચાર કરીએ તોપણ 'જનનિવાસનો જય થાય છે' વગેરે પ્રમાણોથી પૂર્વની લીલા નિત્ય જ સિદ્ધ થાય છે, તેથી અન્ય કાંઈ ગતિ નહિ હોવાથી જ આ પ્રભાસીય લીલા માત્ર અસુરોને દર્શાવવા જ છે એવો નિશ્ચય થાય છે. પ્રભાસીય લીલાને સત્ય માની, એ સત્ય હોવાથી પૂર્વની લીલા જ માયિક છે એમ કહી શકાય નહિ, કારણ કે 'જનનિવાસનો જય થાય છે' વગેરે સ્મૃતિ શ્રુતિઓથી પૂર્વની લીલાઓ નિત્ય જ છે એમ સિદ્ધ થાય છે. વળી, નટના લૌકિક દૃષ્ટાંત પ્રમાણે 'પૂર્વની લીલા નિત્ય હોય એવો અનુભવ પ્રથમ થાય છે, પરંતુ પછી પ્રભાસીય લીલાથી એ અનુભવનો બાધ થાય છે' એમ પણ કહેવાય નહિ, કારણ કે નટના દૃષ્ટાંતમાં નટનું સ્વર્ગગમન વગેરેનો અનુભવ કરનાર ચક્ષુ લૌકિક પ્રમાણ હોવાથી એમાં દોષ પણ સંભવે છે, પરંતુ 'જનનિવાસનો જય થાય છે' વગેરે સ્મૃતિ અને શ્રુતિઓ લૌકિક પ્રમાણ નહિ હોવાથી અર્થાત્ અલૌકિક પ્રમાણ હોવાથી એમાં દોષ સંભવતો પણ નથી. વળી, નટના દૃષ્ટાંતમાં નટનું મરણ, એની સ્ત્રીનું સહગમન વગેરે અનુભવ થાય

અન્યોન્ય બાધ્યબાધક ભાવ ન હોવાથી એમ કહેવાનો અવસર નથી, તેથી વિસ્તારથી શું ?

સંહાર કરેલું યાદવકુલ માયિક અને નિત્યલીલાના કુલથી જુદું હતું.

આથી, "'આ જે મન વાણી ચક્ષુઓ શ્રવણ વગેરેથી નશ્વર ગૃહ્યમાણ છે તે માયામનોમય છે' (ભા ૧૧-૭-૭) એ ભગવાનનું વાકય લીલામાં સમાવેશવાળા અંતરંગ ભક્તને કહેલું હોવાથી કોઈપણ અર્થ વાસ્તવ છે એમ કહી શકાય નહિ," એ કુત્સિત શંકાનો નિરાસ થયો જાણવો, કારણ કે 'આ જે' વગેરે અસુરોના વ્યામોહ માટે પ્રદર્શ્યમાન અર્થ જ કહેલા છે, નહિ તો 'ગૃહ્યમાણ' એટલાથી જ સર્વની પ્રાપ્તિ થવાથી 'નશ્વર' એમ ન કહેત. આમ હોવાથી દ્વિજના શાપથી નશ્વર એમ ગૃહ્યમાણ એવા પ્રકારનું છે, એવો અર્થ નીકળે છે; તેથી જ 'આ જેનું મન વાણી અને અન્ય ઇંદ્રિયોથી પણ ગ્રહણ થાય છે તે હું જ છું; મારાથી અન્ય નથી એમ સહેલાઈથી સમજો' (ભા. ૧૧-૧૩-૨૪) એવું ભગવાન હંસનું પણ વચન છે. અહીં વિદ્વાનોએ આ પ્રમાણે સમજવું. આરંભમાં નિગૂઢ આશયવાળા શ્રીશુકદેવે 'भूभारराजपृतना' (ભા. ૧૧-૧-૩) એમ ઉપક્રમ કરી, 'संजह्रे स्वकुलं विभुः' (ભા. ૧૧-૧-૫) સુધી મોહિકા લીલા સામાન્ય રીતે કહી. અહીં 'अस्वकुलम्' એવો નિગૂઢ પદચ્છેદ જાણવો. 'વાસ્તવિક

છે. ત્યારપછી નટના આગમનનો અનુભવ થાય છે. આ અનુભવો પરસ્પર વિરુદ્ધ છે, એકબીજાના બાધક છે, પરંતુ ભગવાનની લીલાઓ એકબીજાની બાધક નથી. લીલાઓમાં પરસ્પર બાધ્યબાધકભાવ નથી, તેથી પૂર્વની નિત્ય લીલાએ માયિક છે એમ કહી શકાય નહિ; તેથી વિસ્તારથી શું ? "'આ જે મન વાણી ચક્ષુઓ શ્રવણ વગેરેથી નશ્વર ગૃહ્યમાણ છે તે માયામનોમય છે' એ વાકય ભગવાને લીલાના અંતરંગ ભક્ત ઉદ્ધવને કહેલું છે, તેથી સર્વ પદાર્થ મિથ્યા છે, કાંઈ વાસ્તવિક નથી" એવી કુત્સિત શંકાનો પણ પ્રભાસીય લીલા મિથ્યા એમ સિદ્ધ કરવાથી નિરાસ થાય છે એમ જાણવું, કારણ કે ભગવાને એ વાકયમાં 'આ જે' શબ્દોથી ઉપર (ભા ૧૧-૭-૩માં) કહ્યું તે પ્રમાણે અસુરોને મોહ કરવા દર્શાવવામાં આવે તે પદાર્થોનો જ ઉલ્લેખ કરેલો છે. જો ભગવાને અસુરોને મોહ કરવા જે પદાર્થો દર્શાવવામાં આવે છે તે માટે જ આ વાકય યોજ્યું ન હોત, પરંતુ સર્વ પ્રપંચને માટે યોજ્યું હોત, તો 'નશ્વર' શબ્દ યોજત નહિ, કારણ કે 'નશ્વર' શબ્દ વિના જ, 'મન વાણી ચક્ષુઓ શ્રવણ વગેરેથી ગૃહ્યમાણ' એમ જ કહેવાથી સર્વ પ્રપંચનો સમાવેશ થાય છે; પરંતુ ભગવાન 'આ જે' શબ્દોથી અસુરોને મોહ કરવા દર્શાવવામાં આવનાર પદાર્થોનો ઉલ્લેખ કરે છે અને વળી 'નશ્વર' શબ્દ યોજે છે, તેથી દ્વિજના શાપથી જે નશ્વર તરીકે ગૃહ્યમાણ છે તે જ માયામનોમય છે, પરન્તુ સર્વ પ્રપંચ માયામનોમય નથી, એવો અર્થ થાય છે. તેથી જ 'આ જેનું મન વાણી અને અન્ય ઇંદ્રિયોથી પણ ગ્રહણ થાય છે તે હું જ છું, મારાથી અન્ય નથી એમ સહેલાઈથી સમજો' એવું ભગવાન હંસનું પણ વચન છે.

અહીં વિદ્વાનોએ નીચે પ્રમાણે સંગતિ કરવી. પ્રથમ નિગૂઢ આશયવાળા શ્રીશુકદેવજી **'भूभारराजपृतना'**થી આરંભી **'संजह्रे स्वकुलं विभुः'** સુધી ત્રણ શ્લોકથી (ભા. ૧૧-૧-૩ થી ૫) મોહ કરનારી લીલાનું સામાન્ય વર્ણન કરે છે. અહીં **'संजह्रे स्वकुलं विभुः'**નો પદચ્છેદ **'संजह्रे अस्वकुलं विभुः'** એમ કરવો. આ શ્રીશુકદેવનો નિગૂઢ આશય છે. વળી, વાસ્તવિક

નૈસર્ગિકી લીલા ભૂતલ પર પ્રકટ હોવા છતાં એમ કેમ સંભવે' એ (શંકાનો) નિરાસ કરવા, 'સ્વમૂર્તિથી' એ બે શ્લોકોથી (ભા. ૧૧-૧-૬) આગળ ભૂતલ પર લીલા-પ્રાકટયનું પ્રયોજન રહ્યું નથી એમ જણાવવા, લીલાપ્રાકટ્યનું પ્રયોજન સંપૂર્ણ થયું એમ પ્રથમ કહી, સર્વથી અદૃશ્યત્વ લક્ષણવાળા 'પદમાં ગયા' એમ કહ્યું. લૌકિક ભૂમિનો માત્ર અધિષ્ઠાન તરીકે જ ઉપયોગ હોવાથી અસ્વાભાવિક છે, તેથી એનાથી ભિન્ન પદ એમ જણાવવાને 'પોતાનું' એમ કહ્યું. આગળ 'બ્રહ્મણ્ય, ઉદાર, નિત્ય વૃદ્ધની સેવા કરનાર, શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનાર વૃષ્ણિઓને શાપ કેમ થયો ?' (ભા. ૧૧-૧-૮) એ રાજાના પ્રશ્નવાકયના વ્યાજથી, નિત્યલીલામાં સમાવેશવાળા યાદવના સ્વરૂપના નિરૂપણથી શાપ પામેલા (યાદવો) એઓનાથી ભિન્ન છે એમ વ્યાસજીએ જણાવ્યું (છે). 'આપ્તકામ (ભગવાન) સકલ સુંદર સંનિવેશવાળું શરીર ધારણ કરતા, ભૂતલ પર સુમંગલ કર્મ આચરતા, ધામમાં પહોંચી રમણ કરતા સ્થિતકૃત્યશેષ ઉદારકીર્તિએ કુલનો સહાર કરવાની ઈચ્છા કરી' (ભા. ૧૧-૧-૧૦) એ ઉત્તરમાં તો ભૂતલ પર સ્વરૂપ અને લીલા પ્રકટ કરતા (ભગવાન), પ્રયોજન સંપૂર્ણ થયું એમ જાણી, ધામ (અર્થાત્) સહજ નિત્ય જે લીલાસ્થાન ત્યાં પહોંચી રમણ કરતા જ 'સ્થિતકૃત્યશેષ' અર્થાત્ સ્થિત (રહ્યું છે)

નૈસર્ગિક લીલા ભૂતલ પર પ્રકટ થાય છે ત્યારે ભગવાન યાદવકુલનો સંહાર કેમ કરે એવી શંકા થાય, તે દૂર કરવા '**स्वमूर्त्या**' થી આરંભી '**स्वं पदमीश्वरः**' પર્યંત બે શ્લોક યોજેલા છે. આગળ હવે ભૂતલ પર લીલા કરવાનું પ્રયોજન રહ્યું નથી એમ જણાવવા, પ્રથમ લીલાનાં સર્વ પ્રયોજન સંપૂર્ણ થયાં છે, અને તેથી ભગવાન સર્વથી અદૃશ્ય 'પોતાના પદમાં ગયા' એમ આ બે શ્લોકથી શ્રીશુકદેવ જણાવે છે. લીલામાં લૌકિક ભૂમિ સ્વાભાવિક નથી, પરંતુ એનો માત્ર અધિષ્ઠાન તરીકે જ ઉપયોગ થયો હતો. એવી લૌકિક ભૂમિથી વિલક્ષણ પદમાં ભગવાન પધાર્યા એમ જણાવવા, 'પોતાના' પદમાં ભગવાન પધાર્યા એમ કહ્યું છે; તેથી દ્વારિકામાં જે યાદવો રહ્યા તે સ્વકીય કુલ છે અને પ્રભાસમાં જે યાદવો ગયા તે અસ્વકુલ છે, એવો ભાવાર્થ નીકળે છે. વળી, આગળ, 'બ્રહ્મણ્ય, ઉદાર, નિત્ય વૃદ્ધની સેવા કરનાર, શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખનારા વૃષ્ણિઓને શાપ કેમ થયો ?' એમ રાજા પ્રશ્ન કરે છે. નિત્યલીલામાં જેઓનો સમાવેશ થયેલો છે તે યાદવોના સ્વરૂપનું નિરૂપણ કરી, જે યાદવોને શાપ થયો તે આ નિત્યલીલાના યાદવોથી વસ્તુતઃ ભિન્ન છે, એમ આ પ્રશ્નના મિષથી વ્યાસજી જણાવે છે. 'આપ્તકામ (ભગવાન) સકલ સુંદર સંનિવેશવાળું શરીર ધારણ કરતા, ભૂતલ પર સુમંગલ કર્મ આચરતા, ધામમાં પહોંચી રમણ કરતા સ્થિતકૃત્યશેષ ઉદારકીર્તિએ કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી' એમ આ પ્રશ્નનો શ્રીશુકદેવજી ઉત્તર આપે છે. ભગવાનને પોતાનાં સ્વરૂપ અને લીલા ભૂતલ પર પ્રકટ કરતાં સ્વરૂપ અને લીલા ભૂતલ પર પ્રકટ કરવાનું પ્રયોજન સંપૂર્ણ થયું એમ જણાયું ત્યારે પોતાના ધામમાં અર્થાત્ પોતાના સહજ અને નિત્ય લીલાસ્થાનમાં જ પહોંચી ભગવાન સ્થિતકૃત્યશેષ થયા. સ્થિત અર્થાત્ રહ્યું છે કૃત્યશેષ એટલે બાકીનું કામ જેમનું તે સ્થિતકૃત્યશેષ. જેમનું અસુરને વ્યામોહ કરવાનું કામ

ભાવી આ અસુરવ્યામોહરૂપી કૃત્યશેષ (બાકીનું કામ) જેમનું તેવાએ કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી એમ એક શ્લોકમાં શ્રીશુકે કહ્યું છે. તેથી આ કુલ માયિક સંભવે છે, કારણ કે કૃત્યસિદ્ધિ પણ એમ જ થાય છે. 'ભૂતલ પર' એમ પૂર્વે કહેલું જ હોવાથી, ધામ એનાથી ભિન્ન જ કહેવું જોઈએ, એ અમે કહેલું છે. આગળ પણ 'કાલાત્મા (ભગવાને જ) મુનિઓને આજ્ઞા આપી' (ભા. ૧૧-૧-૧૧) એમ કહ્યું છે, પરન્તુ 'પૂર્વ લીલા કરનારે' એમ કહ્યું નથી.

श्रुत्युक्तवैपरीत्येन यन्मोहाय हरिः स्वयम् ।
प्रदर्शयति तन्मोहगमनाय न मद्वचः ॥

જેઓના મોહને માટે હરિ પોતાને શ્રુતિએ કહ્યાથી વિપરીતતાથી દર્શાવે છે તેમનો મોહ દૂર કરવા મારી વાણી નથી.

क्षिपाम्यजस्रमित्युक्तेर्यतस्तन्मोहनित्यता ।
अतोऽनङ्गीकृतिस्तेषां युक्ता तामसिनां नृणाम् ॥

કારણ કે 'વારંવાર એમને (આસુરી યોનિમાં) નાખું છું' (ભ. ગી. ૧૬-૧૯) એમ કહેલું હોવાથી એઓનો મોહ નિત્ય છે, તેથી એ તામસી લોકોની અંગીકૃતિ યોગ્ય નથી.

બાકી રહ્યું છે તે સ્થિતકૃત્યશેષ ભગવાન પોતાના સહજ નિત્ય લીલાસ્થાનમાં પહોંચ્યા ત્યારે એમનું માત્ર અસુરોને વ્યામોહ કરવાનું કામ બાકી રહ્યું. એવા સ્થિતકૃત્યશેષ ભગવાને કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી. કુલનો સંહાર કરવાની ભગવાને જ્યારે ઇચ્છા કરી ત્યારે ભગવાન પોતાના સહજ નિત્ય લીલાસ્થાનમાં પહોંચ્યા હતા. તેથી જે કુલનો સંહાર કરવાની ઇચ્છા કરી તે કુલ માયિક જ સિદ્ધ થાય છે, કારણ કે માયિક કુલનો જ સંહાર કરવાથી ભગવાનનું સર્વ કાર્ય સિદ્ધ થાય. તેથી ભૂતનો આવેશ થાય, તે ધોરણે દ્વારકામાં રહેલ યાદવોના કુલમાં આવેશ કરેલ પ્રભાસમાં ગયા તે યાદવોનું કુલ જુદું હતું. 'જેમ બે પ્રાજાપત્યો' વગેરેમાં જણાવ્યા પ્રમાણે એક ગોલકમાં દૈવી અને આસુરી એવી બે જુદી જુદી ઇંદ્રિયો રહી છે. આ શ્રીશુકદેવજીના ઉત્તરમાં 'ભૂતલ પર' એમ પ્રથમ જ કહેલું છે, તેથી 'ધામ' ભૂતલથી ભિન્ન ભગવાનનું સહજ નિત્ય લીલાસ્થાન જ છે, એ અમે (ઉપર) કહેલું છે, તેથી જ ત્યારપછીના શ્લોકમાં (ભા. ૧૧-૧-૧૧) 'કાલાત્મા ભગવાને મુનિઓને આજ્ઞા આપી' એમ કહ્યું છે, પરંતુ પૂર્વે જે લીલાઓ કરતા હતા તે ભગવાને આજ્ઞા આપી એમ કહ્યું નથી.

પૂર્વપક્ષી—(જે કુલનો સંહાર થયો તે યાદવકુલ માયિક છે એવો અર્થ અન્ય લોકોને કેમ જણાતો નથી ?)

સિદ્ધાન્તી—શ્રુતિઓ ભગવાનના જે સ્વરૂપનું નિરૂપણ કરે છે તેનાથી વિપરીત સ્વરૂપ ભગવાન અસુરોને મોહ ઉત્પન્ન કરવા દર્શાવે છે, તેથી એઓનો મોહ દૂર કરવા આ મારો ગ્રંથ નથી, કારણ કે 'વારંવાર એમને (આસુરી યોનિમાં) નાખું છું' એમ ભગવાન સ્વતઃ

तत्संगादन्यथाभूतहृदयाः सात्त्विका अपि ।
मा भवन्त्वित्ययं यत्नस्तेन तुष्टोऽस्तु मे हरिः ॥

એઓના સંગથી સાત્ત્વિકો પણ અન્યથા થયેલા હૃદયવાળા ન થાય, તે માટે આ યત્ન છે, તેથી હરિ મારા પર તુષ્ટ હો.

काञ्चनीकरणे शक्तो मणिर्धातुगणस्य यः ।
तस्याश्मनां तथा भावाकरणेऽपि न हि क्षतिः ॥

કારણ કે જે મણિ ધાતુગણને કાંચન કરવાને શક્તિમાન છે તે પથ્થરને એવા ન કરે તોપણ એને ક્ષતિ નથી.

પ્રપંચ પણ સર્ગાદિ લીલા હોવાથી નિત્ય જ છે.

'લીલા પ્રપંચાતીત હોવાથી એનું સત્યત્વ [ભલે] હો, કારણ કે એ પ્રમાણસિદ્ધ છે, પરતુ પ્રપંચનું તો નહિ, કારણ કે એ પ્રમાણોથી માયિક સિદ્ધ થાય છે.'—એમ નહિ, કારણ કે એનો પણ સર્ગ વગેરે લીલામાં સમાવેશ છે એમ શ્રીભાગવત વગેરેમાં નિરૂપણ કરેલું છે. 'જગતની અપ્રતીતિ થાય' વગેરે નિરૂપણથી જ પ્રપંચના સત્યત્વનું પણ નિરૂપણ કરેલું છે, તેથી પુનઃ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહે છે, તેથી એઓનો મોહ નિત્ય જ છે, કારણ કે એ તામસી લોકોનો ભગવાન અંગીકાર કરે જ નહિ. એઓનો અનંગીકાર જ યોગ્ય છે. આવા અનંગીકૃત તામસી લોકોનો મોહ નિત્ય હોવાથી એ મોહ દૂર કરવા આ ગ્રંથ નથી જ, પરંતુ એઓના સંગથી સાત્ત્વિક લોકોનાં હૃદય પણ દુષ્ટ થાય નહિ, એઓના સંગથી સાત્ત્વિક લોકો પણ એઓના જેવા થાય નહિ, એવા હેતુથી આ ગ્રંથ રચવાનો યત્ન કરેલો છે; તેથી આ યત્નથી મારા પર હરિ પ્રસન્ન હો. આ ગ્રંથ અસુરોનો મોહ દૂર કરવા સમર્થ નથી તેથી કાંઈ ક્ષતિ નથી, કારણ કે સર્વ ધાતુઓને કાંચન કરવાને મણિ સમર્થ છે, પરંતુ પથ્થરને એ કાંચન કરી શકતો નથી. સર્વ ધાતુઓને કાંચન કરવા સમર્થ મણિ પથ્થરને કાંચન કરી શકે નહિ તોપણ એનાથી કાંઈ ક્ષતિ નથી, તે જ પ્રમાણે સાત્ત્વિકોને સન્માર્ગે પ્રવર્તાવી ભગવદનુગ્રહ પ્રાપ્ત કરવા સમર્થ કરનાર આ ગ્રંથ અસુરોનો મોહ દૂર ન કરી શકે તોપણ એનાથી એને કાંઈ ક્ષતિ નથી.

જગતને મિથ્યા માનનાર પુનઃ શંકા કરે છે.

પૂર્વપક્ષી—ભગવાનની લીલા પ્રપંચાતીત હોવાથી અને શ્રુતિ સ્મૃતિ વગેરે પ્રમાણોથી સિદ્ધ થાય છે તેથી એ સત્ય ભલે હો, પરંતુ પ્રપંચ સત્ય સિદ્ધ થતો નથી, પણ અસત્ય જ સિદ્ધ થાય છે. ઉદ્ધવજી પ્રતિ ભગવાને પણ 'નશ્વર ગૃહ્યમાણ' કહ્યું, તેથી પણ પ્રપંચ અથવા જગત અસત્ય સિદ્ધ થાય છે. પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ એ પ્રમાણોથી જગત અસત્ય જ સિદ્ધ થાય છે, તેથી જગત અસત્ય અથવા માયિક જ છે.

સિદ્ધાન્તી—એમ નથી. જગત પણ સત્ય જ છે. જગતનો ભગવાનની સર્ગલીલામાં શ્રીમદ્‌ભાગવત વગેરે શાસ્ત્રોમાં સમાવેશ કરેલો છે. ભગવાનની લીલા અને લીલાના પદાર્થો ભગવાનથી ભિન્નાભિન્ન હોવાથી સત્ય જ છે. જગતનો પણ ભગવાનની સર્ગલીલામાં સમાવેશ થાય છે તેથી જગત પણ ભગવાનથી ભિન્નાભિન્ન છે. જગત અથવા પ્રપંચનો ભગ-

લખવાથી શું ? આ અર્થનું પિતાજીએ તત્ત્વસૂત્રભાષ્ય શ્રીભાગવતવિવરણ વગેરેમાં નિરૂપણ કરેલું છે તેથી અહીં અધિક લખતા નથી. વળી, મહોપનિષદમાં ‘ કારણ કે આ જ શૂન્ય છે, આ જ તુચ્છ છે, આ જ અભાવ છે, આ જ અવ્યક્ત, અદૃશ્ય અચિન્ત્ય અને નિર્ગુણ છે ’ એવો પાઠ છે. મહાકૌર્મ્યમાં પણ “પોતે પર અદૃશ્ય

વાનની સર્ગ વગેરે લીલામાં સમાવેશ થાય છે તેથી એ પણ સત્ય જ છે. આ પ્રમાણે પ્રપંચ બ્રહ્માત્મક છે એમ સિદ્ધ થાય છે, તેથી એના સર્વ ભાવવિકારની પ્રતીતિનું પણ આવિર્ભાવ અને તિરોભાવથી જ સમર્થન થાય છે. (૧) **जायते** ઉત્પન્ન થાય છે, (૨) **अस्ति** છે, (૩) **विपरिणमते** પરિણામ પામે છે, (૪) **वर्धते** વૃદ્ધિ પામે છે, (૫) **क्षीयते** ક્ષય પામે છે અને (૬) **नश्यति** નાશ પામે છે એ છ ભાવવિકાર છે. આ છ વિકારોની જગતમાં પ્રતીતિ થાય છે એનું પણ આવિર્ભાવ અને તિરોભાવથી જ સમર્થન થાય છે. (૧) **जायते** ઉત્પન્ન થાય છે. આ પ્રતીતિ શુદ્ધ પ્રાદુર્ભાવ અથવા આવિર્ભાવથી થાય છે. જગતનો આવિર્ભાવ થાય ત્યારે એ ઉત્પન્ન થયું એવી આપણને પ્રતીતિ થાય છે. પ્રથમ સત્કાર્યવાદ સિદ્ધ કરનાર યુક્તિઓ કહી તે જ યુક્તિઓથી આ પ્રતીતિનું શુદ્ધ આવિર્ભાવથી જ સમર્થન થાય છે. (૨) **अस्ति** છે. આ પ્રતીતિ પણ પ્રાદુર્ભાવથી જ યોજાયેલી છે. આવિર્ભાવથી જ આ પ્રતીતિ પણ છે. જગતનો આવિર્ભાવ હોય ત્યારે જગત ‘છે’ એમ આપણે કહીએ છીએ. (૩) **विपरिणमते** પરિણામ પામે છે. (૪) **वर्धते** વૃદ્ધિ પામે છે. (૫) **क्षीयते** ક્ષય પામે છે. પૂર્વ રૂપનો તિરોભાવ થાય અને અન્ય રૂપનો આવિર્ભાવ થાય ત્યારે આ પૂર્વ રૂપના તિરોભાવ અને અન્યરૂપના આવિર્ભાવનું ભાસન થવાથી આ ત્રણ પ્રતીતિ થાય છે. વૃદ્ધિ ક્ષય અને પરિણામનો વિચાર કરીએ તો એ પૂર્વરૂપનો તિરોભાવ અને અન્ય રૂપનો આવિર્ભાવ જ છે. (૬) **नश्यति** નાશ પામે છે. આ પ્રતીતિ માત્ર તિરોભાવથી જ થાય છે. પદાર્થનો તિરોભાવ થાય ત્યારે એનો નાશ થયો એવી પ્રતીતિ થાય છે. આ પ્રમાણે પ્રપંચ આવિર્ભાવ અને તિરોભાવથી યુક્ત બ્રહ્મનું સ્વરૂપ જ છે. આવા પ્રપંચમાં જ્યારે ભગવાન હોય તેની પ્રતીતિ કરાવતા નથી અને ન હોય તેની પ્રતીતિ કરાવે છે ત્યારે જીવને ભ્રમ અને સંસાર થાય છે; તેથી સંસાર જ મિથ્યા છે, પરંતુ જગત અથવા પ્રપંચ સત્ય જ છે.

વળી, જગત અસત્ય હોય તો એની પ્રતીતિ થાય નહિ વગેરે હેતુઓથી જગત સત્ય જ છે એમ પ્રથમ પણ નિરૂપણ કરેલું છે, તેથી પુનઃ લખવાથી શું ? તત્ત્વસૂત્ર પર અણુભાષ્યમાં અને શ્રીમદ્ભાગવતવિવરણમાં આ અર્થનું શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે, તેથી અહીં અધિક લખતા નથી.

પૂર્વપક્ષી—(પ્રપંચ ભગવાનથી ભિન્નાભિન્ન ભલે હોય, પરંતુ એ સત્ય છે એમ કહી શકાય નહિ, કારણ કે ‘ સ્વપ્રકાશ આનંદઘન શૂન્ય થયું ’ એમ નૃસિંહોત્તરતાપનીયના છઠ્ઠા ખંડમાં કહેલું છે. ગૌડાચાર્યે ‘ વિશેષશૂન્ય ’ એવો અર્થ કર્યો છે, તેથી બ્રહ્મ નિર્વિશેષ જ છે એમ માનવું જોઈએ. બ્રહ્મ નિર્વિશેષ હોવાથી એને લીલા પણ નથી. વળી, આગળ નવમા ખંડમાં ‘ માયા અનુભૂતિથી તમોરૂપ છે ’ એમ માયાનું સ્વરૂપ કહી, જગતને પણ તુચ્છ કહેલું છે, તેથી જગત સત્ય નથી.)

સિદ્ધાન્તી—એમ નથી. મહોપનિષદમાં પણ ‘ કારણ કે આ જ શૂન્ય છે, આ જ તુચ્છ

રહી, વિષ્ણુ સુખ [शम्] ઓછું (ऊनम्) કરે છે તેથી 'શૂન્ય' એમ કહેવાય છે, તોદન(દુઃખ)ને લીધે તુચ્છ કહેવાય છે. આ પુરુષોત્તમ કોઈથી ભાવના કરવાને યોગ્ય નથી તેથી એને 'અભાવ' કહે છે, નાશ્ય (અભક્ષ્ય) હોવાથી 'નાશ' એમ પણ (કહે છે.) સર્વ એને અધીન હોવાથી અન્યમાં તે તે શબ્દની અભિધેયતા વ્યવહાર માટે વ્યવહાર કરનારાઓએ ઇચ્છેલી છે" એમ છે, તેથી 'બ્રહ્મ ભાવરૂપ હોવાથી, અને પ્રપંચ ભાવાભાવરૂપ હોવાથી' એ બ્રહ્માત્મક કેમ કહી શકાય એ કુત્સિત શંકાનો નિરાસ થયો. જેઓ જગતને અસત્ માને છે તેઓ પણ જગતમાં રહેલી ભગવાનની મૂર્તિ, એમનું ભજન, વગેરે સહન કરી શકતા નથી, તેથી જ (એમ માને છે). એઓ આવા કલિમાં ભગવાનની એવી ઇચ્છાથી જ (છે) એમ કહેલું છે.

ગ્રંથસમાપ્તિના શ્લોકો

तस्मादस्माभिरेवोक्तपद्धत्या श्रुतिसिद्धया ।
ज्ञात्वा ब्रह्मस्वरूपं तत्प्राप्त्यै तद्भजताखिलाः ॥

તેથી અમે જ કહેલી શ્રુતિસિદ્ધ પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ જાણી એની પ્રાપ્તિ માટે સર્વ એનું ભજન કરો.

येषां लौकिकमेव मानमधिकं वेदादितोऽलौकिकात्
तत्पादानुगतस्तदर्थ इति च प्रच्छन्नबौद्धास्तु ते ।
येषां तद्विपरीततैव विदुषां केषांचिदन्तर्गता
तेषामेव मुदेऽस्तु मत्कृतिरियं गोपीशसंसेविनाम् ॥

છે, આ જ અભાવ છે, અવ્યક્ત અદશ્ય અચિંત્ય અને નિર્ગુણ છે' એવો પાઠ છે, પરંતુ અત્ર શૂન્ય તુચ્છ વગેરે શબ્દોના અર્થ મહાકૌર્મ્ય પુરાણમાં કહ્યા પ્રમાણે કરવાના છે. મહાકૌર્મ્યમાં પણ "પોતે પર અદશ્ય રહી વિષ્ણુ સુખ (**शम्**) ઓછું (**ऊनम्**) કરે છે, તેથી '**शून्य**' એમ કહેવાય છે. દુઃખને (**तोदन**) લીધે '**तुच्छ**' કહેવાય છે. આ પુરુષોત્તમ કોઈથી ભાવના (ધ્યાન) કરવાને યોગ્ય નથી, તેથી એને '**अभाव**' કહે છે. નાશ્ય (અભક્ષ્ય) હોવાથી '**नाश**' એમ પણ કહે છે. સર્વ એને અધીન હોવાથી અન્યમાં તે તે શબ્દોની અભિધેયતા વ્યવહાર માટે વ્યવહાર કરનારાઓએ ઈચ્છેલી છે" એવો પાઠ છે.

આમ હોવાથી 'બ્રહ્મ ભાવરૂપ છે અને પ્રપંચ ભાવાભાવરૂપ છે તેથી પ્રપંચ બ્રહ્માત્મક હોઈ શકે નહિ' એવી શંકાનો પણ નિરાસ થાય છે, કારણ કે બ્રહ્મ ઉપર કહ્યું તેમ અભાવરૂપ પણ છે, તેથી ભાવાભાવરૂપ પ્રપંચ બ્રહ્માત્મક સંભવે છે. આ સર્વ પ્રમાણથી જ સિદ્ધ થાય છે. જેઓ જગતને અસત્ય માને છે તેઓ જગતમાં રહેલી ભગવાનની મૂર્તિ, ભગવાનનું ભજન, વગેરે સહન કરી શકતા નથી, તેથી જ જગતને અસત્ય માને છે. ભગવાનની ઇચ્છા જ એવી છે કે કલિયુગમાં આ લોકો ભગવાનનું ભજન વગેરેનો બાધ કરે. તેથી જ આ કલિયુગમાં એઓ જગત અસત્ય છે એમ સમજાવી ભજનનો બાધ કરે છે એમ પણ અમે કહેલું જ છે.

આ અલૌકિક વેદથી જેઓને લૌકિક જ પ્રમાણ અધિક છે તેઓને અનુગત એ અર્થ છે તેથી એ પ્રચ્છન્નબૌદ્ધ જ છે. જે કોઈ વિદ્વાનોને એનાથી વિપરીતતા જ અંદર રહેલી છે, ગોપીશની સેવા કરનાર તેઓના જ આનંદ માટે આ મારી કૃતિ હો.

वरीवर्ति श्रद्धा श्रुतिषु यदि वा व्यासवचने
तदा विद्वांसोऽस्मद्विरचितमिदं मण्डनवरम् ।
यथोक्तं कण्ठे वा शुकवदथवाऽर्थं च हृदये
मुदा कृत्वाऽऽयत्तं धुनुत रिपुपक्षाभिधतमः ॥

શ્રુતિમાં અથવા વ્યાસવચનમાં જો શ્રદ્ધા સારી હોય તો વિદ્વાનો મારું રચેલું આ "સુંદર મંડન" જેમ કહ્યું છે તેમ શુક પેઠે કંઠમાં અથવા અર્થને હૃદયમાં આનંદથી ધારણ કરી, (પ્રત્યક્ષ ઉપર) આધારવાળું રિપુપક્ષ નામનું તમ દૂર કરો.

यदागतं हृदि श्रीमद्गोपीशरतिलक्षणम् ।
शोभां तनोति तदिदं मण्डनं श्रीहरेः प्रियम् ॥

જે શ્રીમદ્ગોપીશરતિ લક્ષણ (મંડન) હૃદયમાં રહી શોભા વધારે છે તે હરિને પ્રિય આ "મંડન" છે.

अखण्डवरपण्डितप्रसृतचण्डपाखण्डवा-
ग्विखण्डनसुचण्डिमाधरणिमण्डलाखण्डलः ।
नमन्नृपतिमण्डलीमुकुटताण्डवैर्मण्डितः
सपादनखमण्डलः पितुरिहास्तु मे मण्डनम् ॥

સર્વ સારા પંડિતોએ પ્રસારેલી ચંડપાખંડની વાણીના ખંડનમાં સુચંડિમારૂપ ધરણીના મંડલનો આખંડલ, નમતા નૃપતિઓના મંડલના મુકુટોના તાંડવથી ભૂષિત, પિતાજીના પાદનો પ્રસિદ્ધ નખમંડલ અહીં મારું મંડન હો.

તેથી અમે શ્રુતિસિદ્ધ પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ વગેરેનું નિરૂપણ કરેલું છે. એ અમારી કહેલી પદ્ધતિથી બ્રહ્મસ્વરૂપ વગેરે જાણી ભગવાનની પ્રાપ્તિ થાય એવી ઇચ્છાથી સર્વ ભગવાનનું ભજન કરો. આ અલૌકિક વેદ વગેરે પ્રમાણથી લૌકિક પ્રત્યક્ષ વગેરે પ્રમાણને કેટલાક અધિક માને છે, તેથી એ (પ્રત્યક્ષ) પ્રમાણે જ જગત માયિક અસત્ય છે વગેરે સિદ્ધાન્ત એમને ઇષ્ટ છે; તેથી એઓ પ્રચ્છન્નબૌદ્ધ જ છે. પરંતુ જે વિદ્વાનોને એની વિપરીતતા જ અંદર રહેલી છે, અર્થાત્ લૌકિક પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી અલૌકિક વેદ વગેરે પ્રમાણો જે વિદ્વાનોને

पुनरपि नमामि गोपीपतिरतिमार्गप्रवर्तकाचार्यान् ।
श्रीवल्लभाभिधानान्पितृचरणान्वाङ्मनःकायैः ॥

શ્રીવલ્લભ નામના ગોપીપતિરતિમાર્ગના પ્રવર્તક આચાર્ય પિતાજીને પુનઃ પણ વાણી મન અને કાયાથી નમું છું.

एतेनास्मत्कुलपतिः श्रीगोपीजनवल्लभः ।
प्रीतोऽस्त्वस्मासु तेनैव पूर्णता किमिहापरैः ॥

આથી અમારા કુલપતિ શ્રીગોપીજનવલ્લભ અમારા પર પ્રસન્ન હો; એમનાથી જ પૂર્ણતા છે, અન્યોથી અહીં શું?

इति श्रीमन्निजकटाक्षपाततरणिविघटितमायावादिप्रभृतिवादितमःपुंज-
विकासितश्रीगोकुलाधीशरतिसरसिज–श्रीमद्वल्लभदीक्षितात्मज-
श्रीगोकुलनाथचरणैकतानश्रीविट्ठलविरचितं

विद्वन्मण्डनं [समाप्तम्] ॥

આ ગ્રંથ મેં રચેલો છે. હે વિદ્વાનો, શ્રુતિમાં અથવા વ્યાસજીના વચનમાં જો તમને દૃઢ શ્રદ્ધા હોય તો મેં રચેલું આ સુંદર 'મંડન' અથવા ભૂષણ જેમ કહ્યું છે તે જ પ્રમાણે શુકની પેઠે કંઠમાં ધારણ કરો, અથવા તમારા હૃદયમાં એનો અર્થ ધારણ કરો, અને એનાથી (પ્રત્યક્ષ ઉપર) આધારવાળું રિપુપક્ષ નામનું તમ દૂર કરો. જે 'મંડન' હૃદયમાં રહી શ્રીગોપીશરતિરૂપી શોભા વધારે છે તે હરિને પ્રિય 'મંડન' આ છે. સર્વ સારા પંડિતોએ પ્રસારેલી ચંડપાખંડની વાણીના ખંડનમાં સુચંડિમારૂપ ધરણિના મંડલના આખંડલ, નમતા નૃપતિઓના મંડલના મુકુટોના તાંડવથી ભૂષિત, પિતાજીના પાદનું પ્રસિદ્ધ નખમંડલ અહીં મારું મંડન હો. શ્રીવલ્લભ નામના ગોપીપતિરતિમાર્ગના અર્થાત્ પુષ્ટિમાર્ગના પ્રવર્તક આચાર્ય પિતાજીને પુનઃ પણ વાણી મન અને કાયાથી નમું છું. આથી અમારા કુલપતિ શ્રીગોપીજનવલ્લભ અમારા પર પ્રસન્ન હો; એનાથી જ પૂર્ણતા છે, અન્યથી અહીં શું? ઇતિ શ્રીમન્નિજકટાક્ષપાતરૂપી સૂર્યથી માયાવાદી વગેરે વાદીઓના તમઃપુંજને દૂર કરનાર, શ્રીગોકુલાધીશરતિરૂપી કમલનો વિકાસ કરનાર શ્રીવલ્લભ દીક્ષિતના આત્મજ શ્રીગોકુલનાથચરણૈકતાન શ્રીવિઠ્ઠલે રચેલું વિદ્વન્મંડન (સમાપ્ત).

॥ श्रीगोकुलेशः ॥

વિદ્વન્મંડનસ્થ પદ્યોની અકારાદિ સૂચિ

अखण्डवरमण्डित-	२३२
अत्रोच्यते तत्स्वरूपं	४९
अभेदादनुपाधित्वात्	१३
आविर्भूयारविन्दाक्षे	६९
इति श्रुतिशतैः	२१३
उपजीव्यत्वतः	८
एतेनास्मत्कुलपतिः	२३३
काञ्चनीकरणे	२२९
क्षिपाम्यजस्रमित्युक्ते-	२२८
तत्त्वसूत्रानुसारेण	११४
तत्संगादन्यथाभूत-	२२८
तस्मादस्माभि-	२३१
निजमुरलिकानादा-	१
पितृचरणान्नत्वाहं	३
पुनरपि नमामि	२३२
यद्गतं हृदि श्री-	२३२
येषां लौकिकमेव	२३१
वरीवर्ति श्रद्धा	२३२
श्रुतितस्तत्त्वसूत्रैश्च	८१
श्रुतिसूत्रादिमणिभिः	३
श्रुत्युक्तवैपरीत्येन	२२८